
# વીર સ્વાધ્યાય



સંકલન-સંપાદક : મુનિ મહાબોધિવિજય






# હીર સ્વાધ્યાય

[ભાગ-૧]

: સંકલક - સંશોધક - સંપાદક :

વૈરાગ્યદેશનાદક્ષ

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરિ મહારાજના

શિષ્ય પૂ. ગણિવરશ્રી અક્ષયબોધિવિજયજી મહારાજના શિષ્ય

**મુનિ મહાબોધિ વિજય**

: પ્રકાશક :

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

દુકાન નં. ૫, બદ્રીકેશ્વર સોસાયટી, ૮૨,

નેતાજી સુભાષ રોડ,

મરીનડ્રાઈવ 'ઈ' રોડ, મુંબઈ - ૨.

પ્રકાશન સંવત્ : ૨૦૫૩

મૂલ્ય : રૂા. ૨૦૦

પ્રતિ : ૫૦૦

## પ્રાપ્તિસ્થાન

- **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  દુકાન નં. ૫, બદ્રીકેશ્વર સોસાયટી, ૮૨,
  નેતાજી સુભાષ રોડ,
  મરીનડ્રાઇવ 'ઇ' રોડ, મુંબઇ - ૨.

- **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  C\o. ચંદ્રકાંત એસ. સંઘવી
  કનાશાનો પાડો, પાટણ - [ઉ. ગુ.] ૩૮૪૨૬૫

- **મૂળીબેન અંબાલાલ રતનચંદ જૈન ધર્મશાળા**
  સરદારબાગ સામે, સ્ટેશન રોડ,
  વીરમગામ - ૩૮૨૧૫૦.

- **બંસીલાલ અંબાલાલ શાહ**
  જૈન યાત્રિક ભુવન, માણેકચોક,
  ખંભાત - ૩૮૮૬૨૦

: મુદ્રક : કિરીટ ગ્રાફીક્સ, અમદાવાદ-૧ ફોન : ૫૩૫૨૬૦૨

# પિંડવાડાના ચોમાસામાં

સિદ્ધાંતમહોદધિ, અમારા શ્રી સંઘના પરમ ઉપકારી પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના જન્મથી પાવન બનેલી પિંડવાડાની ધરતી પર વિ. સં. ૨૦૫૩નું ચોમાસું પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર, ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરિ મહારાજનું વિશાળ સમુદાય સાથે થયું. પ્રવેશદિનથી જ શ્રી સંઘમાં આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસનું વાતાવરણ જામ્યું હતું. દિનપ્રતિદિન વિવિધ અનુષ્ઠાનો, મહોત્સવો, તપસ્યા અને આરાધનાની હારમાળા ચાલુ થઈ.

- મહાશુદ્ધિ
- બાવનજિનાલય મહાપ્રદક્ષિણા,
- શંખેશ્વર દાદાના અઠ્ઠમ તપ,
- મહાસ્નાત્ર મહોત્સવ,
- અરિહંત વંદનાવલી,
- મહાપૂજા,
- મહાઆરતિ,
- સામુદાયિક અષ્ટપ્રકારી પૂજા,
- તીર્થોની ચૈત્યપરિપાટી,
- યુવામિલન,
- સાધર્મિક ભક્તિ,
- માસક્ષમણ-સિદ્ધિતપની તપસ્યા,
- શાશ્વતી ઓળીની આરાધના,
- ૧। લાખ નવકારમંત્રનો જાપ,
- ૪૫ આગમ વંદના,
- પંચાહ્નિકા મહોત્સવો,
- ૧। લાખ સરસ્વતી મંત્રનો જાપ,
- શત્રુંજયતીર્થની ભાવયાત્રા,

- દુષ્કૃત ગર્હા,
- સુકૃત અનુમોદના,
- ૧૦૮ પાર્શ્વનાથ તીર્થની ભાવયાત્રા,
- નૂતનવર્ષનું મહામાંગલિક,
- ૯૯૮ સમૂહ સામાયિક,
- દીક્ષા,
- પદપ્રદાન

છેલ્લે સોનામાં સુગંધ રૂપે શ્રી શંખેશ્વરજી મહાતીર્થનો ૧૯ દિવસનો છ'રી પાળતો સંઘ.

આમ એક પછી એક કાર્યક્રમો **પૂ. ગચ્છાધિપતિશ્રીની** શુભનિશ્રામાં થતાં જ રહ્યા. આ તમામ કાર્યક્રમોમાં પૂ. ગચ્છાધિપતિશ્રીના આશિર્વાદ તેમજ જોશીલા પ્રવચનકાર **પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મહારાજ**ની શુભપ્રેરણા પાયાની ઇંટ બની ગઇ હતી.

સહુથી મોટો લાભ તો એ થયો કે પૂજ્યશ્રીના પ્રવચનની શ્રીસંઘમાં એવી રુચિ ઉભી થઇ ગઇ કે પર્યુષણા પછી પણ શ્રોતાઓ સારી સંખ્યામાં પ્રવચનનો લાભ લેતા હતા.

સંપ્રતીકાલીન ભગવાન મહાવીરસ્વામી, સમગ્ર રાજસ્થાનમાં પ્રાયઃ સહુથી પ્રાચીન એવા પંચધાતુ-સપ્તધાતુના જિનબિંબોથી શોભતું બાવન જિનાલય, તદુપરાંત અન્ય ૪ જિનમંદિરો, તથા અજારી, બામણવાડા, નાંદીયા, લોટાણા, દીયાણા, નાણા જેવા પ્રાચીન-અતિભવ્ય તીર્થોથી પરિમંડિત અમારી ભૂમી પર આજ સુધીમાં અનેક શાસનપ્રભાવક ચાતુર્માસો થયા છે. તેમાં વિ. સં. ૨૦૫૩ના યશસ્વી ચાતુર્માસનો ઉમેરો થઇ રહ્યો છે, જેનો અમને અતિ આનંદ છે. શાસનદેવતા સતત આવા સુંદર ચાતુર્માસ કરાવવાનો અમને અવસર આવે એવી પ્રાર્થના.

લિ.

**શ્રી પિંડવાડા શ્વે. મૂ. પૂ. જૈન સંઘ.**

ટ્રસ્ટી મંડળ

# શ્રુતભક્તિની ભાવભરી અનુમોદના

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનનો સંપૂર્ણ લાભ

**શ્રી પિંડવાડા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ**

**પિંડવાડા- ૩૦૭૦૨૨ (રાજસ્થાન)**

તરફથી લેવામાં આવેલ છે.

લાભ લેનાર પુણ્યાત્માઓની ભાવભરી અનુમોદના

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

# શ્રુતસેવાના સદાના સાથીઓ

## શ્રુતસમુદ્ધારક

- **ભાણબાઇ નાગજી ગડા** (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.ના ઉપદેશથી)
- **શેઠ આણંદજી કલ્યાણજી,** અમદાવાદ.
- **શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,** અમદાવાદ. (પં.પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.ની પ્રેરણાથી)
- **શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ,** વાલકેશ્વર, મુંબઇ. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્ર સૂ. મ. ની તથા પૂ. આ. મિત્રાનંદ સૂ. મ. ની પ્રેરણાથી)
- **શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર જૈન સંઘ,** અમદાવાદ (પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચન્દ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)
- **નયનબાળા બાબુભાઇ સી. જરીવાળા હા. ચંદ્રકુમાર, મનીષ કલ્પનેશ** (પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)
- **કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઇ** (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)
- **શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ મુલુંડ,** મુંબઇ. (પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી હેમચન્દ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)
- **શ્રી શાંતાક્રુઝ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ,** શાંતાક્રુઝ, મુંબઇ. (પૂજ્યપાદ આચાર્યદેવશ્રી હેમચન્દ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી)
- **શ્રી દેવકરણ મૂળજીભાઇ જૈન દેરાસર પેઢી,** મલાડ (વેસ્ટ), મુંબઇ. (પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

- **સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**, ખંભાત. (પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)
- **બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ**, વાલકેશ્વર, મુંબઈ-૬. (પૂ. ગણિવર્યશ્રી અક્ષયબોધિવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિ. મ.ની પ્રેરણાથી)
- **શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**, મુંબઈ. (પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી રમ્યઘોષ વિ. મ. ની પ્રેરણાથી)
- **જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**, મંગળપારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્યદેવ શ્રી રુચકચંદ્ર સૂરિ મ. ની પ્રેરણાથી)
- **શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ**, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ. (પૂજ્ય મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિ. મ. ની પ્રેરણાથી)
- **શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ**, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ. (પૂ. ગણિવર્યશ્રી અક્ષયબોધિ વિ. મ. ની પ્રેરણાથી)
- **શ્રી કલ્યાણજી સોભાગચંદ જૈન પેઢી, પીંડવાડા.** (સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના નિર્મળ સંયમની અનુમોદનાર્થે.)
- **શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**, ઘાટકોપર, મુંબઈ.
- **શ્રી શ્રીજીવિતસ્વામી નાંદીયા જૈન સંઘ**, ઘાટકોપર, (પૂ. ગણિવર્યશ્રી અક્ષયબોધિ વિ. મ. તથા પૂ. મુનિશ્રી મહાબોધિ વિ.મ. ની પ્રેરણાથી)

## શ્રુતોદ્ધારક

- શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ.
  (પ.પૂ. મુનિરાજશ્રી નિપુણચન્દ્ર વિજયજી મ.ની પ્રેરણાથી)
- શ્રી નડીયાદ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નડીયાદ.
  પ.પૂ. પં. વરબોધિ વિજયજી મ.ની પ્રેરણાથી)
- શ્રી સાયન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાયન મુંબઇ.
- શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, સંઘાણી અસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ.

## શ્રુતભક્ત

- શ્રી બાબુભાઇ સી. જરીવાલા ટ્રસ્ટ; નિઝામપુરા, વડોદરા.
- શ્રી બાપુનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
  (પૂ. ગણિવર્યશ્રી અક્ષયબોધિવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)
- શ્રી સુમતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મેમનગર, અમદાવાદ.
  (પૂ. મુનિરાજશ્રી ધર્મરક્ષિત વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ. મ.ની પ્રેરણાથી)
- સ્વ. શ્રી સુંદરલાલ દલપતભાઇ ઝવેરી હા. જાસુબેન, પુનમચંદભાઇ, જસવંતભાઇ વગેરે.
- શ્રી મુનિસુવ્રત સ્વામિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંદિર ટ્રસ્ટ, કોલ્હાપુર.
- શ્રી અરવિંદકુમાર કેશવલાલ ઝવેરી જૈન રિલિજયસ ટ્રસ્ટ, ખંભાત.

# પ્રકાશકીય

દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતો શાસનની સ્થાપના કરી પોતાની હયાતિ સુધી શાસનનું સંચાલન કરે છે. તેઓશ્રીના નિર્વાણ પછી તેમના પટ્ટધર આચાર્ય ભગવંતો શ્રીજિનશાસનનું સંચાલન કરી શાસનને આગળ વધારે છે. આ રીતે શાસનની પરંપરા ચાલે છે. દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માનું શાસન પણ તેમની પાટે આવતા આચાર્યભગવંતો દ્વારા આ જ રીતે અહીં આપણા સુધી આવ્યું છે.

પરમાત્માની પાટે આવેલા આચાર્યોની વિગતો પણ પ્રાચીન વિવિધ પટ્ટાવલીઓમાં મળે છે.

પ્રસ્તુત ગ્રંથનો વિષય છે, પ્રભુવીરની ૫૮મી પાટે પધારેલા યવનસમ્રાટ્-પ્રતિબોધક **જગદ્ગુરુશ્રી હીરવિજયસૂરિ મહારાજ.**

વિક્રમના સત્તરમા સૈકાના પૂર્વાર્ધમાં જિનશાસનના ગગનમંડલમાં તેઓ તેજસ્વી સૂર્ય રૂપે ચમકી ગયા. આજે ૪૦૦ વર્ષ પછી પણ જિનશાસનમાં તેઓશ્રીનું નામ અને કામ અમર છે. જેની સાક્ષી વિશાળ સંખ્યામાં આજે પણ પ્રાપ્ત થતાં સૂરિજીની ગુરુમૂર્તિ, ગુરુપાદુકાઓ તેમજ સ્તુતિ સાહિત્ય છે.

વિ. સં. ૨૦૫૨ એટલે કે ગતવર્ષ જગદ્ગુરુનું સ્વર્ગારોહણનું ૪૦૦મું વર્ષ હતું. આ નિમિત્તને પામીને પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે.

પ્રસ્તુત પ્રકાશનમાં શ્રી જગદ્ગુરુ અંગે વિવિધ મુનિઓએ રચેલ નાની મોટી કૃતિઓ છે. જેમાંથી મોટાભાગની કૃતિઓ અપ્રગટ હતી, જે પ્રથમ જ વખત અહીં પ્રગટ થાય છે. આ ગ્રંથમાં તમામ કૃતિઓ ગૂર્જરભાષામાં છે. આ સિવાય સંસ્કૃત, પ્રાકૃત તેમજ હિંદી આદિ ભાષામાં પણ સૂરિજી અંગેનું સાહિત્ય રચાયું છે. જે બીજા ભાગમાં પ્રગટ કરવાની ભાવના છે.

આ સંપૂર્ણગ્રંથનું સંકલન/સંશોધન/સંપાદન કર્યું છે. અમારા ટ્રસ્ટના પ્રેરણામૂર્તિ વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મહારાજે વિવિધ જ્ઞાનભંડારો તથા હસ્તપ્રતિના ભંડારોમાંથી ખૂબજ મહેનત કરીને આ સાહિત્ય પ્રાપ્ત કર્યું છે. ધૂળધોયાની જેમ મુનિશ્રીએ આ ગ્રંથ પાછળ શ્રમ ઉઠાવ્યો છે.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાય દ્વારા આપણા હૃદયમંદિરમાં સૂરિજી પ્રત્યે આદરભાવ, બહુમાન ભાવ ઉભા કરીએ. એવી શાસનદેવને પ્રાર્થના.

**લી. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ વતી ટ્રસ્ટીઓ**

**ચંદ્રકુમાર બાબુભાઇ જરીવાલા** — **લલિતકુમાર રતનચંદ કોઠારી**

**નવિનચંદ્ર ભગવાનદાસ શાહ.** — **પુંડરિકભાઇ અંબાલાલ શાહ**

# પ્રસ્તાવના

– મુનિ મહાબોધિવિજય

ભારતના શાસનમાં અત્યારે H[3] ની બોલબાલા છે.

હવાલા કાંડ,

હુમલા કાંડ અને

હત્યા કાંડ.

ભગવાનના શાસનમાં પણ આજે H[3] નો ભારે પ્રભાવ છે.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજ,

શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજ અને

શ્રી હીરવિજયસૂરિ મહારાજ.

વિક્રમના સત્તરમાં સૈકાના પૂર્વાર્ધમાં જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિ મ.નું ધર્મસામ્રાજ્ય સમગ્ર ભારતવર્ષમાં છવાયેલું હતું. પ્રભુ મહાવીરની ૫૮મી પાટે આવેલા તથા તપાગચ્છના તેઓ મુખ્ય આચાર્ય હતા. પોતાના ઉચ્ચ સંયમના પ્રભાવે ક્રુર અને ખૂંખાર એવા અકબરને પ તેઓશ્રીએ જીવદયાનો પ્રેમી બનાવેલ. પ્રસ્તુત આખો ગ્રંથ જગદ્‌ગુરુની ગૌરવગાથાને ગાઈ રહ્યો હોવાથી અહીં એમની જીવનકથા આલેખવાનો ઈરાદો નથી. અહીં તો આ ગ્રંથની અઢારમહિનાની ગર્ભાવસ્થાની વાત કરવી છે.

વિ. સં. ૨૦૫૨મું વર્ષ એટલે જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ મહારાજનું સ્વર્ગગમનનું ૪૦૦મું વર્ષ. આજથી ૪૦૦ વર્ષ પૂર્વે એટલે કે વિ.સં. ૧૬૫૨ના ભાદરવા સુદ-૧૧ના દિવસે જગદ્‌ગુરુનું સ્વર્ગગમન થયું.

યોગાનુયોગ ૨૦૫૨ની સાલમાં જ જગદ્‌ગુરુ જ્યાંથી સ્વર્ગે સીધાવ્યા તે પરમપવિત્ર ભૂમિ ઊના, તથા જ્યાં તેઓશ્રીનો અગ્નિસંસ્કાર થયો તે શાહબાગના દર્શનાર્થે જવાનું થયું. સૂરિજીના થૂભના અને ચરણપાદુકાના દર્શન કરતા અંતર આનંદથી ભરાઈ ગયું. આંખો આંસુથી-હરખના આંસુથી છલકાઈ ગઈ. મનમાં અનેક સંવેદનાઓ થઈ.

છેલ્લા લગભગ ૩૫ વર્ષથી શાહબાગ ઉદ્યાનની સારસંભાળ કરનાર નર્મદાશંકરભાઈને આ ભૂમિની વિશેષતા અંગે પૂછતા તેમણે કહ્યું :-'પહેલા

તો દર ભાદરવા સુદ-૧૧ના આંબાના ઘણા ઝાડ ઉપર કેરીઓ આવતી હતી; અત્યારે નહિ નહિ તો ત્રણથી ચાર ઝાડ પર ભાદરવા સુદ-૧૧ના કેરીઓ આવી જાય છે.' આ સિવાય પણ તેમણે કેટલીક વાતો કરી.

આ બધું જોયા પછી, સાંભળ્યા પછી દિલમાં એવું થયા કરતું કે જગદ્‌ગુરુને શ્રદ્ધાંજલી આપવી. આ શ્રદ્ધાંજલી ચીરકાલ સ્થાયિની બની રહે એ માટે એમના જીવનને લગતી છપાયેલી, છૂટી છવાઈ વિવિધભાષીય કૃતિઓને પુનઃ સંપાદિત કરવી એવું નક્કી કર્યું. લગભગ ૧૦/૧૫ કૃતિઓ મળી. આ તમામ કૃતિઓને વ્યવસ્થિત સંપાદિત કરી પ્રેસમાં આપી. પ્રુફરીડીંગ ચાલુ થયું.

તે દરમિયાન ખાનપુર-અમદાવાદના સુ. કાંતિભાઈ મળવા આવ્યા. વાતમાંથી વાત નીકળી. એમણે જણાવ્યું કે બે વર્ષ પૂર્વે પાલિતાણામાં પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂ. મ.ની પ્રેરણાથી અમે હીરવિજયસૂરિ મહારાજનો એક સેમિનાર ગોઠવેલો. તેમાં કેટલાક નિબંધો અને એકાદ બે અપ્રગટ કૃતિઓ આવી છે. આપને ઉપયોગમાં આવે તો તેનો ઉપયોગ કરો. સાથે એમણે મને હીરવિજયસૂરિ મહારાજના જીવનને લગતી-સ્પર્શતી વિવિધકર્તૃક રચનાઓનું લિસ્ટ આપ્યું.

એ જોતા એમ લાગ્યું કે આ તમામ કૃતિઓને મેળવી, વ્યવસ્થિત સંપાદિત કરીને જ આ ગ્રંથ બહાર પાડવો. પછી તો અલગ અલગ જ્ઞાનભંડારો અને હસ્તલિખિત જ્ઞાનભંડારોમાંથી આવી રચનાઓ શોધતો ગયો, ભેગી કરતો ગયો. જેમ જેમ શોધતો ગયો તેમ તેમ નાની-મોટી, ગદ્ય-પદ્ય, સંસ્કૃત-પ્રાકૃત, હિંદી-ગુજરાતી, પ્રગટ-અપ્રગટ એવી અનેક કૃતિઓ પ્રાપ્ત થતી ગઈ*. ગર્ભસ્થ શિશુ જેમ પ્રત્યેક દિવસે વૃદ્ધિ પામે તેવી આ ગ્રંથની હાલત થઈ. ચારેબાજુથી એટલી બધી કૃતિઓ આવી કે ગ્રંથનું કદ ઘણું મોટું થઈ ગયું. વાંચવામાં સરળતા રહે એ ગણતરીથી બે ભાગમાં ડીલીવરી કરવી એવું નક્કી કર્યું.

ગુજરાતી કૃતિઓને પ્રથમ ભાગમાં સ્થાન આપ્યું છે. હિંદી / સંસ્કૃત અને પ્રાકૃત કૃતિઓને દ્વિતીય ભાગમાં સ્થાન અપાશે.

પ્રથમ ભાગમાં ગ્રંથસ્થ થયેલી કૃતિઓને ૮ વિભાગમાં વહેચી છે. અંતે પરિશિષ્ટો આપ્યા છે. જેમાં શ્રીવિજયદાનસૂરિ મ.ની સ્તુતિ, શ્રીહીર

* કવિસમ્રાટ શ્રી ઋષભદાસજી રચિત 'શ્રી હીરવિજયસૂરિનો રાસ' નામની દીર્ઘસ્વતંત્રકૃતિને અહીં સમાવી નથી.

વિજય સૂ. કૃત રચનાઓ તેમજ વિવિધ કાવ્ય, રાસાઓમાં આવતા શ્રીહીરવિજયસૂ. મ.ના સંદર્ભો આપ્યા છે. વળી જે જે કૃતિને અંતે થોડી ઘણી જગ્યા બચી છે ત્યાં વિવિધકર્તૃક સજ્ઝાયો, ચોપાઈઓ, રાસો આદિની પ્રશસ્તિમાં કવિઓએ જ્યાં જ્યાં શ્રીહીરવિજયસૂરિ મ.ની સ્તુતિ કરી છે તે કડીઓને જૈન ગુર્જરકવિઓના ભાગ ૧ થી ૭માંથી ચુંટી ચુંટીને બોક્ષમાં મઢી દીધી છે.

હજી કેટલીક કૃતિઓ અમને પ્રાપ્ત નથી થઈ. જેના નામ અત્રે આપીએ છીએ. કોઈને ય આ કૃતિઓ જડે તો અમને જણાવે તેવી વિનંતી છે: આ કૃતિઓ મુદ્રિત યા અમુદ્રિત પણ હોઈ શકે છે.

- લાભોદય રાસ : પં. દયાકુશલ
- કર્મચન્દ્ર ચોપાઈ : પં. ગુણવિનય
- અમરસેન-વયરસેન આખ્યાન : શ્રીસંઘવિજયજી
- મલ્લિનાથ રાસ : શ્રીઋષભદાસજીકવિ
- ખંભાતની તીર્થમાળા : શ્રીઋષભદાસજીકવિ
- ખંભાતની તીર્થમાળા : શ્રીમતિસાગર મ.
- પદ મહોત્સવ રાસ : પં. દયાકુશલ
- દુર્જનશાલબાવની : કૃષ્ણદાસકવિ
- પરબ્રહ્મપ્રકાશ : પં. વિવેકહર્ષ
- વિજયચિંતામણીસ્તોત્ર : પં. પરમાનંદ.
- મહાજનવંશ મુક્તવલી : શ્રીરામલાલજી ગણિ
- શ્રીહીરવિજયસૂરિના બાર બોલનો રાસ : શ્રીઋષભદાસજી
- પ્રશસ્તિસંગ્રહ : શ્રીધર્મસૂરિ મ.

આ સિવાય પણ બીજી અનેક કૃતિઓ પ્રાપ્ત થાય એવી પૂરી શક્યતા છે. છેલ્લા ૪૦૦ વર્ષના ઈતિહાસમાં હીરવિજયસૂરિ મહારાજ અંગે જેટલું સાહિત્ય રચાયુ છે એટલું કદાચ બીજા કોઈ આચાર્ય માટે નથી રચાયું. માત્ર સાહિત્ય જ નહિ, સાથે સૂરિજીની ગુરુમૂર્તિ અને ગુરુપાદુકાઓની સ્થાપના પણ સારા પ્રમાણમાં થઈ છે. ગુજરાત અને રાજસ્થાનના અનેક શહેરોમાં તથા નાના ગામોમાં આ મૂર્તિઓ અને પાદુકાઓની સ્થાપના

થયેલી છે. યાદ રહે, આ મૂર્તિઓમાં પણ અર્વાચીન કરતા પ્રાચીનની સંખ્યા વધારે છે. [પ્રાપ્ય મૂર્તિ આદિની પ્રતિકૃતિઓ આ ગ્રંથમાં આપેલી છે.]

આ બધું જોયા પછી એવું સ્પષ્ટપણે કહી શકાય કે છેલ્લા ૪૫૦ વર્ષમાં થયેલા આચાર્યભગવંતોમાં તેઓ શિરમોર આચાર્ય હતા.

આ મહાન કાર્યમાં જેઓની કૃપા-સેવા વગેરે પ્રાપ્ત થઈ છે તના નામ વગેરે પ્રસ્તાવનાને અંતે આપ્યા છે.

કેટલીક કૃતિઓની અનેક હસ્તપ્રતો પ્રાપ્ત થઈ. પાઠભેદો પણ ઘણા મળતા હતા. પણ અહીં એનો પ્રયત્ન કર્યો નથી. વળી સૂરિજીના જીવનની કેટલીક હકીકતો ભિન્ન ભિન્ન કૃતિઓમાં ભિન્ન ભિન્ન રીતે જોવા મળે છે, પણ અહીં તેવો તુલનાત્મક પ્રયાસ કર્યો નથી. તથા આખો ગ્રંથ સૂરિજીના જીવનને સ્પર્શતી કૃતિઓના સંચયસ્વરૂપ હોવાથી અહીં વિસ્તૃત જીવનનું આલેખન ન કરતા મુખ્ય મુખ્ય ઘટના આદિને ઇંટરવ્યુ ઓફ શ્રી હીરવિજયસૂરિજીના ટાઈટલ નીચે સમાવી લીધી છે.

એક વાત રહી ગઈ, બાળકનો જન્મ થયા પછી એના નામ પાડવાની તૈયારી ચાલતી હોય છે. આ આખો ગ્રંથ તૈયાર થયા પછી આનું ગુણનિષ્પન્ન નામ રાખવાની તૈયારી ચાલુ થઈ. બે-ચાર નામો વિચાર્યા પણ ખરા...... અને આજના મા-બાપોની જેમ કેંસલ પણ કરી નાંખ્યા. અંતે ટૂંકું, અને સહુના મોઢે ચડી જાય એવુ નામ જડી આવ્યું...... **'હીર સ્વાધ્યાય'** બિલકુલ ગુણ નિષ્પન્ન આ નામ છે. આખા ગ્રંથમાં એક માત્ર હીરસૂરિમહારાજનો જ સ્વાધ્યાય વાચકને કરવા મળશે.

અંતે, હીરસ્વાધ્યાયના સ્વાધ્યાય દ્વારા સૂરિજીના જીવનના ગુણભંડારમાંથી એકાદ ગુણરત્નને આપણે સહુ પ્રાપ્ત કરીએ એવી શુભાભિલાષા.

**—શ્રા. સુ. ૧૫, ૨૦૫૩**

**પિંડવાડા (રાજસ્થાન)**

# અમો આભારી છીએ

**જેઓશ્રીની અપરંપાર કૃપાના ધોધે આ શ્રમસાધ્ય કાર્યને સહજસાધ્ય બનાવ્યું છે....**

- સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા.
- વર્ધમાનતપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.
- સમતા સાગર પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવરશ્રી.
- સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા.
- વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.
- રત્નત્રયી આરાધક પૂ. ગુરુદેવશ્રી અંક્ષયબોધિવિજયજી ગણિવર.

**પ્રગટ-અપ્રગટ કૃતિને ઉદારતાથી મોકલી આપનાર ગુરુભગવંતો**

- પૂ. ગુરુદેવશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.
- પૂ. આચાર્યશ્રી શીલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.
- પૂ. મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ.
- પૂ. પં. શ્રી જયસુંદરવિજયજી મહારાજ.

**મુદ્રિતગ્રંથો તથા હસ્તપ્રતોને પૂરા વિશ્વાસ સાથે મોકલનાર જ્ઞાનભંડારો**

- અમદાવાદ - ડેલાનો ઉપાશ્રય.
- અમદાવાદ - સંવેગી ઉપાશ્રય, હાજાપટેલની પોળ.
- અમદાવાદ - શ્રીવિજયદાનસૂરિ જૈન જ્ઞાનમંદિર.
- અમદાવાદ - લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર.
- અમદાવાદ - શા. ચી. ઈસ્ટીટ્યૂટ, શાહીબાગ.
- અમદાવાદ - કોબા આ. શ્રી કૈલાસસાગર સૂ. જ્ઞાનમંદિર.
- ઈડર જૈન જ્ઞાન ભંડાર.
- લીંબડી જૈન જ્ઞાન ભંડાર.

• ખંભાત જૈનશાળા જ્ઞાનભંડાર.
• પાટણ - શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર.
• ભાવનગર - ડોસાભાઇ અભચંદ જૈન પેઢી.

**આ સંપાદનમાં જેનો છૂટથી ઉપયોગ કર્યો છે તે ગ્રંથો - પત્રિકાઓ**

(૧) હીરવિજયસૂરિનો રાસ
(૨) ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ - ૪
(૩) પટ્ટાવલી સમુચ્ચય ભાગ - ૨
(૪) સૂરીશ્વર અને સમ્રાટ્
(૫) ઐતિહાસિક સજ્ઝાય માળા
(૬) જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય
(૭) જૈનયુગ, જૈન સત્યપ્રકાશ, અનુસંધાન આદિ પત્રિકાઓ.
(૮) ચારે દિશાના તીર્થોની તીર્થમાળા.

**પુસ્તકો - ગ્રંથો - પ્રુફો - મોકલવા, લાવવા, લઇજવા, તથા પુસ્તક છાપવા આદિની વિવિધ જવાબદારી જેઓએ સેવાભાવે સંભાળી લીધી તે સદ્ગૃહસ્થો**

| | |
|---|---|
| • લક્ષ્મણભાઇ ભોજક - એલ. ડી. ઇંસ્ટીટ્યૂટ, | અમદાવાદ. |
| • પ્રો. કાંતિભાઇ બી. શાહ - ખાનપુર | અમદાવાદ. |
| • ડૉ. જીતુભાઇ બી. શાહ - નારણપુરા | અમદાવાદ. |
| • ચંદ્રકાંત એસ. સંઘવી | પાટણ. |
| • ધર્મેન્દ્ર પી. શાહ - શાહીબાગ | અમદાવાદ. |
| • ધીરેન કે. શાહ - સાબરમતી | અમદાવાદ. |
| • રોહિતભાઇ શાહ - હાજાપટેલની પોળ | અમદાવાદ. |
| • શ્રેણીક કે. શાહ - દેવશાનો પાડો | અમદાવાદ. |
| • સુરેશભાઇ શાહ - ખાનપુર | અમદાવાદ. |
| • નયનભાઇ બી. શાહ - સાબરમતી | અમદાવાદ. |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| | **વિભાગ - ૧** | |
| ૧ | શ્રી હીરચરિત્ર | ૨-૩૦ |
| ૨ | શ્રી હીરવિજયસૂરિ સંબંધ | ૩૧-૩૪ |
| ૩ | હીરસૂરીશ્વરજીની કથા | ૩૫-૫૦ |
| ૪ | શ્રી હીરવિજયસૂરિ પ્રબંધ | ૫૧ |
| | **વિભાગ - ૨** | |
| ૧ | શ્રી હીરવિજયસૂરિ નિર્વાણ રાસ | ૫૩-૭૩ |
| ૨ | મુનિ પ્રેમરચિત શ્રી હીરવિજયસૂરિ ભાસ | ૭૪-૭૫ |
| ૩ | શ્રી નગર્ષિ રચિત શ્રી હીરવિજયસૂરિ ભાસ | ૭૬ |
| ૪ | શ્રી નગર્ષિ રચિત શ્રી હીરવિજયસૂરિ ભાસ | ૭૭ |
| ૫ | શ્રી હીરવિજયસૂરિ ફાગ | ૭૮-૭૯ |
| ૬ | શ્રી સચવીરઋષિ રચિત શ્રી હીરવિજયસૂરિ બારમાસો | ૮૦-૮૬ |
| | **વિભાગ - ૩** | |
| ૧ | લેખશૃંગાર | ૮૮-૧૦૪ |
| ૨ | શ્રી હીરવિજય દેશના સુરવેલી | ૧૦૫-૧૧૮ |
| ૩ | હીરવિજયસૂરિ ચાતુર્માસ લાભપ્રવહણ | ૧૧૯-૧૨૬ |
| ૪ | શ્રી હીરવિહારસ્તવ | ૧૨૭-૧૩૨ |
| ૫ | શ્રી હીરપુણ્યખજાનો | ૧૩૩-૧૪૦ |
| | **વિભાગ -૪** | |
| ૧ | પં. કુંવરવિ. રચિત શ્રી હીરવિજયસૂરિ સલોકો | ૧૪૨-૧૪૮ |
| ૨ | શ્રી વિદ્યાધર રચિત શ્રી હીરવિજયસૂરિ સલોકો | ૧૪૯-૧૫૬ |
| ૩ | શ્રી પ્રેમવિ. રચિત હીરજીગુરુ સલોકો | ૧૫૭-૧૬૩ |
| | **વિભાગ - ૫** | |
| ૧ | અષ્ટપ્રકારી પૂજા | ૧૬૫-૧૮૦ |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| | **વિભાગ - ૬** | |
| ૧ | શ્રી મોહનરુચિ રચિત શ્રી હીરગુરુ પદ | ૧૮૨ |
| ૨ | શ્રી દયારુચિ રચિત શ્રી હીરગુરુ પદ | ૧૮૩ |
| ૩ | શ્રી દયારુચિ રચિત શ્રી હીરગુરુ પદ | ૧૮૪-૧૮૫ |
| ૪ | શ્રી હીરપદ | ૧૮૬ |
| ૫ | શ્રી દયારુચિ રચિત શ્રી હીરપદ | ૧૮૭-૧૮૮ |
| ૬ | શ્રી મોહનરુચિ રચિત શ્રી હીરપદ | ૧૮૯ |
| ૭ | શ્રી કુશલવર્ધન રચિત શ્રી વીરજિનસ્તુતિ | ૧૯૦ |
| ૮ | શ્રી આનંદહર્ષ રચિત શ્રી વિમલાચલ સ્તુતિ | ૧૯૧ |
| ૯ | શ્રી કુશલવર્ધન રચિત શ્રીવાસૂપુજ્યજિન સ્તુતિ | ૧૯૨ |
| ૧૦ | શ્રી વાસૂપુજ્યજિન સ્તુતિ | ૧૯૩ |
| ૧૧ | શ્રી વીરસ્તુતિ | ૧૯૪ |
| ૧૨ | શ્રી લબ્ધિસૂરિ રચિત શ્રી હીરવિ. સૂ. સ્તુતિ | ૧૯૫ |
| ૧૩ | શ્રી લબ્ધિસૂરિ રચિત શ્રી હીરવિ. સૂ. સ્તુતિ | ૧૯૬ |
| | **વિભાગ - ૭** | |
| ૧ | શ્રી સકલમુનિ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૧૯૮ |
| ૨ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૧૯૯ |
| ૩ | શ્રી કનકવિજય રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૦૦-૨૦૧ |
| ૪ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૦૨-૨૦૩ |
| ૫ | શ્રી કનકવિજય રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૦૪ |
| ૬ | શ્રી કનકવિજય રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૦૫ |
| ૭ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૦૬-૨૦૯ |
| ૮ | શ્રી સકલચંદ્ર રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૧૦-૨૧૧ |
| ૯ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૧૨ |
| ૧૦ | શ્રી સકલમુનિ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૧૩ |
| ૧૧ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૧૫ |
| ૧૨ | શ્રી જયવિજય રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૧૭ |

| ક્રમ | વિષય | પેજ નં. |
| --- | --- | --- |
| ૧૩ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૧૯ |
| ૧૪ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૨૧ |
| ૧૫ | શ્રી આનંદહર્ષ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૨૩ |
| ૧૬ | શ્રી લીંબુગણિ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૨૫ |
| ૧૭ | શ્રી હીરગુરુ બારબોલ સ્વધ્યાય | ૨૨૬ |
| ૧૮ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૨૮ |
| ૧૯ | શ્રી જયવિજય રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૩૦ |
| ૨૦ | શ્રી વિવેકહર્ષ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૩૪ |
| ૨૧ | શ્રી કાનજીમુનિ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૩૭ |
| ૨૨ | શ્રી વિદ્યાચંદ્રમુનિ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૩૮ |
| ૨૩ | શ્રી ક્ષેમકુશલ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૩૯ |
| ૨૪ | શ્રી જયવિજય રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૪૧ |
| ૨૫ | શ્રી દયામુનિ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૪૩ |
| ૨૬ | શ્રી ક્ષેમકુશલ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૪૫ |
| ૨૭ | શ્રી ક્ષેમકુશલ રચિત શ્રીપટ્ટચતુષ્ક સૂરિનામગર્ભિત હીરવિજયસૂરિ સ્વાધ્યાય | ૨૪૬ |
| ૨૮ | શ્રી દેવચંદ્ર રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૪૮ |
| ૨૯ | શ્રી ક્ષેમકુશલ રચિત શ્રીહીરવિજયગુરુ સ્વધ્યાય | ૨૪૯ |
| ૩૦ | શ્રી કુશલવર્ધન રચિત શ્રી હીરસૂરીશ્વર સ્વાધ્યાય | ૨૫૧ |
| ૩૧ | શ્રી શુભમુનિ રચિત શ્રીહીરાષ્ટક સ્વાધ્યાય | ૨૫૨ |
| ૩૨ | શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૫૪ |
| ૩૩ | શ્રી મેઘમુનિ રચિત શ્રીહીરવિજયસૂરિ સ્વાધ્યાય | ૨૫૬ |
| ૩૪ | શ્રીહીરસૂરિ સજ્ઝાય | ૨૫૭ |
| ૩૫ | શ્રી વિવેકહર્ષ રચિત શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય | ૨૫૯ |
| | **વિભાગ - ૮** | |
| ૧ | શ્રી નગર્ષિ રચિત શ્રીહીરગુરુ ગીત | ૨૬૨ |
| ૨ | શ્રી પુણ્યહર્ષ રચિત શ્રીહીરગીત | ૨૬૩ |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૩ | શ્રી પ્રેમમુનિ રચિત શ્રી હીરવિજયસૂ. યુગ્મ છંદ | ૨૬૪ |
| ૪ | શ્રી હીરવિજયસૂરિ દુહા | ૨૬૫ |
| ૫ | શ્રી હીરવિજયસૂરિની ગહુંલી | ૨૬૬ |
| ૬ | શ્રી હીરગુરુ સ્તવન | ૨૬૭ |
| ૭ | શ્રી હીરવિજયસૂરિ મ.નું સ્તવન | ૨૬૯ |
| ૮ | શ્રી હીરવિજયસૂરિ સવઈયા | ૨૭૦ |
| ૯ | જગદ્‌ગુરુ અષ્ટક | ૨૭૧ |
| ૧૦ | સવૈયા | ૨૭૩ |
| ૧૧ | શ્રી હીરવિજયસૂરિ ગહુંલી | ૨૭૪ |
| | **વિભાગ - ૯** | |
| ૧ | પરિશિષ્ટ - ૧ | ૨૭૭ |
| ૨ | પરિશિષ્ટ - ૨ | ૨૭૮ |
| ૩ | પરિશિષ્ટ - ૩ | ૨૮૫ |

# ઇન્ટરવ્યુ ઓફ શ્રીહીરવિજયસૂરિ મહારાજ

## પરિચય

| | | |
|---|---|---|
| જન્મનામ | : | હીરજી |
| પિતાનું નામ | : | કુંરાશાહ |
| માતાનું નામ | : | નાથીબાઇ |
| ભાઈનું નામ | : | સંઘજી, સૂરજી, શ્રીપાલ |
| ભગિની નામ | : | રંભા, રાણી, વિમલા |
| દીક્ષાગુરુ | : | આચાર્ય વિજયદાનસૂરિ મ. |
| દીક્ષા નામ | : | હીરહર્ષ મુનિ |
| આચાર્ય નામ | : | આચાર્યશ્રી હીરવિજયસૂરિ |
| પ્રસિદ્ધ વિશેષણ | : | જગદ્ગુરુ |
| પટ્ટધર | : | આચાર્ય વિજયસેનસૂરિ |

## તારીખ અને તવારીખ

| | | |
|---|---|---|
| જન્મ | : | વિ. સં. ૧૫૮૩, ઇ. સ. ૧૫૨૭, માગસર સુદ ૯, સોમવાર, પાલનપુર. |
| દીક્ષા | : | વિ. સં. ૧૫૯૬, ઇ. સ. ૧૫૪૦, કારતક વદ -૨, સોમવાર, પાટણ. |
| પંડિત પદ | : | વિ. સં. ૧૬૦૭, ઇ. સ. ૧૫૫૧, નાડલાઈ. |
| ઉપાધ્યાય પદ | : | વિ. સં. ૧૬૦૮, ઇ.સ. ૧૫૫૨, મહા સુદ ૫ નાડલાઈ. |
| આચાર્ય પદ | : | વિ.સં. ૧૬૧૦, ઇ. સ. ૧૫૫૪, પોષ સુદ -૫, શિરોહી. |
| ગચ્છાધિપતિ | : | વિ. સં. ૧૬૨૨. |
| સ્વર્ગગમન | : | ગુરુવાર, ઊના. |

## તપસ્યા

અઠ્ઠમ : ૮૧ છઠ્ઠ : ૨૨૫

ઉપવાસ : ૨૬૦૦ આયંબિલ : ૨૦૦૦

નિવિ : ૨૦૦૦

વીશ સ્થાનકની આરાધના : વીશ વખત [૪૦૦ આયંબિલ + ૪૦૦ ચોથભક્ત સાથે]

સૂરિમંત્રનું ધ્યાન : ૩ મહિના [વિવિધ તપસ્યા સાથે]

જ્ઞાનની આરાધના : ૨૨ મહિના [આયંબિલ, નિવી સાથે]

ગુરુભક્તિ તપ : ૧૩ મહિના. [ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, આયંબિલ, નિવિ સાથે.]

## શિષ્ય પરિવાર

૧ આચાર્ય [વિજયસેનસૂરિ]

૭ ઉપાધ્યાય [શ્રીવિમલહર્ષ, શ્રીસોમવિજય, શ્રીશાંતિચન્દ્ર વ.]

૧૬૦ પંડિત (પંન્યાસ) [શ્રીસિંહવિમલ, શ્રીદેવવિમલ, શ્રીધર્મશીઋષિ, શ્રીહેમવિજય, શ્રીજસસાગર વગેરે.....]

૨૦૦૦ સાધુ ભગવંતો

૩૦૦૦ સાધ્વીજી

લાખો શ્રાવકો - શ્રાવિકાઓ

## ભક્ત રાજાઓ – શ્રાવકો

મોગલ સમ્રાટ્ અકબર હિંદુસૂર્ય મહારાણા પ્રતાપ

રાજભક્ત ભામાશા થાનસિંઘ રામજી

ઇંદ્રજી પોરવાલ રામજી શ્રીમાળી

સોમકરણ સંઘવી ઉદયકરણ સંઘવી

તેજપાલ સોની રાજીઓ, વાજીઓ પારેખ

મેઘજી પારીખ શવરાજ દોશી

પાસવીર સોની

## શાસન પ્રભાવના

૧૦૮ સાધુને દીક્ષા. ૫૦૦ જિનમંદિરની પ્રેરણા.

૫૦ પ્રતિષ્ઠા મહોત્સવ. અનેક છ'રી પાળતા સંઘો.

કામી, ક્રોધી અને ભયંકર હિંસક અકબર રાજાને પ્રતિબોધ, અકબર દ્વારા છમહિના અમારિપ્રર્વતન.

લોંકામતના મેઘજીઋષિને તપાગચ્છીય દીક્ષા.

અનેકને ચતુર્થવ્રતનો સ્વીકાર કરાવ્યો.

જીજીયાવેરો બંધ કરાવ્યો.

શત્રુંજયાદિ તીર્થયાત્રાનો કર માફ કરાવ્યો.

લાખો કેદીઓ છોડાવ્યા.

ડાબર સરોવરમાં થતી લાખો માછલાની માછીમારી બંધ કરાવી.

સમગ્ર હિંદમાં ગૌવધ બંધી.

## હીરસૂરિ ચાતુર્માસ સ્થળો

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાટણ - | ૮ | ખંભાત - | ૭ | અમદાવાદ - | ૬ |
| શિરોહી - | ૨ | સાંચોર - | ૨ | અભિરામાબાદ - | ૧ |
| ફત્તેપુર - | ૧ | કુણઘેર - | ૧ | મહેસાણા - | ૧ |
| સોજિત્રા - | ૧ | બોરસદ - | ૧ | આમોદ - | ૧ |
| ગંધાર - | ૧ | રાધનપુર - | ૧ | આગ્રા - | ૨ |
| કાવી - | ૧ | દિલ્હી - | ૧ | લાહોર - | ૧ |
| મેડતા - | ૧ | મથુરા - | ૧ | ઈડર - | ૧ |
| જાલોર - | ૧ | સ્તંભતીર્થ - | ૧ | મગશુદાબાદ - | ૧ |
| ઈલહાબાદ - | ૧ | માલપુરા - | ૧ | નાગોર - | ૧ |
| સુરત - | ૧ | આબુ - | ૧ | ફલોધી - | ૧ |
| રાણકપુર - | ૧ | નાડલાઈ - | ૧ | પાલિતાણા - | ૧ |

ઊના -૧ (વિ. સં. ૧૬૫૧)

- બીજા ચોમાસામાં ભાદરવા સુદ ૧૧ના સ્વર્ગવાસ
- હીર સૌભાગ્યમાં ડીસાનો પણ ઉલ્લોખ છે.

## હીરગુરુમૂર્તિ – ગુરુપાદુકા સ્થળો

| | | | |
|---|---|---|---|
| મહુવા | અમદાવાદ | રાધનપુર | શિરોહી |
| પાટણ | પાલનપુર | ઊના | ખંભાત |
| દીલ્લી(આગ્રા) | શાહબાગ (ઉના) | શત્રુંજય | વેરાવળ |
| બગવાડા | મેડતાસીટી | વીજાપુર | ડભોઈ |
| નડીયાદ | ફાલના | મક્ષીજી | આબુ-દેલવાડા |

## પ્રભાવક પાટ પરંપરા :

૧. સુધર્માસ્વામી. (નિર્ગ્રંથગચ્છ)

૨. જંબૂસ્વામી

૩. શ્રી પ્રભવસ્વામી

૪. શય્યંભવસૂરિ મ.

૫. યશોભદ્રસૂરિ મ.

૬. સંભૂતિવિજય, ભદ્રબાહુ સ્વામી

૭. સ્થૂલભદ્રસ્વામી

૮. આર્ય સુહસ્તિસૂરિ મ., આર્ય મહાગિરિ મ.

૯. સ્થવિર સુસ્થિત, સ્થવિર સુપ્રતિબદ્ધ (કોટિગણ)

૧૦. સ્થ૦ ઇન્દ્રદિન્નસૂરિ મ.

૧૧. સ્થ૦ દિન્નસૂરિ મ.

૧૨. સ્થ૦ સિંહગિરિ મ.

૧૩. શ્રી વજ્રસ્વામી મ.

૧૪. વજ્રસેનસૂરિ મ.

૧૫. શ્રીચન્દ્ર સૂ. મ.

૧૬. શ્રી સામન્તભદ્રસૂરિ મ. (વનવાસી ગચ્છ)

૧૭. શ્રી વૃદ્ધદેવસૂરિ મ.

૧૮. શ્રી પ્રદ્યોતનસૂરિ મ.

૧૯. શ્રી માનદેવસૂરિ મ.

૨૦. શ્રી માનતુંગસૂરિ મ.

૨૧. શ્રી વીરસૂરિમ.

૨૨. શ્રી જયદેવસૂરિ મ.

૨૩. શ્રી દેવાનંદસૂરિ મ.

૨૪. શ્રી વિક્રમસૂરિ મ.

૨૫. શ્રી નરસિંહસૂરિ મ.

૨૬. શ્રી સમુદ્રસૂરિ મ.

૨૭. શ્રી માનદેવસૂરિ મ.

૨૮. શ્રી વિબુધપ્રભસૂરિ મ.

૨૯. શ્રી જયાનંદસૂરિ મ.

૩૦. શ્રી રવિપ્રભસૂરિ મ.

૩૧. શ્રી યશોદેવસૂરિ મ.

૩૨. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ.

૩૩. શ્રી માનદેવસૂરિ મ.

૩૪. શ્રી વિમલચંદ્રસૂરિ મ.

૩૫. શ્રી ઉદ્યોતનસૂરિ મ.

૩૬. શ્રી સર્વદેવસૂરિ મ.

૩૭. શ્રી દેવસૂરિ મ.

૩૮. સર્વદેવસૂરિ મ.

૩૯. શ્રી યશોભદ્રસૂરિ મ.

૪૦. શ્રી મુનિચન્દ્રસૂરિ મ.

૪૧. શ્રી અજિતદેવસૂરિ મ.

૪૨. શ્રી વિજયસિંહસૂરિ મ.

૪૩. શ્રી સોમપ્રભસૂરિ મ.

૪૪. શ્રી હીરલા જગચ્ચંદ્રસૂરિ મ. (તપગચ્છ)

૪૫. શ્રી દેવેન્દ્રસૂરિ મ.

૪૬. શ્રી ધર્મઘોષસૂરિ મ.

૪૭. શ્રી સોમપ્રભસૂરિ મ.

૪૮. શ્રી સોમતિલકસૂરિ મ.

૪૯. શ્રી દેવસુંદરસૂરિ મ.

૫૦. શ્રી સોમસુંદરસૂરિ મ.

૫૧. શ્રી મુનિસુંદરસૂરિ મ. (સહસ્રાવધાની)

૫૨. શ્રી રત્નશેખરસૂરિ મ.

૫૩. શ્રી લક્ષ્મીસાગરસૂરિ મ.

૫૪. શ્રી સુમતિસાધુસૂરિ મ.

૫૫. શ્રી હેમવિમલસૂરિ મ.

૫૬. શ્રી આનંદવિમલસૂરિ મ.


૫૭. શ્રી વિજયદાનસૂરિ મ.

**૫૮. જગદ્ગુરુશ્રી હીરવિજયસૂરિ મ.**

# વિભાગ

# ૧


# પ્રબંધ સંગ્રહ




શ્રી હીરવિજયસૂરિ જન્મ ઘર - પાલનપુર





मोटा देरासर, हनुमानशेरी, पालनपुर



તપગચ્છ ઉપાશ્રય - પાલનપુર



પાલનપુર




પાલનપુર

१

# શ્રી હીરચરિત્ર

॥ एर्द०॥ श्री देवगुरुभ्यो नमः॥

અથ શ્રી હીરવિજયસૂરીશ્વરજીનો પ્રબંધ લિખ્યતે

૫૮મેં પાટેં શ્રી **વિજયદાંનસૂરિ**પટ્ટે શ્રી **હીરવિજયસૂરિ** હૂઆ. જિનકા સંવત ૧૫૮૩ વર્ષે મૃગશિર શુદિ ૯ દિને **પાલણપુરે** સાહા કૂંરા વૃધ ઉપકેશ જ્ઞાતિય ખિવેસરા ગોત્રેં ભાર્યા **નાથી** કુક્ષે જન્મ. તેહોની બહીન બાઈ **વિમલા પાટણનગરે** સાહા **વિજયસિંઘ**ને ઘરે પરિણાવ્યા. તેહોને મિલવા કાજે **કુંવરજીઈ** ૧૩ વર્ષની ઉમરમેં શ્રી **અણહલ્લપુરપાટણે** ગયા. તિહાં શ્રી **વિજયદાંનસૂરિજી**નો ધર્મોપદેશ સાંભલીનેં વૈરાગરત થઈનેં સંવત ૧૫૯૬ વર્ષે કાર્તિક વદિ ૨ દિને પાટણેં દીક્ષા સંવત ૧૬૦૭ વર્ષે **નાડોલાઈ** નગરે શ્રીઋષભદેવને પ્રાસાદે પંડિતપદ પામ્યા. સં. ૧૬૦૮ વર્ષે માહા સૂદ ૫ દિને શ્રી**નારદપુરે** શ્રી વરકાણા પાર્શ્વનાથ શમીપેં શ્રી નેમિનાથ પ્રાસાદે વાચકપદ. સં. ૧૬૧૦ વર્ષે માઘકૃષ્ણ ૫ દિને **સીરોહી** નગરે સૂરિપદ પામ્યા.

જેહનો સૌભાગ્ય વૈરાગ્ય નિઃસ્પૃહતાદિ ગુણપ્રતેં બોલવાનેં કાજેં બૃહસ્પતિ પણ ચતુર ન હોવે તો મહાનુભાવનો સૌભાગ્યાદિક ગુણપ્રતે બીજો નર કુણ વર્ણવી સકેં ? તથા શ્રી **સ્તંભતીર્થ**મેં માહારાજના પધારવાસૂ શ્રદ્ધાવાન શ્રાવકોનેં ૧ ક્રોડ રૂપિયા પ્રભાવનાદિ ધર્મકૃત્યોમેં ખરચ્યા. તથા જિણોકા ચરણ વિન્યાસકા પ્રતિપદને વિષે દો મહોર અરુ ૧ રુપયા મોચન કરતા હુવા ઓર શ્રદ્ધાવાન શ્રાવકોને મોત્યાંના સાથિયા કિયા. તથા વલી **સીરોહી** નગરે શ્રી કુંથુનાથજીની પ્રતિષ્ટા કીધી. વલિ **નારદપુરી**મેં અનેક હજારો જિનબિંબની પ્રતિષ્ટા કીધી. તથા જેહના વિહારાદિકમેં યુગપ્રધાનપણાકા અતિશય દેખવામે આવતા હતા.

તથા શ્રી **અહમ્મદાવાદ** નગરે સં. ૧૬૩૯ લૂકા મતકા અધિપતિ પૂજ્ય ઋષિ **મેઘજી** પોતે લૂકાનો મત દુર્ગતિનો હેતુ જાંણી રજનીપર આચાર્યપદ છાંડીનેં મુનિ સંઘાતે પાતસાહ શ્રી**અકબ્બર**કી આજ્ઞાપૂર્વક બાદશાહી વાજંત્ર વાજતા હુવા મહા મહોચ્છવેં ફેર દીક્ષા લીધી. શ્રી **હીરવિજયસૂરિ**ના

ચરણકમલ સેવવાને તત્પર થયા તેહવે શ્રી **હીરસૂરિજી**ને અને પાતસાહનેં મિલવાનો કારણ થયો તે સંબંધ લિખીઇ છેં.

શ્રી ગુજરાતમેં ૧૭ હજાર ગાંમ છેં તેહનું બેસણું પાટવી **અહમદાવાદ** ટીલાયત સેહર છેં. તેહનેં કેડે **ગંધારા** બેંદર છે તેહ માંહિ **રાંમજી** ગુધારીઉ શ્રાવક માહા ધનવંત છે. તેણેં ગંધારિયે શ્રી **હીરસૂરિજી**ની ઘણી ખ્યાત સાંભલીને યુગપ્રધાન સમાંન માહા પ્રભાવીક શ્રી **હીરસૂરિજી**નેં વાંદુ તિવારેં વિગય વાવરું ઇમ વિચારીને વીનતી લિખી. સ્વાંમી **ગંધારે** ચોમાસૂં પધારો તે વીનતી પ્રમાણ કરિનેં વાટમેં આવતાં ત્રણ ચોમાસા થયા. ચોથેં ચોમાસેં **ગંધાર**નેં નજીક આંવ્યા તિવારે સેઠને ખબર દેવા સારુ વધામણીઓ કાસીદ આવ્યો. તેણે શ્રી **હીરસૂરિજી**ના આવ્યાના સમાચાર કહ્યા. તે સાંભલિનેં વધામણીયાનો મુખ મોતીયેં ભરીને વધામણીયા આગલે ૫૦૦ વખારની કુંચીઓ કાશીદ આગલે નાખીને **રામજી** ગધારીઓ બોલ્યો જે વધામણીમાં બગસીસ છે. એ ૫૦૦ કૂંચી માહિથી જે કૂંચી ઉપાડેં તે વખારનો માલ તાહરો છેં તાહરી નિજરમાં આવે તે ઉપાડ. તિવારે કાસીદે મોટી કુંચી ઉપાડી તિવારે સેઠ બોલ્યા જે હે ભલા આદમી એ સ્યું ઉપાડે છે ? બીજી ઉપાડ. એ કુંચિ મુકી દેં. તિવારે કાસીદે વિચાર્યો જે સેઠ મોટિ કુંચીની ના કહે છે, જે કાંઇ માલ ઘણો દિસે છે, તે માટે અમને ના કહતા હસેં. તે ધારેને કાસીદ બોલ્યો. જે ઉપાડી તે ખરી. તિવારે સેઠ તે ભ(વ)ખારનો માલ બગસીસ કર્યો. તિવારે તે ભ(વ)ખારની કૂંચી આપીનેં વાણોતરે તે વખાર ઉઘાડિ આપ્યો. પણ કર્મ માંહિ હોય તે મલે. યતઃ –

पदे पदे निधानानि योजने रसकुंपिका ।
भाग्यहीना न पश्यंति बहुरत्ना वसुंधरा ॥ १ ॥

પણ તે માંહિ જોવે તો ૫૦૦ વાહણનો સંજ દોરડા રસા સિંદરા નાંગર વરેડાં એહવી વસ્તુ ભરેલી છે. તે દેખી સેઠ ચિંતવીને કહે છેં જે એ બિચારો લેઇને સ્યૂં કરસ્યેં ? એ સર્વોની કિમત કરાવિને એહોનેં દાંમ ગણી આપો. તિવારે ગુમાસ્તે એહોની કિમત કરાવિ તે સર્વ મલી ઇગ્યારેં લાખ નેં બાવન હજાર રૂપઇયાની કિમત થઇ તે રૂપૈયા ગણિ આપ્યા.

પછેં **રામજી** ગંધારીયેં સર્વ સંઘનેં મેલવીનેં સર્વ નગર સિણગારવા માટે ચાકરાંને હુકમ કર્યો. જાઓ રે નગર ચોહટા પ્રમુખથી કચરો ટાલિ પાંણીરો છંટકાવ

કરાવો. પછે પટકુલેં મેડી મંદીર માલીયાં ગોખ ઝરોખે છાહો. ચોહટા પ્રમુખ સિણગારો. ઘર ઘર તોરણ ત્રાટે સોભિત કરો. પછે સહિકડા બદ્ધ સાબેલા સિણગાર્યા, ચતુર સોહાગણ અસ્ત્રિઓ માહા રૂપવંત ૧૬ સિંણગાર સજીને ૧૦૮ સૂંદરીઈ વર બેહડાં ઉપાડ્યાં. બીજી સામગ્રી નગરમાં જેતલા હાથી ઘોડા રથ સૂખાસન પાલખી નાલખી પ્રમુખ સિણગારીને ત્યાર કર્યા. સર્વ પ્રકારના ઢોલ નગારા મૃદંગ માદલ ભેરી ઝલ્લરી પંચશબ્દા શંખ તાલ કંસાલ સરણાઈ વીણા સારંગી કંસલી ભૂંગલ ડફ ચાંગ પડહ નરઘા અરબી ત્રાંસા સતાર રણતુર રણકંકણ પ્રમુખ ૩૬ પ્રકારનાં વાજા વાજતેં દાંન દેતે ઘણા ભાટ ચારણ બિરુદાવલી બોલતે ભવ્ય જીવના હૃદયકમલ ઉલ્લાસ થાયેં ધવલ મંગલ ગીત ગ્યાન થાતે માહા મહોચ્છવ સહિત સાંમઈયૂ લઈ ગુરુનેં સન્મુખ આવીને ૫ અભિગમન સાચવી ૩ પ્રદક્ષણા દેઈ દ્વાદશાવર્ત્ત વદનેં સેઠ **રામજી** ગંધારીઈ શ્રી **હીરગુરુજી**નેં વાંદ્યા. એતલે **રામજી** ગંધારીયાનો અભિગ્રહ સફલ થયો.

બડી ધોમં થકી જાચકજનનેં દાંન દેતા ચઉટાના મધ્ય ભાગે થઈનેં શ્રી **હીરગુરુ**નેં ઉપાશ્રયે પધરાવ્યા તિવારે ગુરુજીયેં દેશના દેતા હુવા પછેં **રાંમજી** ગંધારીઈ સોનઈયાની પ્રભાવના કરી તિવારે અન્ય દર્શનવાલા દેખીને ચમત્કાર પાંમ્યા. શ્રી જિનશાસનનેં ઘણુ જ પ્રસંસતા હવા જે જૈનધર્મ મોટો છે.

હિવે **શ્રી હીરવિજયસૂરિ**ને ચોમાસો તિહા રાખ્યા. વિશેષ પ્રકારે ધર્મોદ્યમ શ્રાવક કરે છે. નવનવેં પ્રકારેં. તેહવા સમેને વિષે **અકબર** પાતસાહ **આગરા** સહરનેં વિષેં શ્રી **થાનસિંઘ ટોડરમલ્લ** એ બેઈ પાતસાહ **અકબરનેં** આગે દીવાંન છે. એહવેં વસંતમાસેં ક્રિડા કરીનેં ઘરે આવ્યા છે એહવે **ચંપાબાઈ**ને અનુભવ ઉપનો જે છમ્માસી તપ કરુ તેહવે **થાંનસિંઘ ટોડરમલ્લ**ને પાસે રજા માંગીને ફઈ **ચંપાબાઈઈ** છમ્માસી તપ કીધો. ગુરુ પાસેં છ મહિનાનો પચખાંણ કરીનેં પોતાનેં ઘરે ગાજતે વાજતે આવે છેં.

**ચંપાબાઈ** સુખપાલમાં બેઠા છેં. સૂખપાલ આગલેં અલૂઆણે પગેં **થાનસિંઘ ટોડરમલ્લ**ને જાતા દેખીનેં ઝરૂખા થકી પાતસાહ બોલ્યા જે યારો એ ક્યા હે? દેખો હિંદુકા ધર્મ એ કેસા હૈ ? જે મહિરિકે આગે મરદ નંગે પાઉં ચલતે હૈં જાઉ બે **થાનસિંઘ**કું બુલાય લાઉ. તિવારે હજુરિ પાતસાહનો આસાદાર આવ્યો **થાનસિંઘ**નેં કહ્યું જે તુમકું સતાવી પાતસાહ સલામત બોલાવતે હે. તે સૂણિ તતકાલ આવી કૂંનસ કરી ઉભો રયો. તિવારે પાતસાહ

કહવા લાગા. અબે **થાનસિંઘ** મેરા દીવાંન હોકર તે નંગે પાંઉ મેહરીકે આગે ચલતા હેં ? સો મેરે તાંઇ લજાવતા હેં. એસા તેરા ધર્મ ક્યા હેં.

જાંનત હે તેરે તાંઇ તિવારે **થાનસિંઘ** બોલ્યો. જાહપના હજરત પાતસાહ સલામત ! એ મહીરી મેરે ફઇ હે અર્થાત્ ભૂવા હે. સો બડી હિમત કીની હે જે ૬ મહિનેકે રોજે ધરે હેં. તવ પાતસાહ બોલ્યા જે ઇસમે ક્યા ? દિનમેં ન ખાવે તો રાતકું ખાવેગા. એસે તપ તો મેરે ફકીર બિ બહુત કરતે હે. તબ **થાંનસિંઘ** બોલ્યા જે હે પાતસાહ સલામત ! એસે રોજે તો હમેરે નહી હોવેગા, હમેરે રોઝે તો નકોરડે કછુ દિને ન ખાંણા કછુ રાતે બી ન ખાણા. બહોતસી પ્યાસ લગે તબ ખુબ તાતા પાણી કરકે ઠાર રખે સો દિનકું પાંની પીના ઓર કછુ નહી લેણા ન દેણા ઇસ તરેસે ૬ મહિનેકે રોજે કીએ હેં. તબી પાતસાહ બોલે અબે **થાનસિંઘ** એ ક્યા કંહતા હે ? સો અનાજ ખાયા વિગર કેસે જીવતા રહતા હોગા ભલા ? તેરા કયા તો તવ માનું, જો ૬ મહિને લગેં હમેરા મેહલમેં રખે. અછી ખાસી તરેસેં હમ ખિજમત કરેગેં. પાંણી પીવણેકા આવે સો માફ હેં ઓર કછુ ન ખાંણે પાવે. તબ હમેરે મેહલોકે અંદરમેં રખેગેં. તેરી ફફી સો હમેરી ફફી કર માંનેગે. જાકર ફઈકું અપણા મકાનમેં લાઓ.

એસી બાત સૂણકર **થાંનસિંઘ ચંપાબાઈ**કું બહોત દિલ દિલાસા દેકર તેડકર આયા. પાતસાહકે મેલાંમેં તેડ લાયો. પાતસાહ પોતે કયું. હુરમાંને તથા ખોજાઓનેં કહ્યો સો તુમ બી ફકીર કર માંન્યો. બહોત બરદાસ ખિજમત અછી તરેસૂ કિજીઓ અનેં અછી તરેં રખિઓ. એક પાંણી તાતા આવે સો આંણે દીજીઓ પિણ ખાંણેકી જિનસ અનાજ મેવા-મિઠાઇ માવો ખાણેકી કછુ બી ચીજ આવે સો ખબર રખણી સો હમેરે તાંઇ કેહણા એસી સર્વ ખોજેકું ઓર હુરમાકું ફફીકી ભલામણ દીની. પાતસાહ પોતેકી કચેડીમે ગએ. ઈમ કરતાં પહિલા મહિના ગયા, દુસરા તીસરો માસ ગયો. ચોથા પાંચમા બિ ગયા. નિત્ય ખબર લેતાં છઠા મહિના પુરા હોણે આયા.

'ભાદ્રવા સૂદિ ૪ કી સંવચ્છરીકા દિન આયા. તદિ **ચંપાબાઈ** ઘર જાનેકું તીયાર હૂઈ. તિવારે રજા લેનેકું **થાનસિંઘ** પાતસાહકે પાસે આવીને રજા માંગી. હે પાતસાહ સિલામત ! હેમેરી ફફીકું એક રોજા ઓછા હેં. ૬ મહિનાકે-રોજે પૂરે હુએ સો આપકા હુકમ હોવે તો 'આજ કા દિનમેં દેવકે ગુરુકે પાઉ લગેં,

અર કિતાબ પુરાંણ સૂણેં. સબ ન્યાતિકું જાતકું સબ કટુંબકું ખિલાય કર પીછે ફફી ખાવેગી' એહવું કહ્યું. તિવારે પાતસાહ પોતેકી હુરમાનેં તથા ખોજાને તેડકર પૂછ્યો. ફફીને ૬ મહિના કા રોજા કીયે સો ક્યા ક્યા ખાણા ખાયા. સચ્ચ બોલો. તબ બીબી કહ્યો. 'એક દેખા હે સો તાતા પાની પીયા સો તો માફ હે. ઈન સવાય હમને તો દૂસરા કછુ બી ન દેખા' સો સૂનકે પાતસાહ અચંભો પાંમ્યો.

**ચંપાબાઈ**કે પાસે આયકર પૂછવેકુ લાગા. હે ફફી! તુમને ૬ મહિનેકે રોજે કીએ સો કિસકી કરામાતસે કિએ? તિવારે **ચંપાબાઈ** બોલ્યા સો મેરે ગુરુદેવકી કરામાતસે રોજે કીએ. તબી **અકબર** પાતસાહ બોલે. 'સો તેરે દેવ તો પથરકે કુતલેં ઉનકુ દૂનિયા પારસનાથ કહકેં બોલતે હેં સો જાણત હેં પણ તેરે ગુરુ કોનસા સો બતલાઓ. સો કહાં હે ?' તિવારેં **ચંપાબાઈ** બોલ્યાં 'સો મેરે **હીરગુરુ**કી કિરામતસે રોજે કીયેં. સો ગુજરાતકે નજીક **ખંભાયત** સહર હે તિસકે નજીક **ગંધાર** સેહર હેં તિસ સહરમેં **રામજી** ગંધારીયા બસતા હે. તિણે બહોત આગ્રહ કરકેં ગુરુજીકું રખ્યા હેં સો ઉન ગુરુકી કિરામાતસેં હે પાતસાહ સિલામત મેરે **હીરગુરુજી**કી કૃપાસે મે એતે રોજે પૂરે કીએ હેં' સો એસી વાત સૂનકે પાતસાહ **ચંપાબાઈ**નેં નિવાજસ કર રજા દીની.

પીછે પાતસાહ દિલમેં ક્યાસ કીનો વિચારે સો ગુરુ ગુજરાતમેં **ગંધાર**મેંસે બેઠે બેઠે કિરામાત ચલાવતા હેં ઉનકી કરામાતસેં ૬ મહિનેકે રોજે કીએ સો **હીરગુરુ** કેસા હોવેગા. ઈસકે દિદાર કેસા અછા હોગા. એસા ધારકેં ગુજરાતિકે સોબા ઉપરિ પરમાનો પાતસાહ લખ્યું જે '**ખંભાયત** પાસે **ગંધાર** સેહરમેં બડે સેવડેકે સિરદાર **હીરવિજયસૂરિ** કેલાતા હેં ઉસકું કુનસ સલામ કરકેં કેહણા સો પાતસાહ આપકું બહોત યાદ કરકેં કહ્યા હે સો રસ્તેમે ખરચ લગે સો લ્યો અને તયાર હોયકે ચલો એહિ અરજી કરકે ભેજ દીજીયો'. એહવો પરવાનો કાગદ લિખ ભેજ્યો. ગુજરાતના સોબા ઉપરે. તે પરવાનો વાંચીને **રાજનગર**નેં સોબે સિતાવિ મોકલ્યો **ખંભાયત**ના સૂબેદાર ઉપરે તે વાંચકર **ગંધારે** મોકલ્યો.

તેહવે શ્રી **હીરગુરુ**કે આગેં **રાંમજી** ગંધારીઓ આગમ સિદ્ધાંત સાંભલે છેં. એહવા અવસરે પાતસાહના મેવડા આવ્યા. પરવાના આપ્યા. તે વાંચી સમાચાર જાંણ્યા. પાતસાહ **અકબર** તેડવા મોકલ્યા છેં. તે જોઈને **રામજી** ગંધારીઓ **ખંભાયત** આવ્યો. તિહાંના મહાજનને તેડીને **રાજનગર** આવ્યો. તિહાં સર્વ મહાજન મલીને સિરકારના કારકૂનનેં તથા મેવડાનેં લાચ ભાડો દેઈને પતલાવીને

રાજી વાજી કરીને સર્વ ભેલા મિલિ પાતસાહને અરજી લિખી. તે અરજી લેઈને મેવડા પાછા ફરિને પાતસાહ પાસે આવી અરજીકો પરવાનો આપ્યો. તે પરવાનો દીવાંન વાંચી સંભલાવ્યો. તિવારે પછેં પાતસાહ મેવડાકું પૂછયા. ક્યા હકીગત હે સચ્ચ કહીઓ. તિવારે મેવડા કહે છેં. સૂનો પાતસાહ સિલામત **હીરગુરુ ગંધારમેં** હે સો ઉનિકું હમ વાહા ગએ સો દેખેં. આપકી તરફકા પરમાના બુલાનેકા સો સૂબાદારકું દીયા તબ સૂબેદારને કહ્યો; કુછ **હીરગુરુ**કી દેહીમેં અબિ તો તકલિબ હે સરીરકું આરામ હોવેગા એટલે સિતાવિ ભેજ દીયેંગે. એહવા પત્ર સાહુકારોને તથા સોબાદારોને લિખ ભેજયા હે તે સૂણકેં પાતસાહ વાત માની સો હોયગા.

તેહવે પાતસાહ પાસેં ચ્યાર પાંખાલી દીવી છે. તે વડી કીરામતની છે. તેહની પ્રવૃતિ કહીયે છે. તે **દિલ્લિ** સહરમાં એક ઘાંચી વસે છે તે ચોમાંસા માહિ બહુ વરસાત વૂઠો તેહને યોગેં જુંની ભિત હતિ તે ગિર પડિ. તે ઘાંચી ચોમાસામાં પડ્યા ઘરનો પાઇઓ ખલબલતાં ખોદતાં માહિ થકી એક ૪ પાખાલિ દીવી ભલા ઘાટની નીકલિ. તે ઘાંચી લેઇનેં ઉગટી રુડી સમારિને ચોખી કરી. તેહને ૪ પરણાઇયાં દેખીને રીઝયો. સાંજ પડ્યા દીવીના કોડિયા માંહિ તેલ પૂરિનેં ચરાકે દીવા કીધા. તિવારે ત્યારે ઓલીયા ફકિર ફિરતા દીઠા. આગલ ઉભા રયા તે દેખીને ઘાંચી બીહનો. કેહવા લાગો જે તુમેં કુંણ છો ? તિવારે ચ્યારે ઓલીયા બોલ્યા જે એ દીવીકે આધીન હમ હેં. તે જીહાં લગણ ચરાક જલેગી તહાં લગેં હમ ઇહાં રહેંગેં. હાજરથકા એ ચ્યાર પરણાયાંમે હરફ લિખ્યા છેં. તિસ કારણેં હમ દીવીકે સેવક હેં. એ દીવી જાહા લગેં પ્રગટે તહાં લગેં જે કાંમ ઘરધણી ફુરમાવેગા તે કામ કરેગેં.

તિવારે ઘાંચીના દિલમે પાતસાહના મેહલ જોવાની સોખ ઉપની જે પતવાણો તિવારેં ઓલીયે ઉપાડીને પાતસાહના મેહલમાં ફેરવીને જિહા પાતસાહને સૂવાની સજ્યા જડાવની જડીત છે તિહાં આવ્યો. તે પલંગ ઉપરે બિછાયત બિછાઇબી છે. તે ઉપરે ફૂલ ભાંત ભાંતના બિછાવ્યાં છે. સવા વહેત પ્રમાંણે ફૂલ પગરો કીધો છે. વલી ઉપરે કસ્તુરી અંબર બરાસ ઝીણો ચૂરણ ભરભરાવ્યો છેં. તેહની કસબોઇ સૂગંધિ મહમહે છે. અને સજ્યા પાસેં ચિહું દિસેં ધૂપ ગંધ અગરની સૂવાસ ધુયાડો પસરી રયો છે. વલી દીવાની જોતિ પ્રગટ રહી છેં તે દેખી ઘાંચી હર્ષ પાંમ્યો. મનમે એહવો આવ્યો જે આ પાતસાહની સેજ્યા ઉપરિ સૂઇ તો જોઉં કેહવી મજા છે. તે ધારીને સજ્યા ઉપરે બેસીનેં લિગારેક

સૂઈ જોઈ ઇમ ધારીને સૂતો તેહવે જ નિંદ્રા આવી. ઘોર નિંદ્રામઇ થયો. તેહવે ઘાંચીનેં ઘરે દીવી હતી તેહમાં દીવેલ પુર્યો હતો તે બલી રયો એતલે ચરાકો બૂઝાઈ ગઈ. દીવો રાજ બેઠો એતલે ઓલીયા અદ્રસ થયા. પોતાનેં ઠિકાણેં ગયા.

એતલે **અકબર** પાતસાહ સૂવણેકું સજ્યા પર આયા . દેખે તો મલ મલિન લૂંગડા કાલો ભૂતસો બિહામણો વલી ઉજડ ખેડાનો હડુમાન મદોન્મત્ત ભેસા સરીખો દેખીનેં પાતસાહ અચંભો પાંમ્યો. ઈસ જગ્યામેં એ ક્યું કર આયા હોયગા ઇસકી નિગેદાસ્તી રખણી ઇમ કહી પલ્યંગ ઉપડાવીનેં એક ઓરડામેં મુક્યો. વલી કમાડ બંધ કર સાકલ આપી તાલાં દીધા. કુંચી પાતસાહેં હાથ રાખી. પ્રભાત થયો તિવારે પાતસાહે હાથે તાલો ખોલ્યો. દેખેં તો તિમ સૂતો છે. ઉંઘ માંહિથી જગાડીને પકડ્યો. પૂછે છે તૂં કુંણ છે? કિસ તિરેસેં અંદર જનાંનામેં કુકર આયા સો કહે? સચ્ચા બોલણા ઝૂઠ બોલણા નહિ. તિવારે ઘાંચી કહેં હે પાતસાહ સલામત! મેં સચ્ચી બાત કહું સો સુનો. હમેરે ઘરકી સફીલ મેહસે ગિર પડી. ઉસકા પાયા ખખલતાં જમી માંહિસેં ચ્યાર ખાંનેકી દીવી નીકલી હેં સો ઉગટ કરકેં મેરે ઘરમેં ચ્યાર દીવે કીએ. ઉસ વખત ચ્યાર ઓલીયા ખડા દેખે. મે તો મનમેં બહોત ડર્યા તબ ઓલિયે બોલે જે તે કિસ બાતસેં ડરતા હે એહ ચરાકાં જબ લગ જલેગી તબ લગ તેરે આગે ખડે હેં. તેરે હુકમ માફક ચલેગે. જેસા હુકમ કરે સો હમ કરેગે. તે સૂણકે મુઝકુ સોક ઉપનિ જો મેરા કહ્યા કરો તો મેરે તાંઈ પાતસાહકે મેહલ સારિ ફિરાય કર દેખ લાઓ. તબ મેરે તાઈ ઓલીયા ઉપાડકર ઇહા લાયા. સારાઇ મેહલ દેખ કરિ કેં આપકે સૌણેંકી જગહ દેખકે બહોત ખુસી હુઆ. લેજાક માત્ર સૂણેકા દિલ હુઆ તબ મેરેકુ સૂતાખમેત નિદ્રા આ ગઇ. આપને જબ ઉઠાયા તબ ઉઠકર આપકે આગે ખડા હું. અબ સિરકારકી મુરજી હૂવે સો ડંડ દીજીયેં.

તબ પાતસાહ ગુસા કર બોલા જો તુ કિરામાતસેં આયા તો તેને દિવી પાઇ સો ઇહા લાઓ. તબ ઘાંચી સૂણકે દીવી લાણેકુ તઇઆર હુઆ તબ પાતસાહે ચાકર સાથ ભેજ્યા. ઘરેં જાયકર દીવી લેકર ચાકર ઓર ઘાંચી આયકર દીવી પાતસાહકે આગે હાજર કીની. તબ પાતસાહ દીવી દેખકર ખુસ હૂઆ. તબ ઘાંચીકું તાતા પાંણીસે નવાયકર અછે કપડે પહરાએ. પાંચે પોસાગસે પસાય કર્યા. પીછે મેવા મિઠાઈ ખિલાયકે પાસે રખ્યા. નિજરકેદસે રખ્યા. કિહાંહિ જાણે પાવે નહી. તબ સાંઝ પડી તબ પાતસાહેં ઘાંચીકું અલાયદા બેસાડીને દીવીકે ઉપરે ચરાક જોવણી સરુ કીધી. તેહ જ વેલાઇ ૪ ઓલીયા પૂર્વની પરેં આયકર ખડે રહેં તબ

પાતસાહ દેખકે ડર્યા. પીછેં દીલમેં ખ્યાસ કીના જે ઘાંચી સચ્ચા. એસા વિચારકેં પાતસાહ બહોત ખુસી હૂયા. વે ૪ ઓલીયે પાતસાહકે આધીન હુયે. પીછે ઘાંચીકું બહોત સન્માંન કરકે સિરપાવ પેહરાયકર **દીલ્લી** સેહરકી સેઠાઈ ઘાંચીકું દીની. તે દિનસે સેઠાઇ ઘાંચી કરતે હે. અબ તે ઓલીયેકું પાતસાહ પૂછતે હેં. કહો ગુજરાતમેં **ખંભાયત** સેહરકે પાસ **ગંધાર** સહરમેં **હીરગુરુ** હે સો ઇસકી કેસી ખબર હેં ઓર કસિ તરેસેં વે હે સો હમકુ ઉસિકા એહવાલ કહો. તબ ઓલીયે બોલેં. **હીરગુરુ**કુ આરામ જમીયત હેં. કછુ ભી દરદ નહી. સો તો બડા કિરામાતિ હે. અલ્લાકા પૂરા હે. તિનકું ઇહા આણેકી કુછ સોખ નાહિ. વલી ઓરેં **રાંમજી** ગંધારીયે સબકું લાંચ ફેચ દેકેં ખોટા કાગદ લિખ ભેજયા હેં.

તબ સૂણકે પાતસાહ ગુસા કરકે પ્રભાત સમેં પાતસાહ સતાવિ પરવાનામે એસા લિખ્યા જે પંચ ઝૂઠે ઝૂઠે જવાબ લિખતે હો સો મુઝકુ સબ માલિમ હેં. તુમ સબે લોક લાંચ ખાતે હો સો મારે જાઓગે. સો સિતાબી **હીરગુરુ**કું ઇંહાં ભેજ દીજીઓ. જે ચાહિજે સો દીજીઓ. જો નહિ ભેજોગે તો તુમ ગુજરાતકી સોબાદારીસેં ખારજ હો જાવોગે. સિતાબી' ભેજ દીજીઓ. એસા પત્ર લિખંને ગુજરાત ભેજે તબ ગુજરાતવાલે ગંધારવાલેકું તાકીદિ કીની. તબ એહવો સાંભલીનેં **રાંમજી** ગંધારિયાનો કાઇ પણ જોર ન ચાલ્યો.

તિવારે શ્રી **હીરગુરુ** તિહાંથી **ખંભાયત** બિંદરે આવી માહા મહોચ્છવપૂર્વક શ્રી **હીરવિજયસૂરિ**યેં પોતાને પાટેં સંવત ૧૬૨૮ વર્ષે શ્રી **વિજયસેનસૂરિ**નેં આચાર્યપદે થાપીને ૫૦૦ ઠાણું સંઘાતેં શ્રી **હીરવિજયસૂરિ** પાંગુર્યા, તિહાંથી વિહાર કરતાં ગુજરાત મધ્યે **રાજનગરે** પધાર્યા. સંઘે સામઇઉં કરી ઉપાસરે લાવ્યા.

તિહાંથી **મેસાંણે સિધ્ધપુર પાલનપુર**થી **સરોતરેં** પધાર્યા. એતલે પજુસણ નજીક આવ્યા. તિવારે શ્રાવકે કહ્યું જે કાતિ-ચોમાસા લગેં ઇહાં રહો. તિવારે **હીરગુરુ** કહે જે પાતસાહ બડો કાફર. છેં તેહનિ આજ્ઞામે તુમારે રેહવું તે વાસ્તે તુમને વખો પડે માટે અમે ચાલિસ્યું. તિવારે સંઘેં પલ્લીપતિ ભીલનેં કહ્યું જે શ્રીજી રહે તો તુમારા રાખ્યા રહે. અમારા રાખ્યા તો ન રહેં. તિવારે પલ્લીપતિ-નાયક શ્રપૂજયજીનેં પગે લાગીનેં કહતો હુવો જે તુમે કહેનો ભય રાખો છો? તિવારેં મુનિપતિ કહે જે દલીપતિઇં તેડાવ્યા છેં. ન જઇઇં તો ઠીક નહી તે માટે જાવુ પડે છે. તિવારે પલ્લીપતિ કહે જે એ કાફરનો કિસોઇ ભય રાખસ્યો નહિ. એ ઇહાં આવસ્યે તો અમે સીખામણ દેઈ સમજાવસ્યું પિણ તુમને ચોમાસામાં જાવા નહિ

દીજીઈ. તિવારે સંવછરી પ્રતિક્રમણ લગે રહેવાની હા કીધી તિવારે સંઘ સકલ હર્ષ પાંમ્યો. પજુંસણમાં છઠ્ઠ અઠમ દસમ દુવાલસ માસખમણ પાસખમણ પ્રમુખ ઘણા તપ થયા. જાચકને ઘણાં દાંન સન્માંન થયાં. મોટા મહંત પુરુષ આવે ઘણા ધર્મનો લાભ થયો. સાંહમીવછલ પૂજા પ્રભાવના પ્રમુખ કરણીઈ ધર્મનો મહિમા અત્યંત દીપ્રવંત કર્યો સંવછરીના પારણાં કરી બીજે દિવસે તિહાથી સાધુ ચાલ્યા.

મજલસ મજલસ ચાલતા ચાલતા તિહા **આગરા**ને પાસે **ફતેપુરમે** આવ્યા એટલે **થાંનસિંઘ ટોડરમલ**નેં ખબર મોકલી, **હીરગુરુજી** આવ્યા. તે સાંભલીને **થાંનસિંહ** પાતસાહને માલમ કરિ જે શ્રી **હીરગુરુજી** આએ હૈં. પાતસાહ **અકબર** બહોત રાજી હૂઆ. તબ પાતસાહ હુકમ દિયા જે બડે મોહોચ્છવસે હાથી ઘોડા નોપ(બ)ત નગારા નીસાન સબ ફોજ સામાન ચાહિજે સો લેઈ જાઓ. અચ્છીતરે સો સામઈયો લેઈને બડી દોલત થકી મોટો સામઈયો કરીને **થાંનસિંઘ ટોડરમલ્લ** સામઈયો લેઈનેં શ્રી **હીરગુરુજી**ને ઘણા આડંબરસૂ વિધિ સહિત ૩ પ્રદક્ષણા દેઈને વાંદ્યા.

તિવારે **હીરસૂરિજી** ધર્મલાભ દેઈનેં કહતા હુવા. અહો **મહાનુભાવ!** તુમ સરિખા ગૃહસ્થ દિલ્લિપતિના દિવાંન તે તુમારી દિવાંનગિરિમાં તિનસે કોસ થકી અમને ઈહાં તેડાવ્યા? ચોમાસામાં વિહાર થયો તે તુમને સ્યાબાસ છે. તે માટે તુમારી કારભારિમાં ધિગસ્તુ. તિવારે **થાંનસિંઘે** કહ્યું જે માહારાજ આમ કહ્યુ તે ઠીક પિણ અમારો જોર એહના આગલ ચાલ્યો નહી. અમે ઘણી બુધ્ધિ કેલવી પણ પાતસાહનેં ચ્યાર ઓલીયા મિલ્યા તે તેહને પૂછીને વાત કરે છેં. તે આગલે અમારો જોર ચાલ્યો નહી. અબેં હજૂરના પધારવાથી સર્વ ભલો થાસ્યે. જૈનધર્મનો મહિમા દીપસ્યેં આગેં થાનાર સો તો થયો હવે કિસિ ફકર રાખસ્યો માં. ભેખની ટેક ગુરુદેવ રાખસ્યેં. ઈમ કહીનેં બડી ધૂમધામસૂં સાહમઈયાં સહિત વાજતે ગાજતે દાંન માન દેતે શુભ મુર્ત્તે **આગરા** નગરમેં પ્રવેશ કર્યો.

સોહાગણ ધવલ મંગલ ગાવતેં ઉપાસરા મધ્યે આવ્યા. તખતે બીરાજમાંન થયા. ગુહલી પ્રમુખ સોહાસણેં મોતીઈ વધાવ્યા. સર્વે સભા સહૂ સહૂનેં ઉચિત સ્થાનકેં બેઠા. તિવારે ગુરુ ધર્મદેશના લાભાલાભનેં અવસરે ઉચરતા હુવા. અઘોર દેશના મંગલિક નિમિત્તે કરતા હુવા.

सकलकुशलवल्ली पुष्करावर्तमेघो दुरिततिमिरभानुः कल्पवृक्षोपमानः
भवजलनिधिपोतः सर्वसंपत्तिहेतुः सभवतु सततं वः श्रेयसे पार्श्वनाथः ॥ १ ॥

जिनेन्द्रपूजा गुरूपर्युपास्तिः सत्वानुकंपा शुभपात्रदानं ।
गुणानुरागः श्रुतिरागमस्य नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥ २॥

ઈત્યાદિ દેશનામૃત પાંન કરીને ભવ્ય જીવ હર્ષ પામતા હવા વૈરાગ્યરંગ થકા સહુ સહુને સ્થાનકે જાતા હુવા સર્વ સંઘ ગુરુભક્તિને વિષે લયલીન હોતા હવા. પછે **થાનસિંઘ** શ્રીજી સાહેબની આજ્ઞા પ્રમાંણ કરીનેં પાતસાહ પાસે આવ્યો. સલામ કરી ઉભો રહ્યો. તિવારે પાતસાહ **હીરગુરુકા** સમાચાર પૂછને કહે છેં. જે **હીરગુરુ** કલ ઈહાં આવે તો બુલાઈ લાવો . તબ પાતસાહકા વચનપ્રમાણ કરી **થાંનસિંઘ** ઘરે આવ્યો. તિવારે બીજે દિન શ્રીપૂજ્યજીને અરજ કરે છે. જે સાહિબજી પાતસાહ બોલાવે છેં જે **હીરગુરુકું** તેડ લાઓ . હમ કુનસ કર પાવન હોવેં. એહવો વચન સાંભલી **થાનસિંઘ** પ્રમુખ સંઘ તથા ઘણા સાધુરે સંઘાતે સંવત ૧૬૨૯ વર્ષે જેષ્ઠ શુદિ ૧૩ કે દિન પાતસાહની કચેરીમાંહિ પધાર્યા.

તિવારે પાતસાહ **અકબર** તખત થકી ઉઠીને કુંનસ કરીનેં સાહમો આવીને પાતસાહેં કહ્યો જે **હીરગુરુ** આઘે આઓ. તિવારે ગુરુ બોલ્યા જે હમ તો ઈહાં જ બેઠેગેં, હમેરે આઘા આણેકા ધર્મ નહીં. તિવારે પાતસાહ કહેવા લાગો સો કિસ વાસ્તે તુંમ આગે નહી આતે હો તબ **હીરગુરુ** બોલ્યા જે બહોત દિનોકે ગલેચા બિછાયા હોયગા ઈસકે નીચે કોઈ બી કીડી મકોડ્યા આવી હોવે સો ગલેચા ઉપર પાઉ દેવે તો જીવોકો બહોત ઈજા પાવે સો પરમેશ્વરકે આગે ખુલાસા કિસ તરેસે હોવેં ઈસ બાબત હમારા ગલેચા ઉપર આવણા નહી બણેંગા. તિવારે પાતસાહ બોલ્યા જે ઇહા સોનેકી આંગણાઈમે હીરે ઓર મોતિયોકી છોહી દીધી હુઇ એસી આંગણાઈમે ઈસ માફક સોનેકી ભીતી પણ હેં સો ઈસ જગ્યામેં જીવ જંત કહાસે હોવેગા એસા કહકર પાતસાહે હુકમ કર્યા કે એ ગલેચા ઉઠવાયકર **હીરગુરુકું** જગ્યા દિખલાઓ.

તિવારે ચાકરલોક ગલેચા ઉઠાવેકું તયારી હુયા તેહવે **હીરવિજયસૂરિઈ** પોતાના પાર્શ્વવર્ત્તિ **માલદેવમુનિ** સાહમો જોયો. તે વેલાયેં **માલદેવે** વીરકું હકાર્યો તેહને યોગેં કીડી મકોડી ઘીવેલી ગલેચા ઉઠાવતા હેઠલ કોડાનકોડી જીવનેં ઈંડાલા સહિત થરના થર થઇ રયા છેં તે સર્વ માંણસ કચેરીકા લોક પાતસાહ દેખનેં અચંભો પાંમ્યા. અરે અલ્લા! હે ખુદા! ઈસ પકી જગ્યામે ઈતના જીવ કહાંસે પેદાસ હુવા. સો એ **હીરગુરુ** સચે. એસા દેખકેં પાતસાહ

**હીરગુરુ**કે નજીક આયકે ખડા રહિને કહતા હુવા. હે **હીરગુરુ** ! આપ સચ્ચે હો. જેસા મેં કાંનોસે સૂણતા થા તેસાઇ આપકુ દેખા. એસા કહીને પાય લગીને રયો પછે **હીરસૂરિજી** પોતાને ઉપાશ્રય આવ્યા.

તિહાં મલાંણીઓ ફકીર **મકનસાહા** એહવે નામેં તિહાં આવ્યો. તે બડો કિરામાતી છે તિસકો પાતસાહ જગતગુરુ કહિ બોલાવે હેં તે પાતસાહકા ગુરુ હે તે પિણ **હીરગુરુ**કો નાંમ સુણકર આયો સો પાતસાહકું કહતા હુવા આપ **હીરગુરુ**કું મેરે સામનેં ઇહાં બુલવાઓ હમ ઇસકી કરામાત દેખેંગે. તબ બીજે દિવસે પાતસાહેં તેડાવ્યા સો **હીરગુરુ** તિહાં આવ્યા. તબ ફકીર **મકનસાહ** કહતો હુઓ **હીરગુરુ**કું તુમ **હીરગુરુ** કેલાતે હો સો હમકું તુમેરી વિદ્યા.ઓર ચમત્કાર દિખલાઓ કે તુમેરા નામ છોડ દો. તિવારેં **હીરગુરુ**કા અંતેવાસી શિષ્ય **જગમાલ** નામે મુનિ બોલે. હે સાંઇ ! તુમ ક્યા કેતે હો ? વિદ્યા તો ઇહાં ગુરુકા ઘર હે સો બહોત હેં પિણ અઘાડી તુમારી વિદ્યા દિખલાઓ પિછેસેં હમે દિખલાવેગે. તિવારે **મકનસાહા** ફકીર પોતાની ટોપી આકાસે ઉડાવી તિવારે **જગમાલ** મુનિઇં ઓઘો મંત્રીને આકાસે મેહલ્યો તે ટોપીને મારતાં મારતાં નીચી આંણી. એસા વૃતાંત દેખકેં પાતસાહ પ્રમુખ સર્વ લોક વિસ્મય પાંમ્યા તિવારે પાતસાહ બોલ્યો જે **મકનસાહ** તુમારી ટોપીકું તો ઇસનેં ખંખેરકર્ નાક દીની. તુમારા માથા ઉપર લાતો એ બડા જબરદસ્ત મિલ્યા સો અબ ઇન **હીરગુરુ**કું તુમ પગે લગો. તિવારે **મકનસાહ** ફીકીર બોલ્યો. સૂણો પાતસાહ સલામત અબિ તો પગે લાગણા કાં હેં. હાલઇ અબી તો ક્યા હેં પૂરી પૂરી કિરામાત ઓર ચમત્કાર દેખેગે તબ જાણેગેં. એ બડા જબરદસ્ત હેં તબ આપ કહોગે સો કરેગેં.

તિવાર પછેં ફેર **મકનસાહ** ફકીર પોતેકી કિરામાતકી કંથા કાટકર ચોકનેં વિષે નાખેને બોલ્યો જે એસા કોઇ બી હે એ મેરી કંથા ઉઠાવેં. જીસિકું મે જાંનુ વે પકા ઇલમી હે. દેખો પાતસાહ સલામત મે પિણ એસા ભરોસા એલમકા રકતા હુ. ઇસ કંથાકેં આપકી મુરજી આવે વેસા મદોન્મત્ત હસ્તિ છોડ દો તો પિણ એ કંથા ન ઉઠેગી. જો ઉઠાય લેવે તો મેરેકુ ફિટ કેહના. સો અબ દેખના ચહિયેં મે પિણ આપકા ગુરુ નામ ધરાયા સો કયા નહી સમઝણા. તબ પાતસાહે આપકા મલ્લ હરિનામે હાથી છોડાવ્યો તે કંથા બાંધીનેં તાણવા માંડી પણ હલાવી હાલે નહી, ઉપાડી ઉપડે નહીં. તબ પાતસાહ બોલ્યા જે એ

કંથા તો મે **હીરગુરુકું** અબી કહુ તો ઉઠાય દેગા. ઈનકે આગે તો કુછ અધિક નહી. તિવારે ફકીર બોલ્યો જે કેસે ઉઠાવેગા. અમ ભી ઈનકી સિદ્ધાઈ દેખુગા.

તબ **માલદેવ** બોલ્યા જે પાતસાહ હુકમ કરે તો **હીરગુરુ** તો બડે સામર્થવાન હે, ઈનકે આગે. તો બડે બડે યતિલોક કિરામાતિ હે. ઈસકે આગે તો મે તો કુછ ભી ગણતીમે નહી હું પણ યે તો મે બી કહો જિસ માફક ઉઠા સકતા હુ ઈસમે **હીરગુરુ** સુધી પંચાયતકા ક્યા કાંમ હે ? એહવે બરુની સલીયે ફૂલ પોયા છે એહવી ફૂલની છડી પાતસાહના હાથ માહેં છેં તે છડી આપીને પાતસાહે કહ્યો. જે ઈસ સેતી ઉઠાય દ્યો. તિવારે વીરને બલેં ગોદડી ઉછાલી સો જાતી જમુનામેં પડી. તબ ફકીરનો મુખ ઝાંખો પડ્યો. જિમ સૂર્યનેં આગે તારાનો તેજ ઝાંખો પડે તિમ પડ્યો. ઈહાં પોતાનો ચમતકાર ચાલ્યો નહી. પછેં **હીરગુરુ** ઉપાસરે આવ્યા.

તિવારે મલ્લાંણીયો ફકીર પાતસાહને કયો જે **હીરગુરુકુ** બોલાઓ નેં મોટી ખાડ ખોદાવીને સાજની વેલાઈ એક બકરી લાવીને માહિ ઘાલી તે ઉપરે પાટીયા ઢાંકીને ઉપરે ગલેચા જાજમ બિછાઈને પછે **હીરગુરુકુ** તીસરે દિન બોલાયા. **હીરગુરુ** તિહાં આવ્યા. તિવારેં પાતસાહ ઉભો થઈને કહતો હુવો. હે હીરુગુરુ! આગે આંવો. પછે શ્રીજી કહતા હુવા હમ તો ઈહાં જં બેઠેગેં. તિવારે પાતસાહ બોલ્યો જે કિસ કારણે ઈહાં નહી આતે હો તબ શ્રીજી સાહેબ બોલે. ઈહાં જીવ હે સો નહી આવતે હે. તિવારે **માલદેવે** કયું જે ઈહાં નીચે જીવ હેં. તબ પાતસાહ કહણે લગો ઈહાં કિતનેક જીવ હેં તબ **માલદેવ** બોલા જે ૩ જીવ હે. જબ **મકનસાહ** ફકીર બોલ્યો જે તુમ ઝૂટે પડોગે. એકકે ૩ જીવ કહાસે હોગા. ફેર **માલદેવ** બોલ્યા સો ૩ જીવમે ફરક નહી, સચી બાત હે. ને તુમ ખોટે પડોગે તબ પાતસાહ હુકમ કિયો સો ગલેચા ઉઠ્ઠાઓ. તબ ગલેચા પાટિયા ઉપાડકર દેખે તો તીન જીવ દેખેં. વા બકરી ગ્યાભણી હતી. સો બફારાસે અકલાયકર ગાભ છુટ પડ્યા. ઉસસે દો બચે ઓર બકરી દેખકેં પાતસાહ અચંભો પામ્યા. ફકીર સબ જુઠે પડે.

તિવારે **મકનસાહેં** ઓલિયાને કહીને અરબદેશથી એક વડવૃક્ષ મંગાવીનેં જમુના નદીનેં કાંઠેં ખડો કર્યો. તિવારે પાતસાહ કહતો હુવો. હે **હીરગુંરુ** તુમ ભી કછુ મંગાવો. તિવારે **માલદેવે ૧૮** હજાર કોસ ઉપરસે **તારાતંબોલ** નગરે તિહાંથી બાવન વીર મોકલીને વાડી મંગાવી જમુનાને કાંઠે ઉભી રાખી. તેહમાં સર્વ ઋતુના ફલફુલ ગહર ગંભીર નવપલ્લવ માહા સોરંભ દેવતાને રમવા જોગ્ય મનોહર દેખીનેં પાતસાહ બહોત ખુસી હુવા.

તિવારે **માલદેવ** બોલ્યા. ફેર ચમતકાર દેખો. પાતસાહરા હુકમથી ૨૧ બાજોઠ મંગાવીને ઉપરાઉપરી ચઢાવ્યા. તેહોનેં ઉપરે **હીરગુરુ** ચઢી બેઠા પછે હેઠલથી ૨૦ વીસ બાંજોઠ કઢાવી નાખ્યા. તિવારે ૧ બાજોટ અધર રહ્યો. તે વેલાયે ફકીરે ઘણી કરામાત ચલાવી પણ બાજોટ હેઠે ન ઉતર્યો. તિવારે પાતસાહ પગે લાગીને કહતા હુવા આપ બડે હો, ઈશ્વરસેં પહુછેં હુએ ઓ(હો), આપકી હોડ કોઇ બી કર સકે નહી. એસા કહકર શ્રીજીને હેઠા ઉતાર્યા. એહવી રીતે ૨૧ તરેકા ચમતકાર દેખાડ્યા.

તેહિ જ વખતે પાતસાહ વસિભૂત થયો પણ ફકીર ક્ષૂદરાઇ કરવા માંડી. **મકનસાહ** ફકીરે નાલિયરની કાચલીકી હુડી કર ઉપર બેસને જમુનાં નદીમે તરવા લાગો તિવારે **માલદેવે** શ્રીજીને કહ્યું એ ફકીર કાફર છેં. જિહાં લગે જીવે તિહાં લગેં ક્ષૂદરાઇ ન મુકેં તે વાસ્તે એહને સિક્ષા દેવી ઘટે.

તિવારે **હીરગુરુજીઇ માલદેવ**ના સહાજ્યથી સઇકડો મણની સિલ્લા ઉપરે બેસીને જમુનાનદીમાં તરતી મુંકી. પાતસાહ પ્રમુખ સર્વલોક કૌતિક દેખે છેં. તેહવેં **જગમાલેં** વીરને હકાર્યો જે એ ફકીરની હુંડી ઉંધી માર. તેહવે **હીરગુરુ** બેઠા છેં તે સિલ્લા વેગે ચલાવી. આવતાં આવતાં લાગમાં લાવીને સિલ્લા ભૂટકાવી. એતલે કાચલી ઉંધી પડી. તિવારે **મકનસાહ** ફકીર જમુનામેં બૂડવા લાગો તિવારેં શ્રી **હીરગુરુજીને** અનુકંપા ઉપની તિવારે ફકીરનેં બુડતાનેં હાથ પકડીનેં કાઢ્યો. તિવારે ફકીર **મકનસાહેં** તેહિ જ વેલાયે હાથ જોડીને પગે લાગીને કહતો હુવો. હે **હીરગુરુ** ! આપરા ઘર બડા હે. મેરા અપરાધ માફ કરના. આપ તોં જીતે ને મે હાર્યો. જેસા નામ આપરા મે સૂનતા થા તેસાઇ મે નિજરેસે દેખા.

એહવા ચમતકાર દેખનેં પાતસાહ બહોત આશ્ચર્ય પાંમ્યો. એસા ચમતકારી પુરુષ દેખીને ઉઠીને પગે લાગો હાથ જોડીનેં કહતા હુવા 'ગુરુજી તુમ બડે હો. તુમેરા ધર્મ બી બડા હે' ઇમ હાથ જોડીને કહે છે. 'આજ દિનસે તુમ હમેરે ગુરુ-પીર હો, હમ તુમેરે નોકર હું તિસ વાસ્તે જે કછુ હાથી ઘોડે દેશ ભંડાર માંગો સો મે ભેટ કરુ. આપરી કુસીમે આવે સો માંગ લિજિયેં' તિવારે કૃપાવંત **હીરગુરુ** કહતા હુવા. હે પાતસાહ ! મેરે તો પ્રભુસે નેહ હેં ઇસ વાસ્તેં મેં તો એ કહતા હુ મેરા મારગમે એસા કયા હે સો તુમ સૂણો.

'જીવ માત્ર ઉપરે મેહર રખણી. કોઇ બી જીવકું દુખ દેણા નહી. સબ જીવોકો આપકા જીવ સમાંન કર જાંણણા. અપણા જીવકું રેખ માત્ર લગેં તો

બહોત દરદ હોતે હે તો દૂસરે જીવોંકુ હથિયારસેં હણતે હોતે જીવોકું દુખ નહી લગતા હોયગા ? ફેર તુમેરા ગુરુ-પીર એસા કહતા હે જીવકું મારકર ભસ્ત પોચાડતે હે સો દૂસરે જીવોકું પોચાડો તો આપકા મા બાપ ભાઈ બેન જોરુ લડકા લડકીકું મારકે ભિસ્ત કયું નહી પોચાડતે હો. સો પાપ કરવેસેં ભિસ્ત જાતે હોઇ તો દોજગ(ખ)મેં કુણ જાવેગા ? તબ હે પાતસાહ ! હમકું તુંમ જબાબ ઘો કે પાપ કરણા છોડ દો'

એસા **હીરગુરુ**કા વચન સૂનકે પાતસાહ બોલ્યા : જે હે ખુદા ! હે પરવર્દિગાર ! મેરા ક્યા હાલ હોવેગા ? મે તો બહોત માઠા કાંમ કર્યા હેં. સો સાહિબકી દરગામેં ક્યા જબાબ દેઉંગા. મે તો ભિસ્તકું દુર કીની ને દોજગકું નજીક કીના. તિસ વાસ્તે હે શ્રી **હીરગુરુ** ! મુઝકુ તરવેકા આપ ઉપાય બતાઓ.

તિવારે **હીરગુરુજી**ઇ ૩ તીન ઉપાય બતાયા સો કહે - ૧ એક તો ખેર, ૨ જી મહર, ૩જી બંદગી. પ્રથમ તો ખેર સો ખેરાત કરણા, હીન-દીનકું બણે આવે સો કુછ દેણા. દુસરા સર્વ જીવ ઉપર મેહર રખણી સો કોઇ જીવકું મારણા નહી. ૨. તીસરી બંદગી સો સાહિબ સચ્ચકી બંદગી કરણી. હાથ જોડકે સિર નમાયકે તીન વખત બંદગી કરણી. એ તીન ઉપાય હે ફેર મે કહૂ સો કરો.

તબ પાતસાહ કહતા હુવા. હે **હીરગુરુ** ! આપકી આજ્ઞામેં ખડા હું. આપકી મરજીમે આવે તો તારો કે બુડાઓ. મેં તુમારે આધીન હૂં. આપ મેરા દલ્લીકા રાજિ લો પિણ અનુગ્રહ કરકે મુઝકુ તારો મે તો આજ લગણ ભૂલો ભમ્યો છું ઔર બુરે બુરે પુરુસકી સંગત કરકે મે બહોત બુરા બુરા કાંમ કીયા, પરજીવકું બી બહોત દુઃખ દીયા અખજ બી ખાયા. મે ઇસ પાપસેં કબ છુટુંગા ? અબ ઇસકા પાપ છુટે સો ઉપાય દિખલાઓ. તિવારે પાતસાહકા સચ્ચા દિલ જાણકે ગુરુ **હીરજી**ઇ ભિસ્તકા ૪ પગથિયા બતાયા સો કહે-

એક તો બંધિખાનામે કોઈ જીવને નહિ ઘાલવો. ૧. દૂસરા નંદી દ્રહ સરોવર તલાવ પ્રમુખ કિહાંઇ જાલ નાખવા ન પાવે. ૨. તીસરા ગાય પ્રમુખ ચોપદ જીવમાત્ર મારવા નહીં પાવેં તથા પાતસાહ સવાસેર ચડકલાની જીભાં કઢાણ હલવા પકાયકર ખાવતા સો માફ કરાયા ઇસમેં કોઇ બી પંખેરુ જીવમાત્ર મરણ પાવે નહી એહવી ૩ વસ્તુની અગડ કરાવી. ફેર **સેત્રુંજય** તીરથમેં માથાદીઠ એકેકી સોનામોહર પાતસાહ લેતો તિવારે જાત્રીલોકાનેં જાત્રા કરવા દેતો તેહનો કર

છોડાવ્યો. વલી હિંદૂલોકાનો જીજીયાનો કર મુકાવ્યો. તેહનો દ્રવ્ય ૧૨ માસનો પાતસાહને ખજાને કેતલો દ્રવ્ય આવતો તેહની સંખ્યા કહે છે.

પત: – **તેરેં કોડી લાખ ફૂની નેઉ ચાલીસ સહસ્સ રુપીએ તેઉ**
**એતલા માલ વરસકા આવે તિસકા સાહજી કયા ફુરમાવે**
**માલ આવેં જો દૂણા કબહી ગુરુહીરકું બગસ્યા સબહી ॥ ૧॥**

તેરે ક્રોડ ૯૦ લાખ ૪૦ હજાર એતલો દ્રવ્ય આવતો તે શ્રી **હીરગુરુનેં** બગસીસ કર્યો. આજ પીછે મેરે **સેત્રુંજયાદિક**નો કર તથા જીજીયાનો કર લેણો નહી. ઈત્યાદિ પૂર્વોક્ત ૪ વાતાંનો બંદોબસ્ત પોતાના તાલૂખાના રાજ્યમે સઘલેંઈ કરાવ્યો તેહની આદ. ગુજરાત ૧, માલવો ૨, બિહાર ૩, અયોધ્યા ૪, પ્રયાગ ૫, ફત્તેપુર ૬, દિલ્લી ૭, લાહોર ૮, મુલતાંન ૯, કાબિલ ૧૦, અજમેર ૧૧, બંગાલા પ્રમુખ ૧૨ સૂબાનો અધિપતિ પાતસાહ અકબરનેં પ્રતિબોધ દેઈને ધર્મની મર્યાદા પ્રવર્ત્તાવી.

ઈક દિન શ્રી **હીરગુરુજી**ને પાંતસાહ **અકબર** પરમેશ્વરકા સ્વરૂપ ગુરુકા સ્વરૂપ અરુ ધર્મકા સ્વરૂપ પૂછા ઔર પરમેશ્વર કૈસે પ્રાપ્ત હોવેં ઈત્યાદિ ધર્મવિચાર પૂછા તબ શ્રી ગુરુને મધુર વાણીસે કહા કે જિસમે અઠારહ દૂષણ ન હોવે સો પરમેશ્વર હે તથા પંચ મહાવ્રતાદિ ધારક ગુરુ હે ઓર આત્માકા શુદ્ધ સ્વભાવ જો જ્ઞાન-દર્શન-ચારીત્રરૂપ હે સો ધર્મ હે. ઈસકા વિસ્તાર ગ્રંથ વધનેકા સબૂબસે ઈહાં હમને નહિ લિખા હે. વિશેષ સંબોધસિત્તરી ગ્રંથસે જાણના.

તબ **અકબ્બરશાહ**નેં એસા ધર્મોપદેશ સૂનકે **આગરાસે અજમેર** તક પ્રતિકોશ કૂવા મનાર સહિત બનાએ ઓર જીવહિંસા છોડકે દયાવાંન હો ગયા. પછે પાતસાહ શ્રી **હીરવિજયસૂરિ** મહારાજને જગતગુરુનો બિરુદ દીનો. પાતસાહેં ધર્મગુરુ કરિ થાપ્યા. બીજા કોઈને માને નહી એકહી ગુરુ સચ્ચે ઓર જૈનધર્મ બિ સચ્ચે ઈન. સવાય દૂસરા ધર્મ સર્વ આપઆપકે સવાર્થકા ઓર પેટારથી હેં. ઉસિમેં આપકા મતલૂબ કે સિવાય કોઈ બી વાત નહી કહી. દેખો એ **હીરગુરુ** કેસા ઉપગારી પુરુષ. ઈસિને અન્ય જીવોકી અનુકંપાકે ખાતર આપને કેસા કેસા નિરાપક્ષીપણાકા કેસા ઉપદેસ દિયા. ઈસિસે આપકા મુતલબકા કુછ ભી લાવલપેટ નહી. દેખો ઈન ગુરુકી બલિહારી ઈસિ પ્રસંસા પાતસાહે કરી.

ઇસિ તરે પાતસાહકુ બહોત બહોત કરકે ધર્મખા પ્રતિબોધ દીયા. મદિરા માંસ પ્રમુખની અગડ કરાવી. તબ પાતસાહ અતીવ તુષ્ટમાન હો કે કહને લગા કે હે પ્રભુ ! આપ પુત્ર કલત્ર ધન સ્વજન દેહાદિમેં ભી મમત્વ રહિત હો ઇસ વાસ્તે આપકો સોના ચાંદી દેના તો ઠીક નહી પરંતુ મેરે મકાનમે જૈનમતકે પુરાને પુસ્તક બહુત હે સો આપ લીજીયે. ઓર મેરે ઉપર અનુગ્રહ કીજીયે. જબ બાદસાહકા બહુત આગ્રહ દેખા તબ શ્રીગુરુજીને સર્વ પુસ્તક લેકે શ્રી **આગરા**નગરકે જ્ઞાનભંડારમેં સ્થાપન કર દીએ તબ ૧ પ્રહર તક ગુરુજી ધર્મગોષ્ટિ કરકે બાદશાહકી આજ્ઞા લેકે બડે આંડંબરસે ઉપાશ્રયમે આયે. ઉસ વખતમેં લોકોમે જૈનમતકી ઉન્નતિ સ્ફીતી હુઇ.

તિસ વષમે **આગરે** નગરમે ચોમાસા કરકે **સોરીપુરનગર**મે શ્રી**નેમિપ્રભુ**કી યાત્રા વાસ્તે ગયેં. તાહાં શ્રી**ઋષભદેવ** ઓર **નેમિનાથજી**કી બડી ઓર બહુત પુરાની દોનુ પ્રતિમા ઓર ઉસકે તત્કાલકે બનાએ શ્રી**નેમિનાથ**કે ચર્ણોકી પ્રતિષ્ઠા કરી. ફિર **આગરે**મે શાહા **જ્ઞાનસિંહ ,કલ્યાણમલ્લ**કા કરાયા-બનવાયા. શ્રીચિંતામણિ પાર્શ્વનાથાદિ અનેક બિંબોકી પ્રતિષ્ટા કરી. સો આજતક **આગરે**મે શ્રીચિંતામણિ પાર્શ્વનાથ પ્રસિદ્ધ હે પીછે શ્રીગુરુજી ફેર **ફતેપુરનગર**મેં ગએ ઓર **અકબ્બર** બાદસાહસે મિલે.

તહા ૧ પ્રહર ધર્મગોષ્ઠિ ધર્મોપદેશ કરા. તબ પાતસાહ કહને લગા કે મેને આપકો દર્શનકો ઉત્કંઠિત હોકર દૂરદેશસે બુલાએ હે ઓર આપ હમસેં કુછ ભી નહી લેતે હો ઇસ વાસ્તે આપકો જો રુચે સો મેરેસે માંગના ચાહિયેં. જિસ્સે મેરા મનકા મનોરથ સફલ હોવેં. તવ સમ્યગ્ વિચાર કરકેં ગુરુજીને કહા કે તેરે સારેહિ હિંદુસ્થાનકે સર્વ રાજ્યમે પર્યુષણોકે ૮ દિનોમે કોઇ બિ જનાવર ન મારા જાય. મે યહ માગા ચાહતા હૂં. તબ બાદશાહને ગુરુકો નિર્લોભી શાંત દાંત માન કરકે કહા કે ૮ આઠ દિન તુમારી તરફસે ઓર ૪ દિન મેરી તરફસે સર્વ મિલકર ૧૨ દિન તક અર્થાત્ ભાદ્રવા વદિ દસમીસે લેકર ભાદ્રવા શુદિ છઠ તક કોઇ જાનવર ન મારા જાયગા. પીછે બાદશાહને સોનેકે હર્ફોસે લિખવાકર છે ફરમાંના શ્રીગુરુજીકો દીએ.

૬ ફૂરમાનકી વ્યક્તિ યે હે. પ્રથમ શ્રીગૂર્જ્જરદેશકા ૧, દૂસરા માલવ દેશકા ૨, તીસરા અજમેરદેશકા ૩, ચોથા દિલ્લી ફતેપુરકે દેશકા ૪, પાંચમા લાહોરકા

૫, મુલતાન મંડલકા ઓર છઠ્ઠા શ્રીગુરુકે પાસ રખનેકા. પૂર્વોક્ત પાંચો દેશકા સાધારણ ફૂરમાન પાંચ તો તિસ તિસ દેશોમે ભેજકે અમારિ પટહ બજવા દીયા. તબ તો બાદશાહકી આજ્ઞાસેં જો નહી ભી જાનતે થે એસેં સર્વ આર્ય અનાર્ય કુલમંડપમે દયારૂપિણી વેલડી વિસ્તારવાંન હો ગઈ ઓર બંદિવાન જન ભી બાદશાહને ગુરુ પાસસે ઉઠકર તત્કાલ છોડ દીએ ઓર એક કોશકા ઝીલ અર્થાત્ તલાવમેં આપ જાકર બાદશાહને અપને હાથસે નાના જાતિકે નાના દેશવાલાને જો જો જાનવર બાદશાહકો ભેટ કરેહૂએ થે વે સર્વ છોડ દીએ.

બાદશાહસે ગુરુજી અનેકવાર મિલે ઓર અનેક જિનમંદિર અરુ ઉપાશ્રયોંકે ઉપદ્રવ દૂર કરે તબ પાતસાહ જૈનધર્મ પાંમીને સદહણા સહિત અંગીકાર કર્યો. નવતત્ત્વ જીવાડજીવાદિકની ઓલખાંણ પામ્યો. દેવ-ગુરુ-ધર્મની ઓલખાંણ કરીનેં નિત્યે જગતગુરુ સાથે ધર્મગોષ્ઠી કતાં બારવ્રતધારી શુદ્ધ શ્રાવક થયો. ઉત્તમપુરુષની સંગતે ઉત્તમપણો પામ્યો. પ્રભાત થયે નિત્ય બખાણ ધર્મકથા સાંભલે. દેવગુરુ વાંધા વિના અન્નપાંણી લ્યે નહી. હાથ જોડને અરજ કરે. હે **હીરગુરુ** ! તેમેરા ઓર હમેરા પ્રયાસ લેખે આયા અર મેરા બડા ભાગ્ય જો આપરા દીદાર પાયા. આપ જેસે ગુરુ મિલ્યેં અબ મેરા પાપ ગયા. મે પવિત્ર હુયા. એસી અરજ કરકરને **હીરગુરુ**કુ બહૂત આગ્રહ કરકે ૫ ચોમાસા કરાયા તિનકી યાદ.

પ્રથમ ચાતુર્માસ **આગેરે**મે કરા ૧, દૂસરા **ફતેપુર**મેં કરા ૨, તીસરા ભી **રામનામા** નગરમેં કરા ૩, ચોથા ફેર **આગરે**મેં કરા ૪, પાંચમા **દિલ્લી** સહરમે કીયા. ઈમ કરતાં પાતસાહને બહુ રીતે સમઝાવીનેં તબ શ્રી **હીરવિજયસૂરિ** મહારાજ અપર દેશકો જાને લગે તબ બાદશાહસે એસા ફૂરમાન લિખવા લે ગએ તિસકી નકલ ઈસ પરતમે લિખતા હૂં. ક્યું કે ફુન(૨)માંન તો શ્રીપૂજજી મહારાજ કે પાસે રહ્યા. હરેક વખતમેં હરેક ઠિકાણે નહી મિલ સકતા હેં ઈસ વાસ્તે મેં ભવ્યજીવોંકે વાકબી વાસ્તે ઈહાં લિખતા હૂં. આગલી પરતમે પરવાનાકી નકલા નહી થી ઈસ અવસરમે જરૂર ચાવેં.

પ્રથમ પરવાનાકી નકલ છે :-

ફુરમાંન મોહોમદ જલાલ ઉલ દીન **અકબર** પાદસાહ ગાજી બુલંદ પાતસાહતકેં થંભ પવિત્ર રાજકે વિશ્વાસુ પાક ઓર પવિત્ર લચ્છનકે કોપયુક્ત રાજકે થંભ પ્રકાસવાંન દોલતકે અમીન દેહીકે વડાઈકે ઓર આલિક વડાઈકે

ધની વડી સાંનકે અમીરૌને વડે મવાજર ઓલ્લદીન આજમખાંન પાદસાઈ કૃપાસે ભરેલે હોકર માલૂમ કરો કે હમારી તમામ હીમત ઓર સંપૂર્ણ ઈછા ઈસ વાત પર હે કે દુનીયાકે તરેતરેકે લોક અપની અપની સભાવિક ભક્તિમે અભ્યાસ રક્ખે ઓર આપસમે એકદૂસરેકી મદત કરે. ઈસ વાસ્તેં પાદસાહી હુકમ ઉત્તરાકે **શેત્રુંજા** ઓર **ગિરનાર**કે પાહાડમે ડેરે તપેસ્વરીયાંકે સિરદાર **હીરવિજયસૂરિ** હે ઓર **હીરવિજયસૂરિ**કે દીનધર્મકે લોક યતિ વિગેરે વાહાં તપ કરણેકું યાત્રા કરણેકું આતે હે ઈસ વાસતે તુમ હમારે પાલે હુએકું એ લાયક હેં જબ તુમ્હકું ઈસ હુકમકી ખબર હોવે તબ ઉનકી મુદત કરણા. ઓર કોઈ લોક ઈનકું તસદી ઓર અંટકાવ કરને ન પાવે ઓર જબ જૈનધર્મીલોકોમેં આપ **હીરવિજયસૂરિ** ઓર ઈનકે બહોત લોક ઈબાદતમે વિશ્વાસ કરને લાયક સામર્થ્ય રખતે હે ઓર હમારા પાદસાહીકે પ્રસદ કીએલે હે ઈસ વાસ્તે વાત પર નિજર રખકર ઈસ લોકકો મદતમેં કસૂર નહી કરણા. ઓર એ લોક ખુસી રેવે ઓર એ લોક પાદસાહીકે નજરમે પ્રસન હુએ હે ઈસ વાતકું મંજૂર રખકર હમેસે એ લોકકી મદતમે રહના ઓર મદત કરનેમેં કસૂર નહી કરના. એલ્લાહી સને સાડત્રીસ રમજાનકી તારીખ સાતમી. વાંકેનવીસ ઓર મુનસી **અબુલફજલ**કે રીસાલેમે દાખલ હે ગોલ ૦ મોહોર છેં.

એ દૂસરા પરવાનાકી નકલ હે-

જલાલૂદીન બાદશાહ **અકબર** બાદશાહ ગાજીકા ફુરમાન.

**અકબ્બર** મોહરકી વંશાવલી - **જલાલૂદીન અકબ્બર** બાદશાહ. **હુમાયુન** બાદશાહકા બેટા.

**બાબરશાહ**કા બીન બેટા. **ઉમરસેખ મીરજાં**કા બેટા.

સૂલતાન **અબુસઈદ**કા બેટા. **મીરશાહ**કા બેટા.

અમીર તેમુરસાહિ **કિરાન**કા બેટા.

સૂબે માલવા તથા **અકબ્બરા**બાદ લાહોર **મુલતાન અહમદાબાદ અજમેર મીરત** ગુજરાત બંગાલા તથા ઓર જો હાલ મેરે તાબેકે મુલક હેં તથા આંયદા મુતસદી સુબાકરોરી તથા જાગીરદાર ઈન સબોકોં માલૂમ રહેં કિ જો હમારા પૂરા ઈરાદા યહ હૈ કિ સર્વ રઈયતકા મન રાજી રખના ક્યોં. કે રઈયતકા જો મન હે સો પરમેશ્વરકી એક બડી અનામત હે ઓર વિશેષ કરકે વૃધ અવસ્થામે મેરા યહી ઈરાદા હેં કિ મેરા ભલા વાંછનેવાલી રઈઅત સુખી રહે. તિસ વાસ્તે હરેક ધર્મકે

લોકોમેંસે જો અછે વિચારવાલેં પરમેશ્વરકી ભક્તિ કરનેમે અપની ઉમર પૂરી કરતે હેં તિનકો દૂરદૂર દેશોંસે મેને અપને પાસ બુલવાયે ઓર તિનકી પરીક્ષા કરકેં અપની સોબતમેં રખતા હૂં ઓર તિનકી બાતે સૂનકે મે બહુત ખુશ હોતા હૂં.

તિસ વાસ્તેં હમારે સૂનનેમે આયા હે કે શ્રી **હીરવિજયસૂરિ** જનશ્વેતાંબર-મતકા આચાર્ય ગુજરાતકે બંદરોમે પરમેશ્વરકી ભક્તિ કરતા હે. મેને તિનકો અપને પાસ બુલવાયા ઓર તિનકી મુલાકાત કરકેં હમ બહુત ખુશ હુએ. કિતનેક દિન પીછે જબ તિનોને અપને બતન જાનેકી રજા માંગી તબ અરજ કરી કે જો ગરીબપરવરકી મુરજીસેં એસા હૂકમ હોના ચાહિયે કે **સિદ્ધાચલજી ગિરનારજી તારંગાજી કેશરીયાનાથજી** તથા **આબુજી**કા પહાડ જો ગુજરાતમે હે તથા **રાજગૃહી** કે પાંચ પોહાડ તથા **સમેતશિખર** ઓર ફેર પાર્શ્વનાથ પાહાડ જે **બંગાલેકે** મૂલકમે હેં તથા પહાડ હેઠલી સર્વ મંદિરોકી કોઠીયો તથા સર્વ ભક્તિ કરનેકી જગાયોમે તથા તીર્થકી જગાયોમે જો જૈન શ્વેતાંબરી ધર્મકી જગાયો સર્વ મેરે તાબેકે મુલકોમે જિસ ઠિકાને હોવે ઉન પહાડો તથા મંદિરોકી આસપાસ કોઇ ભી આદમી કોઇ જાનવરકો ન મારેં યહ અરજ કરી. અબ યે બહુત દૂરસે હમારે પાસ આયે હે ઓર ઇનકી અરજ વાજબી-સચ્ચી હે. યદ્યપિ યહ અરજ મુશલમાની મજહબસેં- મતસે વિરુદ્ધ માલૂમ હોતી હે તો ભી પરમેશ્વકેં પિછાનનેવાલે આદમિયોકા યહ દસ્તુર હોતા હે કે કોઇ કીસીકે ધર્મમે દખલ ન દેવે ઓર તિનોકે રેવાજ બહાલ રકખે.

ઇસ વાસ્તે યહ અરજ મેરી સમજમે સચ્ચી માલૂમ હુઇ જે સર્વ પહાડ તથા પૂજાકી જગા બહૂત અરસેસેં જૈન શ્વેતાંબરી ધર્મવાલોકી હે તિસ વાસ્તે ઇનકી અરજ કબુલ કરી ગઇ કે **સિદ્ધાચલ**કા પહાડ તથા **ગિરનાર**કા પહાડ તથા **તારંગાજી**કા પહાડ તથા **કેશરીયાજી**કા પહાડ તથા **આબુ**કા પહાડ જો ગુજરાત કે મુલકમે હે તથા **રાજગ્રહિ**કે પાંચ પહાડ તથા **સમેતશિખર** ઓર કે **પાર્શ્વનાથ**કા પહાડ જો બંગાલાકે મુલકમે હે યે સર્વ પૂજાયોંકી જગાયો તથા પહાડ નીચે તીર્થકી જગાયો જો મેરે રાજ્યમે હેં ચાહો કિસી ઠિકાને જૈન શ્વેતાંબરી ધર્મકી જગાયો હોવે સો **હીરવિજય** જૈન શ્વેતાંબરી આચાર્યકો દેનેમે આઇ હે ઓર ઇનોને અછિ તરેસે પરમેશ્વરકી ભક્તિ કરની ચાહિયે.

ઓર એક વાત યહ ભી યાદ રખની ચાહિયે જો કે યે જૈન શ્વેતાંબરી ધર્મ કે પહાડ તથા પૂજાકી જગા તથા તીર્થકી જગા જે મેને શ્રી **હીરવિજયસૂરિ**

આચાર્યકો દીની હે પરંતુ હકીકતમે યે પૂર્વોક્ત સર્વ જગાયેં જૈનશ્વતાંબર ધર્મવાલોકી હે ઓર જહાં તક સૂર્યસે દિન રોશન રહે તથા જહાં તક ચંદ્રમાસે રાત રોશન રહે તહાં તક ઈસ ફુરમાનકા હુકમ જૈન શ્વેતાંબરી ધર્મકે લોકોમે સૂર્ય તથા ચંદ્રમાકી તરે પ્રકાશિત રહે. ઓર કોઇ આદમી તિનકો હરકત ન કરે. ઓર કિસી આદમીને તિન પાહાડો ઉપર તથા તિનકે નીચે તથા તિનકી આસપાસ પૂજાકી જગાયોમે તથા તીર્થકી જગાયોમે જાનવર નહી મારના ઓર ઈસ હુકમ ઉપર અમલ કરના. ઈસ હુકમસે ફિરના નહી તથા નવીન સણંદ માંગની નહી. લિખા તારિક ૭મી માહ ઉરદીવહસ મુતાબેક માહ ખીયુલ અવલ સન ૩૭ જુલસી યહ **અકબ્બર** બાદશાહકે દીયે ફુરમાનકી નકલ હેં. લખિતં. **નેમકુશલેન**. શેષ વારતા લિખતે.

તિણ સમેમે **થાનસિંઘ**કી કરાઈ. અપર સાહ **દૂર્જણમલ્લ**કી કરાઈ શ્રી**ફતેપુર**મે અનેક લાખ રુપઈયે લગાકે બડે મહોત્સવસે શ્રીજિનપ્રતિમાકી પ્રતિષ્ટા કરી. ફેર બાદશાહકી ગોષ્ટ વાસ્તે આપ શ્રી **હીરવિજયસૂરિ** તિહાં શ્રી **શાંતિચંદ્રગણિ** ઉપાધ્યાયકો છોડ ગયે ઓર ગુરુ પાતસાહ તથા ચતુર્વિધ સંઘ સહિત રજા લેઇ ધર્મબોધ આપીને તિહાંથી વિહાર કીધો.

ગામાનુગામ વિચરતા **મેડતે** પધાર્યા. તિવારે તિવારે સદારંગ ૨ હાથી ને ૯૦ ઘોડા યાચકને લૂંછણે દીધા. ઓર **મેડતે** ચોમાસો કરીને **નાગોર** ચોમાસો કરી **સિરોહી**નગરે આવ્યા. તિહાં નવીન ચતુર્મુખ પ્રાસાદમે શ્રી આદિનાથકે બિંબ તથા અજિતનાથકે પ્રાસાદમે શ્રી અજિતનાથકે બિંબોકી પ્રતિષ્ટા કરકે **અર્બુદાચલ**કી યાત્રા કરનેકુ ગયા ઓર તિસ પીછે વે શ્રી **શાંતિચંદ્ર ગણિ** ઉપાધ્યાયને નવીન કૃપારસકોશનામા ગ્રંથ બનાકે **અકબર**બાદશાહકો સૂનાયા તિસકે સૂનનેસેં બાદશાહનેં દયાકી બહૂત વૃદ્ધિ કરી. તિસકા સ્વરૂપ યહ હેં કે બાદશાહકે જન્મકે દિનસે એકમાસ અરુ પર્યુષણાકે ૧૨ દિન તથા સર્વ રવિવાર તથા સર્વ સંક્રાંતિકે દિન નવરોજાકા માસ સર્વ ઈદકે દિન સર્વ મિહરવાસરા સર્વ સોફીઅઠાદિન ઇત્યાદિ સર્વ મિલકર એક વર્ષ દિનમેં છે મહીને તક જીવહિંસા બંદ કરાઈ. તિસકે ફુરમાન લિખવાએ. સો ફુરમાન અબ તક હમારે લોકોંકે પાસ હે. ઈસમે કુછ શંકા નહી.

પછે શ્રી **હીરવિજયસૂરિજી** અનુક્રમે ગુજરાતમે પધાર્યા. તિહાં શ્રી **વિજયસેનસૂરિ** પ્રમુખ સંઘ ચતુરવિધ ઘણો પરમાણંદ પામ્યા. જે મલેછ દુષ્ટ રાજાને પ્રતિબોધી પધાર્યા યો ઘણોજ મોટો કાંમ કીધો કયું કે આર્યકુલવાલાને પ્રતિબોધણો સોરો પરંતુ કાફર જાતકુ પ્રતિબોધ ને સૂલટાકર ગેલામે ઘાલ દિયા યા બહોત બાહદરી કીધી. ઓર ઘણા જીવોને અભયદાન દીરાયા એ મોટા ઉપગાર કીયા ઔર જૈનધર્મકા ઉદ્યોત કિયા. એહવી પ્રસંસા ઉદયપુરવાલા મહારાણાજી **પ્રતાપસિંહજી** સૂણકે શ્રીજી મહારાજને વિનતીનો પરવાનો લિખિ મોકલ્યો. તેહની નકલ પણ સાક્ષીને વાસ્તે લિખિયે છે. એ પરવાનો **ઉદયપુર** મધ્યે શ્રીશીતલનાથજીના ભંડાર મધ્યે છે.

॥ શ્રી ગુણેશપ્રસાદાતુ ॥ શ્રી રાંમાં જયતિ ॥ શ્રી એકલિંગપ્રસાદાતુ ॥

સ્વસ્તિ શ્રી **મગસુદાનગ્ર** મહા સુભ સુથાને સરબ ઔપમાલાએક ભટ્ટારકજી માહારાજ શ્રી **હીરવિજયસૂરિજી** ચરણકમલાએણ સ્વસ્તિ શ્રી વિજય કટક ચાવંડરા ડેરા સુથાને મહારાજાધિરાજ શ્રીરાણા **પ્રતાબસિંઘજી** લિ. પગેલાગણો વંચસી. અઠારા સમાચાર ભલા હે. આપરા સદા ભલા ચાઈજે. આપ વડા હે પૂજણીક હે. સદા કરપા રાખે જીસુ સેસ્ટ રખાવેગા. અપ્રં ચ આપરો પત્ર અણા દિના મધ્યે આયો નહી સો કૃપાકર લિખાવેગા. શ્રીવડા હજુરરી વખત પદારવો હુવો જીસમે અઠાસુ પાછા પદારતા પાતસા **અકબરજી**ને જેનાબાદમેં ગ્યાનરો પ્રતિબોધ દીદો. જીરો ચમતકાર મોટો બતાયો. જીવહિંસા છુરકલી તથા નામ પંખેરુરી વેતી સો માફ કરાઈ. જીરો મોટો ઉપગાર કીદો. સો શ્રીજેનરા આપ અસાઈ જ ઉદ્યોતકારી અબાર ઈસ્મે દેખતા. આપ જાું ફેર વે નહી. આખી પૂર્વ હિંદુસ્થાન અંત્રવેદ ગુજરાત સૂદા ચારુ દેશમેં ધરમરો બડો ઉદ્યોતકાર દેખાંણો. જઠા પછે આપરો પદારણો હુવો નહી સો કારણ કાંઈ. વેગા પદારસી, આગાંસૂ પટા પરવાંના કારણરા દસ્તુર માફક આપરે હે. જી માફક તોલ મુરજાદ સામો આવારી કસર પડી સૂણા સો કામકારણ લેખે ભૂલ રહી વેગા જીરો અંદેસો નહી જાણેગા. આગાસૂ શ્રી **હેમાચારજજી**ને શ્રીરાજ મ્હેમાન્યા હે. જીરો પટો કર દીવાંણો જી માફક આપરા પગરા ભટ્ટારક ગાદી પર આવેગા તો પટા માફક માન્યા જાવેગા. શ્રી **હેમાચાર્યજી** પેહલા શ્રીવડગછરા ભટારકજીને વડા કારણસૂ

શ્રીરાજ મ્હેમાન્યા. જી માફક આપને આપરા પગરા ગાદી પર પાટવી તપગછરાને માન્યા જાવેગા. ઈસ વાઅદેસમદે આપરા ગછરો દેવરો તથા ઉપાસરો વેગા. જીરી મરજાદ શ્રી રાજસુ વા દુજા ગછરા ભટારક આવેગા સો રાખેગા. શ્રીસમરણ ધ્યાન દેવજાત્રા કરે જઠેં આદ કરાવસી. ભૂલસી નહી. ને વેગા પદારસી. પરવાનગી પંચોલી ગોરો. સંમત ૧૬૩૫ વર્ષે આસોજ સુદ ૫ ગુરુવાર. યો પરવાનો સોનેરી વેલ ચિત્રામરી મેરાપ સહિત છે.

શેષ બાકીરો અધિકાર લિખ્યતે. ઈમ કરતાં વર્ષ ૨ તથા ૩ થયા તિવારે જગતગુરુ શ્રી **હીરવિજસૂરીશ્વરજી** ઉપર પાતસાહે મોટા ગુણ વર્ણવ કરિનેં લેખ લિખાવીનેં મેવડાઓને મોકલ્યા. તે મધ્યે મંડલાચાર્ય શ્રી **વિજયસેનસૂરિજી**ને તેડાવ્યા. દરસન કરવા નિમિત્તે. તિવારે વડા શ્રીજી મહારાજ છોટા શ્રીજીને હુકમ કર્યો કે તુમે જાઓ. એહવો આજ્ઞાપૂર્વક મહારાજનું વચન અંગીકાર કરીને વાંદીનેં શુભ મુહૂર્ત્તે જાુગરાજ શ્રી **વિજયસેનસૂરિ** પાંગર્યા. શ્રી **રાધનપુર** આવ્યા. તિહાંથી **પાટણ સિધપુર પાલણપુર સીરોહી જાલોર પાલી મેડતો સાંગાનેર** પ્રમુખ દેશાનુદેશે વિહાર કરતા ભવ્યજીવાંને ધર્મરૂપ સંબલ દેતા **લાહોર** નગરે પધાર્યા. તિવારે પાતસાહ **અકબ્બર** શ્રીજી આવ્યાની વધામણી સાંભલીને ઘણો જ હર્ષ પાંમતો હુવો સાહમઈયો ઘણેં આડંબરસું કરીનેં શુભ મુહૂર્ત્તે **લાહોર**મેં શ્રીજીને પ્રવેશ કરાવ્યો. ઘણા હર્ષ વધામણા થયા.

હવે પાતસાહ શ્રી **વિજયસેનસૂરિ** પાસે ધર્મદેશના સાંભળીને હર્ષ પામતો હુવો નિત્યપ્રતેં ધર્મગોષ્ઠિ કરે છે. હવે **લાહોર** મધ્યે પાતસાહ **અકબ્બર**ની સભા મધ્યે ઘણા અન્યદર્શની પરપક્ષી સાથે ઘણી વિદ્યા વાદવિવાદેં કરીને અન્યમતિનેં નિરુત્તર કર્યા ને સર્વના મદ ગાલ્યા. તે પાતસાહ દેખીનેં ઘણો હર્ષ પામતો. પાતસાહે શ્રી **વિજયસેનસૂરિ**નો નામ શ્રી **વિજયહીરસૂરિ-સવાઈ** એહવો બિરુદ દીધો. શ્રી **વિજયસેનસૂરિ**ને **લાહોર** ચોમાસો રાખ્યા. ઘણો ધર્મનો મહિમા વિસ્તારવંત કર્યો. ઈમ કરતા ચોમાસો ઉતર્યો વિહાર કરવા માડ્યો તિવારે પાતસાહ તથા ચતુર્વિધ સંઘ સર્વ મલીને ઘણા ઘણા આગ્રહ કરીને બીજો ચોમાસો ફેર રાખ્યા. ઘણી ધર્મની ઉન્નતિ કરી. ઈમ કરતાં કાતિ શુદિ૧૫ કરીને ચતુર્વિધ સંઘ સહિત લેઈને શ્રી **વિજયસેનસૂરિ** શ્રી**સેત્રુંજય**ગિરિરાજની જાત્રાઈ પધાર્યા. સંઘ મેલાણે મેલાણે આવતો.

શ્રી ઋષભદેવજી યુગલ્યાધર્મ નિવારણ ભવ્ય જીવને આધારભૂત આદિધર્મના કર્ણહાર એહવા તીર્થપતિ મરુદેવીનંદન ત્રયજગતવંદન એહવા શ્રી આદિનાથને મુક્તાફલે સોનારૂપાના ફૂલે વધાવતા ઘણા આડંબર સહિત જાત્રા કરતા હુવા એહવી સ્તુતિ કરીને વંદના કરતા હુવા. કાવ્ય :-

पूर्णानंदमयं महोदयमयं कैवल्यचिदहग्मयं ।
रूपातीतमयं स्वरूपरमणं स्वाभाविकं श्रीमयं ॥
ज्ञानोद्योतमयं कृपारसमयं स्याद्वादविद्यालयं ।
श्रीसिद्धाचल–तीर्थराजमनीशं वन्देऽहमादीश्वरं ॥ १ ॥

ઇત્યાદિ સ્તુતિઇં કરી દેવ જાુહારી પૂજા પ્રમુખ અઠ્ઠાઈ મહોચ્છવ કરીને ઘણા સાહમીવત્સલ પ્રમુખ જૈનધર્મ દીપાવતા સંઘ તિહાંથી ઉપડીને ચાલતો હુવો. **અહમ્મદાવાદ પાટણ પાલણપુર સીરોહિ આબૂ ગોડવાડની** પંચતીર્થી કરીને મેવાડમે થઇ **દશોર માલવો દેવગિરિપાટણ આગરો જહન્નાબાદ** પ્રમુખ ગામોમાં સંચરીને **લાહોર** આવ્યા. સંઘે આડંબરસુ સહર મધ્યે પ્રવેશ કર્યો. શ્રીજી સાહિબને સોનૈયેં વધાવીને સેહરમે લીધા. તિહાં **લાહોર** મધ્યે અઠાઇ મહોચ્છવ કર્યો. પૂજા પ્રભાવના સાધર્મિકવાછલ્ય પ્રમુખ ઘણા મહોચ્છવ કર્યા. સાતક્ષેત્રે ધન વાવરીને ઘણી પુન્યકર્મ ઉપાર્જન કરીને પુન્યખજાનો સંપૂર્ણ ભર્યો.

પછે તિહાંથી શ્રીજી પાતસાહની રજા માગીને અન્ય પ્રદેશે વિહાર કીધો. તિવારે પછે શ્રીજગતગુરુ શ્રી **હીરવિજયસૂરિજી**ને સંવત્ ૧૬૪૬ વર્ષે **સોની તેજપાલેં** ઓસવંસે ઘણો દ્રવ્ય વ્યય કરીને **ખંભાયત** બિંદરે તેડાવીને પ્રતિષ્ઠા કરાવી. તિણ અવસરે ઉપાધ્યાય **ધર્મસાગર** ગણિઇં ઉત્સૂત્ર ભાષણ કરીને કર્મકુંદાલ ગ્રંથ કીધો તે માટે તેહને ગછબાહિર કાઢ્યા હતા. તેહને મિચ્છામિદુક્કડ દેવરાવીને શ્રી **વિજયદાનસૂરિજી** ૭ બોલ કરીને તે ગ્રંથ **વીસલનગર** મધ્યે સહુ સંઘસમક્ષે જલસરણ કીધો. પછેં ગચ્છ માહિ લીધા.

તથા વલી પાંચ ૫ બોલની વિપરીત પરુપણા કરીને **ધર્મસાગરગણી** સંઘને બંભેરવા લાગો તેહનો વાદ ભાજવાનેં માટે **પાટણ**ને સંઘે શ્રી **હીરસૂરિજી** મહારાજને વિનતીપૂર્વક લિખિને બુલાવ્યા. તિવારે **હીરસૂરિજી** મહારાજ ૧૨

બોલ ઉધરીને તેહનો વિવાદ ટાલ્યો. તે ૧૨ બોલનો વિસ્તાર સહિત પોતે માહારાજ ખાસ રૂકો લિખિનેં તેહની પ્રવર્ત્તિ ચલાવી. તેહની નકલ પણ ઈહા યાદગિરિને વાસ્તેં જાણવા સ્વરૂપી ઈહાં લિખિને દરજ કરુ છુ.

પત્રની નકલ - ૐ નત્વા ભટ્ટારક શ્રી **વિજયદાનસૂરીશ્વર** પરમ ગુરૂભ્યો નમઃ । સંવત ૧૬૪૬ વર્ષે પોષ શુદિ ૧૩ શુક્રે **શ્રીપત્તનનગરે** ભટ્ટારક શ્રી **હીરવિજયસૂરિ**ભિર્લિખ્યતે સમસ્ત સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા યોગ્ય શ્રી **વિજયદાનસૂરિ** પ્રસાદીકૃત બોલના અર્થ આશ્રિ વિસંવાદ ટાલવાને કાજે તેહ જ સાત બોલનો અર્થ વિચારીને લિખીઈ છેં તથા બીજાંઈ પણિ કેતલાયક બોલ લખીઈ છેં.

પરપક્ષને કુણેં કિસ્યો કઠિન વચન ન કહિવું ૧, તથા પરપક્ષીકૃત ધર્મકાર્ય સર્વથા અનુમોદવા યોગ્ય નહી ઈમ કુણેં ન કહિવું, યે માટે દાનરુચિપણું સ્વભાવે વિનીતપણું અલ્પકષાઈપણું પરોપકારિપણું દાખિણ્યાલુંપણું દયાલૂપણું પ્રિયભાષિપણું ભવ્યપણું ઈત્યાદિક યે. યે માર્ગાનુસારી ધર્મકર્તવ્ય તે જિનશાસન થકી અનેરા સમસ્ત જીવસંબંધિયાં શાસ્ત્રને અનુસારે અનુમોદવા યોગ્ય જણાઇ છે તો જૈનપરપક્ષી સંબંધી માર્ગાનુસારી ધર્મકર્ત્તવ્ય અનુમોદવા યોગ્ય હુઈ એ વાતનું સૂ કહિવું ૨, તથા ગચ્છનાયકનેં પૂછ્યા વિના શાસ્ત્ર સંબંધી કસી નવી પરૂપણા કુણેં ન કરવી ૩, તથા દિગંબર સંબંધી ચૈત્ય ૧, કેવલ શ્રાદ્ધપ્રતિષ્ઠિત ચૈત્ય ૨, દ્રવ્યલિંગીનેં દ્રવ્યેં નિષ્પન્ન ચૈત્ય ૩, એ ત્રિણિનાં ચૈત્ય વિના બીજા ચૈત્ય વાંદવાં પૂજવાં યોગ્ય જાણવાં એ વાતની સંકા ન કરવી ૪, તથા સ્વપક્ષીના ઘરનેં વિષે પૂર્વોક્ત ત્રિણ્યનિ અવંદનીક પ્રતિમા હુઈ તે સાધુને વાસક્ષેપે વાંદવા પૂજવા યોગ્ય થાઈ- ૫, તથા સાધુની પ્રતિષ્ટા શાસ્ત્રેં છેં ૬, તથા સાધર્મિકવાત્સલ્ય કરતાં સ્વજનાદિક સંબંધી ભણી કદાચિત્ પરપક્ષીનેં જિમવા તેડે તો તે માટે સ્વાહમીવચ્છલ ફોક ન થાઈ ૭, તથા શાસ્ત્રોક્ત દેશવિસંવાદી નિહ્નવ સાત સર્વવિસંવાદી નિહ્નવ એક એ ટાલી બીજા કુણનેં નિહ્નવ ન કહિવું ૮, તથા પરપક્ષી સંઘાતે ચર્ચા ઉદીરણા કુણેં ન કરવી. પરપક્ષી કોઇ ઉદીરણા કરે તો શાસ્ત્રનેં અનુસારે ઉત્તર દેવું પિણ ક્લેશ વાધેં તિમ ન કરવું ૯, તથા શ્રી **વિજયદાનસૂરિઈ** બહુ જન સમક્ષ જલશરણ કીધું જે ઉતસ્છુત્ર

કર્મકુદાલગ્રંથ તે તથા તે માહિલો અસંમત અર્થ બીજા કોઇ શાસ્ત્રમાહિ આણિઓ હુઇ તો તિહાં તે અર્થ અપ્રમાણ જાણિવું ૧૦, તથા સ્વપક્ષીય સાથને અજોગે પરપક્ષી સાથે યાત્રા કર્યા માટેં યાત્રા ફોક ન થાઇ ૧૧, તથા પૂર્વાચાર્યને વારે યે પરપક્ષીએ કૃત સ્તુતિ સ્તોત્રાદિક કહિવરાવતાં તે કહિતાં કુંણે ના ન કહેવી ૧૨.

એ બોલથી કોઈ અન્યથા પ્રરૂપેં તેહને ગુરુનો તથા સંઘનો ઠબકો. ઇતિશ્રી જગદ્‌ગુરુ શ્રીમત્તપાગચ્છાધિરાજ સકલ ભટ્ટારક સિરોમણિ શ્રી **હીરવિજયસૂરિ**કૃત ૧૨ બોલના પત્રની નકલ છે.

ઇણ પ્રકારેં ઇણ ખાસ પત્રના હુકમથી ઇહા ઉપાધ્યાય **ધર્મસાગરગણિ**ના મતનો વધારે જોર ચાલ્યો નથી. કયું કે સમઝુ શ્રાવક તો તેહના પક્ષપાતમે પડ્યા નથી. તોહિ પણ કલુના વર્ત્તમાનથી તેહની મતકલ્પનાની પ્રવર્ત્તિ વર્ષ ૪ પર્યંત રહી. ક્યું કે વણિકલોકાંમે એહવી રિતિની ચાલ છેં. હરકોઇ નવીન મત દેખિનેં તેહની મતરૂપી જાલપાસમાં જઇ ફસે. એહવો ઉંડો તો યાં લોકાંને ફેમ નથી. એહના સાચ ઝૂટનો પારખું તો કીજે કે આપણા વડાઓના ધર્મનો કેહવો માર્ગ છે અને એહના મ્રતનો કેહવો વિચાર છે. એહવી કોઇ બિ પહિલી તો વિચારતા નથી. બિચારા ભોલાલોક બાહ્યક્રિયાકષ્ટ દેખીનેં તેહના પક્ષપાતમા જાય પડેં. જિમ યોગિના ચેલાને ધૂર્ત્ત સોની મિંલ્યો તે ચેલાને બેકાવીને પીતલના કડા પેહરાવીને ધુંર્તાઇસુ પરપંચ કરીનેં સોનાના કડા સાગે હતા તે ઉરા લીના. તેહનો વિશેષ દષ્ટાંત શ્રીપાલચરિત્ર નામા ગ્રંથમે પ્રસિદ્ધ છે તે ઇહાં વિશેષ નથી લિખ્યો. જિમ યોગિના ચેલાનેં સોનીઇ ધુત્યા તિમ યા લોકાને ધૂર્ત્તગુરુ મિલીનેં કેઇ કુયુક્ત્યું કરી ધુતીને પોતાનો મતલબ કાઢી લીઇ. સોનીની પરે યા લોકાનેં બેકાવાવાલો જોઇઇ. જિમ બેકાવે જિમ બેકેં ઇતિ રહસ્યં.

ઇણ ન્યાઇ કરી હવણા વર્તમાને કાલમેં દેખિઇ તો લૂંકામતાદિક મત શાસ્ત્રાનુસારે દેખતાં તો સ્યાફ વિપરીત ખોટા ખોટા મત દીખે છે. તેહોની મતકલ્પના તો જોવો. કેઇ સૂત્રાના વચન ઉથાપી ઉથાપી અર્થ મરડી મરડીને સિદ્ધાંતોના પાઠાંમે ફેરસા(ફા)ર કરીને ઉત્સૂત્ર ભાષણ કરી કરી સિદ્ધાંતાંના વચનામે દુષણ દેતા થકાં પોતાની કુમતિસુ પ્રવચનનો ઉઠાવ કરીનેં અને ભોલા લોકાંને ભરમાવી ભરમાવીને આપણી તો પ્રશંસા સુવિહિત ગચ્છના સાધુવાની

નિંધા કરી કરીને યાં વણિકલોકાંને પક્ષપાતમાં લેઇને પોતાપોતાના નામથી કેઇ લોક આપ આપણી આજીવકા ચલાવા સારુ કેઇ મત મતાંતર કાઢ્યા છે. દેખો મતાંતર કાઢણાવાલાની કેહવી વજ્ર જેહવી કઠિણ છાતી છે. જ્યાને પરભવનો તથા સંસારનો કાંઇ બી ભય નથી. શાસ્ત્રમે કેહવો કહ્યો છે. સૂત્રનો એક બી કાના માત્ર ઉથાપેં તેહોનેં શ્રીવીતરાગદેવે અનંત સંસારી કહ્યો છેવઠ બોધિદુર્લભપણો પામે અને એ લોક લૂંપકાદિકમતી કેઇ સૂત્ર તથા કેઈ સૂત્રના પાઠ ઉઠાવી ઉઠાવીને કેઇ તરેના મત ચલાવ્યા છે. તેહોના સ્યા હવાલ થાસ્સે. યે લોક પોતે પિણ બુડે અને પરને પિણ બુડાડેં. એહવા ઉત્સૂત્ર ભાષણવાલાના ઉપદેશથી કદાપિ કાલે મોક્ષમેં જાવે નહીં.

યતઃ ગાથા

चेइयदव्वविणासे इसिघाए पवयणस्स उड्डाहे ।
संजइचउत्थभंगे मूलग्गी बोहिलाभस्स ॥ १ ॥

ઈત્યાદિ આગમોક્ત । તો એહવા એહવા કુત્સિત મત મતાંતરને વિષે પિણ માહાજન લોકકેહિ હજારો મતરૂપી જાલપાસમે બંધાવી ગયા છે. હિવે તો એ લોક ઘણાઇ મનમે પિસ્તાવે છેં પિણ બિચારા સ્યું કરે. ફસ્યા જો ફસ્યા. તોહિ પણ બક્કર છાત્રાની પરેં હઠ કદાગ્રહ નથી મુકતા. તિણ મધ્યે નફા-નુકસાંણનો યાનેં વિચાર નહી. જિમ બક્કર છાત્રેં ગર્દભની પૂછ પકડી તેહને છોડી નથી. તેહને પૂછડે તેહોનેં ઘણો દુઃખ ભુક્તણો પડ્યો પિણ મૂકે નહી. આખરકેં દરજેં મૂકણી જ પડી પિણ બહોત મૂસ્કલસૂ મૂકી. ઇણ ન્યાઇ કરી કેહિ મતવાદી પોલાપોલમેં નવા નવા મત મતાંતર નિકાલી નિકાલીને જિનશાસનને ચાલણી પ્રાય કરી રાખ્યો છે ઇમ જાણીને સમઝૂ શ્રાવકને મતવાદ્યાકેં ચાલે નહી લાગવો.

ઈમ કરતા ઉ૦ **ધર્મસાગરગણિ**ના મતને વર્ષ ૪ વતીત થયા. તિવારે પછે શ્રી **અહમ્મદાવાદ**નેં સંઘે શ્રી **હીરવિજયસૂરિજી** મહારાજને વિનતિ લિખિને સેષાકાલેં વંદાવા સારુ બુલાવ્યા. તિવારે મહારાજ સાહિબ સંઘની વિનતી અવધારીનેં સંવત ૧૬૪૯ના વર્ષમાં પોષમાસમાં **અહમ્મદાવાદ** સેષેકાલ પધાર્યા. તિવારે સંઘે વિચાર કિયો જે ઇહા માહારાજનો પધારવાનો મોકો થયો છેં તો ઇણ અવસરે ઉપાધ્યાય **ધર્મસાગરગણિ**નો બિખેડો મિટે તો બહુ સારુ. ઇણ

અવસરેં મિટ્યો તો મિટ્યો નહિતર પિછે મિટવાનો નથી એહવો જાણીને સંઘે ઉપાધ્યાય **ધર્મસાગરગણિ**ને પણ તિહા બુલાવીને સમઝાવીને એકાદોકી કરીને મહારાજકે પગે લગાવી અપરાધ ખમાવીને વિપરીત પરુપણા કરતા હતા તેહનો સંઘે મિલિ કાગલ લિખાવીનેં સહુ સમક્ષેં મિચ્છામિ દુક્કડ દિવરાવ્યો તેહની નકલ ઇહા લિખિ છે.

। एर्द०॥ સ્વસ્તિ શ્રી પાર્શ્વજિનં પ્રણમ્ય સંવત્ ૧૬૪૯ વર્ષે પોષ શુદિ પૂર્ણિમાદિને પુષ્યાર્કે **અહમ્મદાવાદ**નગરે ઉપાધ્યાય શ્રી**ધર્મસાગરગણિ**-ભિર્લિખ્યતે. મિચ્છામિદુક્કડ દેવાની વિગતિ. મરીચી સંબંધીઓ દુબ્ભાસિએણ ઇક્કેણ એ વચન દુર્ભાષિત કહીઇં પણિ ઉત્સૂત્ર ન કહીઇં એહવું અમ્હો કહિતા પણિ શ્રાવકના પડિક્કમણસૂત્રની ચૂર્ણિ પ્રમુખ ઘણા શાસ્ત્રનેં અનુસારે મરીચિનો એહ વચન ઉત્સૂત્ર જણાઇ છેં તથા અમ્હો પણિ **પ્રવચનપરીક્ષા**માહિ એ મરીચીનો વચન ઉત્સૂત્ર હુઇ એહવું લિખત છેં પણિ સાભરિઓ નહી તે માટેં એ વિપરીત કહિવાણું તેહનું મિચ્છામિ દુક્કડં ૧.

તથા શ્રીભગવતિસૂત્રનેં મેલેં જમાલીને અનંતાભવ અમ્હો કહિતા પણિ શ્રીભગવતિસૂત્ર માહિ જમાલીને પન્નર ભવ કહિઆ છે. શ્રી મહાવીરનો ચરિત્ર શ્રી **હેમાચાર્ય**નું કીધું તેહ માહિ જમાલીનેં પન્નર ભવ કહિઆ છેં. તેહનો શ્લોક-

ततश्च्युत्वा पंच कृत्वा भ्रांत्वा तिर्यग्नरादिषु ।
अवाप्तबोधिर्निर्वाणं जमाली समवाप्ससि ॥ १ ॥

વલી **અભયદેવસૂરિ**ના સંતાનીયા ગણિ **ગુણચંદ્ર**નું કીધું શ્રી મહાવીરનો ચરિત્ર ગાથાબદ્ધ તેહ માહિ પણિ **જમાલી**ને ૧૫ પન્નર ભવ કહિઆ છે તે માટે એ વિપરીત કહિવાણું તેહનું મિચ્છામિદુક્કડં ૨.

તથા ઉત્સૂત્રભાષીને નિયમા અનંતા ભવ હુઇં એહવું અમ્હો કહિતા પણિ શ્રીભગવતિસૂત્ર માહિ **જમાલી**ને ૧૫ ભવ કહિઆ. એણેઇં અનુસારેં બીજાઇ શાસ્ત્રને અનુસારે પણિ ઉત્સૂત્રભાષીને સંખ્યાતા અસંખ્યાતા અનંતા ઉત્કૃષ્ટા ભવ હુઇં ઇમ જણાઇ છે. તે માટે એ વિપરીત કહિવાણું તેહનો મિચ્છામિદુક્કડં ૩.

તથા કેવલીના શરીર થિકું ત્રસ સ્થાવર જીવની વિરાધના હુઇં નહી એહવું અમ્હો કહિતા પણિ **શ્રીઆચારાંગ શ્રીભગવતિ**સૂત્રને અનુસારે જણાઇ છેં. જે

કેવલીના શરીર થકી અવસ્યભાવીપણે ત્રસ-થાવર જીવની વિરાધના હુઇ તો ના નહી તે માટે એ વિપરીત સદહિયો કહિવાણો હુઇ તેહનો મિચ્છામિદુક્કડં ૪.

તથા ૧૨ બોલ આશ્રિ શ્રીપૂજ્યજી જિમ આસ દીઇ છે તેહ થકી વિપરીત કહિવાણું તેહનો મિચ્છામિદુક્કડં ૫.

એ પાંચ બોલ શ્રી **હીરવિજયસૂરિજી**ની આજ્ઞા થકી વિપરીતપણે સદહિયા હુઇ અને વિપરીતપણે પ્રરૂપિયા હુઇ તે ચતુર્વિધ સંઘની સાખે અમ્હને મિચ્છા મિ દુક્કડં તથા અમ્હારા કહણ થકી જેણેં કુણે સદહિઆ હુઇ તે આજ પછેં સદહિસુમાં એ- વુજુઇ કાંઇ શ્રીપૂજ્યજીની આજ્ઞાવિરુદ્ધ સદહિઓ હુઇ અને કહિઓ હુઇ તેહનો પણિ મિચ્છા મિ દુક્કડં. હવે આજ પછેં શ્રીપૂજ્યજીની આજ્ઞા થકી કિસી વિપરીતપણે પ્રરુપણા થાઇ તું અમ્હને શ્રીભગવંતજી જે કાઈ આસ દીઇ તે અમ્હો અંગીકાર કરવું.

સહી = સમસ્ત પુરાના સંઘની સાખેં અનેં સમસ્ત **અહમ્મદાવાદ**ના સંઘની સાખે ૧૨ ઉપાધ્યાય શ્રી **શાંતિચંદ્રગણિ**ની સાખેં પંન્યાસ શ્રી **જ્ઞાનવિમલગણિ**ની સાખેં પં૦ શ્રી **ભાનુવિજયગણિ**ની સાખેં પં૦ શ્રી **ધનસાગરગણિ**ની સાખેં પં૦ શ્રી **શિવસાગરગણિ**ની સાખેં પં૦ શ્રી **લિંબર્ષિગણિ**ની સાખેં પં૦ શ્રી **લાભવિજયગણિ**ની સાખેં પં૦ **સિંહવિમલગણિ**ની સાખે પં૦ **વિપર્ષિગણિ**ની સાખેં પં૦ શ્રી **લબ્ધિસાગરગણિ**નું મતં **ગણિદર્શનસાગર**નું મતં **ગણિભક્તિસાગર**નો મતં ગણિ **કુંયરસાગર**નો મતં ઇતિ શ્રી ઉપાધ્યાય **ધર્મસાગરગણિ**નેં **અહમ્મદાવાદ**નેં સંઘે મિલી સહૂ સમક્ષે પાંચ મિચ્છામિદુક્કડ દેવરાવ્યા તેહના પત્રની નકલ સંપૂર્ણ.

શેષ વાર્ત્તા લિખ્યતે - હવેં જગતગુરુ ભટ્ટારક શ્રી **હીરવિજયસૂરીશ્વરે** સર્વ ગીતાર્થની આજ્ઞા પ્રમાણે **માલદેવ**ને ત્રાંબાપત્રે ગાંમ **ઉંઝા** કરીને બગસીસ કર્યો. તિહાંથી શ્રીજી સાહિબ એક માસ **સિદ્ધાચલજી** રહ્યા પછેં **જૂનેંગઢ વેલાવલપાટણ** થઈ **દીવ ઉન્નતનગરે** પધાર્યા. સંઘે ઘણા આગ્રહ કરીને રાખ્યા. ઘણી ભક્તિ યુક્તિ સાચવતા હુવા. **દીવ**નો વાસી સંઘવી **લછીરામ** તથા પારખ **સહસદત્ત મેઘજીઇ** ઘરદેરાસરની પ્રતિષ્ટા કરાવી. પછેં શ્રીજીને વીનંતિ કરીને ચોમાસૂ તિહાં રાખ્યા. સંઘે ઘણા ઉચ્છવ મહોચ્છવ કીધા. તેહ **ઉન્નતનગર** મધ્યે શ્રીજીને સરીરે ઘણી અબાધા ઉપની. તિવારે અબાધા વિશેષ જાંણીનેં ગીતાર્થ તથા સંઘે મિલીને

શ્રીઆચાર્યજી મહારાજ શ્રી **વિજયસેનસૂરિજી**ને લેખ લખીને મોકલ્યો જે ગુરુને મોટો કારણ છેં તે માટે મિલવાનો વાંછતા હોઉ તો કાગલ વાંચીને વેહલા આવજ્યો.

તે લેખ વાંચી શ્રીઆચાર્યજી ચોમાસામાં પાંગુર્યા અનુક્રમે વિહાર કરતા આચાર્યજી તિહાં **ઉન્નતનગરે** આવ્યા. તીવારે ઉપાધ્યાય શ્રી **વિમલહર્ષગણિ** તથા ઉપાધ્યાય શ્રી **સોમવિજય** ગણિ પ્રમુખ ગીતાર્થ શ્રીજીને **દશવૈકાલિક** તથા **ઉત્તરાધ્યયન** પ્રમુખ સિદ્ધાંત સંભલાવે છે. શ્રીજીયે પોતાને મુખે અણસણ કરી બે ઉપાધ્યાયને હિતશિક્ષા દેઇ અને ગચ્છની ભોલાવણ આચાર્યજીને કેહરાવિ નવકારને શુભધ્યાને વીર સંવત ૨૧૨૨ વર્ષે તથા વિક્રમાર્ક સમયાત્ સંવત ૧૬૫૨ વર્ષે ભાદ્રવા શુદિ ૧૧ દિને **હીરવિજયસૂરીશ્વર** સ્વર્ગે પહુતા.

શ્રી **હીરવિજયસૂરિજી**ઇં ૨૦૦૦ દોય હજાર આંબિલ કીધાં. નીવી પણ એટલી જ કીધી. ૩૬૦૦ તિન હજાર ને છસે ઉપવાસ કીધા. ૪ ક્રોડ નોકારની સજ્ઝાય કીધી. ૧૦૮ સાધુને દીક્ષા દીની. ૫૦૦ દેહરા જેહના ઉપદેશથી નવા થયા. પચાસ વાર અંજનસિલાકા તથા પ્રતિષ્ટા કીધી. સિદ્ધાચલ ગિરનારની ૨ દોય વાર નવાણુ યાત્રા કીની. તે વેલાયેં ઘણા દેવ સંબંધી ઘંટ વાજતા સાંભલ્યા. ઘણા મુખૈશ્વરી અન્યદર્શની લોક પિણ ઈમ કહે જે દેવવિમાન આકાસથી ઉતરતો અમે દીઠો. અને વલી દેવતાયે મેઘની વૃષ્ટિ તથા ફૂલની વૃષ્ટિ કરી વલી જે સ્થાનકે બાગ મધ્યે શ્રીજીને અગ્નિસંસ્કાર જિહાં કર્યો છે તે ઠામે અંબવૃક્ષ અકાલેં ફલ્યો. નવપલવ થઈનેં ફલ સહિત થયા તે આજ દિન સુધી તે વૃક્ષ બારેમાસ ફલ ફૂલ સહિત છે. તે ઉન્નતસેહર મધ્યે તેહનો મહિમા પ્રબલ છે. જાગતી જોતિ છે. તે સ્થાનક સર્વનેં માનવા જોગ્ય છે એમ મહંત પુરુષનો મહિમા કેતલોક લિખીઇં.

હવે શ્રી **હીરવિજયસૂરીશ્વર**નેં પાટે સવાઈ બિરુદના ધરનારા શ્રી **વિજયસેનસૂરી** થયા. તેહનો ચરિત્ર પિણ સંક્ષેપ ઇહા લિખિયે છે પણ હાજર નહી છે.

**॥ ઈતિ શ્રીહીરચરિત્ર સંપૂર્ણ. સંવત ૧૯૫૬. શાo ૧૮૨૧**
**ચૈત્રશુક્લે ૭ ચંદ્રે લિo પંo કેશરકુશલ કનકાવત્યાં ॥**

卐

२

# શ્રીહીરવિજયસૂરિ સંબંધ

૬૦ મેં **પાટે શ્રીહીરવિજયસૂરી** સંબંધ લીખીતે.

સવંત ૧૫૮૩ વર્ષે મૃગશીર શુદિ ૯ દિને **ગૂર્જરદેશેં પાલણપુર** નગરે ઓસવાલ જાતેં સાહા હીરા(**કૂંરા**) ભાર્યા **નાથી** બાઇ તેહની કૂખેં ઉપે. નામ **હીરજી.** બેહેન **વિમલા** નામે. તે બહેન શ્રી **પાટણ**નગરે **વિજયસિંઘસાહ**ને પરણાવી છે. તે બેહેંનનેં આણું કરવા તેડવા સારું સા **હીરજી પાટણ** નગરે આવ્યા. તેહવે તીહાં **પાટણ** નગરને વિષે શ્રી **વિજયદાનસૂરી** ચોમાસું પધાર્યા છે. તીહાં ચોમાસૂં છે. તીહાં **શ્રીવિજયદાનસૂરીને** નીત્યેં વાંદવા જાઇ. ધર્મદેશના સાંભલે. નિત્યે વખાણ સાંભલેં.

સૂત્ર સાંભળતા વૈરાગ્ય દેશના સાંભલી. સંસાર અસાર જાણી, વૈરાગ્ય પાંમી, બેહેંન **વિમલા** કનેં આવિ કહે - હે બેહેંન! આમેં શ્રી **વીજયદાનસૂરી** પાસેં સંજયમ લેસ્યૂં. તે ભાઇના વચન સાંભલી બેહેંન કહે - હે વીર! તૂંમે હજી લઘુવય છો, સંજ્યમ મારગ તો પાલવો દોહીલૂં છે. હે ભાઇ! તૂમ થકી ચારીત્ર નહી પલે. ઈત્યાદિક વીવિધ પ્રકારના સંજ્યમના ઉદવેગકારી વચન ઘણા કહ્યાં, વિલાપ કિધા, તોહી પણ નિર્મોહી થકા બલાત્કારેં **વિમલા** બેહેંનની આજ્ઞા માંગી. પાટણ મધે સંવત્ ૧૫૯૬ કાર્તિક વદી ૨ દિને **શ્રી વિજયદાનસૂરી** પાસે ઘણેં ઉચ્છવે આડંબરેં પાટણ મધ્યે દીક્ષા લીધી.

વિનીતપણે શ્રીપૂજ્યપાસે સર્વ સીદ્ધાંત, વ્યાકર્ણ, કાવ્ય-નૈયાયાદિક તર્ક પ્રમાણાદિક સમસ્ત સાસ્રના પારંગામી થયા. તીવાર પછી સંવત્ ૧૬૦૭ વર્ષે **શ્રીનાડુલાંઇ પુરેં** શ્રીઋષભદેવ પ્રાસાદેં પંડીત પદં, તદનંતર સંવત્ ૧૬૦૮ માહ સુદ પાંચમી દીનેં **શ્રીનાડુલાઇ નગરેં** શ્રીવરકાંણા પાર્શ્વનાથ-નેમિનાથ પ્રાસાદેં વાચકપદં દત્તં, તદનંતરં **શ્રીવીજયદાંનસૂરીશ્વરે** જોગ્ય જાંણી, ગચ્છભાર નિરવાહ સમર્થ જાંણી સંવત્ ૧૬૧૦ **સીરોહી નગરે** સૂરિપદં દત્તં.

પ્રથમં **શ્રીવિજયદાંનસૂરીઇં** પોતાને પાટેં **રાજ વિજય** સૂરી થાપ્યા હતા. તેહોંણે આ પદવિ પામી ઘણો આડંબર, ભલાભલા વસ્ત્ર વેશ બનાવે, ચાકર [રાખે], રાજા પ્રમુખ જશ ગુણકરવા માંડ્યો, તિવારેં પૂજ્યજીઇ વાર્યા પણ વાર્યૂ ન કર્યૂ. તીવારેં **વિજયદાનંસૂરીઇ શ્રીહીરવિજયસૂરી**ને પોતાનેં પાટેં થાપ્યા. તીહાં **રાજવિજયસૂરી**નો ગચ્છ નીકલ્યો. હવેં શ્રી **હીરવિજયસૂરિ** માહાતપસ્વી, વૈરાગી સોભાગી ગાંમ નગર પુર પાટણ પ્રમુખેં વિહાર કરતાં **સીરોહી નગરે** શ્રીકુંથુનાથજીની પ્રતિષ્ઠા કીધી. વલી **નાડુલાઈઇ** ઘણા જિનબિંબ પ્રતિષ્ઠા.

તથા વલી શ્રી **અહીમદાવાદ** મધ્યેં લુંકાગચ્છનો અધીપતી **ઋષિ મેઘજી** લુંકાગચ્છનો મતિ અશુદ્ધ કુગતિહેતુ જાંણી, અશુદ્ધ સમાચારી જાંણી, પચવીસ જતિ સાથેં ઘણા ઓચ્છવ સહીત **શ્રીહીરવિજ(ય)સૂરી** પાસેં ફરી દીક્ષા લેઇ ચરણકમલની સેવા કરતો થયો.

હવે દલ્લીપતિપાતસાહા **શ્રીઅકબ્બર** તિણેં સર્વ જદા જોગી દરવેસ ભગત સન્યાસિ પ્રમુખનેં તેડી તેડી પુછેં- કહો બે ! ખૂદા હેદુંકૂં તજી કહે અથવા મુશલમાંનકૂં તજી કહેં, ઈંમ ઘણાને પૂછે. પણ જબાપ કોઇ દેઇ સકે નહી. તીવારે ઘણા ઘણાનેં લેઇ **જમુના** માહેં બોલ્યાં.

એહવે **આગરા નગર** માંહે **ટોડરમલ્લ** સાહની બેહેંન **ચંપાબાઈઈ**, તિણેં ચોમાસી તપ કર્યો છે. તેહની પશ ભરાવા માટેં ઘણા હાથી ઘોડા રથ પાયક સાંબેલાં પ્રમુખ ઘણા વાજીત્ર વાજતે ચોહટા માંહે નીસર્યા. એહવે **અકબ્બર** પાતસાહે પૂચ્છયૂં: જે ક્યાહે એ તોફાંન ? તિવારેં વજીર કહે: જીવે હજરત ટોડરમલ્લ સાહ કિ બેહેન **ચાંપાબાઈ** તેહનેં પસ ભરાવી છે. તે પોતાના ગુરુનેં પગે લાગવા જાઈ છે. ચ્યાર મહીનેકે શ્રાવક લોક કે રોંજા **ચાંપાબાઈઈ** કીએ હેં. ફીરિ પાતસાહ પૂછે. અપને રોજે જેસે. તીવારેં વજીર કહે નહી હજરત! શ્રાવક લોકકે રોજેમેં ન રાતકૂં ખાણા, ન દિનકૂં ખાંણા, દિનકૂં તાતા પાંની કર ફેર ટાઢા કર વેં પાંણી દિન કૂં પીણા, પીણ રાતકૂં નહી પીણા. તિવારેં પાતસાહ કહેં મેં ન માંનું.

તીવારેં પાતસાહેં **ચંપાબાઈ**નેં તેડાવી. પોતાના પવિત્ર મોહલ માંહેં રાખિ, ઘણી વિયાવચ કરવાનેં શ્રાવિકાઓ રાખી. તે સેવા કરે. પાતસાહેં

ચોકિ રાખિ. દિન દિન પ્રતેં ખબર રખાવેં. એમ ત્રીણ્યમાસ પાતસાહના મોહલમાંહે બાઇ રહ્યાં. ઇમ ચોમાસી તપ પૂરો થયો. પાતસાહેં પસ ભરાવી. ઘણો ઓચ્છવ કર્યો. ગાજતે વાજતેં પાતસાહ પોતેં બાઇ સાથેં ઘરે આવ્યા. સહુનેં બાઇનેં ઘણી પેરામણિ કિધી. પછેં પાતસાહેં પૂછ્યૂં : તેરા દેવ સો કૂંન ? બાઇ કહે દેવ મેરા બાબાઆદીમ આદિનાથજી. તેરા ગુરુ કોંને? બાઇ કહે મેરા ગુરુ **હીરવિજયસૂરી.**

પાતસાહ કહે 'દેખૂ તેરા ગુરુ' ઇમ કહી ઘણો આદર માંન લખાવી ફુરમાનાં લીખ્યા. સઘલાઇ સોબા ઉપરેં લીખ્યું જે હાથી ઘોડા રથ પાલખી જે જોઇઇં તે દેજો. તે ફરમાન **ગંધાર નગરેં** આવ્યાં. તિવારેં **રામજી ગંધારીઓ** કહે 'શ્રીજી! **અકબરે** ઘણા જંદા જોગી પ્રમૂખ જમૂનાંજીમેં બોલ્યા છે.' તે માટે કહો તો તૂમને વાહણમેં બેસારી ઉતારી પરદેશેં મેલૂં. તીવારે શ્રીજી કહે માહરો ગચ્છ કિહાં જાઇ ? તે માટે માહરે જાવૂં. ઇમ કહી ભલે મૂહુર્તે શ્રીજીઇ વીહાર કિધો. વીહાર કરતાં કરતાં **મૂઝપુરેં** આવ્યા. તિહાં **માલદે માહાતમો** રહે છે. તેહ કનેં ચમત્કાર જાંણી કહ્યું : 'જે સાથેં આવવું.' માલદે માહાતમો તિવારેં તે કહે જે દિનેં તુમેં **દિલ્લી મેં** પ્રવેશ કરસ્યો તે દિનેં હું માહરેં ઈષ્ટે કરી જાંણીસ. તે ઘડીઇં હું તિહાં આવીસ.

તિવારેં તીહાંથી વિહાર કરતાં કરતાં **શ્રીહીરવીજયસૂરી** સંવત્ ૧૬૩૯ નાં વર્ષે જેઠ વદ ૧૩ દીનેં **દીલ્લિનગરેં** સામીઉં તઇઆર થાઇ છે. એહવે **માલદે માતમો** ઈષ્ટ બલેં નગરે પ્રવેશ કરતાં જાંણી ઉડંત ગોટકો મુખ મધ્યે ઘાતી(લી) તત્કાલ સાંમઇઆ વેલાઇ શ્રીજી પાશેં **માલદે માતમો** આવ્યો. તે **માલદિ** પ્રમુખ ઘણેં પરિવારેં આડંબરે પાતસાહ અકબ્બરને મલવા જાતાં વિચમાં જંદો મલ્યો, તેહોં પોતાના માથાની ટોપી ઉંચી ઉછાલી કહે. કરામત હોઇં તો મેરી ટોપે લ્યાઓ. તિવારેં **માલદે માતમેં** ઊંચો ઓઘો નાખ્યો. ઓઘે પીટી પીટી જંદાને ટોપી આણી આપિ, તે ખૂસી થયો. તદનંતર પાતસાઇ જ્ઞાંન ચમત્કાર જાંણવા ભણી ભૂઈરાં માંહેં એક બકરી ઘાટી(લી) ઉપરેં જાજીમ પથરી. એતલેં શ્રીપૂજ્ય પધાર્યાં. **અકબરે** કહ્યું: આઘે આઓ, આઘે આઓ. તે સાંભલી કહે 'ઈહાં જીવ છે. તિહાં અમેં પગ ન દેઓ.'

તિવારે પાતસાહે જોવરાવયું. કીડિઓ જાણી જાજીમ હેઠે. તિવારેં તે દેખી પુજાંવી પાતસાહે. તિવારે વલી કહે જીવ જે મોટો. પાતસાહ પૂછેં કિતનેં જીવ હે. **માલદે** કહે તીન જીવ હે. તિવારેં પાતસાહેં જાંણ્યુ જે જૂઠો પડ્યો. તિવારેં પાતસાહે ભૂંઈરું ઉઘાડિ જોવરાવ્યું. તે દેખી પાતસાહ ખુસી થયો.

પછી બેઠા. ઘણી જ્ઞાન ગોષ્ઠી કરી પાતસાહને પ્રતિબોધ્યો. પાતસાહે **જગતગુરુ** નામ દીધું. **ડાંબર** તલાવની જાલ છોડાવીં જીજીઓ મુકાવ્યો. ગાયું મરતિ રાખિ. ભાદ્રવે માસેં દીન ૧૨ અમાર પલાવી. પોતાના દેશમાહેં ફરમાંના લખિ સેવાસેર ચકલાનિ જીભ ખાતો તે **અકબર** ને મુકાવી. **શ્રીશત્રુંજાનું** દાણ મુંકાવ્યું. પછે ચાર ચોમાસાં તે દેશમાહેં કર્યાં. પછે **શ્રીસોરઠદેશ** મધ્યે **ઉંને નગરેં** પધાર્યા. પછી **શ્રીસિદ્ધાચલ**ની જાત્રા કરી. ઘણા દેશેં વીચરતા સંઘ ઘણી પૂજા પ્રભાવના અંગપૂજા સોના-મોહરેં રૂપઈઈ અભિરામી અસર્પિઈ થાઈ છે. વલી ઘણી બિંબ પ્રતિષ્ઠાઓ કરી.

**ઉંને** ચોમાસૂ પધાર્યા. તિહાં શરીરેં અબાધા ઉપની જાણી ઘણા સાર સિદ્ધાંત ગીતાર્થે સંભલાવ્યાં, વ્રત પચ્ચખાંણ કર્યાં, ગછની ભલામણ આચાર્ય **શ્રીવીજયસેન સૂરિ**નેં તથા ઉપાધ્યાનેં ભલામણ દીધી. નોકાર ગણતાં સમાધપણેં સંવત્ ૧૬૫૨ વર્ષે ભાદ્રવા સુદિ ૧૧ દીનેં **શ્રીહીરવીજયસૂરી** સ્વર્ગે પોહતા. **દીવનેં** તથા **ઉંનાને** શ્રાવક ઘણો ઓછવ કીધો. અંગપૂજા ઘણા ધન ખરચી માંડવિ કરી. નિરવાંણ મોછવ કિધો. જીહાં દાઘ દીધો તે થાનકેં ઘણો ઓછવ કિધો. આંબો વાંઝીઓ ફલ્યો. તિહાં શ્રાવકેં થુભ કિધી. વલી **ઉંનાના ઉપાશ્રામાંહે શ્રી પૂજ્યને(જે) પાટીઈ બેશતાં તિહાં પાટીઈ બેશવાનો ગોખ છે. તેહનો આજ લગેં ઘણી (ણો) પરચો છે. તિહા કોઈ બેસે નહી. તીહાં પૂજા સ્નાંત્ર થાઈ છે.** તો એહવા **શ્રીહીરવીજ(ય)સૂરી** માહાપ્રભાવીક પુરુષ થયા.

તત્પટ્ટે ૬૧મેં પાટે **શ્રીવિજયસેનસૂરિ** થયા.

**સકલચંદ્ર ઉપાધ્યાય રચિત વીર વર્દ્ધમાન જિનવેલી**

વીર પટોધર શ્રેણિઈ આયો, **હીરવિજય** ગુરૂ હીરો,
**સકલ** કહિ એ સો નિતિ સમરો, ચરમ જિનેશ્વર વીશેરો રે. હમચડી. ૬૬

૩

## હીરસૂરીશ્વરજીની કથા

સંવત પનર ત્યાસિએ ૧૫૮૩ મૃગસરસિ સુદિ ૯ દિને **શ્રીપાલણપુરે** જન્મ, સંવત પન્નરછન્નુએ ૧૫૯૬ કાર્તિક વદિ બિજ દિને શ્રી **અણહિલ્લપુર પાટણે** દિક્ષા, સંવત૧૬૦૭ને વર્ષે શ્રી **નાડુલાઇ નગરે** શ્રીઋષભદેવને પ્રાસાદે પંડિતપદ પામ્યા. સંવત્ ૧૬૦૮ આઠને વર્ષે મહાસુદ ૫ મેં શ્રી **નારદપૂરે** શ્રી વરકાણા પાર્શ્વનાથસહિત શ્રી નેમિનાથ પ્રાસાદે વાચક પદ, સંવત૧૬૧૦ દસાને વર્ષે શ્રી **સિરોહિત** નગરે સૂરિપદ પામ્યા.

જેહનૌ સૌભાગ્ય વૈરાગ્યાદિક ગુણ પ્રતે બોલવાને કાજે બૃહસ્પતિ પણ ચતુર ન હોઈ તો માહાનુભાવનો સૌભાગ્યદિક ગુણ પ્રતે બિજો નર કુણ વર્ણવિ સકે. તથા વલિ **શ્રી સિરોહી નગરે** શ્રી કુંથુનાથજીની પ્રતિષ્ઠા કીધી. વલિ શ્રી **નારદપૂરીયે** અનેક જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કિધી. શ્રી **અહમ્મદાવાદ નગરે** લૂંકામતિ અધિપતિ **ઋષિ મેઘજી** પોતે લૂંકાનો મત દુર્ગતિનો હેતુ જાણિને રજનિપરે છાંડિને પચવિસ મુનિ સંઘાતે પાતસાહ **શ્રી અકબ્બર**ની આજ્ઞાપૂર્વક તેહના વાજિત્ર વાજતે મહામહોચ્છવે ફરી દીક્ષા લિધી. **શ્રી હીરસૂરી**ના ચરણકમલ સેવનાને તત્પર થયા. તેહવે **શ્રી હીરસૂરીજી**ને અને પાતસાહને મલવાનો કારણ થયો. તે સંબંધ લખિઇ છે.

શ્રી **ગુજરાત**મેં સત્તર હજાર ગામ. તેહનું બેસણું પાટવી **અહમદાવાદ** ટીલાયત સેહેર છે. તેહને કેડે **ગંધાર** બિંદર છે. તે માંહિ **રાંમજી** ગંધારીઓ શ્રાવક મહાધનવંત વસે છે. તેણે **ગંધારીઇ શ્રી હીરસૂરીજી** ની ઘણી પ્રખ્યાત સાંભલિને જુગપ્રધાન સમાંન મહા પ્રભાવિક **શ્રી હીરસૂરીજી**ને વાંદું તિવારે વિગય વાવરું ઇમ વિચારીને વિનતિ લખી. સ્વામી **ગંધારે** ચોમાસુ પધારો. તે વિનતી પ્રમાણ કરીનેં વાટમેં આવતાં ત્રિણ ચોમાસાં થયા. ચોથે ચોમાસે **ગંધાર** નજીક આવ્યા.

તે વધામણિઓ કાસીદ આવ્યો. તે સાંભલીનેં વધામણિયાનો મુખ મોતિયેં ભરીને વધામણિયા આગલે પાંચસે વખારનિ કૂચિંઓ કાસીદ આગલ્યેં નાખીને **રાંમજી** ગંધારીઓ બોલ્યો. વધામણિમાં બગસીસ છે. એ પાંચસે કુંચિ માંહેથી જે કુંચિ ઉપાડે તે વખારનો માલ તાહરો છે. તે માટે તાહરી નજરમાં આવે તે કૂંચિ ઉપાડ. તિવારે કાસીદે મોટી કૂંચિ ઉપાડી. તિવારે સેઠ બોલ્યા જે હે ભલા આદમી એ સ્યું ઉપાડે છે. બીજી ઉપાડ. એ કુંચિ મુકિ દે. તિવારે કાસીદેં વિચાર્યું, જે મોટી કુચિની ના કહે છે. જે તાંઇ માલ ઘણો દીસે છે. તે માટે ના કેહતા હસ્યે. તે ધારીનેં કાસીદ બોલ્યો. 'જે ઉપાડી તે ખરી' તે વખારનો માલ બગસીસ કર્યો. તિવારે તે વખારનિ કુંચિ આપીને વાંણોતરે તે વખાર ઉઘાડિ આપી. પણ કર્મમાં હોય તે ફલે. **'एगे एगे निधानानि जोजने रसकूंपिका ॥'** ઇત્યાદી.

પણ તે માંહે જોવે તો પાંચસે વાહણનાં દોરડાં, નાંગર, વરેડાં એહવા ભર્યા છે. તે દેખીનેં સેઠ ચિંતવીનેં કહે છે જે એ બિચારો સ્યું કરસ્યેં. એ સર્વની કિમત કરાવિનેં દાંમ ગણિ આપો. તિવારે ગુમાસ્તે એહની કિંમત કરાવી સર્વ મળિ ઇગ્યાર લાખ બાવન હજાર રુપઇયાનિ કિંમત થઇ. તે રૂપઇયા વધામણિયા ને ગણી આપ્યા.

તિવારે પછે **રામજી** ગંધારીયે સર્વસંઘને મેલવીને સર્વનગર સિણગારવા માટે ચાકરો ને હુકમ કર્યો. 'જાઓ રે નગર, ચોહટાં પ્રમુખથી કચરો ટાલિ, પાંણી ના છંટકાવ કરાવો. પછે પટકૂલે મેડિ, મંદિર, માલિયાં, ગોખ, ઝરોખાં, છાહો, ચોહટો પ્રમુખ સિણગારો. ઘર તોરણ ત્રાટ શોભીત કરો. પછે સઇકડા બદ્ધ સાંબેલા સિણગાર્યા. ચતુર સોહાગણ સ્ત્રીઓ મહારુપવંત સોલે સિણગાર સજીનેં એકસોને આઠ સુંદરીઇ વરબેહડાં ઉપાડ્યાં. બીજી સામગ્રી નગરમાં જેતલા હાથી, ઘોડા, રથ, સુખાસન, પાલખી, નાલખી પ્રમુખ સિંણગારીને તિયાર કર્યા. સર્વ પ્રકારના ઢોલ નગારા, મૃદંગ, ભેર, જલ્લર, તાલ, કંસાલ, સરણાઇ, વીણા, સારંગી, પડહ, નરઘાં, ત્રાસાં, સતાર, પ્રમુખ ૩૬ પ્રકારનાં વાંજા વાજતે દાંન માંન તેહે ઘણા ભાટ ચારણ બિરુદાવલિ બોલતે ભવ્ય જીવના હૃદય કમલ ઉલ્લાસ થાયે. ધવલમંગલ ગીત ગ્યાંન થાતેં મહામહોચ્છવ સહિત સાંમઇયું લેઇ ગુરુને સન્મુખ આવીને પાંચ અભિગમન સાચવિ ત્રીણ પ્રદક્ષણા

દેઈ દ્વાદશવિત્ર વંદનેં સેઠ **રામજી** ગંધારીઇં શ્રી **હીરગુરુજી**ને વાંદ્યા. એટલે **રામજી** ગંધારિયા નો અભિપ્રાય પૂરો થયો. ધૌમ થકી જાચક જનને દાન દેતાં ચઉટાના મધ્યભાગે થઇને **શ્રીહીરગુરુ** નેં ઉપાશ્રયે પધરાવ્યા. **શ્રીરામજી** ગંધારીઇ સોનૈયાની પ્રભાવના કરી. તીવારે અન્ય દર્શન વાલા દેખિને ચમત્કાર પાંમ્યા. શ્રી જિનશાસનનેં ઘણું પ્રશંશતા હતા. જે જૈન ધર્મ મોટો છે.

હવે **શ્રી હીરવિજયસૂરિ**નેં ચોમાસો રાખ્યા. વિશેષપ્રકારે ધર્મોદ્યમ શ્રાવક કરે છે, નવે નવે પ્રકારે.

તેહવા સમયને વિષે **અકબ્બર** બાદસાહિ **આગરા** સહેરનેં વિષે શ્રી **થાનસિંહ ટોડરમલ્લે** બેઈ પાતસાહ **અકબ્બર**ને આગલે દિવાન છે, એ વસંતમાસે ક્રીડા કરીને ઘેર આવ્યા છે. એહવે **ચંપાબાઈ**ને અનુભવ ઉપંનો જે છ માસી તપ કરું. તે હવે **થાંનસિંઘ ટોડરમલ્લ**ને પાસે રજા માંગીને ફઇ ચંપાબાઈઇં છમાસિ તપ કીધો. ગુરુપાસે છ મહિનાનો પચ્ચખાંણ કરીનેં પોતાનેં ઘરે ગાતે વાજતે આવે છે. **ચંપાબાઈ** સુખપાલમાં બેંઠા છે. સુખપાલ આગલે અલુવાણે પગે **થાંનસિંઘ ટોડરમલ્લ** ચાલ્યા જાતા દેખીનેં જરુખે થકી પાતસ્યાહ બોલ્યા, "જે યારો એ ક્યાહે. દેખો હિંદુકા ધર્મ એસા ક્યું. જે મહિરિકે આગેં મરદ નંગે પાઉસેં ચલતેં હેં, જાઓ બે **થાનસિંહ**કુ બોલાય લાઓ."

તિવારે હજૂરિ પાતસાહનો આસાદાર આવ્યો. **થાંનસિંઘ**ને કહે જે "તુમકું સતાવી પાતસાહ બોલાવતે હોં." તે સૂણિ તત્કાલ તિહાં આવિ કુનસ કરિ ઉભો રહ્યો. તિવારે પાતસાહ કહે, "અબે **થાંનસિંઘ!** મેરા દિવાન હોકર તે નંગે પાઉ મેહરિકે આગે ચલતા હે સો મેરે તાંઈ લજવતા હે. ઐસા તેરા ધર્મ ક્યા હે, નાનત (લ્યાનત) હે તેરે તાઈ."

તિવારે **થાનસિંહ** બોલ્યો, "જે જાહપુનઃ હજરત પાતસાહ સલામત! એ મહીરી મેરી ફઇ હૈ, સો વડિ હિમત કિની હે. જે છમહીને કે રોજે ધરે હે." તબી પાત્તસાહ બોલ્યા જે, "ઇસ મે ક્યા દિનમેં ન ખાવે તો રાતકું ખાવે એસે તપતો હમેરે ફકીર બહોત કરતે હે." તબી **થાંનસિંઘ** બોલ્યો જે 'હે પાતસાહ સલામતી એસે રોજે તો હમેરે નહી હોવેગા. હમેરે રોજે તો નકોરડે. કછુ દિને નહિ ખાંણા. કછુ રાતે બી ન ખાંણા. બહુ પ્યાસ લગે તબ ખૂબ તાતા પાંણી કરકે ઠાર રખે. સો દિનકુ પાણી પીના. પાણીના ઓર કચ્છુ નહિ લેણા નહિ

દેણાં. ઈસ તરેસે છ મહીને કે રોજે કીએ હેં..'' તબી પાતસાહ બોલે. 'અબે **થાંનસિંઘ !** એ ક્યા કહતા હે, સો અનાજ વિના જીવે ક્યું. ભલા તેરા કહ્યા તો તબ માનું જો છ મહીને લગેં હમેરી હવેલીમેં રખેં. આછી ખાસી તરેસેં હમ ખિજમત કરેંગે. પાંણી પીવણેકા આવે સો માફ હે, ઓર કછુ ન ખાણે પાવે તબ હમેરે અંત(પુ)?રમે રખેગા. તેરી ફકી સો હમેરી ફકી કર માંનેગે, જા કર ફઈકુ આપણી હવેલિમેં લ્યાઓ.'

એહવિ વાત સુણ કર **થાંનસિંઘ ચંપાબાઈ**કું બહોત તાલમખાંનાસું તેડકર આયા. પાતસાહ કે મેલ મે તેડ આયો. પાતસાહેં પોતે કહ્યું **હૂરમાં**ને ખોજાઓને કહ્યો સો તુંમ બેફકિર માનજ્યો. બહોત બરદાસ ખિજમત આછી રીતે રખિઓ. એક પાંણિ તાતા આવે સો આંણે દિજીઓ. પિણ ખાણે કિ જણસ અનાજ મેવા મિઠાઈ માવો ખાવેકી કછુભી ચીજ આવે સો ખબર રખણિ. સો હમેરે તાંઈ કેહણા. એહવિ સર્વ ખોજેકું **હૂરમાં**કુ ભલાંમણ ફકીકી દિની. પાતસાહ પોતે કચેરીમાં ગએ. ઈમ કરતાં પહિલા મહિના ગયા. દૂસરો તીસરો માસ ગયો. ચોથા બી પાંચમા બી માસ ગયા. નિત્યે ખબ્બર લેતાં છઠ્ઠા મહિના પૂરા હોણે આયા. ભાદ્રવા સુદિ ચોથનિ તઈયારિ હૂઈ તિવારે રજા લેવેકું **થાંનસિંઘ** પાતસાહ કનેં આવિને રજામાંગી, 'હે પાતસાહ સલામત અબ મેરી ફકિકું એક રોજા ઓછાહે. છ મહિને કે રોજે પૂરે હુઈ. આ પકા હુકમ હોવે તો આજકા દિનમેં દેવ કે ગુરુ કે પાઉ લગેં. કિતાબ પુરાણ સુણેં. સબન્યાતિકું જાતકું સબ કુટુંબકું ખિલાય કર પીછેં ફકિ ખાવેગી.'' એહવુ કહ્યું તિવારે પાતસાહે પોતેકી **હૂરમાંને** ખોજાને તેડકર પુછે : ''ફકીઈ છ મહીને કે રોજે કીયે, સો ક્યા ક્યા ખાણા ખાંયા. સચ્ચ બોલો''

તબ બીબીએ કહ્યો, ''હે હજરત! એક દેખ્યાહે સો તાતા પાણી પીયાહે. સો માફહે. દૂસરા કુછ કછુ ભી ન દેખ્યા. સો સુનકે પાતસાહ અચંબો પામ્યા. પીછે **ચંપાબાઈ** પાસે આવકર પૂછવેંકું લાગો,'' ''હે ફકિ! તુમને છ મહિનેકે રોજે કીએ સો કિસી કિરમાતસે કિયે. તિવારે **ચંપાબાઈ** બોલ્યા 'સો મેરે ગુરુદેવકી કિરામત સે રોજે કિએ.'

તબી **અકબ્બર** પાતસાહ બોલેં. ''સો તેરે દેવ તો પથરકે પૂતલેં હેં સો જાંણતે હેં, પિણ તેરે ગુરુ સો કૌન સો બતલાવો. સો કાહા હે.'' તિવારે

**ચંપાબાઈ** બોલ્યાં. સો મેરે **હીરગુરુ**કી કિરામાત સેં રોજેં કીયેં. સો **ગુજરાત**કે નજીક **ખંભાયત** સેહેર હે. તિસકે નજીક **ગંધાર** સેહર હે. તિસ સેહરમેં **રામજી** ગંધારીઓ વસતાહિં. તિણે બહોત આગ્રહ કરકે રખ્યા હેં. સો ઉનકી કિરામાતસેં હે પાતસાહ સિલાંમત મેરે સો **હીરગુરુજી**કી કૃપાસેં મેં એતે રોજે પૂરે કિએ. એહવિ વાત સુનકે **ચંપાબાઈને** નિવાજીકર રજા દીની.

પીછે પાતસાહે દિલમેં ક્યાસ કિનો વિચારે. સો ગુરુ **ગુજરાત**મેં **ગંધાર**મેસે બેઠે બેઠે કિરામત ચલાવે. ઉનકી કરામાતસેં છ મહીનેકે રોજે કીએ. એસો **હીરગુરુ** કેસા હોવે ઈસકે દિદાર દેખને સેં અચ્છા હોવેગા. એસા ધારકે **ગુજરાત**કે સુબા ઉપરે પરમાંનો પાતસાહેં લખ્યો 'જે **ખંભાયત** પાસે **ગંધાર** સેહરમેં બડે સે બડે કે સિરદાર **હીરવિજય સુરિ** કેલાતા હૈ. ઉસકું કુંનસ સલામ કરકે કહેણા સો પાતસાહે આપકું બહોત યાદ કરકે કહ્યા હૈ સો રાહમે ખરચ લગે સો લ્યો. અને તઈયાર કરકે ચલો. એહિ અરજી કરકેં ભેજ દિજીઓ' એહવો પરમાનો કાગદ લિખ ભેજ્યો **ગુજરાત**ના સુબા ઉપરે. તે પરમાંનો વાંચિનેં **રાજનગરને** સુબે સિતાવિ મોકલ્યો, **ખંભાયત**ના સુબેદાર ઉપરેં. તે વાચકર **ગંધારે** મોકલ્યો.

તેહવેં **શ્રી હીરગુરુ**કે આગે **રાંમજી** ગંધારીઓ આગમ સિદ્ધાંત સાંભલે છે. એહવેં અવસરેં પાતસાહના મેવડા આવ્યા. ફુરમાના આપ્યા. તે વાંચીને સમાચાર જાણ્યાં. પાતસાહ **અકબ્બરે** તેડવા મોકલ્યા છે. તે જાને **રામજી** ગંધારીઓ **ખંભાયત** આવ્યો. તિહાંના માહાજનને તેડિને **રાજનગર** આવ્યો. તિહાં સર્વ મહાજન મલીને દરબારનેં કારકુનનેં તથા મેવડાને લાંચ ભાડું દેઈને પતલાવિને રાજી-રજાવંત કરીને સર્વે ભેલા મલીને પાતસાહનેં અરજી લખી તે અરજી લેઈને મેવડા પાછા ફરીને પાતસાહ પાસેં આવી અરજીકો પરમાંનો આપ્યો. તે પરમાંણો દિવાને વાંચી સંભલાવ્યો.

તિવાર પછે મેવડેકું પુછયા, ક્યા હકીગત હે. સચ્ચ કહીઓ. તિવારે મેવડા કહે છે. સુંનો પાતસાહ સલામત! **હીરગુરુ ગંધાર**મેં હે. હમ બાંણેકું ગએ સો દેખ્યા. તબ આખર વખત હે. કછુ વિલત ભાવ હોવેગા. તૌ તબ કહિ કહાવિને સરીરકું જમિત આરામ હોવેગા. એટલે સતાવિ ભેજ દિયેગેં. એહવા પત્ર પાતસાહને લિખ ભેજ્યા હે. તે સુંણકે પાતસાહે વાત માંની સો હોયગા.

તેહવે પાતસાહ પાસે ચ્યાર પાંખાલિ દિવી છે. તે વડી કિરામતની છે. તેહની પ્રવૃત્તિ કહિયે છે.

દિલ્લિ સેહરમેં એક ઘાંચિ વસે છે. તે ચોમાસા માંહે બહોત વરસાત વૂઠો. તેહને યોગે જાંની ભીત હતી તે ગીર પડી. તે ઘાંચિ ચોમાસામાં પડ્યા ઘરનો પાઈઓ ખલબલતાં ખોદતાં માંહે થકી એક ચ્યાર પાંખાલિ દિવિ ભલા ઘાટની નીકલી. તે ઘાંચિ લઈને ઉગટી. રુડી સમારીનેં ચોખી કરી. તેહનેં ચ્યાર પરણાઈયાં દેખીને રીજયો. સાંજ પડે દીવીનો કોડિયા માંહે તેલ પૂરીનેં ચરાક દિવા કીધા. તિવારે ચ્યાર ઓલિયા ફકીર ફિરતા દીઠા આવી ઉભા રહ્યા. તે દેખીને ઘાંચી બિહનો કેહવા લાગો, "જે તુમેં કુણ છો ?" તિવારે ચ્યારે ઓલિયા બોલ્યા 'જે એ દિવીકે આધીન હમહેં. જિહાં લગણ ચિરાક જલેગી તિહાં લગે હમ ઈહાં રહેંગે. હાજર થકાએ ચ્યાર પરણાઈયામેં હરફ લિખે હેં. તિસ કારણે હમ દિવિકે સેવક હેં, એ દીવિ જો પ્રગટે તે જિહાં કામ ફુરમાવે તે કામ કરેંગે.' તિવારે ઘાંચિના દિલમેં જોવાની સોખ ઉપની. "જે પાતસાહનાં મોહલમે લેઇ જાઓ અને પાતસાહનિ સુવાની જગ્યા પ્રમુખ સર્વ ઠિકાણા મુજને દિખલાવો."

તિવારે ઓલિયેં ઉપાડિને પાતસાહના મોહલમેં ફેરવિને જિહાં પાતસાહને સુવાનિ સજ્યા જડાવ જડિત છે તિહાં આવ્યો. તે પલંગ ઉપરે પરનિ તલાઈ બિછાવિ છે. તે ઉપરે ફૂલ ભાત ભાતના બિછાવ્યાં છે. સવા વેહત પ્રમાણે કરો કીધો છે. વલિ ઉપરેં કસ્તૂરી, અંબર, બરાસ, જીણો ચૂરણ ભરભરાવ્યો છે. તેહનિ કસૂબોઈ સુગંધ મહમહે છે. અનેં સજ્યા પાસે ચિંહૂં દિસે ધૂપગંધ અગરનિ સુવાસ ધુંવાડો પસરી રહ્યો છે. વલિ દિવાની જ્યોતિ પ્રગટી છે તે દેખી ઘાંચિ હર્ષ પામ્યો. મનમાં એહવો (વિચાર) આવ્યો છે. આ પાતસાહનિ સજ્યા ઉપરે સૂઈ તો જોઉં કેહવી મજા છે. તે ધારીને સજ્યા ઉપરે બેસીને લગારેક સૂઈ જોઈઈ. એમ ધારીને સૂતો. તેહવેજ નિદ્રા આવી. ઘોર નિદ્રામઈ થયો. તેહવે ઘાંચિને ઘરે દિવી હતી તેહમાં દિવેલ દિવે તેલ પૂરયો હતો તે તેલ બલિ રહ્યો એટલે ચરાખો બુજાઇ ગઇ. દિવો રાજ બેઠોં. એટલે ઓલિયા અદસ થઇ ગયા. પોતાને ઠિકાણેં ગયા.

એટલે **અકબ્બર** પાતસાહ સુવેકું સજ્યાએ આયા. તિહાં દેખે તો મલ મલિન લુગડાં, કાલોભૂત સરીખો બિહામણો, વલિ ઉજડ ખેડાનો હડુમાંન, મદોન્મત્ત, ભૈરવ સરીખો દેખીને પાતસાહ અચંભો પામ્યો રે ઈસ જગા મેં એ ક્યું કર આયા હોયગા, ઈસકી નિગેદાસ્તી રખણી. ઈમ કહી પલંગ ઉપડાવીને એક ઓરડામાં મુંકાવ્યો. વલી કમાડ બંધ કર સાંકલ આપી

તાલા દીધાં. કુંચિ પાતસાહે પોતાની પાસેં રાખી. પ્રભાત થયો. તિવારે પાતસાહે હાથે તાલો ખોલ્યો. દેખેં તો તિમ સૂતો છે. ઊંઘ માંહેથી જગાડીને પકડ્યો. પુછે છે, 'તું કુણ છે ? કિસ તરેસેં અંદર જનાનામેં ક્યું કર આવ્યા. સો કહે. સચ્ચા બોલણાં, જૂઠ બોલણા નહીં.

તિવારે ઘાંચી કહે, 'હે પાતસાહ! સલામત મેં સચ્ચી બાત કહૂં સો સુનો. હમેરે ઘરકી સફીલ મેહસેં ગિર પડી. ઉસકા પાયા ખલબલતાં જમિમાંહેસે ચ્યારખાંને કી દિવી નિકળી હે. સો ઉગર કર કે મેરે ઘરમે ચ્યાર દિવે કીએ. ઉસ વખત ચ્યાર ઓલિયા ખડી દેખે. મેં તો મનમે બહોત ડર્યા. તબ ઓલિયે બોલે 'જે તું કિસ વાસ્તે ડરતા હે. એહ ચરાખાં જલેગી તબ લગે તેરે આગે ખડે હે. તેરે હુકમ માફક ચલેંગે. તે જેસા હૂકમ કરે. સો હમ કરેંગે.' તે સુણ કે મુજને સોખ ઉપની. જો મેરા કહ્યા કરો તો મેરે તાંઇ પાતસાહકી મોહલ હવેલી સારી ફીરાય કર દિખલાવો. તબ ઓલિયા ઉપાડ કર ઇહાં લાયા. સારી હવેલિ દિખલાવીનેં આપકે સોણેકી જગ્યા દેખકે બહોત ખુસી હૂંવા. લેજાક માત્ર સોણેકા દિલ હૂવા. તબ સુતા, સુતા સેં નિદ્રા આવી. આપને જબ ઉઠાયા તબ ઉઠકર તુમ આગેં ખડા હૂં. તમેરી સોખમેં આવે સો તક્સીર આપો.

તબ પાતસાહ ગુસા કર બોલે. જો તું કિરામાતસે આયાનેં તુંને દિવી પાઈ સો લ્યાઓ. તબ ઘાંચી સુનકે ખડા હૂવા. તબ પાતસાહેં ચાકર સાથેં ભેજ્યા. ઘરે જાય કર દીવી લેઇને ચાકર ઓર ઘાંચી આય નેં પાતસાહ કે આગે દિવિ રજૂ કીની. તબ પાતસાહ દિવી દેખને ખુસ હૂઆ. તબ ઘાંચીકુ તાતા પાંણિસે નવાય કર, આચ્છે કપડે પેહરાએ. પાંચે પૌસાક સેં પસાય કર્યા. પીછે મેવા મિઠાઇ ખિલાય કે પાસે રખ્યા. નિજર કેદસે જાણે વાવે નહી. તબ સાંજ પડી. જબ ઘાંચીકું પાતસાહે અલાયદા બેસાડને દિવીકે ઉપરે ચરાક સરુ કીધી. તેહજ વેલાઇ ચ્યાર ઓલિયા આય કર ખડા રહે. તબ પાતસાહ દેખને ડરયા. પીછે દિલમેં કયાસ કીયા. જે ઘાંચિ સચ્ચા. ઐસા વિચારને પાતસાહ બહોત ખૂસી હૂયા. ચ્યાર ઓલિયા પાતસાહકે આધીન હૂયા. પીછે ઘાંચીકૂ બહોત સન્માંન કરકેં સિરપાવ પેહરાય કર, દિલ્લી સેહેર કી સેઠાઇ ઘાંચી કું દિની. તે દિનસેં સેઠાઇ ઘાંચી કરતે હેં.

અબ તે ઓલિયોકું પાતસાહ પુછતે હે, કહો **ગુજરાતમેં ખંભાયત** સેહર પાસેં **ગંધાર** સેહરમેં **હીરગુરુ** હે સો ઇસકી કેસી ખબર હે. સો કાયલિ કેસે કહે તે કહો. તબ ઓલિયો બોલેં **હીરગુરુ**કું આરામ જમિયત હેં. કછુભી દરદ નહી. સો તો વડા કિરામાતી હે. અલ્લાકા પૂરા હે. તિનકું ઈહાં આણેં કિ સોખ નાહી. વલી ઓર **રાંમજી** ગંધારીયે સબકું લાંચ ભેંચ દેકે ખોટા કાગદ લિખ ભેજયા હે. તબ સુણકે પાતસાહ ગુસેં હોયનેં પ્રભાત સમેં પાતસાહે તાકિદિ ફુરમાનામે ઐસા લિખ્યા જે પંચ જૂઠે જૂઠે જવાબ લિખતે હૈ. સો નહી જાંણતે. લાંચ ખાત હો સો મારે જાઓગે. સો સિતાબી **હીર ગુરુ**કું ભેજ દીજીયો. જે ચાહિ જેસો દિજીઓ. નહિ ભેજેગે તો તુમકું **ગુજરાત**કિ તાગિરિ હોવેગી. ઇસ વાસ્તે સિતાબી ભેજ દિજીઓ. એસા પત્ર લિખનેં **ગુજરાત** ભેજે. તબ **ગુજરાત**વાલે **ગંધારે** તાકિદી કીની. તબ એહવો સાંભલિ નેં **રાંમજી** ગંધારિયાને જોર ન ચાલ્યો.

તિવારે મહામોંહછવ કરીનેં **શ્રી હીરવિજયસૂરિઇં** પોતાને પાટેં **શ્રી વિજયસેનસૂરિ**નેં થાપિને પાંચસે ઠાંણા સાથે **શ્રીહીરવિજયસૂરિ** પાંગર્યા. **ખંભાયતેં** આવ્યા. તિહાંથી વિહારતા કરતા **ગુજરાત રાજનગરેં** આવ્યા. સંઘે સામઇઓ કરી ઉપાસરે પધરાવ્યા. તિહાંથી **મેસાંણે, સિદ્ધપુર, પાલણપુરેં**થી **સરોતરે** પધાર્યા.

એટલે પજુસણ આવ્યાં. તિવારે શ્રાવકે કહ્યું જે કાતિ ચોમાસા લગે ઇહાં રહો. તિવારે **હીરગુરુ** કહે જે પાતસાહ વડો કાફર છે. તેહનિ આજ્ઞામે તુમારે રેહવું. તે વાસ્તે તુમને વખો પડે તે માટે અમે ચાલસું. તિવારે સંઘે પલ્લિપતિ ભીલનેં કહ્યું - જે શ્રીજી રહે તો તુમારા રાખ્યા રહે. આમાંરા રાખ્યા તો ન રહ્યા. તિવારે પલ્લિપતિ નાયક શ્રીપૂજ્યજીને પગે લાગીને કહે છે. તુમ્હે કેહતો ભય રાખો છો. તિવારે મુનિપતિ કહે છે જે દિલપતિએ તેડાવ્યા છે. ન જઇઇં તો ઠીક નહી. તે માટે જાવું પડે છે. તિવારે પલ્લિપતિ કહે : જે એ કાફરનો કિસ્યો ભય રાખસો નહિ. એ ઇહાં આવસ્યેતો અમે સિખામણ દેઇ સમજાવસ્યું. પિણ તુમનેં ચામાસામેં જાવા નહી દીજીઇં, તિવારે સંવત્સરી પ્રતિક્રમણ લગે રહેવાનિ હા કીધી. શ્રાવકને હા કિધિ. સંઘસકલ હર્ષ પામ્યો. પજૂસણમાં છઠ, અઠમ, દશમ, દુવાલસ, માસખમણ પ્રમુખ ઘણા તપ થયા. જાચકને ઘણો દાન સ માન થયા. મોટા મહંત પુરુષ

આવ્યે ઘણો ધર્મનો લાભ થયો. સાહમી વચ્છલ પૂજા પ્રભાવના પ્રમુખ. કરણીઇં ધર્મનો મહિમા અત્યંત દીપ્તવંત કરયો. સંવત્સરી પારણો કરી બીજે દિવસે તિહાંથી સાધ ચાલ્યા.

મજલસરિ ચાલતાં ચાલતાં **દિલ્લી** બાર ગાઉ રહિ એટલે **થાંનસિંઘ ટોડરમલ્લને** ખબર મોકલી **હીરગુરુજી** આવ્યા. તે સાંભલીનેં **થાંનસિંહે** પાતસાહને કહ્યું જે 'શ્રી **હીરગુરુજી** આયે હેં. પાતસાહી **અકબ્બર** બહોત રાજી હુઆ. તબ પાતસાહેં હૂકમ દીયા. જે બડે મહોચ્છવે હાથી; ઘોડા, નોબત, નગારા નિસાંન સબ ફોજ સામાંન ચાહી જે સો લેઇ જાઓ. આછી તરેસે સામઇયો લઇને બડી દોલત થકી મોટો સામઇયો કરિને, **થાંનસિંહ, ટોડરમલ્લ** સામય્યો લેઇને **શ્રીહીરગુરુજીનેં** ઘણે ઇતમાંમસુ જઇનેં વિધિ સહિત વાંધ્યા.

તિવારે **હીરસૂરીજી** ધર્મલાભ દેઇને કહે 'મહાનુંભાવ ! તુમ સરીખા ગૃહસ્થને દિલ્લીપતિના દિવાંન તે તુમારી' દિવાનગિરિમાં તીનસે કોસ થકિ અમને ઇહાં તેડાવ્યા. ચોમાસામાં વિહાર થયો. તે તુંમને સ્યાબાસ છે. તથા તુમારા કારભારમાં ધિક્કાર છે.' ઇમ કહ્યું તિવારે **થાંનસિંઘે** કહ્યું. જે 'મહારાજ અમારો જોર એહના આગલેં ચાલ્યો નહી. અમે ઘણી બુદ્ધિ કેળવી.. પિણ પાતસાહનેં ચ્યાર ઓલિયા મિલ્યા. તે તેહને પુછીનેં વાત કરે છેં. તે આગલે અમારો જોર ચાલ્યો નહી. તુમો આવ્યા છો તો ભલો થાસ્યે. જૈન ધર્મનો મહિમા દિપસ્યે. કિસી ફિકર રાખસ્યોમાં.' ઇમ કહિનેં બડિ ધૂંમસું સાહમઇયા સહિત વાજતે ગાજતે દાન માન દેતે શુભ મુહૂર્તે **દલ્લિ** સહેરમેં પ્રવેશ કરયો.

સોહાગણ ધવલ મંગલ ગાવતે ઉપાસરા મધ્યે આવ્યા. તખતે બિરાજમાન થયા. ગુહલિ પ્રમુખ સોહામણે મોતિઇ વધાવ્યા. સર્વસભા સહૂ સહૂને ઉચિતસ્થાનકે બેઠા. ગુરુ ધર્મદેશના લાભાલાભને અવસરે ઉચરતા હવા અઘોર દેશના મંગલિક નિમિત્તે કહેવા હવા. યતઃ-

સકલ કુશલ વલ્લી પુષ્કરાવર્ત મેઘો<br>
દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનં<br>
ભવજલનિધિ પોતઃ સર્વસંપત્તિહેતુઃ<br>
સભવતુ સતતં વઃ શ્રેયસે પાર્શ્વદેવઃ ॥ ૧॥

જિનેંદ્રપૂજા ગુરુપર્યુપાસ્તિઃ
સત્વાનુકંપા શુભ પાત્ર દાનં
ગુણાનુરાગઃ શ્રુતિરાગમસ્ય
નૃજન્મવૃક્ષસ્ય ફલાન્યમૂનિ. ૨

ઇત્યાદિ દેશનાંમૃત પાન કરીનેં ભવ્ય જીવ હર્ષ પામતા હતા. વૈરાગ્ય પામ્યા થકા સહૂ સહૂનેં સ્થાનકે જાતા હતા. સર્વ સંઘ ગુરુ ભક્તિનેં વિષેં લયલીન હોતા હતા. પછી **થાંનસિંહ** શ્રીપુજ્યજીની આજ્ઞા પ્રમાણ કરીનેં પાતસાહ પાસ આવ્યો. સલામ કરી ઉભો રહ્યો. તિવારે પાતસાહેં **હીરગુરુ**કા સમાચાર પુછનેં કહે છેં-જે **હીરગુરુ** કલ ઇહાં આવે તો બોલાઇ લ્યાઓ. તબ પાતસાહકા વચન પ્રમાણ કરી **થાંનસિંહ** ઘરે આવ્યો. તિવારે બીજે દિન શ્રી પૂજ્યજીનેં અરજ કરે છે જે સાહેબજી પાતસાહ બોલાવે છે. જે **હીરગુરુ**કું તેડ લ્યાઓ. હમ કુનસ કર પાવન હોવે. એહવો વચન સાંભલિ **થાંનસિંઘ** પ્રમુખ સંઘ તથા ઘણા સાધુ સાથે પાતસાહની કચેરીમાંહે આવ્યા.

તબ પાતસાહ તખ્ત થકી ઉઠીનેં કુંનસ કરીનેં સાહમાં આવીને પાતસાહેં કહ્યો, જે **હીરગુરુ** આઘેં આઓ. તિવારે **હીરગુરુ** બોલ્યા. જે હમ ઇહાંજ બેઠેંગે. હમેરે આઘા આણેકા ધરમ નહીં. તિવારે પાતસાહેં કહ્યા સો ક્યું આઘે નહિ આતે. તિવારે **હીરગુરુ** બોલ્યા, જે બહોત દિનાકે ગલેચા બિછાયા હોયગા, ઇસકે નીચે કોઇ કિડી મકોડી આવિ હોય સો ગલેચા ઉપર પાઉં દેવેંતો સે જીવ બહોત ઇજા પાવે. સો ખુદા આગે ખુલાસા કિસ તરેસેં હોવે. સો બાબત ગલિચા ઉપર આવણા નહિ. તિવારે પાતસાહ બોલ્યા જે મોતીકી હીરે કી છોહ દિધી હે, સૌનેકી ભિતી હે ઇસ જગામેં જીવજંત(તુ) કહાંસે હોવેગા. ઇમ કહીને હુકમ કર્યો, સો ગલેચા ઉઠાકર હિરગુરુકું દેખલાઓ જંપ્યા. તિવારે ચાકર ગલેચા ઉઠાવણેકું તયાર હૂવા.

તેહવે **હીરવિજયસૂરીઇં** પોતાના પાર્શ્વવર્ત્તિ **માલદેવ** સાહમો જોયો. તે વેલાઇં **માલદેવે** વીરકું હકાર્યા. તેહને જોગે કિડી, મકોડી, ઘીમેલી, જલેચા ઉઠાવતાં હેઠલે કોડાનકોડિ જીવ તે ઇંડાલા સહિત થરનાથર થઇ રહ્યા છે. તે સર્વ માણસ કચેરિ કાંઠે, લોક પાતસ્યાહ દેખને અચંભો પાંમ્યા. અરે અલ્લા હે ખુદા! ઇસ જગામે ઇતના જીવ કહાંસે હૂઆ સો એ **હીરગુરુ** સચ્ચે.

એસા દેખતે પાતસાહ **હિરગુરુ** કે નજિક આયને ખડા. **હીરગુરુ** તુંમ સચ્ચે. જૈસા કાંનૌ સુણતે હો તૈસા જ તુંમકું દેખ્યા. પાઉં લગીનેં રહ્યો. પછે **હીરસૂરિજી** પોતાને ઉપાશ્રે આવ્યા. એહવે તિહાં મલાંણિઓ ફકીર **મકનસા** એહવે નાંમે તિહાં આવ્યો. તે બડો કિરામાતવાલો છે. તિસકા નામ પાતસાહે જગતગુરુ દિયા હે. તે પાતસાહકા ગુરુ હે. **હીરગુરુ**કો નામ સુનકર આયા. સો પાતસાહકું કહ્યૌ સૌ **હીરગુરુ**કું બોલાવૌ. હમ ઇસકિ કિરામાત દેખેં.

તિવારે બીજા દિવસે પાતસાહે તેડ્યા. સૌ **હીરગુરુ** આયા. તબં ફકીરે કહ્યા સૌ **હીરગુ(રુ)** કેલાતે હેં સો હમકું તમેરી વિદ્યાકા ચમત્કાર દેખલાવો. કે તુંમેરા નામ છોડ દયો. તિવારે અંતેવાસી **જગમાલ** બોલ્યો. હે સાઇ તુમ ક્યા કહેતે હો. વિદ્યાતો બહોત હે પિણ આગેસેં તુમેરી વિદ્યા દિખલાવો, પીછેસે હમ દિખલાવેંગે. તિવારે ફકીરે ટોપી આકાસેં ઉડાડિ. તિવારેં **જગમાલે** ઓઘો મંત્રી આકાસેં મેહલ્યો. તે ટોપીનેં મારતા મારતાં નીચી આંણી. પીછે પાતસાહ કચેરીના લોક ફકીર વિસ્મય પાંમ્યો. તિવારે પાતસાહ બોલ્યા જે **મકનસાહ** તુંમેરી ટોપીકું ખંખેર નાંખી સો **હીરગુરુકું** પાયે લગો.

તિવારે તે **મકનસાહ** પોતેકી કિરામાંતકિ કંથા કાઢકર ચોકમાંહે નાખીને બોલ્યા જે એસો કોઇ હો એ કંથા ઉઠાવે. તિવારે પાતસાહનો મલાહરી નામે હાથી છોડ્યો. કંથા બાંધિને તાણવા માંડી પણ હાલિ હાલે નહી. ઉપાડિ ઉપડે નહી. તબ પાતશાહ બોલ્યો. જે **હીરગુરુ**કું હુકમ કરો તો ઉઠાય દેવે તિવારે **માલદેવ** બોલ્યા : જે પાતસાહ હુકમ ફુરમાવે ઊસી તરેસે ઉઠાય દેવે. એહવે વાંસની સલીઇ ફુલ પરોયા છે. એહવી સલિં પાતસાહના હાથમાં સલિની છડી છે. તે પાતસાહે તે છડી આપીનેં કહે જે ઇસસે ઉઠાય ઘો. તિવારે વીરને બલે ગોદડિ ઉછાલિ સો જાતી યમુનામેં પડિ. તબ ફકીરનો મુખ જાંખો પડ્યો, ઇહાં પોતાનો ચમત્કાર ચાલ્યો નહી. પછિ **હીરગુરુ** ઉપાસરે આવ્યા.

તિવારે મલ્લાંણીઓ પાતસાહને કહે જે **હીરગુરુ** કો બુલાઓ ને કચેરીમાંહિ મોટીખાડ ખોદિનેં સાંજની વેલા એક બકરી લાવીનેં માંહે ઘાલીનેં ઉપરે પાટીયા ઢાંકીનેં ઉપરે ગલેચા જાજમ બિછાઇને પીછે **હીરગુરુ** તીસરે દિને બોલાયા. **હીરગુરુ** તિહાં આયા. તિવારે પાતસાહ ઉભા થઇને કહે છે હે **હીરગુરુ** આઘે આઓ. પછેં શ્રીજી કહે જે ઇહાં જ બેઠેગે. તિવારે

પાતસાહ બોલ્યા જે ક્યા હે. શ્રીજી બોલ્યા જે જીવ હે સો નહીં આવતે. તિવારે **માલદેવ** કહે જે નીચે જીવ હે. પાતસાહે જે કેતે જીવ હે ? **માલદેવ** કહે જે તીન જીવ હે. **મકનસા** ફકીર બોલ્યો. જે તુમ જુઠે પડ જાઓગે. એક કે તીન જીવ કહાંસે હોવે. **માલદેવ** બોલ્યા જે તીન જીવડે ઇસમેં ફરક નહી. સચ્ચી વાત હે, ને તુંમ ખોટે પડોગે. તબ પાતસાહેં હુકમ કિયા. સો જલેચા ઉઠાઓ. તબ જલેચા પાટીયા ઉપાડ કર દેખેતો તીન જીવ દેખે. બકરી ગ્યાભણિ હતિ. સો બફારામેં અકલાતે કરને ગાભ છૂટ ગયા. ઉસસેં દો બચ્ચે ઓર બકરી દેખ કે પાતસાહ અચંભો પામ્યા. ફકીર સબ જૂઠે પડે.

તિવારે **મકનસાહે** ઓલિયાને કહીને અરવાંન દેસ થકી એક વડવૃક્ષ મંગાવીનેં જમુના નદીને કાંઠે ખડો કરયો. તિવારે પાતસાહે કહે હે **હીરગુરુ** તુંમબી કછુંક મંગાવો. તિવારે **માલદેવઇં** અઢાર હજારકોસ ઉપરે અસ્તિ **તારાતંબોલ** નગરે તિહાંથી બાવન વીર મોકલીનેં વાડિ મંગાવિ. જમુનાને કાંઠે ઉભી રાખી. તે હતાં સર્વે ઋતુના ફલફૂલ ગેંહેર ગંભીર નવપલ્લવ મહા સોરભ દેવતાનેં રમવા યોગ્ય મનોહર દેખીને પાતસાહ બહોત ખુસી હુવા ફેર ચમત્કાર દેખો.

પાતસાહ કને એકવીસ બાજોઠ મગાવીનેં ઉપરા ઉપરે ચઢાવ્યા તે ઉપરે **હીરગુરુ** ચઢી બેઠા. પછે હેઠલથી વીસ બાજોઠ કાઢી નાખ્યા. એતલે એક બાજોઠ અધર રહ્યો. તે વેલાઇ ફકીરે ઘણિ કરામાત કરી. પણ બાજોઠ હેઠે ન ઉતરયો. તિવારેં પાતંસાહ પગેં લાગીને શ્રીજીને હેઠે ઉતાર્યા. એહવી રીતે એકવીસ ચમત્કાર દેખાડ્યા.

તેહ જ વખત પાતસાહ વસ થયો. પછી ફકીરે ખુદરાઇ કરવા માંડિ. **મકનસા** ફકીરે નાલિયરકી કાથલી કી હૂંડી કર ઉપર બેસીને જમુના નદીમેં તરવા લાગો. તિવારે **માલદેવે** શ્રીજીને કહ્યું એ ફકીર કાફર છે. જિહાં લગે જીવે તિહાં લગે ખુરદરાઇ ન મુકે. તે વાસ્તે એહને શિક્ષા દેવી. તિવારે **હીરગુરુજીઇ** **માલદેવ**ના સાહાજ્ય(ય)થી સઇકડો મણની પથરની સીલા ઉપરે બેસીને જમુના નદીમાં તરતી મુકી. પાતસાહ પ્રમુખ સર્વલોક કૌતિક દેખે છે. તેહવે **જગમાલે** વીરને હકારયો. જે એ ફકીરની હૂડી ઊંધિ માર. તેહવે **હીરગુરુ** બેઠા છે તે સીલ્લા વેગે ચલાવી આવતાં આવતાં લાગમાં લાવિને સીલા ભૂટકાવી. એટલે કાચલી ઊંધી પડી. **મકનસા** ફકીર જમુનામેં બુડ્યો. તિવારે **શ્રીહીરગુરુજીને** અનુકંપા ઉપની. તિવારે ફકીરને બુડતાને હાથ પકડિને કાઢ્યો. તિવારે ફકીર

**મકનસા** તેહ જ વેલાએ હાથ જોડીને પગે લાગો. લાગીને કહે જે તમેરા ઘર વડાહે. આપતો જીતેને મે તો હારયા. જૈસા તુમેરા નામ સુનાયા તૈસા મે નિજરે દેખ્યા. અબ મેરા ઉપર કૃપા કરને ગુનામાફ કરના.

એહવા ચમત્કાર દેખીનેં પાતસાહ બહોત આશ્ચર્ય પામ્યા. એસો ચમત્કારિક પુરુષ દેખીને ઉઠીને પગે લાગો. હાથ જોડીને કહે છે ગુરુજી તમ વડે હો. તમેરા ધર્મબી બડા હે. તમેરા વેષબી બડા હે એમ હાથ જોડિને કહે છે. આજ દિનસે તુમ હમેરા ગુરુ પીર હો. હમ તમેરે નોકર હૂં. તિસ વાસ્તે જે કછુ હાથી ઘોડે દેશ ભંડાર માંગો સો આપું તુમ ખુસી હોયને ચાહિ જે સો માંગિલ્યો.

તિવારે કૃપાવંત **હીરગુરુ** કહે જે હમેરે તો પ્રભુ સેં નેહ હેં. હમેરે મારગમે કહ્યા સો જીવ ઉપરે મેહર રખણી, કોઇ જીવકું દુખ દેણા નહીં. સબ જીવકું આપકા જીવ સમાંગ કર જાંણણા. આપકા જીવકું રેખ માત્ર લગે તો બહોત દરદ હોતા હે તો દૂસરે જીવકૂં હથીયાર સેં હણતે હો તે જીવકૂં દુખ નહી લગતા હોયગા. ફેર તમેરે પીર કહેતે હે. જીવકું મારકર ભસ્ત પોચાડતે હે સો દૂસરે જીવકું પોચાડો તો આપકે માબાપ ભાંઇ ભૈના જોરુ લડકા લડકી કું મારતે ભિસ્ત પોચાડતે ક્યું નહિ ? સો પાપ કરંવેસે ભિસ્ત જાતે હોઇ તો દોજગમેં કુંણ જાવેગા. તબ હે પાતસાહ હમકું તુમ જવાબ ધો કે પાપ કરના છોડ ધો. એસા **હીરગુરુ** કી વચન સુણકેં પાતસાહ બોલ્યા જે હે ખુદા હે પવરદીગાર મેરા ક્યા હાલ હોવેગા ? મેતો બહોત માઠા કામ કરયા હે. ખુદાકે ઘરે ક્યા જવાબ દેઉગા. મે તો ભિસ્તુ કું દૂર કીનિ, મે દોજકકું નજીક કીના. તિસ વાસ્તે હે શ્રી **હીરગુરુ** મુજકું તરવેકા ઉપાય બતાવો. તિવારે **હીરગુરુ**એ તીન ઉપાય બતાય. સૌ ખેર મેહેર બંદગી, સૌ ખેરાત કરણા (૧) દૂસરા સબ જીવ ઉપર મેહેર રખણી, સો જીવકું મારણા નહી (૨) બંદગીરો સાહિબ સચ્ચેકી બંદગી કરણી. હાથ જોડકે તીન વખત બંદગી કરણી (૩) એ તીન ઉપાય હે. ફેર મે કહૂં સો કરે.

તબ પાતસાહ કહે જે 'આપકી આજ્ઞા જો ખડા હું. આપકી નિગામે આવે તો તારો કે બુડાડો. તુમેરે આધીન હું. આપ **દિલ્લી** કા રાજ લ્યો. પિણ મુજકું તારો. મે તો આજ લગણ ભૂલો ભમ્યો છું. બુરે બુરે પુરુષ કી સંગત કરકે બહોત બુરા કામ કિયા. પરજીવ કું બહોત દુઃખ દિયા. અખજ બી બહોત ખાયા. ઈસકા પાપ છુટેસો ઉપાય દિખલાવો. તિવારે સચ્ચા-દિલ જાંણને પાતસાહકું ચ્યાર પગથિયા બતલાયા.

એકતો બંદિ(ધિ)ખાંને કોઇ જીવને ન ઘાલવો. । ૧। નદી, દ્રહ, સરોવર પ્રમુખ કિહાઈ જાલ ન નાખવી ન નખાવવી । ૨। વલી ચકલાની જીભ ખાવી નહી. । ૩। એ ત્રણ વસ્તુની અગડ કરાવી. ફેર **સેત્રુંજય** તીર્થે માથાદીઠ એકેકી સોનામહોર પાતસાહ લિઈ, તિવારે જાત્રા કરવા દે. તેહનો દ્રવ્ય બારે મહીને પાતસાહને ખજાને કેટલો દ્રવ્ય આવતો તેહની સંખ્યા કહે છે. તેર કોડને ૯૦ લાખને સિત્તેર હજાર એટલો દ્રવ્ય આવતો તે **શ્રીહીરગુરુ**ને બગસીસ કરયૌ. આજ પીછે હમેરે **સત્રુંજય** તીર્થનો મુંડકો ન લેવો. । ૪। એ ચ્યારેના પરમાના મોહર છાપ સહિત કરી આપ્યાં.

પાતસાહે **હીરવિજય** સૂરિનેં જગતગુરુનો બિરુદ આપ્યો. પાતસાહે ધર્મગુરુ કરી થાપ્યા. બીજા કોઇને માંને નહી એક **હીરગુરુ** સચ્ચો. દૂસરા ધર્મ તે પેટારથી હે. દોજક્ના આપનાર હે. વલી **હીરવિજયસૂરીઇ** પાતસાહનેં ધર્મપ્રાપ્તિ દેખાડે છે. મદીરા માંસ પ્રમુખ અભંખ્યની અગડ કરાવી. વલિ ત્રણ ચોમાસાનિ અઠ્ઠાઇ, બે ઓલિની ૧-૧, પજૂસણની અઠ્ઠાઇ, એ છ અઠ્ઠાઇયે પોતાના દેસમાં અમારિના પડહ વજડાવ્યા. બારદિવસ લગેં કોઇ જીવ મારી ન સકે. માર શબ્દ પણ કેહવા ન પામે. પાતસાહ જૈન ધર્મ પામીને સદ્દહણા સહિત અંગિકાર કરયૌ. નવતત્ત્વ જીવા અજીવાદિકાની ઓલખાણ પામ્યા. દેવગુરુ ધર્મની ઓલખાણ કરીનેં નિત્ય જગતગુરુ સાથે ધર્મગોષ્ટી કરતાં. બારવ્રત ધારી શુદ્ધ શ્રાવક થયો. ઉત્તમ પુરુષની સંગતે ઉત્તમપણું પામ્યો. પ્રભાત થયે નિત્યે વખાણ ધર્મકથા દેવ ગુરુ વાંદ્યા વિના અન્નપાંણિ લ્યે નહી. હાથ જોડને અરજ કરે હે **હીરગુરુ** હે જંગતગુરુ તમેરા ઓર હમેરા પ્રયાસ લેખે આયા. હમેરા બડા ભાગ્ય જે તમેરા દીદાર પાયા. તમ જૈસા ગુરુ પાયા. અબ હમેરા પાપ ગયા. મે પવિત્ર હૂયા. એસિં અરજ કરને **હીરગુરુ**કું ચ્યાર ચોમાસા **દિલ્લિ** સેહેરમે રાખ્યા.

ઇંમ કરતાં ચોમાસે ઘણે આગ્રહથી પાતસાને સમજાવિને ઉપાધ્યાયશ્રી **શાંતિચંદ્ર ગણિ**નેં તિહાં મુકીને પાતસાહ તથા ચતુર્વિધ સંઘ સહિત રજા લેઈનેં ધર્મબોધ આપિને **શ્રીહીરગુરુજી**ઇ તિહાંથી વિહાર કરીનેં અનુક્રમે **ગુજરાત** પધારયા. **શ્રીવિજયસેનસૂરિ** પ્રમુખ સંઘચતુરવિધ ઘણો પરમાણંદ પામ્યા. જેં મલેચ્છ દુષ્ટ પ્રતિબોધિ પધારયા. તેણે જગતમેં **હીરગુરુ**ની ઘણી પ્રખ્યાત વિસ્તરી. જગતગુરુનામ વિસ્તરતો હતો.

ઇમ કરતાં વર્ષ બે ત્રણ થયા. એટલે જગત ગુરુ **શ્રી વિજયહીરસૂરીશ્વરજી**

ઉપર પાતસાહેં મોટા ગુણ વર્ણવ(ન) કરીનેં લેખ લખાવીને મેવડાઓને મોકલ્યા. તે મધ્યેથી **વિજયસેનસૂરિને** તેડાવ્યા. દરસન કરવા નિમિત્તે તિવારે શ્રીપૂજ્યજીની આજ્ઞા પૂર્વક અંગિકાર કરીને વાંદિને શુભમુહૂર્ત્તે **શ્રીવિજયસેનસૂરિ** પાંગરયા. **શ્રીરાધનપુરે** આવ્યા. તિહાંથી **પાટણ, સિદ્ધપુર, પાલણપુર, સિરોહિ, જાલોર, પાલિ, મેડતા, સાંગાનેર** પ્રમુખ દેશાનુદેશે વિહાર કરતા, ભવ્ય જીવને ધર્મ રુપ સંબલ દેતા **લાહોર** પધારયા. તિવારે પાતસાહ **અકબ્બર** શ્રીજી આવ્યાની વધામણી સાંભલીને ઘણો હર્ષ પામતો હતો. સાહમઈઓ ઘણાઈ આડંબરસું કરીનેં શુભ મુંહૂર્ત્ત **લાહોરમેં** શ્રીજીને પ્રવેશ કરાવ્યો. ઘણા હર્ષ વધામણા કરે છે. હવે પાતેસાહ **શ્રીવિજયસેનસૂરિ** પાસે ધર્મદેશના સાંભળીને હર્ષ પામતો હતો. નિત્ય ધર્મગોષ્ટી કરે છે. હવે **લાહોર** મધ્યે પાતસાહ **અકબ્બરની** સભામાંહે ઘણા અન્ય દર્શની પરપક્ષી સાથે ઘણા વાવવિવાદ કરીને અન્યમતિને નિરુત્તર કરયા. સર્વના મદ ગાલ્યા. તે પાતસાહ દેખીનેં ઘણોં હર્ષ પામતો પાતસાહે **શ્રીવિજયસેનસૂરીશ્વરનો** નામ **શ્રીવિજયહીરસૂરીસવાઈ** એહવો બિરુદ દીધો. **શ્રી વિજયસેનસૂરીને લાહોર** ચોમાસો રાખ્યા. ઘણો ધર્મનો મહિમા વિસ્તારવંત કરયો. ઈમ કરતાં ચોમાસો ઉતરયો. વિહાર કરવા માંડ્યો.

તિવારે પાતસાહ તથા ચતુર્વિધ સંઘ સર્વ મલીને ઘણોં ઘણો આગ્રહ કરીનેં બીજો ચોમાસો રાખ્યા. ઘણી ધર્મની ઉન્નતિ કરી. ઈમ કરતાં કાતિ સુદ ૧૫ કરીનેં ચતુર્વિધ સંઘ સહિત લેઈનેં **શ્રીવિજયસેનસૂરિ શ્રીશત્રુંજયનિ** જાત્રાઈ પધારયા. સંઘ મેલાણેં મેલાણ આવતો. **શ્રી સિદ્ધગિરિઈ** પધારયા. શ્રીઋષભદેવજી યુગલાધર્મ નિવારણી, ભવ્ય જીવનો આધારભૂત, આદિના કરણ હાર, એહવી તીર્થપતિ મરુદેવીનંદન, ત્રયજગત વંદન, એહવા શ્રી આદિનાથને મુકતાફલે સોનારુપાને ફૂલે વધાવતા, ઘણે આડંબર સહિત જાતા કરી.

પૂજા પ્રમુખ અઠ્ઠાઈ મહોચ્છવ કરીને ઘણા સાહમી વત્સલ પ્રમુખ જૈન ધર્મ દીપાવતા સંઘ તિહાંથી ઉપાડીનેં શુભ તીર્થ **અમદાવાદ, પાટણ, પાલણપુર, સિરોહિ, મેડતા, માલવો, જબ્રાહાન પુરા, અહમ્મનગર, દેવગિરિ પાટણ, આગરા, જહન્નાવાદ, લાહોર** આવ્યા. સંઘે આડંબરસું સેહર પ્રવેસ કરયો. શ્રીપૂજયજીને સોનઈયેં વધાવીનેં સેહરમે લીધા. તીહાં **લાહોર** મધ્યે અઠ્ઠાઈ મહોચ્છવ કરયોં. પૂજા પ્રભાવના સાધર્મિક વાચ્છલ્ય પ્રમુખ ઘણા મહોત્સવ કરયા. સાતક્ષેત્રે ધન વાવરિનેં ઘણા પુન્ય ઉપાર્જન કરી, પુન્ય ખજાનો સંપૂર્ણ ભરયો.

હવે **જગતગુરુશ્રી હીરવિજયસૂરીયે** સર્વ ગીતાર્થની આજ્ઞા પ્રમાણે **માલદેવને** ત્રાંબા પત્રે ગામ ઉંજા કરીને બગસીસ કરયો. તિહાંથી શ્રીજી એકમાસ **સિદ્ધાચલજી** રહ્યા. પછે **જૂનોગઢ, વેલાવલ, પાટણ થઈ દિવ ઉન્નતનગરે** પધારયા. સંઘે ઘણો આગ્રહ કરીને રાખ્યા. ઘણિ ભક્તિ યુક્તિ સાચવતા હતાં. **દિવ**નો વાસિ **સંઘવિ લખિરાજ** તથા **પારેખ સહસદત્ત મેઘજીઇં** ઘરદેરાસરની પ્રતિષ્ટા કરાવી. શ્રીજીને વિનતી કરીને ચોમાસુ તિહાં રાખ્યા. સંઘે ઘણા ઉચ્છ(વ) મહોચ્છવ કીધા. **ઉન્નતનગર** મધ્યે શ્રીજીને સરીરે ઘણિ અબાધા ઉપનિ.

અબાધા વિશેષ જાણીને ગીતાર્થ તથા સંઘ મલિનેં **શ્રીવિજયસેનસૂરિનેં** લેખ લખિને મોકલ્યો જે ગુરુનો મોટો કારણ છે તે માટે મલવાનો વાંછતી હો તો કાગલ વાંચીને વેહલા આવજ્યો. શ્રીજીને સરીરે અબાધા ઘણિ છે. તે માટે પત્ર દીઠે સિતાબી ઇહાં આવજ્યો. તે લેખ વાંચી આચાર્ય ચોમાસામેં પાંગરયા. અનુંક્રમે વિહાર કરતા આચાર્ય આવ્યા.

તિવારે ૐ **શ્રી વિમલહર્ષગણિ** તથા ૐ **શ્રી સોમવિજયગણિ** પ્રમુખ ગીતાર્થ શ્રીજીને **દશવૈકાલિક** તથા **ઉત્તરાધ્યયન** પ્રમુખ સિદ્ધાંત સંભલાવે છઇં. શ્રીજીએ પોતાને મુખે **અણસણ** કરી, બે ઉપાધ્યાયને હિતશિક્ષા દેઇ, ગચ્છની ભલામણ આચાર્યને કેહવરાવી, નોકાર મંત્ર ના શુભધ્યાને સંવત સોલબાવન ॥ ૧૬૫૨॥ વર્ષે ભાદ્રવા સુદિ ૧૧ ને દિવસે **શ્રીહીરસૂરીજી** સ્વર્ગે પોહતા. તે વેલાઈ આકાશમાર્ગે ઘણા દેવતા સંબંધી ઘંટ વાજતા સાંભલ્યા. ઘણા માહેશ્વરી અન્ય દર્શના લોક કહેવા લાગા જે વિમાન આકાસથી ઉતરતો અમે દીઠો. દેવતાઇ મેઘની વૃષ્ટિ, ફૂલની વૃષ્ટિ કરી. વલિ જે અગ્નિ ઠામે સંસ્કાર કરયો તે ઠામે આંબાના વૃક્ષ અકાલે ફલ્યા. નવપલ્લવ થઇને ફલ સહિત થયા તે આજ દિન સુધી તે વૃક્ષ બારેમાસ ફલ ફૂલ સહિત છે.

તે **ઉન્ના સેહર** મધ્યે તેહનો મહિમા પ્રબલ છેઇં. જાગતી જ્યોતિ છે. તે સ્થાનક સર્વને માનવા જોગ્ય છે. એમ મહંત મોટા પુરુષનો મહિમા કેટલો લખીઇં. હવે **શ્રી હીરવિજયસૂરીનેં** પાટઇં સવાઇબિરુદના ધરણહારા **શ્રીવિજયસેનસૂરિ** થયા. તે ગ્રામાનુગ્રામે વિહાર કરતા થકા ભૂમંડલને પાવન કરતા ભવ્ય જીવને ધર્મબોધ આપતા થકા વિચરે છે ઇત્યાદિ ૫૮ તથા ૫૯ માં પાટનો વિવર્ણી **પટ્ટાવલિ ગ્રંથથી** વિસ્તારે જાણજ્યો. ઇહા તો લેશમાત્ર લિખ્યો છે.

**॥ ઇતિ શ્રી હીરસૂરીશ્વરજીની કથા સંપૂર્ણમ્ ॥ ॥ સંવત ૧૯૭૩ વર્ષે ॥**

४

# શ્રી હીરવિજયસૂરિ પ્રબંધ

**શ્રી વિજયદાનસૂરિપટે** ૫૮મા **શ્રીહીરવિજયસૂરિ** તપગછનેં વિષે સૂર્જ સરિખા રાજા વિક્રમથી સંવત ૧૫૮૩ ઈં જન્મ **પાલણપૂરેં** સા **કૂંરાગૃહે** ભાર્જા **નાથી** ઉદરે.

૧૫૯૬ ઈં **પતન્નેં** દીક્ષા, ૧૬૧૦ સૂરિપદં તથા **ષંભાયત** પધાર્યા. તિહાં કોડ ટંકા શ્રાવકે પ્રભાવનાઈં ખરચ્યા. પગે સોનૈયા મુંક્યા તથા **રાજનગરે** લોંકાનો આચાર્ય **ઋષ મેઘજી** લોંકાનો મત મુંકી ૨૫ જતીસૂં વાજીત્ર વાજતે ઘણા ઓછવસૂં આવિ પગેં લાગો.

વલી જેહના ઉપદેસથી પાતસ્યાહ **અકબ્બર** પ્રતિબોધ પામ્યો. છ મહીના વર્ષમાં અમાર પલાવે. જેહના વચનથી જીજીંઓ મુંક્યો. સંવત્ ૧૬૩૯ **શ્રીસેત્રુંજા**નો કર મુંકાવ્યો. માથાદીઠ સોનૈયો ૧ લેતાં તે મુંકાવ્યો. વલી સેર ૧ા ચડકલાની જીભ દિનપ્રતેં ખાતો તે મુંકાવ્યો. વલી **ગુજરાત માલવે અજમેર દલ્લિ** પ્રમુખે દેસેં પજુસણના બાર દિનતાંઈં અમાર પલાવે. વલી **ડાંમર** સરોવરમાં જાલ કોઈ ન નાખે ઈમ અનેક ધર્મકાર્જ પાતસ્યાહનેં મલીનેં પ્રવર્તાવ્યાં. વલી પજુસણના દિવસે સર્વ આદિત્યવાર ક્રાંતિ તિથિ નવરોજનો મહિનો સઈદના દિન સોફીઆના દિન ઈમ છ માસ અમાર પલે. ઈમ અનેક અવદાત થયા. સંવત્ ૧૬૫૨ ઉંનામધ્યે સ્વર્ગ પોહતા.

**નયવિજય રચિત કુલધ્વજ રાસ**

તપગછ માહિ દીપતો, શ્રી **હીરવિજિ** ગુણવંત,
**વિજિયસેન** સીસ તેહનુ, રવિથી તેજ સોભંત. ૬
શ્રી **હીરવિજિ** સૂરીસ્વરૂ તણી, દિનદિન ચઢતી જગીસજી રે,
તસ કીરત જગ માહી દીપતી, નરપતી નામે સીસજી. કુ. ૬૧૮

## વિભાગ

## ૨

# નિર્વાણરાસ,

# ભાસ,

# ફાગ,

# બારમાસો.

## ૧

શ્રી વિવેક હર્ષ રચિત

# શ્રીહીરવિજય સૂરિ નિર્વાણ રાસ

[રચના સં. ૧૬૫૨]

### દૂહા

સરસતિ બરસતિ બચન રસ કરઓ રસના પરિ બાસ
જિનપદપંકજ સિરિ ધરિ કરું સુગુરુ ગુણ રાસ ॥ ૧॥

ધાણધાર ધુરિ દેસ સિરિ **પાલ્હણપુર** પ્રગટ્ટ
**સા કુંરા** કુલિ ચંદ્રમા **શ્રીઓસવંશ** સુગટ્ટ ॥ ૨॥

શ્રીતપગચ્છપતિ જગત્રગુરુ **હીરવિજય** સૂરિરાજ
સાહિ **અકબ્બર** માનિઓ સકલ સૂરિ સિરિતાજ ॥ ૩॥

સંવત **પન્નર** આ(ત્र्या)સીઈ માગસિર નઉમિ વિશુદ્ધ
માતા **નાથી** જનમિઓ **હીરજી** જગત્ર પ્રસિદ્ધ ॥ ૪॥

સંવત પન્નર છન્નુઈ વદિ કાર્તિગ બીજ સુસાથિ
**હીરકુમર** દીક્ષા ગ્રહઈ **શ્રીવિજયદાનસૂરિ** હાથિ ॥ ૫॥

સંવત સોલ અઠોતરઈ દેષી ગુણની કોડિ
**શ્રીવિજયદાનસૂરિ** થાપિઆ પદ પંડિત-વાચક જોડિ ॥ ૬॥

સંવત સોલ દસોતરઈ **સીરોહી** નયર મઝાર
**શ્રીવિજયદાનસૂરીસરઈ** કીધા નિજ પટધાર ॥ ૭॥

ચિરંજીવ ગુરુ **હીરજી** જિનશાસન શૃંગાર
શાહિ **અકબ્બર** પ્રતિબોધિકઈ જિણિ રચિતલિરચી આમારિ ॥ ૮॥

તે વ્યતિકર ગુણ વર્ણવા ભગતિ ભંભેરઈ મોહિ
શક્તિ નિવારઉનાં સુણું સુસરસતિ તેરી સોહિ ॥ ૯॥

### રાગ દેશાખ

જગત્રપતિ રાજઇ રે **અકબર** શાહ સુરગ્યાન આલમપતિ રાજઇ રે.
યાકે જીઆ મઇં બસે **હીરવિજયસૂરિ** **વિજયસેન**
શશિ ભાન જલાલદીન રે ॥ ૧૦॥

આણ અખંડ ચિહું ખંડ ભૂમંડલિ જસુ આખંડલમાન
નિજ ભુજદંડિ પ્રચંડ નરાધિપ ખંડિ ગહ્રંડ ગુમાન ॥ જગત્ર૦॥ ૧૧॥

ચઉદસહસ ગયવર જસ મંદિરિ ગર્જતિ ગયણ ગહ્રંડ પ્રચંડ રે । ગર્જ૦
પંચ લાષ હેષારવ ફોરતિ પાંચુ બ્રહ્માંડ । જગ૦॥ ૧૨॥

ગઢપતિ ગજપતિ નરપતિ છત્રપતિ કઇ સેવઇ જસુ રાઉ । પાહડપતિકઇ૦
વીસ તીસ ચ્યાલીસ હજારી કઇ કઇ જસુ ઉંબરાઉ ॥ જગ૦॥ ૧૩॥

અવલ નવલ નીસાણ પ્રસૂકે પ્રુસતિ ધરણિધરરાઉ । ગ્રડડડડપ્રુસ૦
પ્રબલ સબલ દલ કંપિત ચંપિત ભુવન ભડકી ભડવાઉ । જગત્ર૦॥ ૧૪॥

કઇ સુલતાન ગુમાન ગિરાએ કઇ દ્રુગમોરેમાન જગત્રમઇ । કઇ૦
રવિ તલિ કો ન સિરબ્બરિ સબસિરિં એકહીં તેરી આન । જગત્ર૦ ૧૫॥

શાહ **સલીમ** સુલતાન **શેષુજી** સુંદર શાહ **મુરાદ** શાહ । યાદેસુંદર૦
દાણિઆરદીયતિ દલપતિ ચિહુષંડિ જસ જસવાદ । જગત્ર૦ ॥ ૧૬॥

### દૂહા

શેષ સબલ **અબદલફજિલ** જસ જગમગઇ વજીર
ચ્યાર બુદ્ધિધર ચતુરનર જસ દીલમાને **હીર** ॥ ૧૭॥

તરણિ મંત્ર જસ જાગતઉ જપઇ **પ્રથમ** જિહાં પડુર
ચ્યાર ષંડ સાધ્યાંવતી જસ ચિહુ ષંડી મુહુર ॥ ૧૮॥

ઇમ અનેક નવરમદલ સકલ મહીતલરાજ
સફલ કરઇ **અકબર** નૃપતિ જબ ભેટે **હીર** ગુરુરાજ ॥ ૧૯॥

મંત્ર તંત્ર યંત્રાદિ બલ નહીં વિદ્યા પરચંડ
શાહ **અકબર** આગલિ ફુરઇ જિનિ દૂરિ કિએ પાષંડ ॥ ૨૦॥

### કવિત્વં

મંડઇ નહીં પરચંડ તુંડ જિહિં આંગઇ મંડલં
છંડિ ગએ સબ વીર પીર પઇગંબર ઝુંડલ
શેષ રેષ નહીં રંગ ભંગ સબ ભએ સન્યાસી
મંદર કલંદર ફંદ છંદ કીને બનવાસી
ભૂત પ્રેત ઝોટીંગ ઝડ મુલા મસીત ન જોગણઇ
ઇક ધન્ય ધન્ય ગુરુ **હીરજી** જસ સો **અકબર** સુવચન
સુવચન સુણઇ ॥ ૨૧॥

### રાગ મલ્હાર ॥ ઢાલ ॥

મનમોહન **હીરજી** રાજીઉ એ જિણિ મોહ્યઉ **અકબર**શાહિ રે **હીરજી**,
તું તઉ સુવિહિત સાધુ શિરોમણી રે 'તુઝ દરિસન મોહનગાર રે,
સાર રે જેહ નિરખિઓ જગત્રપતિ હરષિઉ એ ॥ ૨૨॥

ભુવન મોહન વયાણ નિસુણી સકલ દેશ મઝારિ,
ષટ્ માસ તાઈં વરસમાસું પલાબંઇ જીવ અમારિ,
વયણ તુઝ સુર રયણ તોલઇ વરણવ્યાં કિમ જાઇં,
જે સુણી **અકબર** સમઝિઓ કહઇં કો ન મારઇં જગિ ગાય રે,
તાય રે ॥ મનમો૦ ॥ ૨૩॥

જે ગાય કેરે ચરણ ધોઇ દૂધ પીતે રાય,
રાય **ટોડરમલ્લ** સરિષે છયુડાવી નહીં ગાય,
તે સકલ દેશિ વિદેશમાહિં હવિ ગઉ અમારિ,
તો ધન્ય ધન્ય શ્રીજિનવંશ વીરવંશિ ઉગ્યા,
**હીરવિજય** ગણધાર રે તારિ રે ॥ મનમો૦ ॥ ૨૪॥

### કવિત્વં

જિણિ તોર્યા ચીતઉર ઉરગદંકઇ પુરાણા,
રણથંભર થિરથંભદંભ મોડ્યા સમીઆણા,

**કાબલસુ** **કુંભલમેર** કોટ કહિઉ સુપરાણા,
**કાસમીર** **કલિકોટ** લોટ કીને રાય રાણા,
કરિ કહિર શહિર તોર મુલુક **જૂનાગઢ** પણિ જેર કિઅ,
હઈ હઈ હઠી **હમાઉ** સુત ધન્ય **હીરજી** તસુ ધર્મ્મ દિઅ
॥ ૨૫ ॥

જિણિ કીનો બહુત સિકાર જીવ કઈ કોડિ બિડારે,
**કાબિલ** જિહાં **અજમેર** કોસ પ્રતિ કિએ મનારે,
પંચસયાં મૃગસીંગ જોડિ પ્રત્યેક સમારે,
નિજ સિકાર સહિનાણ લોગ અગલેકું દિષારે,
સો **અકબર** **હીર** બચન સુણિ સુસુકીને સુબિવેક,
જિણિ **કુમારપાલ** નરપતિ પ્રમુષ વીસારે સુ અનેક ॥ ૨૬ ॥

**ઢાલ**

શેખ **અબ્દલ** મહુલ તાઈં સામુહઉ નરરાજ,
આવઈ તે પાલઉ પરમ ભગતિં ભેટવા ગુરુરાજ,
પેસકસી પ્રથમ્મ કીની પુસ્તક પ્રબલ ભંડાર,
જબ ન લ્યઈ **હીરજી** તબ કહઈ નૃપ કરઉ મુઝ નિસ્તાર।
સુંદર **હીરજી** મનમો૦ ॥ ૨૭ ॥

**દૂહા**

**શ્રીવિમલહર્ષ** વાચક પ્રગટ **શાંતિચંદ્ર** ઉવઝાય,
**શ્રીસોમવિજય** વાચક વિબુધ **સહજસાગર** મન ભાઈ ॥ ૨૮ ॥

**સીહવિમલ** ઉર **કનકવિજય** **શ્રીધનવિજય** મુણિંદ,
પઢઈ **સુગુણવિજયાદિ** બુધ **વિવેકહર્ષ** આણંદ ॥ ૨૯ ॥

**ચાલ-**

**હીર** તેરે વયણ થઈકઈ લષ્ય છયોરે બંધ,
ગુનહગાર હજાર છૂટે તુઝ ચરણ સંબંધિ,
પસુઅ પંષી ચીતરાદિક છૂટે દ્યઈ આસીસ,
શાહિ **અકબર** **હીરજી** ગુરુ જીવઉ કોડિ વરીસ ॥ સુંદ૦ ॥ ૩૦ ॥

ઈસા યુ કહિરી કરઈ મહિરિ સુચરણ તેરે ભેટિ,
શાહિ કહઈ ગુરુજી સુણુ મઈ યાણતાંહું નેટિ,
ઈસા ભી દિન કબહીંયુ આવઈ જિઉ ન મારઈ કોઈ,
સઉગંધિ ઈતની બહુત રાખું સોચરણ તેરે સોહિ ॥ સુંદર૦ ॥ ૩૧॥

દૂહા

સાહિ કહઈ તબ શેષસું અઈ નિરીહ ગુરુરાજ,
મઈ તીન બેર ફિરિ ફિરિ કહ્યાસુ કછ્યુ ફુરમાવુ કાજ ॥ ૩૨॥

ઈનકું કછ્યુ હાજિત નહીં જીવદયા બે હિસાબ,
જગતગુરુ ગુરૂકું કહઉ મઈ દીના ષરા ષતાબ ॥ ૩૩॥

જગત્રકે ઉપગાર કારણિ કિઆ બહુત આશાન,
જીજિઆ જગમઈ છ્યુડાયા છ્યુડાયા સબ દાણ,
સાહિ **અકબર** તોહિ બગસ્યા **શ્રીશત્રુંજ ગિરિનારિ,**
જિહાં હુઅ અવિચલ કિઆ મુગતા અઈ સુકૃત સંસાર ।
॥ સુંદર ॥ ૩૪॥

**શાંતિચંદ અરુ ભાણચંદ** દોઉ ભલે સદગુરુ સીસ,
સાહિકે દરબારિ જિણિ બધ્ધાઈ ધર્મ જગીસ,
**શ્રીહીરવિજય** સૂરિંદ સદગુરુ **વિજયસેનસૂરીશ**
ચિર જયુ જિહાં જગિ સસિ દિવાકર ઘઈ **વિવેકહર્ષ** આસીસ
॥ સુંદર॥ ૩૫॥

દૂહા

ઈક દિન શાહ દરગાહમઈ પૂછઈ **શ્રીભાણુંચંદ,**
**હીર** પટોધર કઉણ હઈ કઈસે તસ ગુણ વૃંદ ॥ ૩૬॥

**ભાણ** ભણઈ ભૂપતિ સુણઉ **શ્રીવિજયસેન** સૂરિરાજ,
ઈક રસના ક્યું વર્ણવું ગુણ અનંત મહારાજ ॥ ૩૭॥

### રાગ ગઉડી ઢાલ

**હીર** પટોધર **વિજયસેન** સૂરીસર રાજઈ,
સકલ સૂરિ સિરતાજ રાજ છત્રાધિપ છાજઈ,
ગડગડંત પંડિત પ્રચંડ જસ સીસ દવાજઈ,
કુમત મિથ્યામત વૃંદ ફંદ સબ દૂરિં ભાજઈ ॥ ૩૮॥

**હેમ** સવાલષ્ય **મહાભાષ્ય પ્રક્રિયા** પ્રમુખ,
જાણઈ સહુ વ્યાકરણ ભેદ સરસની વસઈ મુખ્યિ,
જાણઈ સહૂ સાહિત્ય વૃત્તિ છંદાદિક જાણઈ,
**નૈષધ** પ્રમુખ જે કાવ્યગ્રંથ વણિવૃત્તિ વષાણઈ ॥ ૩૯॥

જાણઈ પિંગલ ભરત ભેદ સંગીત સુરંગ,
વંસ નાટક વિવિધ ગ્રંથ જાણઈ નવરંગ,
ષટ્ દરિસનના વિવિધ ગ્રંથ **ચિંતામણિ** ચંગ,
બોલઈ પ્રગટ પ્રમાણ જામ જાણે જલધિ તરંગ ॥ ૪૦॥

સકલ કુરાણ પુરાણ વેદ સ્મૃતિ ભારત જાણઈ,
એક શ્લોકના સહસબદ્ધ કરી અર્થ વખાણઈ,
ખંડિત પંડિત માન પિંડ ખંડન સહૂ બૂઝઈ,
રવિ તલિ એહવો નહીં ભટ્ટ જેહસ્યું કોઈ ઝૂઝઈ ॥ ૪૧॥

દ્વાદશ અંગી છ લાખ ગ્રંથ જિહ્વાગ્રે વષાણઈ,
એક દિવસિ શતબદ્ધ શ્લોક મુખપાઠિ આણઈ,
જ્યોતિષ ગણિત નિમિત્ત ભેદ નિજ મનમાં રાખઈ,
પંડિત મૂઢ અજાણ જાણ સહૂનઈ સમઝાવઈ, ॥ ૪૨॥

સ્વસમય પરસમયાદિ ગ્યાન ઇંત્યાદિ ધરંતા,
ખડી ઉછાલઈ કાવ્યગ્રંથ શતસહસ કરંતા ॥ ૪૩॥

### વસ્તુ

શાહિ ભેજઈ શાહિ ભેજઈ તબહીં ફુરમાન,
**હીરવિજય** સૂરિરાજકું કાજ કામ ફુરમાહુ,

નિસિદિન **વિજયસેનસૂરિ** ચંદકે હમ ચકોર ચાહઇ યુ દરિસન,
લાભ બહુત **લાહુરકું** ભેજહુ નિજ પટધારિ,
**શત્રુંજય ગિરિનારિકી** ગહુ બગસીસ ઉદાર ॥ ૪૪॥

**વસ્તુ**

પટ્ટ દિનકર પટ્ટ દિનકર તબ હીં સમઝાઇ,
ગચ્છ ભલામણ દેઇ સિરિ ઠવિ હાથ **લાહુરિ** ચલા એ,
ભટ્ટારક **પાટણ** નયરિ ચતુર ચિત્ત ચઉમાસિઆએ,
**હીરવિજયસૂરિ** આવતઇ નગરિ મંડાયા જંગ
કલ્પદ્રુમ **પાટણિ** ફલ્ગુલા હોલ્યઇ સહુ સંઘ ॥ ૪૫॥

એણિ અવસરિ એણિ અવસરિ દિવસિ કેતેક
**લાહુરથી** વદ્ધામણી લેખ લેઇ બહુ લોક આએ
જગગુરુ તુમ્હયે પટ્ટધાર પાતિસાહ મન ખરે ભાએ
જે જિનશાસન કામ કિઅ **શ્રીવિજયસેન** ગણધારિ
સાવધાન સહૂ સંભલો સકલ સંઘ જયકાર ॥ ૪૬॥

**રાગ ગોડી**

જબ દેખ્યા બે શાહિ **અકબ્બરિ શ્રીવિજયસેનસૂરિંદા**
બડે તપસી બે કહિઅ બુલાએ દિલખુસી ભયે નરિંદા
દિલખુસી ભયે નરિંદ તબહી બયણ સુણે જબ નીકા
ધન્ય ધન્ય અકલ **હીરકી** જિનિ તુહિ દીના તપગચ્છ ટીકા
જબ પરમાત્મ સરૂય નિરૂપ્યઉ ભટ્ટ ભયે તબ ફીકા
જગિ જયકાર કર્યઉ જિનશાસનિ ધન્ય પટધર **હીરજીકા** ॥ ૪૭॥

દિખલાયા બે **નંદિવિજય** બુધ સુંદર અષ્ટવધાનાં
શાહિ આપઇ બે બયત લિખાએ પઢત યૂ ભયે હરાનાં
એક બેર પઢિ ફેરિ સુણાવત શાહિ શિફતિ કરઇ ભારી
દઇ ખિતાબ ખુસફહિમનુસીકા જિનશાસન હિતકારી
કુગુરુ કુદેવ કુધર્મ ઉથાપે બાદ બિજય જય પાયા
શાહ હજૂર **શ્રીબિજયસેનસૂરિ** ધન્ય ધન્ય તપગછ રાયા ॥ ૪૮॥

## દૂહા

ઈમ નિજ પટધર કિદ્ધ સુણિ જિનશાસન જયકાર
કેવલી વિણ કુણ વર્ણવઇ **હીરજી** હર્ષ અપાર ॥ ૪૯॥

શ્રીમુખિ કઇ ગુરુ **હીરજી** ધન્ય **વિજયસેન** ગણધાર
જિણિ અમ્હ દેખતિ થાપિઉ જિનશાસન જયકાર ॥ ૫૦॥

જિનગુરુચરણ પ્રસાદથી શાસન બાસન કામ
હવાં તથા વલી હોઇ છઇ હોસ્યઇ વલી અભિરામ ॥ ૫૧॥

**શ્રીશત્રુંજય** તીર્થની યાત્રા કરી જઇ હેવ
શ્રીયુગાદિ જિન વંદિ કરી કીજઇ તીરથ સેવ ॥ ૫૨॥

## રાગ સામેરી

ઈમ ચિંતી મનહ મઝારિએ, **પાટણથી** કરઈ વિહાર એ,
ગણધાર એ, **રાજનગરિ** પધારીઆ એ. ॥ ૫૩ ॥

શાહયા(જા) દઉં શાહ **મુરાદ** એ, **હીરનઈ** વંદઇ આવી આલ્હાદ એ,
પ્રસાદ એ, માગઈ **હીરજીની** દુઆ ઘણી એ. ॥ ૫૪ ॥

બગસીસ કરઈ સંભારણી એ, સહૂ સહિર સડી ન મારણી[એ],
જગતારણી રે, જાુઉ **હીરજીની** દેશના એ. ॥ ૫૫ ॥

શ્રી **શત્રુંજય ગિરિવાટ** એ, **હીરજી** અતિ ગહગાટ એ,
ઘાટ એ, મુગત્તા કીધા ગછધણી એ. ॥ ૫૬ ॥

અનુક્રમઇ **પાલીતાણઈ** એ, પુહતા ગછપતિ મંડણા એ,
સુજાણ એ, યાત્ર કરઈ તીરથતણી એ. ॥ ૫૭ ॥

તિહાં પુહતા **હીરજી** સાંભલી, ઠામિ ઠામિના સંઘ આવઈવલી,
મનરલી, થાવર જંગમ ભેટવા એ. ॥ ૫૮ ॥

ઈક **શત્રુંજય** મુગતો હવો, વલી તિરથ ત્રિણ સંગમ નવો,
ચૈતિ દિન પુન્યઈ મિલઈ એ. ॥ ૫૯ ॥

સંઘ **પાટણ**નઉ સામટઉ, **અમદાવાદી** અતિ ઊલટયઉ,
પ્રુંસટયઉ ધીંગ **ખંભાયત**નો વલી એ. ॥ ૬૦ ॥

**માલવ**નઉ સંઘ આવઈ એ, મનમોહન મોતી વધાવઈએ,
રચવા એ, અંગ પૂજ આભરણસ્યું એ. ॥ ૬૧ ॥

**લાહુર** સંઘ સુહામણઉ, **મરૂમંડલ**નઉ પણિ અતિ ઘણઉ
**દીવ**તણઉ સંઘ અતીહિ રલીઆંમણઉ એ. ॥ ૬૨ ॥

**સૂરતિ ભરુઅચ** સંઘ એ, **વીજાપુર**નઉ કરઈ રંગ એ,
જંગ એ, **કાંન્હવ** દખ્યણનઉ કરઈ એ. ॥ ૬૩ ॥

તિહાં ખરચ તણા નહી પાર એ, સંઘવીએ કરવ્યે ઉધાર એ,
અપાર એ, લોક લેખઈ નહી એ. ॥ ૬૪ ॥

**દુહા**

સંઘ સબલ **ખંભાઈત**નઉં, કરઈ વીનતીં હેવ,
પૂજ્ય ચઉમાસિ પધારિઈ, જુહારઉ **થંભણ** દેવ. ॥ ૬૫ ॥

પૂજ્ય કહઇ વઇરાગિઉ, આતમ સાધન હેવ,
**પાલીતાણાઇં** રહી કરી, કરસું તીરથસેવ. ॥ ૬૬ ॥

**દીવ**તણઉ સંઘ હઠ કરઈ, નિત્ય પ્રભુ **ગુજરાતિ**,
પ્રભુ દુપ્રાપ અમ્હે લહિઉ મરૂધર અમૃતવેલી. ॥ ૬૭ ॥

કૃપા કરો અમ્હ ઉપરિ, અતિ આગ્રહ અવધારિ,
**ઉના** નયર સમોસર્યા. ચોમાસું ગણધારિ. ॥ ૬૮ ॥

**ઢાલ**

**રાગ મલ્હાર**

**દીવ** તણઉં પુણ્ય પાધરું, આનંદે આવ્યઉ રે તપગછરાય,
વૂઠઉ વૂઠઉ રે અમૃત મેહ, તું મનમોહન **હીરજી**,

શ્રાવક મોર અતિ ગહગહ્યા, અતિ નાચઈ રે મદમાચઈ રે,
ધરી એ સનેહ, તું મન મોહન **હીરજી** - આચલી. ॥ ૬૯ ॥

ગાજઈ વાજિત્ર નિરઘોસ સું, તિહાં વાગાં રે (૨)
નવલી નીસાણ, તું.
ધવલ સુધારસ મેહલઉ, **હીર** જોવા રે (૨)
આવઈ રાણોરાણિ, કે તું. ॥ ૭૦ ॥

હવઈ ઉપદેસ સુધારસિં, વરસઈ રે(૨) **અમોઘ** ધાર તું.
ભવ દુખ તાપ સમાવીઆ, પ્રતિબોધ્યા રે (૨)
વરણ અઢાર, તું. ॥ ૭૧ ॥

રયણાયર વ્યાપારિઆ, અતિ મોટા રે (૨) શ્રાવક જોડિ, તું.
સાત ખેત્રિં વિત વાવરઈ, બહૂ વાવરઈ રે (૨)
દ્રવની કોડિ, તું. ॥ ૭૨ ॥

**હીર** આવઈ આનંદ હવા, ઘણૂં વૂઠી રે(૨)મહિઅલિ મેહ, તું.
પ્રવહણ આવ્યાં પાધરાં, જેહના હુંતા(૨)રે ઘણા સંદેહ, તું ॥ ૭૩॥

તિહાં પારેખ **મેઘ** શ્રાવક વડઉ, અતિ મોટલે રે (૨)
મેર સમાણિ, કે તું.
પ્રવહણપતિ વ્યવહારિઉ, જસ ઘરણિ રે (૨)
**લાડકી** જાંણી બહુ ગુણની ખાંણિ, તું. ॥ ૭૪ ॥

પ્રગટ પ્રતિષ્ઠા જિન તણી, મંડાવઈ રે(૨)સબલ મંડાણિ, તું.
સંઘ મલઈ તિહાં સાંમટા, જંગ જોવા રે (૨)
આવઈ રાણો રાણિં તું. ॥ ૭૫ ॥

કરઇ પ્રતિષ્ઠા **હીરજી**, **મેઘ** ખરચઇ રે(૨) દ્રવ્ય લાખ તું.
અપર શ્રાવક જે ખરચીઆ, દ્રવ્ય કહિંવા રે (૨)
કિમ સકિ મુઝ ભાખહું, તું. ॥ ૭૬ ॥

**મક્કા** હુંતુ ફરિ આવિઉ, આરહિડિઉ રે(૨)**આજમખાંન**, તું.
**પ્રથમ નમઈં હીર** પાઉલે, આવ્યઉ(૨) રે ઉંના ગામ, તું. ॥ ૭૭ ॥

**ખાંન** ભણઈં ગુરૂજી! સુણઉ, અબ મઈં જાણિઉ રે (૨)
**અકબરસાહિ**, તું.
વીર **જ્ઞાની** વડ વીર તું, જિણિં પિછાણ્યો રે (૨)
દુનિઆંમઈં તું બડા ફકીર તું. ॥ ૭૮ ॥

પેસકસી ગુરૂ આગલિં, **ખાંન** ઢોવઈં(૨) રે મહુર કે હજાર, તું.
સુગુરૂ કહઈં અમ્હ મનિ કાંકરા, બંધ છોડયો રે (૨)
ઈણિ દ્રવ્ય અપાર, તું. ॥ ૭૯ ॥

ભણસાલી **અબજી** ભલો, ગુરૂ વંદઇ રે (૨)
જામ રાજ જોડી, તું.
મહુર **અઢારસઈં** અંગની, કરઈં પૂજા રે (૨)
ખરચઈં દ્રવ્ય કોડિ, તું. ॥ ૮૦ ॥

હિંસક **મ્લેછ** મહાહઠી, અતિ મોટઈં રે (૨)
**મુંહુમદખાંન** કે, તું.
તે પ્રતિબોધ્યઉ **હીરજી, ખાંન** માનઇં રે (૨)
**લાડકી** બહિન સમાંનિ, તું. ॥ ૮૧ ॥

**દુહો**

ગુરૂ દર્શનનઈં અલજ્યો, ગુજરધરનો સંઘ,
વિનતી વલીવલી મોકઈં પ્રભુ, પૂરો અમ્હ મનિ રંગ૦ ॥ ૮૨ ॥

**રાગ માલ૦**

પ્રભુ! ગુજરધર નીકી ચિંત કરી,
આયો આયો નિં લટક લટક ફરી,
પ્રભુ! તમસું જો દિલ કઠિન કરઈં,
તઉ નિજ સેવક મનુ કિંયુજ તરઈં, બલિહારિ જાઉં બલિહારિ રે. ॥ ૮૩॥

તુમ્હ દેખનકું મનમોહી રહે, જિઉં અંતરતાપ ન જાઈં કિમ્હે,
ટુક દેખું નઈં યું જલ થઇ વિછુરી,
રહી ક્યું બસ કઈં થલમઇ વિછુરી. બલિ૦ ॥ ૮૪ ॥

તસબી તમ્હ લાભ બહુ લહઈં, તેણઇ તમ્હ 'જગગુરૂ' બિરૂદ કહઈં,
અબ કયા તો તમ્હ ઉંહાં મોહ રહે,
તુમ્હ કું નહી રહણા એકુ ગ્રહઈ. બલિ૦ ॥ ૮૫ ॥

પરપીડનકે ભંજન **હીરજી** હોં,
સુણી બીનતી કહાઇસઇં ચુપ રહો,
નિગુંણે ફનિ બલત ચ્યારિયું,
નિજ દાસ ટુકભી ચીતારિ ઈયું, બલિ૦ ॥ ૮૬ ॥

હમસે પ્રભુ મૂઢ સદામું નહીં, તોભી પ્યાર ધરઉં સાહિબ તુમહી,
અબ આઉ ન આદિ નિહોરૂ કરૂં,
ટુકમાંન હુ બીનતી પાઉં પરૂં. બલિ૦ ॥ ૮૭ ॥

ઈતનુ કહાયોર ગરીયુ પરિં, તેરિ બાટ દેખતહઈ લોઅ ખરે,
અબ ગુજરદેશ પધારિં ઈયું, મુનિ **બિવેકહર્ષ** બધારિ ઈયું.
બલિ૦ ॥ ૮૮ ॥

ઇતની બીનતી ચિતમાં ધરીનઈં, જવ ચાલઈં ગુરૂરાજ,
રાખઈં શ્રીકક દવે નાચલી, કહી પ્રતિષ્ઠા કાજ. બલિ૦ ॥ ૮૯ ॥

**ઢાલ**

**રાગ સામેરી**

મનમોહન **હીરજીઉ** એ, જેણિ મોહ્યો **અકબર** પાહિ રે,
તું તઉ સુવિહિત સાધૂ સિરોમણિ રે, તુઝ દરિસન મોહનગાર રે,
**હીરજી** જેહ નિરખિં, જગત્રપતિ હરખિઉ એ જગત્ર૦ ॥ ૯૦ ॥

**હીર** તઈં વૈશાખ સુદિમાં, વલી પ્રતિષ્ઠા કિદ્ધ,
ઉંના નયર મંડાણ મોટા, હવાં જગત્ર પ્રસિદ્ધ,

ચૈત્ર સુદિ આઠમિ થકી, તુઝ હવી ચલન-અસક્તિ,
તઉહિ પણિ તુઝ તીર્થયાત્રા, **વિમલગિરિ** વરિં ભક્તિ સું. જગ૦ ॥ ૯૧॥

સંઘ વીનતી કરઇં પ્રભુ, કિમ આવસ્યઇં ઇમ ખંધ,
પાલખી પાવન કરો, પાવન કરઉ અહ્મ ખંધ,
સુગુરૂ પભણઇં પૂર્વ મુનિઇં, મન કીધઉં માહંતિ,
તઉ એ પરંપરા કિમ કીજઇં, નવી રીતિ ન ભંતિ સું. જગ૦ ॥ ૯૨ ॥

ચઉમાસિ વલી **ઉંનઇં** રહ્યા, બાધા તણઇંજ વિશેષે,
**લાહુર** ભણી માણસ ચલાવ્યા દેઇ નિજકર લેખ,
આવવું તુમ્હિ દૃષ્ટ કાગલ પૂછી **અકબર** સાહ,
શ્રી **વિજયસેન** સૂરિહ તુમ્હે, મિલવા અતિહિ ઉચ્છાહ! સું. જગ૦॥ ૯૩॥

લેખ દેખત **હીરજીના**, **વિજયસેન** સૂરિંદ
સાહિ **અકબ્બરકું** કહઈં, અહ્મે દેઉં બિદા નરિંદ,
**હીરવિજય** સૂરિંદકું કબ્હુ. હંઇ દરદ ટુક ગૂઢ,
સુણિ **શાહિ** હઇ ક્યા ખુદા કહઈં, ભએ અતિ દિગમૂઢ સું. જગ૦ ॥ ૯૪ ॥

**શાહિ** જંપઈં સુગુરૂકું, સુખ હેતિ ઘુ ખઇરાતિ,
ઇક માસકી અમારિ ફુનિ, ફરમાઉં સકલ બિભાતિ,
તુહ્મ ભી બિદાકી સૂખડી, ચાહુ સું દેઉં સમાધિ,
સુગુરૂ જંપઈં **સાહિ** બગસઉં, જમઇ આધો આધિ સું. જગ૦ ॥ ૯૫ ॥

દાણ સબહી છયુડાઈ પ્રમુખ, કરી જગત્ર આશાન,
ખટ વિગઈં અભીગ્રહ ગ્રહી, આવઈં છઇં **હીરપટભાસન,**
શ્રી **હીરવિજય** સૂરીંદ ચરણે, આવ્યા તેહવા લેખ,
તે સુણી સંતોષ પામ્યા, જગગુરૂ સવિશેષ સું. જગ૦ ॥ ૯૬ ॥

રાતિ દિવસ ચીંતવઈં, **હીરવિજય** જગત્રયતાત,
ક્યારિં શ્રી આચારજ મિલસઇં, તિમ કહું મનનિ વાત,

ગચ્છ વિશેષઈં ભલાવી, કીજઈં અણસણ સાર,
પણિ દુરિ પંથિ કિહાં કિહાંથી આવઈં, જો ન સરયું કિરતાર
સું. જગ૦ ॥ ૯૭ ॥

અનુક્રમઈં આવ્યાં પજૂસણાં, જાંણા સમય વિશેષ,
સંલેખના ઉપવાસ અઠ્ઠમઠ્ઠમઈં કરઈં વિશેષ,
મોકલઈં કાગલ **રાજનગરઈં**, તેડવું અવધારિ,
ઉવજ્ઝાય**શ્રીકલ્યાણવિજય**નઈં,શાસનિ[નિ]જસંભારિસું.જગ૦॥૯૮॥

**દુહા**

**રાગ મારૂણી**

ઈણિ અવસરિ દશમી દિંનિં, ભાદ્રવ સુદિ દશમી દિંનિં
જવ આવિ માઝિમ રાતિ, જગવઈં તવ સહુ સાધનઈં. ॥ ૯૯ ॥

બોલાવઈં ગુરૂ **હીર**, વડવઈરાગી **હીર**,
સૂરહયોરે મુનિવરા, **હીરજી** જગત્ર વિખ્યાત. ॥ ૧૦૦ ॥
**વિમલહર્ષ** વાચક તથા, વાચક **સોમવિજય** સુવજીર,
આદિદેઈ સહૂ સાધનઈં, અહ્મે અણસણ લેઉં છું હેવ. ॥ ૧૦૧ ॥

ભવ ચરિમું પચખી કરી, આરે આહાર,
પચખી કરી તિહાં, સાખી જિનવર દેવ. ॥ ૧૦૨ ॥

વજ્રઘાત સમસુણિ વચન, વિલંપતો **સોમવિજય** તિહાં સીસ,
ઈસુ વચન ઈણિ જનમિ કાં, સંભલાવ્યું જગદીશ. ॥ ૧૦૩ ॥

ઢાલ.

કોઈ વારો રે (૧) **હીરજી**નઈં અણસણ કરતાં વારો,
કોઇ ધ્યાઉરે ભવસમુદ્ર જિહાજ, અણસણ કરતાં વારો રે. ॥ ૧૦૪ ॥

**હીરવિજય** તુઝ વિણ કઉણ છઈં, અમ્હ મનિ પ્રાણાધારો રે,
કાંઇ જિનશાસનઉં આધારો રે,

શીલ સંયમ વાંનગી, અમ્હ કુણ દેખાડણહારો રે,
તુઝ વિણ કુણ દેખાડણહારો રે. કોઈ૦ ॥ ૧૦૫ ॥

તપ સંજમ ગુણ ગરીબનઈં, કુણ તુઝ વિણ તારણહારો રે,
તુમ્હ ચરણે વલગા અમ્હો, તસ કુણ સમઝાવણહારો રે.
કોઈ૦ ॥ ૧૦૬ ॥

સંઘ ચતુરવિધ નયણડાં, કિમ ઠરસઈં વિણ પ્રભુચંદો રે,
તુઝ વિણ કુણ પ્રતિબોધસઈં, સાહ **અકબર** સરીખો નરિંદો રે.
કોઈ૦ ॥ ૧૦૭ ॥

જીવદયા ગુણવેલડી, તસુ કુણ જગિં સીસણહારો રે,
જિજિઆ પ્રમુખ છોડાવવા, જગની તુઝ વિણ કુણ કરઈ સારો રે.
કોઈ૦ ॥ ૧૦૮ ॥

દાણ મહીઅલિ માંડવી, તુઝ વિણ કુણ ઉઠાડઈં રે,
તુઝ વિણ કુણ નૃપ બૂઝવી,
બંદા (દી) લાખનઈં બંધથી કુણ કાઢઈં રે. કોઈ૦ ॥ ૧૦૯ ॥

કલિ કાલિં મુગલાઈમાં કુણ, તુઝ વિણ ગોવધ વારઈં રે,
**શેત્રુંજય ગિરિનારિના** દેવ, વિણ કરિ જગત્ર જૂહારઈં રે,
એહવું કહઈં કુણ સૂરીનઈં વારઈં રે. કોઈ૦ ॥ ૧૧૦ ॥

**અકબ્બર** શાહઈં જે ઠવ્યઉ, નામ **'જગત્રગુરૂ'** [તુ] માહરોરે,
તે કહી કહઈનઈં બોલાવિઈં રે, તુઝ વિણ જગદાધારો રે.
કોઈ૦ ॥ ૧૧૧ ॥

આજ જિનશાસન જગિં જગમઈં, તુમ્હથી તે સવિ સારો રે,
જનમ લગાં ચાકરાં અમ્હે, તં કાઇ આજ સભારો રે.
કોઈ૦ ॥ ૧૧૨ ॥

અમ્હ ગરીબનઈં વિલવિલઈં, જઉ મનિ મહિરમાન આંણોરે,
તઉ શ્રી **વિજયસેન** સૂરિંદજી, જવ નાવઈં તિહાં લગઈં તાંણો રે.
કાંઇ તેહનઈં મનમાંહિં આણો રે. ॥ ૧૧૩ ॥

## (દુહા)

### રાગ આ(શા)ઉરી સિધૂઉ

શ્રીગુરૂ જંપઈ મુનિવરા રે, કાં ધરઉ મનિ વિષવાદ,
સાહસનઉ આ સમય છઈ, તુમ્હ શ્રુતજલધિ અગાધ. ॥ ૧૧૪ ॥

જે અમ્હે સમરાસક ગુણરયણાયર મૂખકંદ,
મઈ તુમ્હ થાપી આપીઆ, શ્રી **વિજયસેન** સૂરિંદ. ॥ ૧૧૫ ॥

જિણિ જિનશાસન મુઝ છતઈં, ભાસ્યું જિમ દિણંદ,
તેહથી મુઝ ચિંતા નહીં, તુમ્હનઇ પરિ આણંદ,
ગચ્છનઈં પણિ જિનશાસન આનંદ. ॥ ૧૧૬ ॥

પણિ તે મુઝનઈં નવિ મિલ્યા, હવઇં તુમ્હે ધાઉં સૂર,
કાલિ જોયો જે સ્યું હસઈં, મુઝ અણસણ થાઈં અસૂર ॥ ૧૧૭ ॥

ધન્ય ધન્ય 'જગગુરુ' **હીરજી**, જિણિ જાણિઉં નિજ નિર્વાણ,
પંચમ આરઇ કેવલી, **હીરજી** ત્રિભુવનભાણ,
કરઈં અણસણ **હીરજી** જાણ. ॥ ૧૧૮ ॥

### ઢાલ.

સુપ્રભાતિ સહૂ સંઘ મિલ્યા, સુણિ રાતિની વાતનઈં,
જાણિનિ નિર્ણય વલી નિર્વાણનઉ એ;
ઇક અચરય બીજું દુખિ ભર્યા, અતિ ગહબર્યા હિઅડઇ (૨)
નઈ સુણિ અણસણ ચઉવિહારનઉ એ. ॥ ૧૧૯ ॥

શ્રી ગુરૂ સંઘ પ્રતિં ભણઇં, સુણો માનવી આણનઈં (૨)
**શાસનપતિ જિન વીરની રે,**
મુઝ આણાં જસ વાલહી, તિણિ પાલવી આણનઈં (૨)
શ્રી આચારયની સહી એ. ॥ ૧૨૦ ॥

અંગ પૂજ સહૂ સંઘ કરઈં, સુપ્રભાતિથી માંડીનઈં
માંડીનઈં રૂપ કનક મુદ્રા ઘણી એ,

અઢી પુહુર જિહાં દિન ચઢઇ એ, કોઇ ભાવિક વદ્ધાવઈનઈ (૨)
મુક્તાફલિ કરી ગછધણી એ. ॥ ૧૨૧ ॥

સુખ સમાધિ નિર્વૃતિ ઘણી, સોવન તણી કાંતિનઈ (૨)
ઝલકઈ અંગ સુહામણું એ,
મંડાણા સબલ મંડાણ એ, તિહાં આવઈ રાણોરાણિ એ,
રાયરાણાએ નિરખઈ મુખ **હીરનું** તણું એ. ॥ ૧૨૨ ॥
જિનશ્રી વીર જિનેં, દેશના બઈ દિવસની દીધીનઈ (૨)
જિનશાસનિ હિત મતિ ભણી એ,
તિમ સંધ્યાનું પડિકમણું સહૂ સાંભલઈ સંઘનઈ (૨)
કરાવઈ સ્વયં તપગછધણી એ. ॥ ૧૨૩ ॥

જૂઉ તપ તેજ ગુરૂ **હીર**નું, કાંઈ ચઢત લઈ વાંનજી,
ધ્યાનઈજી બઈઠા પડિકમણું કરી રે,
ગણઈ નુંકાર તે પડવડા પદમાસન પૂરીનઈ,
પૂરીનઈ ધ્યાન **શ્રીમંધિર** અનુસરી રે. ॥ ૧૨૪ ॥

ભાદ્રવ સુદિ અગ્યારસિં શુભ ગુરૂવાર યોગિજી,
સિદ્ધિ યોગિજી શ્રવણ નખ્યત્ર સોહામણઈજી,
રતિ ઘડીય્યા પાંચ જાતઇ, નઉકરવાલી પાંચમી (૨)
માંડતાં **'જગગુરૂ'** ઈમ ભણઈજી. ॥ ૧૨૫ ॥

**વસ્તુ**

**હીર** જંપઈ **હીર** જંપઈ અંત્ય ઉપદેશ રે
ગછવાસી મુનિવરા! સુણઉ અંત્ય હિતશીખ મોરી,
અમ્હઈ પરભવિં પંથી હવા, તુમ્હે હુયો હવિ ધર્મધોરી,
જિનશાસન દી[પા]વયોરે, સાધયો ઇહ પરલોક,
ઈમ કહી નોકરવાલી પાંચમીઈ, **હીર** પોહોતા સુરલોક. ॥ ૧૨૬ ॥

ઢાલ

જગનઈં વાહાલો રે **હીરજી**, હુંઉ જીવતાં જૈનનઉ છત્ર રે,
ફલ તે દેખાડીઉં જગત્ર રે. જગ૦ ॥ ૧૨૭ ॥

**હીરજી** નિર્વાણ જાંણી કરી, આવ્યાં દેવવિમાન રે,
મહોચ્છવ કરઇં રે નિર્વાણના, કલિમાં અચેરા સમાન રે.
જગ૦ ॥ ૧૨૮ ॥

વિમાન તે નજરિં દીઠડઉં, **સીંગલેસર** વાસી ભટ્ટ રે,
સુત પણિ દેખઈં પરગટ્ટ રે,
વાંણી રે હવી આકસમાં, તે પણિ સુણિ ઉદભટ્ટ રે. જગ૦ ॥ ૧૨૯ ॥

રાત્રિં વલી અંગજ પૂજીઉં, લ્યાહરી અઢીઅ હજાર રે,
માંડવી ઢોઈ ઉદાર રે,
કરી કથીપા પ્રમુખસ્યું, તિહાં બઇઠી લ્યાહરી એક હજાર રે.
જગ૦ ॥ ૧૩૦ ॥

માંડવી નીપજી જવ રહી, તવ રહી રતિ ઘડી ચ્યાર રે,
તવ રે ઘંટાનાદ વાજીઉ, જેહવો ઇંદ્રનઉ સાર રે,
સુણિઉ તે વર્ણ અઢાર રે, પછઇં વાગાં સાત ઉદાર રે. જગ૦ ॥ ૧૩૧ ॥

જવ ચિતામાંહિં પોઢાઢિઆ, જિંહાં લગઈં દીઠું કાંઈ અંગ રે,
તિહાં લગઇં પૂજીઆ પૂજ્યજી, રૂપા નાંણઇં મન રંગ રે. જગ૦॥૧૩૨॥

પન્નર મણ સૂકડિ ભલી, અગર તે ત્રિણિ મણ જાણિરે,
કપૂર તે ત્રીણ શેર તિહાં મિલિઉં ચૂઉં સેર પાંચ પ્રમાણ રે,
કસ્તુરી બિ સેર આંણિ રે, કેસર ત્રિણ સેર વખાણિ રે. જગ૦॥૧૩૩॥

ઇંણિ પરિં **હીર** અંગ સંસ્કરિઉં,
જમલિ લ્યાહરી સાત હજાર રે,
તિણિ વાડી જે ઝરલાઇઆ, તેહજ મોર્યા સહકાર રે,
અદ્ભૂત એ અપાર રે. જગ૦ ॥ ૧૩૪ ॥

પારખ **મેઘઈ** કરાવિઉ, થૂભ તિહાં અભિરામ રે,
તિહાં રાત્રિં આવીઇ છઇં દેવતા, કરઈ **હીર**ના ગુણગ્રામ રે
નાટિક હોઈ છઈં તામ રે, વાજિત્ર વાજઈં તિણિ ઠામિં રે
પ્રસિદ્ધ હવું આખિ ગાંમ રે. જગ૦ ॥ ૧૩૫ ॥

તિહાં ખેત્ર જે વાસો વસઈં, વાણિઉ નાગર જાતિ રે
તિણિ તિહાં જઈનઈ જોઈઉ, ઉદ્યોત વનમાં ન માત રે
કાનિં સુણઈં ગીત ગાંન રે, વાંજિત્ર દેવતા વાત રે. જગ૦ ॥ ૧૩૫ ॥
ઇણિ પરિ **હીરજી** નિર્વાણના, આવ્યા **પાટણ** લેખ રે
તે શ્રી આચારયંઈ સાંભલી, દુખ કીધઉં સવિશેષ રે
તે વિરહની વાત અલેખિ રે,
ધ્રુજિ ચઢઈં તેહ દયાલ **હીર** પેખી રે. જગ૦ ॥ ૧૩૬ ॥

## રાગ પરવી

**હીરજી** ગુરૂ કહનઇં કહીઇં, **વિજયસેન** સૂરિંદ બોલઇં
કહું દેવદયાલ રે, **હીરજી** ગુરૂ કહનઇં કહીઈં. હી૦ ॥ ૧૩૭ ॥

દુર દેસ વિહાર કીધો, કાં જગત્રય તાત રે
વીરની પરિં **હીર** જાતઇં, કરી સઘલી વાત રે
મુઝ કિઉં ગૌતમ ભાંતિ રે. હી૦ ॥ ૧૩૮ ॥

સિદ્ધરસ રસકુંપિકા, કારકા રૂંદતી રસ પારસા,
ધાતુ રૂપનઈં કનક સાધઈં, નહીઅ તું ધાતુ કનકરસા. હી૦ ॥ ૧૩૯ ॥

ગુઢમતિ અતિ મુઢ મતિ જા, જેહ નિપટ અજાન રે,
અયોગ્ય પણિ તે યોગ્ય કીધા, ગુણઈં આપ સમાન રે
સખી **હીર** અધિકઈં વાનિ રે. હી૦ ॥ ૧૪૦ ॥

દુર દેશથી દરિશન રસઇં,
કાં કૃપાલ કૃપા ન કીધી, એકવાર દરિસંનઈં. હી૦ ॥ ૧૪૧ ॥

- સીખાહિત મતિ કઉણ દેસઈં, તુઝ વિના નિજ શાસનઈં,
જગ ગુરૂ **હીરજી** તુઝ વિણ, કહુ કુણ સૂરીસનઈં હી૦ ॥ ૧૪૨ ॥

**રાગ મેવાડો ધન્યાસી**

શ્રી **હીરજી** ગુરૂ કિમહિં ન વીસરઈં,
જેહનો પરમ ઉપકારોજી
જિણિં જિનછાસનિ જગત્ર જગવીઉં,
ઈમ કહઈં **હીર** પટોધરૂજી. શ્રી૦ ॥ ૧૪૩ ॥

**અકબર** સાહના રે ધર્મસંદેસઉં,
કહઉં હવિ કિહનઈં કહેસ્યુંજી,
હિત આસીસ ને કૃપા નજરિં મિલી,
તુઝ વિણ કુણથી લહેરયુંજી. શ્રી૦ ॥ ૧૪૪ ॥

નિર્વાણ ઉછવિ આયા દેવતા,
જિમ તીર્થંકર વીરોજી,
ગૌતમ જિમ મુઝ વિરહ દેખાડિઉં,
તિમ કીધું ગુરૂ **હીરોજી**. શ્રી૦ ॥ ૧૪૫ ॥

અંત્ય સમય જિહાં મુઝ સંભારિઉ,
ધન્ય **હીરજી** ગુરૂરાજો જી,
પણિ મઈં ચરણ તે નવિ ભેટી શકયાં,
એ કાંઈ મુઝ અંતરાયો જી. શ્રી૦ ॥ ૧૪૬ ॥

સંઘ સહૂ મિલિ ગુરૂનઈં વીનવઈં,
મ કરો **હીરનો** વિષવાદોજી,
જિણિ તુમ્હ અમ્હનઈં રે થાપીઆ,
**હીર**નો મહાપ્રસાદો જી. શ્રી૦ ॥ ૧૪૭ ॥

શોક નિવારો રે સાસન-રાજીઆ,
પ્રતિપાલો સહૂ સંઘોજી,
અતિ આગ્રહ અવધારિ ગછધણી,

કરઇં જિન શાસનઇં રંગોજી.
**વિવેકહર્ષ** જગ જંગોજી. શ્રી હી૦ ॥ ૧૪૮ ॥

**ઢાલ**

**રાગ ધન્યાસી**

જયઉ જયઉ જગગુરૂપટધરો, શ્રી[**હીર**] વિજય ગણધારજી,
સાહ **અકબર** દરગાહ (બાર)માં, જિણિં પામ્યો જય જયકારજી. જયઉ૦ ॥ ૧૪૯ ॥

જિહાં લગિં મેરૂ મહીધરો, જિંહાં લગિ ગિરવરની રાજીરે,
ચિરઉં પ્રતપઉં ગુરૂ ગચ્છધણી, શ્રી **વિજયસેન** સૂરીસજી રે. જય૦ ॥ ૧૫૦॥

**હીર** પટોધર ઉગિઉ, પ્રગટ પ્રતાપી સૂ[ર]જી રે,
કુમતિ તિમિર દૂરઈં કરઈં, ભવિઅણ સુખ ભરપૂરજી રે. જયઉ૦ ॥ ૧૫૧॥

**વીજાપુર** વર નયરમાં પાંડવ નયન [૧૬૫૨] વરીસ જી રે,
**હર્ષઆણંદ** વિબુધ તણો, સીસ દીઇં આસીસ,
**વિવેકહર્ષ** કહઈં સીસજી રે. જય૦ ॥ ૧૫૨ ॥

**ઈતિ શ્રી હીરવિજયસૂરિ જગગુરૂ રાસ સંપૂર્ણમ્. પંડિતોત્તમ પંડિત શ્રી પં. શ્રી અમરવિજયગણિ શિષ્ય મુનિ ગુણવિજયં લિપિકૃતં શ્રી વિદ્યાપુરે પુરોપકારાય.**

**દયાકુશલ રચિત જ્ઞાનપંચમી નેમિજિન સ્તવન**

એ તપ કીજે લાભ લીજેં વંદી જે તપગચ્છધણી
પરતક્ષ ગૌતમસ્વામિ સરખી કીરતિ હીરસૂરિ તણી,
તપગચ્છ પંડિત જ્ઞાનમંડિત પાપછંડિત તું જયો,
બુધ કલ્યાણકુશલ ગુરૂસેવ કરતાં દયાકુશલ આણંદ થયો. ૩૦




**ખંભાત**



**પાટણ**



**વેરાવળ**



સક્કરપુર - ખંભાત



સક્કરપુર - ખંભાત

## ૨

મુનિ પ્રેમરચિત

# શ્રીહીરવિજયસૂરિ ભાસ

રાગ અસાઉરી

સરસતિ માતા જગમા વિખ્યાતા, સુરનર તુઝનઈં જાણીજી ।
શ્રી **હીરવિજયસૂરી** ગુણ ગાતા, દિઉ મુઝ અવિરલ વાણી ॥ ૧॥

**હીરવિજયસૂરી** તપગછ ધોરી, ગુણ ગાઈ જસ ગોરીજી,
પંચમ આરઈ ગૌતમ મલીયુ, ભવ ભવ ફેરુ ટલીઉજી. હીર૦ ॥ ૨॥

**હીરવિજયસૂરિ** આદિ દેઈ, નવ પરીયાના નામજી,
ભવિજન સુણયો ભાવિં ભણયો, લહિસિઉ સિવ પુરિ ઠામ જી હીર૦ ॥ ૩॥

પહિલુ પરીઉ સામલ સોહઈ, જસ નામિઈં મન મોહઈ જી,
બીજઉ સગરુ સાયર સરીખુ, સવિજન નયણે નિરખુ જી હીર૦ ॥ ૪॥

ત્રીજુ ધુતો ચુથુ ચાહડ, પાંચમુ છાનુ કહીઈ જી,
તસ સુત બડૂઉ સીલ ગાંગેવિ, નામિં નવ નિધિ લહીઈ જી હીર૦ ॥ ૫॥

આસો આસ્યા પુરિ સઘલી, **કૂંરો** કરણી સૂરુજી,
તસ ઘરણીઈં કૂઅર જાયુ, પ્રગટિઉ પુણ્ય અંકૂરુજી હીર૦ ॥ ૬॥

**નાથી** નારી જગમાં સારી, દીઈ દાન અવારી જી,
જગ તારણ જગત ગુરુ જાયુ, ભવિજન ભ્રમણ નિવારઈ જી હીર૦ ॥ ૭॥

**હીરવિજય** સૂરી ગુરુ પરવરીયા, **હીરજી** નામિઈં તરીયા જી,
દાન પુણ્ય કરણીય રૂડા, સકલ ગુણિઈં કરી ભરીયાજી હીર૦ ॥ ૮॥

દિલીપતિ **અકબર** પ્રતિબોધી, જેણિં અમારિજ કીધી જી,
**હમાઊ** નંદન **હીર** ઉપદેસિઈ, કીધી કરણી સૂધી જી હીર૦ ॥ ૯॥

શ્રી **વિજયદાનસૂરિ** પાટિ પ્રભાકર, **હીરવિજય** સૂરિ રાજઈ જી,
તીનભવન માંહિં સહૂ કોઈ જાણઈ, તપગછ પદવી છાજઈ જી હીર૦ ॥ ૧૦॥

ભણયો ગુણયો ભવિજન સુણયો, **હીરજી** નામિઈં તરીઈ જી,
શ્રી **વિમલહર્ષ શિષ્ય પ્રેમ** તણી, નીતિસીખ ભલી પરિ કરીઈ જી
હીર૦ ॥ ૧૧॥

**ઈતિ હીરવિજયસૂરિ સજ્ઝાય ભાસ.**

**શ્રીધનહર્ષ રચિત તીર્થમાલા સ્તોત્ર**

શ્રી **વિજયદાન** સૂરિંદ પટ્ટોધર, સૂરિ ગુરૂ **હીરવિજયાભિધાના**,
નગર ગંધારથી જેહ તેડાવિઆ, સાહિ શ્રી **અકબરિં** દત્તમાના. શ્રી ૧

ધર્મનું તત્ત્વ પૂચ્છયું સવે તે કહ્યું, સાહ **કુંરાકું** અરિધર્મધીરિં,
અતિ વિશેષિં પ્રકાસી કૃપા તિહાં ગુરિં, તેહ મનમાં ધરી ભૂપવીરિં. શ્રી ૨

પર્વ પજ્જૂસણિં દિવસ દ્વાદશ લગિ, કુણિં કુણ જીવનો વધ ન કરવો,
ઈસ્યાં ફુરમાન કરિ સુગુરૂનઈ અપ્પિઆં, નહિં કૃપા વિણિ કિસિં જન્મ
તરવો. શ્રી ૩

દ્વાદશ કોશનું જે સદા જલ ભર્યું, નામ ડાબરસરો જાણ દરિઉં,
શ્રી **હમાઊિસુતઈ** વલિઅ લખી અપ્પિઅં જાલપ્રક્ષેપઈ નમિં ન કરિઉં.
શ્રી ૪

માત **નાથી** તનુંજ જગત-આનંદકર, જે સકલ જન ઉદ્યોતકારી,
તાસ શિશુ **ધર્મવિજયાભિધો** બુધવરો, જે સદા વિમલતર ધર્મધોરી. શ્રી ૫

તાસ પદયુગ્મઅંભોજમધુકર સમો, તાસ શિશુ વિબુધ **ધનહર્ષ** ભાષઈ,
પંચ એ શ્રી જિનાધીશ સંસ્કૃતિ થકી, પ્રગટ હુઅં પુણ્યરસ સુધા ચાષઈ. ૬

**(૧) ઈતિ શ્રી તીર્થમાલા સ્તોત્ર શ્રી શાંતિ તીર્થંકર
સ્તવન નામાધિકાર સંપૂર્ણ.**

## ૩

શ્રી નગર્ષિ રચિત

# શ્રી હીરવિજયસૂરિ ભાસ

॥ રાગ અસાઉરી ॥

સાદરમાત પસાઉ કરીજઇ, પૂજિતણા ગુણ ગાઉંજી ।
શ્રી **હીરવિજયસૂરીસ**રરાયા, મનવંછિત સુખ પાઉંજી ॥ ૧ ॥
સારદમાત પસાઉ કરીજઇ ॥ આંચલી ॥

શ્રી **પાલ્હણપુર** નયર સુહાયા, સાહ**કુરા** ઘરી આયાજી ।
ભવિજનકું મનવંછિત દાયા, જંગમ સુરતરુ પાયાજી ॥ ૨ ॥ સાર૦ ॥

સુભ લગનિં સુભ દિવસિં જાયા, બહુ સૂહવિ ગુણ ગાયાજી ।
કુટુંબ સાખિ વરૂ નામ ઠવીજઇ, **હીર**કુંવર કહવાયાજી ॥ ૩ ॥ સાર૦ ॥

જડિત પાલણઇ પુહુઢઇ કુંયર, ઠમક ઠમક પગ ભરતુ જી ।
માય બાપ દેખી સુખ પામઇં, બહુ જનકું શુભ કરતું જી ॥ ૪ ॥ સાર૦ ॥

નિરમલ બુદ્ધિ કલા સવ સીખી, જોવન ભરી જવ આયાજી ।
બહિની મિલવા પાટણિ પુહુતા, શ્રી વિજય **દાનગુરુ** પાયાજી ॥ ૫ ॥ સાર૦ ॥

સુણી ધરમ વઈરાગિં ભરિયા, સંજમ રમણાં વરિયાજી ।
સાર નિગુણી જાણી સદ્‌ગુરિ, હરખિ નિજ પદિ ધરિયાજી ॥ ૬ ॥ સાર૦ ॥

સાહિ **અકબર** પમુહ નરિંદા, વંદઈં તુમારા પાયાજી ।
સીસ **નગા સામી** ચિરપ્રતિપુ, શ્રી **હીરવિજય** સૂરિંદાજી ॥ ૭ ॥ સાર૦ ॥

॥ ઇતિ શ્રી **હીરવિજય**સૂરિ ભાસઃ ॥

卐

## ૪

શ્રીનગર્ષિરચિત

# શ્રી હીરવિજયસૂરિ ભાસ

બહિની સબ સિણગાર બનાવુ, આવુ મનિ ઉલટ ધરી ।
**હીરવિજયસૂરિ** ગાવુ, પાવુ વંછિય સુહ સિરી ।
બહિની સબ સિણગાર બનાવું ॥ આંચલી॥

સુવિહત સાધુ સિરોમણિ રાજઈ તાજઈ તપગછ ગુલનિલુ ।
દિન દિન અધિકુ મહિમા ગાજઈ, છાજઈ **કુંરા** કુલતિલુ ॥ ૧॥ બહિની૦॥

**નાથી**ની ઓસવંસ સિણગાર નગીનુ, લીનુ તપ સંજમિ સદા ।
જો તુમ સેવક રજ ઈસુ કુલીનુ, દીનુ નવિ થાઈ કદા ॥ ૨॥ બહિની૦ ॥

જસ ધરિ પૂજિ ઠવઈ નિજ પાયા આયા તસ ધરી સુર ગવી ।
જે તુમ પ્રણમઈ નર વર ગાયા, પાયા તિણિ કમલા નવી ॥ ૩॥ બહિની૦॥

ઉપસમ રસ સહકારિ કીજ, વીરુ સબ જગ જીવનુ ।
સીસ **નગા** પ્રભુ જાચુ **હીરુ** ધીરુ દિઈ મુઝ સુખ ધનુ ॥ ૪ ॥ બહિની૦॥

॥ ઇતિ શ્રી **હીરવિજયસૂરિ** ભાસઃ ॥

**કવચણ રચિત પાંચ પાંડવ સજ્ઝાય**

શ્રી **હીરવિજયસૂરિ** ગછધણી, તપગછનો ઉદ્યોતકાર રે,
કર જોડી **કવિઅણ** મુઝ આવાગમણ નિવારો રે;
મુઝ આવાગમણ નિવારો પંડવ પંચ વંદતા મનમોહ રે. ૧૯

५

# શ્રીહીરવિજયસૂરિ ફાગ

एर्द० ॥ ॐ नमः ॥

તું બ્રહ્માણી ભગવતી રે મુઝ મુખ કરજે વાસ રે
ફાગ રચું રલીઆમણું રે પૂરવું નિજ મનિ આસ રે । આજ૦॥ ૧ ॥

આજ સખી રલીયામણુ રે આવ્યઉ માસ વસંત રે
**હીરવિજયસૂરિ** ગાઈઈ રે બાઇ સમતા લાડકડીનું કંથ રે
વાલ્હો માહારી સમતા લાડકડીનુ કંથ રે ॥ આજ૦॥ ૨ ॥

મનોહર રિતિ જગં જાણીઈ રે મઉરી સવિ વનરાઇ રે
ભવિજન કલ્પતરુ ફલ્યા રે સીધા સીધા વંછિત કાજ રે ॥ આજ૦॥ ૩ ॥

શ્રીસંઘ આસ્યા વેલડી રે પસરી ગઇ હરજ ગંભીર રે
ફલ લાગાં મીઠાં જસાં રે જમતાં સાકર ખીર રે ॥ આજ૦॥ ૪ ॥

મધુકર ગુંજારિવ કરિ રે દાન લહઇ મકરિંદ રે
કોકિલા મધુરિ સર લવિઇ રે જાચક પામિ આણંદ રે ॥ આજ૦॥ ૫ ॥

સમ દમ ભાવનાદિક બહુ રે સ્વાપદ તિહાં અભિરામ રે
એણિ પરિ જગં હિતકારીઉ રે સોહિ સાસન આરામ રે ॥ આજ૦॥ ૬ ॥

વિવેક મંત્રીશ્વર વીનવઇ રે જાણી અવસર સાર રે
વસંત રમિ હુંસી ભલુ રે સાહા કુરાં તણઉ મલ્હાર રે ॥ આજ૦॥ ૭ ॥

મહાવ્રત તુરંગમ પાખર્યા રે જલધ કલોલ તિહાં જાણ રે
ઉત્તર ગુણ હીરે જડાં રે સમકિત ઠવિઉં પલ્લાહણ રે ॥ આજ૦॥ ૮ ॥

સીલ સન્હાતન ભીડીઉ રે ઉદ્યમ ચાબક હાથ રે
સુરનરના મન મોહતઉ રે તિહાં બિઠા તપગછનાથ રે ॥ આજ૦॥ ૯॥

આસા મુગટ સોહામણી રે મતિ-શ્રુત કુંડલ દોઈ રે
પંચવીસ મહાવ્રત ભાવના રે અવર આભરણ સોહાએ રે ॥ આજ૦॥ ૧૦॥

છત્રિ મેઘાંડર ભલુ રે જિનવર આણ અખંડ રે
સુજસ ચામર ઢાલઈ ષરાં રે તપ જપ ખડગ પ્રચંડ રે ॥ આજ૦॥ ૧૧॥

કીરતિ પાત્ર સોહાંમણા રે નાટક રંગિ નાચંત રે
પાંચ ભેદ સજ્ઝાયના રે વાજિત્ર સબલા વાજંત રે ॥ આજ૦॥ ૧૨ ॥

ઉપસમ કેસર છાંટણાં રે સોહઈ ષ્યમા ગુલાલ રે
વચઈ વચઈ સોહિ ષ્યમા ગુલાલ રે
અવર સુગંધ સોહામણા રે સવિ છાંડઈ મુનિ લાલ રે ॥ આજ૦॥ ૧૩ ॥

આવઉ મિલુ સાહેલડી રે ગાઈઈ રંગ રસાલ રે
ધર્મરાજાનિ વધાવીઈ ને મોતીડાં ભરી ભરી થાલ રે
મણિ માણક ભરી થાલ રે ॥ આજ૦॥ ૧૪ ॥

તીર્થંકર સમો અવતરુ રે આપે આપે અઢલીક દાન રે
સુર ગતિ મુગતિ સોહામણું રે હસી હસી દિ બહુ.માન્ રે ॥ આજ૦॥ ૧૫ ॥

ઈમ ગુણ ગાતાં માહરું રે મન પંજરે ન માય રે
રસના માચઈ મદ ભરી રે સહજી ઓ તુ સુષી થાઈ રે
આજ સખી રલીયામણઉ રે ॥ આજ૦॥ ૧૬ ॥

॥ ઈતિ ફાગ ॥

**નગાઋષિ રચિત સિદ્ધપુર જિન ચૈત્યપરિપાટી**

તપગછમંડન દુરિયખંડન શ્રી **હીરવિજય** સૂરીસરૂ,

६

શ્રીસચવીરઋષિ રચિત

# શ્રીહીરવિજયસૂરિ બારમાસો

॥ રાગ સામેરી ॥

સરસતિ ભગવતી ગુણવતી વરસતિ વાણી સાર
વિણા પુસ્તક ધારિણી કવીયણ જણ આધાર ॥ ૧ ॥

શ્રી જગરાજ પંડિતવરૂ જાચી મોંહણવેલિ
તાસુ તણઇં સુપસાઉલિં આજ કરૂં રંગરેલિ ॥ ૨ ॥

**હીરવિજયસૂરિ** તણા દ્વાદશ માસ પ્રધાન
તે ગાઉ આણંદસૂં માતા દઉ વરદાન ॥ ૩ ॥

સહ **કૂંરા** કૂલિ ચંદલઉ **નાથી** ઉઅરિ મલ્હાર
જયવંતા જગિ **હીરજી પાલ્હણપુરિ** અવતાર ॥ ૪ ॥

ઉત્તમ બહિનઇં પૂજ્યના **વિમલા** એહવૂં નાંમ
સાહ **વિજયસંગ** ઘરિ પરણાવીઆ **પાટણ** પુણ્યહ ઠામ ॥ ૫ ॥

તિહાં કણિ કુંયર પધારીયા મલવા કેણઇં કાજિ
પુન્ય પ્રભાવઇં તિહાં મિલ્યા **વિજયદાનસૂરિ**રાજ ॥ ૬ ॥

અમીય વયણ ગુરુનાં સુણ્યાં તવ મનિ કીઉ વિચાર
પંચ મહાવ્રત આદરૂં એ સંસાર અસાર ॥ ૭ ॥

ઘરિ આવી ભગની તણઇં પાઇં પ્રણમી કહઇ વાત
અનુમતિ દ્યઉ સંયમ લિઉ પાલૂં જગત્ર વિખ્યાત ॥ ૮ ॥

વલતુ ઉતર જિમ દઉ તે કહિસું સુવિચાર
ભવીઅણ જાણ સવિ સંભલઉ સફલ કરઉ અવતાર ॥ ૯ ॥

ઢાલ

માગસિર અતિહિ સોહામણઉ સહૂ કરઇં જયજયકાર
વીવાહજંગ મંડઇયા ઉછવ ઘરિ ઘરિ બારિ

સંસારનાં સુખ ભોગવી જી પછઇ સંયમ ભાર
અણઘટતૂં કાઇ મ બોલીઉ તું વછહ હવડાં પરણઇ નારિ રે કુંયરજી ॥ ૧૦ ॥

ઈમ કિમ મન જા આણીઉ રે એહવુ કવણ સુણ્યઉ ઉપદેસ રે હીરજી
પંચ મહાવ્રત દોહલા રે તુમ્હે તુ હજુ છઉ લઘુવેસ રે હીરજી
ઈમ કિમ આંકણી.

દૂહા

મધુર વાણી વછ બોલીયા એ સવિ માયા જાલ
મુગતિ રમણી મન મોહીઉ અવર ન જંપુ આલ ॥ ૧૧ ॥

પોસઇં માસઇ પૂન્યના ફલ ભોગવીજઇ સાર
સરકરાઇં પઇ સાથઇ કઢી પીજીઇ વારોવાર
સાલિ દાલિ ગોધૃત રસ જિમીઇં સાલણે બેચ્યાર રે
મધુકરી વ્રત માગવા કિમ હીંડસિઉ ઘરિ ઘરિ બાર રે કુંરજી ॥ ૧૨ ॥

સુરગિરિ પાયા અધિકતર સરસ નિરસ, આહાર
ઘણી વાર મઇં ભોગવ્યા ત્રિપતિ ન હોઇ લગાર ॥ ૧૩ ॥

માહમાસિ વસીઇ ઉરડઇં નવિ સીત લાગઇં અંગિ
કસમસતિ પહિરિ કભાઇં ઊપરિ ઓઢણાં અતિ ચંગ
કપૂર લવંગ તંબોલ ખાતા નઉ હઇ તાઢિ લગાર
મુનિરાયનઇં અણુઆણ પગ ગિરિકંદરિ કરિવુ વિહાર રે ॥ ૧૪ ॥

દુહા

તિર્યંચ તણા ભવ ભોગવ્યા વસિઉ અરણ્ય મઝારિ
તિહાં ટાઢિ ઘણી સહી કહિતા ન લહું પાર કુંયર ॥ ૧૫ ॥

ફાગુણ રંગભરિ આવીઉ વસંત કરિ કલ્લોલ
કસ્તૂરિ કેસરિ ચૂઆ ચંદન છાંટણાં રંગરોલ
મધુમાધ ગાઇં ગહી વીમા પ્રથમ રસનુ લાગ
નિગ્રંથની એ સવે કરવૂં ત્રિવધિ ત્રિવધિ પરિત્યાગ રે ॥ ૧૬ ॥

દુહા

સદા વસંત હીઇ વસઇં જે મુનિ ચારિત્રવંત
સમરસ ચંદન છાંટણાં સિવકાંમિની વરંતિ ॥ ૧૭ ॥

વનરાઇ મઉરી ચેત્રિ જાણિ સયણ તૂં વિનાણ
તિહાં કોકિલા કલિરવિ કરિ મોહરાય મૂંકિ બાણ
તેણિ વેધ્યા બહૂ નર પડિ દૂખિયા ભમિ સંસારિ
એહનિ કિણાંપરિ જીપસઉ જે જગ માંહિ સબલ ઝૂઝાર રે કું૦ ॥ ૧૮॥

દુહા

સીલ સન્નાહ પહરી કરી ભાવન બાણ પ્રંચડ
ખંમા ખેડઇં કરી જીયસૂ મોહ જે સબલ વતંડ ॥ ૧૯ ॥

વૈશાખે બઇસી ગઉખિ જિહાં આવિ તે લહલહ વાય
બાવનચંદન સીંચીયઇ તનુ અતિહિં સીતલ થાય
સેવક જન કરિ વીજણા કમકમા જલ છંટંતિ
શ્રી સાધું લીઇં આતાપના તિસુ મસ્તકિ સૂર તપંતા રે. કું૦ ॥ ૨૦ ॥

દુહા

અમર તણાં સુખ ભોગવ્યાં ઉપાયા બહૂ પાપ
વિવેક ગવાખિ બઇસસ્યૂં નિહિ લાગિ વિષયા તાપ ॥ ૨૧ ॥

જેષ્ટિ વાદલ ચિહુંદિસિ નહીં વાયનુ પરવેસ
અંઘોલ કરી જન વસ્ત્ર પહિરિ ધોઇઆ સુવિસેસ
મલ મલિણ ગાત્ર નિ મલિણ વસ્ત્રહ સૂએવું નિતુ ભૂમિ
નિર્ગ્રંથ મારગ દોહિલઉ અંઘોલ સનાનઉ નીમ રે. કું૦ ॥ ૨૨॥

દુહા

એહથી અનંતગુણા સહ્યાં દુખ મઇ નરગ મંઝારિ
સંવેગ રસાયણા છાંટતાં તનુ સીતલ થાઇં આપ રે કું૦ ॥ ૨૩ ॥

આષાઢિ ગાજી ગડમડી ગગનઇં જ આવિ મેહ
સિખં ડનીસરસૂંલવઇં જૂનઉ જગાવિ નેહ

પીઅ પીઅ કરિ બપીહઉ ઘણુ જિસિઉ કામકેરું બાંણ
સર્વ સંગ કરિ પરિત્યાગ રહતાં ઇણઇં અવસરિ દોહિલૂં જાંણ રે
કું૦ ॥ ૨૪ ॥

દુહા

નયણબાંણઇં વેધિઉ સંયમશ્રીનિ આજ
તેસૂં રમસૂં રંગભરિ કરિસિઉં ઉત્તમ કાજ ॥ ૨૫ ॥

શ્રાવણ માસ મેહ વરસિ અમોઘ ધાર અનેક
ઝાકવઇ વાઇ વાયર જલ માંહિ બોલિ ભેક
અતિ ઉષ્ણ ષડરસ તેજ ભોજન ભોગવીજઇં તામ
યતીનિઇ ઊંછવ કરી જલે ઉષ્ણ સીતલ એકઇ ઠામિ રે કું૦ ॥ ૨૬ ॥

દુહા

મિથ્યા ઝાલક ઝાલિવા સમકિત ભવન વિસેસ
જ્ઞાન-ભોજન જિમતાં સદા જાઇ સર્વ કલેસ ॥ ૨૭ ॥

ભાદ્રવડિ ભર ગાજીઉ સુખી થયુ જગ સર્વ
દાંન પૂન્ય કરિ કેઇ આવ્યાં પજૂસણિ પર્વ
પરદેસિ મેવા વસ્ત્રને કહા ભોગવીજઇ . તાંમ
યાચક બઇઠા બારણિ નિતુ ગાઇ ગુણ અભિરામ રે । કું૦ ॥ ૨૮॥

દુહા

અભયદાન દેઉં જીવનિ સદા પજૂસણ સાર
વિચાર મેવુ આસ્વાદતાં પુહુચિ હરખ અપાર ॥ ૨૯ ॥

આસો રે માસઇ નવા ભૂષણ વસ્ત્ર સવિ પહિરંતિ
દીપોછવ ઘરિ ઘરિ હોઇ ભાઇબીજ બહિન કરંતિ
નયણે જુ નીર ભરી કહિઇ મિ દૂખ નહીં સહિવાઇ રે
માડીના જાયા વીનવૂં રે તૂં કાં નિસનેહ થાઇ રે । કું૦ ॥ ૩૦ ॥

### દુહા

સંસારં ભમંતાં જીવનિ હૂઆ સજન અનેક
નિતુ દીવાલી તેહનિ જેહનિ મનિ ધર્મવિવેક ॥ ૩૧ ॥

પીલી પટુલી પહિરણિ ઉઢણઇં નવરંગ ઘાટ
કરિ ગ્રહી અખ્યાણૂં ભલું જઇઇં પીહરની વાટ
વીરા વિના પીહર કિસ્યું તિહાં કુણ દીઇ બહૂમાન
બંધવ કહી કેહનિ બોલાવૂં મુઝ દુખ મેર સમાંન રે ॥ ૩૨॥

### દુહા

સીલ ભૂષણ પહિરુ તુમ્હે વસ્ત્ર જિનગુણ ગાઉ સંસાર
પીહરઇં રાચઉ રિષે, સિવ સાસરિ જિમ જાઉ રે કું૦ ॥ ૩૩ ॥

કાર્તિક માસ વષાણીઇં દ્વાદશ માંહઇં પ્રધાંન
તવ કુટંબ સવિ મનાવીઆ કુઅરિ કર્યઉ મંડાણ
મહૂરત ઉતમ્મ લીઇં તવ **શ્રીવિજયદાંનસૂરિંદ**
દીક્ષા જંગ મંડાવીઉ શ્રીસંઘ પામંઇ આણંદ રે કું૦ ॥ ૩૪ ॥

### રાગ ધન્યાસી

મોહ તણાં દલ સાથિં ઇમ ઝૂઝ્યા સબલ ઝૂઝાર જી
એ પૂજ્ય તણાં દીદાર ઉપરિ જાઉં હૂં બલિહાર જી રે ॥ ૩૫ ॥

### ઢાલ

સાહ **વિજયસંઘ** સમરથ સાહ ધન ચિહૂં પખિ રાખિઉં નાંમ જી રે
વિત વેચઇં મન મોકલઇં **હીરજી** કેરડઇં કાંમિ જી રે ॥ ૩૬ ॥

જયવંતુ જગિ **હીરજી** ત્રિભુવન તિલક સમાંન જી રે । આંચલી।
સહજિવિમલ સુખદાઇક નાયક જુગહ પ્રધાંન જી રે । કુંઅરજી
। આંકણી ॥ ૩૭ ॥

દેસ નગર **પાટણ** તણા મિલીયાં સંઘ અનેક જી રે
નિતુ ઉછવ હૂઇ ઓવારણાં ફૂલેકાંસૂં સુવિવેક । જયવંતા૦ ॥ ૩૮ ॥

તિવલ દમાંમાં દડદડી વલીયાં નીસાણે ઘાય જી રે
**પાટણ** હૂઉં જાણે સુરપુરી વાધ્યઉ અધિક મહિમાય જી રે ॥ ૩૯॥

ચૂયા ચંદન છાંટણાં કસ્તૂરી નઈ કપૂર જી રે
ઘરિ ઘરિ દીઇ ચંદન છટાં નિતુ ઊગમતિ સૂર જી રે । જય૦ ॥ ૪૦ ॥

સંઘનિ કરિ પહિરામણી વસ્ત્ર આભરણ તંબોલ જી રે
સામીવછલ જિણપૂજા સદા થાઇ રંગરોલ જી રે । જય૦ ॥ ૪૧॥

કારતિક વદિ બીજ દિન ધન બંદી કરિ જયકાર જી રે
**વિજયદાંનસૂરીસ**રિં દીધઉ સંયમ ભાર જી રે । જય૦ ॥ ૪૨ ॥

વિનય વિવેક વિચાર જયઉ ન્યાન દરસન ચારિત્ર જી રે
સમ દમ સુમતિ ગુપતિ તણાં ગુણ આવી મિલ્યા પવિત્ર જી રે
। જય૦ ॥ ૪૩ ॥

સૂત્ર અનેક અભ્યાસીયાં સ્વપરિ સમઇ વિચાર જી રે
પદમા પદકમલઇ વસી મુખિ ભારતી અવતાર જી રે । જય૦ ॥ ૪૪॥

**નડલાઈ**યઇ પૂજ્ય પધારીઆ **શ્રીવિજયદાંનસૂરીસ** જી રે
શ્રાવક ઉછવ બહુ કરિં પુહતી મનહ જગીસ જી રે । જય૦ ॥ ૪૫॥

ઉત્તમ પદ તિહાં પૂજ્ય દીઇ વિબુધ અનિ ઉવઝાય જી રે
યાચક હૂયા લખેસરી ઘરિ ઓલખ્યા ન જાઇ જી રે । જય૦ ॥ ૪૬॥

ગુરજી **સીરોહીં** પધારીયા અનુક્રમિ કરતાં વિહાર જી રે
તપ જપ વિસેષ તિહાં મંડિયા રાય વરતાવી આમાર જી રે
। જય૦ ॥ ૪૭ ॥

શાસણદેવી પ્રગટ થઇ વીનવ્યા **શ્રીવિજયદાંન** જી રે
ગછ નિરવાહ કરવા ભણીં **હીરહરષ** પુરુષ પ્રધાંન જી રે ।
જય૦ ॥ ૪૮॥

એહ વચન જવ સંભલ્યાં પૂજ્ય મનિ હર્ષ અપાર જી રે
સુભ વેલા નિજપદિ થાપીયા **હીરવિજયસૂરિ** ઉદાર જી રે ।
જય૦ ॥ ૪૯॥

મહા મહોત્સવ તિહાં હૂઆ તે કહતાં નિ લહૂં પાર જી રે
કાજ ઉત્તમ કરી આવીયા **પાટણ** નયર મઝારિ જી રે । જય૦ ॥ ૪૮॥

સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા ચઉવિહ સંઘ મિલંત જી રે
પૂજ્ય પ્રમુખ સહૂ દિઇં વાંદણાં ચિરંજીવઉ ભગવંત જી રે । જય૦ ॥ ૫૨॥

બહુલા દ્રવ્ય વેચઇં શ્રીસંઘ જયજય બોલઇં ભાટ જી રે
અખ્યાણાં લેઇ સોહાસણી આવઇં ઉઢી સિર ઘાટ જી રે । જય૦ ॥ ૫૧ ॥

માંણક મોતી ભરી ભરી વધાવઇં નરનારિ જી રે
કરઇં પટકૂલ લૂંછણાં ઇમ હુઇં નિતુ નિતુ જઇકારિ જી રે । જય૦ ॥ ૫૩ ॥

જું અવિચલ રહિઇં સુરગિરી જાં રાજિ રવિ ચંદ જી રે
તાં પ્રતિપુ એ ગર્ણધરૂ ત્રિભુવન નયણાણંદ જી રે । જય૦ ॥ ૫૪ ॥

સંવત સોલ સોલોત્તરઇં આંસો સુદિ બીજ સાર જી રે
અમૃતસિદ્ધિ યોગ ઉત્તમા હસ્ત નખ્યત્ર રવિ વાર જી રે । જય૦ ॥ ૫૫ ॥

**ફાલૂપુર**નઇં ઉપાસરઇં નિતુ નવા ઉછ્વ થાઇ જી રે
**સચવીર રિષિ** આણંદ ભારી ઇમ વીનવિઉ મુનિરાઇ જી રે । જય૦ ॥ ૫૬ ॥

આજ સફલ દિન માહરુ સફલ હૂઉ અવતાર જી રે
દેહ પવિત્ર થઇ માહરી ભરીયઉ સુકૃત ભંડાર જી રે । જય૦ ॥ ૫૭ ॥

એ પ્રબંધ ભણઇં ગુણઇં જે સુણઇં આણી નિરમલ બુદ્ધિ જી રે
મનના મનોરથ તસુ ફલઇં લહઇં નવનિદ્ધિ સર્વસિદ્ધિ જી રે । જય૦ ॥ ૫૮॥

**ઇતિ શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાઇં પ્રબંધ સંપૂર્ણ ॥ છ॥**

**ઇતિ શ્રી હીરવિજયસૂરીશ્વરગુણવર્ણને દ્વાદશમાસ અધિકાર સંપૂર્ણ મંગલં લેખકાનાં પાઠકાનાં ચ મંગલં મંગલં સર્વભૂતાનાં ભૂમિભૂપતિમંગલં ॥ ૧॥ શ્રીરસ્તુ ॥**

# વિભાગ

## ૩

લેખશૃંગાર,

દેશના સૂરવેલી,

ચતુર્માસલાભ પ્રવહણ,

શ્રીહીરવિજયસ્તવ,

શ્રીહીરપુણ્યખજાનો.

१

શ્રીપુણ્યહર્ષ રચિત

# લેખશૃંગાર

ऐं नमः ॥ આસાઉરી॥

### દૂહા

સ્વસ્તિ **શ્રીઋષભજિનં**, શ્રી નાભિનરેન્દ્રમલ્હાર ।
કનકવર્ણ કાય જેહની, પંચશતધનુષ ઉદાર ॥ ૧॥

સંતિકરણ **સંતીશ્વરૂ**, સોલસમુ જિનચંદ ।
અચિરા માતા ઉઅરઇં ધર્યો, વિશ્વસેન નૃપચંદ ॥ ૨॥

નિજ ભુજબલ હરિ તોલિયો, તજી જેણઇં રાજકુમાર।
ગિરિવર જઇ સંયમ લીયો, જય જય **નેમકુમાર** ॥ ૩॥

મહિમા જેહનુ જાગતુ, પૂરઇં વંછિત આસ ।
ત્રેવીસમુ તીર્થંકરુ, સંકટ ભંજન **પાસ** ॥ ૪॥

બાલપણઇં જેણઇં ચાલિયો, હેલા મેરુગિરિંદ ।
વાસવચિત્ત ચમક્કિયો, અંતિમ **વીરજિણિંદ** ॥ ૫॥

ઇતિ પંચતીર્થી પ્રતિ, પ્રણમી લિખઇ વર લેખ ।
**પુન્યહરષ** ગુરુ **હીરનઇ, ફતેપુર** નયર વિશેષ ॥ ૬॥

હંસતણી પરિ ઉજ્જલો, વર્ણન અધિક વિચિત્ર ।
પંડિત ઇવ તે સાક્ષરો, વર્ણ સુવર્ણ સચિત્ર ॥ ૭॥

### ઢાલ

આરબ-હબસ-રોમ-ખુરાસાન કાબિલનઇ કંકાલ।
સબ્બર-બબ્બર-ભિંભર-મુહર ફરંગનઇ પ્રતિકાલ ॥ ૮॥

જંગલ-બંગલ-ગખ્ખર-ભખ્ખર ઠઠાનઈ બંગાલ ।
હલ્લાર-લાહોર-ઉંચ-મહાઉંચ ચીન-મહાચીન-પંચાલ ॥ ૯॥

ભોટ-મહાભોટ-લાટ-કાસમીર કરણાટ-બઈધાટ-બંબાલ ।
ઉકુંત-ગુડંત-ભુટેત-ભોટિયો ભાટી-ભોમ-ભંભાલ ॥ ૧૦॥

લખ્ખ-સવાલખ્ખ-પાલ-નેપાલ સિંધુ અનઈ સોવીર ।
હ્રિચ્છ-ભુચ્છ-ભુંચ્છાલ-જટાલા હમ્મ-હામ્મ-હમ્મીર ॥ ૧૧॥

અંગ - વંગ - કુલિંગ - તિલંગા ગોડ - ચોડ-કનોજ ।
ભાલ-ભલિંદ-મગધ-માગધ પાલી-પંથ-કંબોજ ॥ ૧૨॥

કાસી-કોસલ-કરઠ-મરહઠ બહુલીનઈ જટ-જાટ ।
નિમચ-નીલ-નલઉ નીલાબ નીલકંઠ કેરખાટ ॥ ૧૩॥

કછ-મહાકછ-કુંકણ-કલહત્થ પાખર-પંડ-ખંડોર ।
ગાજણ-ગંગાપાર-પૂરવિયો પારદલ પંડોર ॥ ૧૪॥

ઉટકોટ-અઘાટ-કલિંજર સ્યાલકોટ ચઉસાલ ।
કલ્હર-કાલ્હર-હોર-હાડોટી હુરં હાર હમ્મીર ॥ ૧૫॥

કુરૂપ-કારૂપ-જાલંધર-ચિલ્લર ડાહલ ડંડ ડંડીઆણ ।
કાન્હડ-કચૂઉ-કલ્લ-કલ્લંદર મંડ-મંડોર-મંડાણ ॥ ૧૬॥

વિકટ-ઘાટ-લુંટાક-ગુઆલેર નરવર પંચ ભરતારો ।
શ્રીરાજા રાજ કરઈ જિહાં હઈ હનુમન્ત હકારો ॥ ૧૭ ॥

ભરડ ભોરદર ગુંડ ગુંડવાણો દક્ખણ સચ્ચ સાચોરો ।
સોવન્ન ભિન્નમાલ ભલ સિંહલ છપન ધૂત ધૂતારો ॥ ૧૮॥

કુણાલ કામરુ મહીમડ માલવ ખાનદેસ નમીઆડ ।
દમ્મણ સોરઠ ગુજ્જર વાગડ મારુઆડ મેવાડ ॥ ૧૯॥

ઈત્યાદિક જે દેસ સવાલખ્ય તેહમાંહિ વિખ્યાત ।
મધ્યખંડ વિરાજઇ મહીઅલ મોટો દેસ મેવાત ॥ ૨૦॥

**દૂહા**

સકલ દેસ મુખમંડનો શ્રી **મેવાત** વડદેસ ।
**અકબર** રાજ કરતઇ જિહાં નહીં પરદલ પ્રવેસ ॥ ૨૧॥

### રાગ-મધુમાધ

દેસ મનોહર **શ્રીમેવાત** જિહાં જન ન કરઇ કોણની
તાતા લોક ઘણા દાતાર તુ જય જય ।
ઠામ ઠામ તે દાનની સાલ પર્વ ઘણી જિહાઁ વિસાલા
પથિક પામઇ સંતોષ તુ જય જય ॥ ૨૨॥

વસ્તુ વાના કોના પઇ ઘાટ ચોર ચરડ નવિ લાગઇ વાટ
કનક ઉછાલઇં હિંડઇ તુ જય જય ॥ ૨૩॥

વરસઇ જિહાઁ કિણિ માગ્યા મેહ ધરતિ ધરઇ અધિક સનેહ
નીપજઇ બહુલા અન્ન તુ જય જય ॥ ૨૪॥

ન પડઇ જિહાઁ કિણિ કદાય દુકાલ ધાન્ય પાણીતણુ સુગાલ
રંગ-રંગીલા લોક તુ જય જય ॥ ૨૫॥

લોકતણિં ઘરિ ઘણાં ય દુઝાણાં દધિઅ દુધ આપઇ રિંઝાણા।
અતિ ધનઇ અણમાંગ્યા તુ જય જય ॥ ૨૬॥

દેસ દેસના જિહાં વ્યાપારી નિજ અધિકાર ધરિ અધિકારી।
વસઇ તે લોકની ચિંતા તુ જય જય ॥ ૨૭॥

ચામલ યમુના નદીં ય મનોહરા વાપી કૂપ અનઇ સરોવરા
વનવાડી આરામ તુ જય જય ॥ ૨૮॥

**સૂરીપુર હથનાઉર** સાર મોટાં તીરથ જિહાં જૂહારઇં ।
જાઇ પાતિક દૂર તુ જય જય ॥ ૨૯॥

**આગરું બયાનુ પીરોજાબાદ મહિમ અલવર અભિરામાબાદ।**
**દીલી મથુરાં હંસાર** તુ જય જય ॥ ૩૦॥

**તેજારા**પ્રમુખ બહુ ગામ કોસ કોસ અન્તર અભિરામ ।
જિન પ્રસાદ સહિત તુ જય જય ॥ ૩૧॥

સાત વ્યસન કાઢ્યાં જિહાં કૂટી।
અમરી સરખી જિહાં ય વધૂટી ।
અમર સરિખા પુરુષ તુ જય જય ॥ ૩૨॥

સ્યાહિ **અકબ્બર**ની જિહાં આણ અધિક સ્યું કિજઇ વખાણ।
સ્વર્ગખંડ અવતાર તુ જય જય ॥ ૩૩॥

**રાગ-દેસાખ**

સોહિ અમરપુરી અ સમાન મધ્યખંડમંડન પ્રધાન ।
નયર **ફતેપુર** જગવદીત ઉત્તમ ઘર ઘર છઇ જિહાં રીત ॥ ૩૪॥

ગઢ મઢ મંદિર પોલ પગાર ચોપટ ચોહટા જિહાં ઉદાર ।
હટ્ટ તણી ચિહું પાસિ ઉલ માણિકચોક વિચઇ અમોલ ॥ ૩૫॥

ધનદ સમાના જિહાં ધનવંત વસઇ વ્યવહાર્યા અતિપુણ્યવંત।
ભોગ પુરંદરલીલવિલાસ કિયો કામ નિજરૂપઇ દાસ ॥ ૩૬॥

રતિરૂપ જિહાં સુંદર નાર ઘૂઘર નેઉરનઇ રણકાર ।
કામી કેરાં મન મોહંતિ મંથર મરાલી ગતિ સોહંતિ ॥ ૩૭॥

નિરખઇ કેઇ નાટક રંગરોલ કરઇ કેઇ કથાકલ્લોલ ।
ગવડાવઇ બઇઠા કેઇ ગાન ભાવભેદ પ્રીછઇ સુજાન ॥ ૩૮॥

કનકદંડમંડિત પ્રાસાદા ઇન્દ્રવિમાનસું કરતા વાદ ।
શ્રી જિનવર કેરાં જિહાં તુંગ કૈલાસ તણા જાણે કે તુંગ ॥ ૩૯॥

જિહાં મુનિવર પોસાલ વિશાલ જગ ગુરુ **હીરજી** દીઇ રસાલ।
બઇઠાં જિહાં મધુરો ઉપદેશ સુણઇ સાદર ભવિઅન સવિસેસ ॥૪૦॥

પ્રબલ પ્રતાપવંત મહીનાહ રાજ કરઇ તિહાં **અકબર** સ્યાહ।
સ્યાહિ **હમાઉ** કેરો પુત્ર નિજ ભુજબલ સવિ જિત્યા શત્રુ ॥ ૪૧॥

વિસ્તરઇ જેહની આગન્યા ચંડ વિકટ રાયના તે લીઇ દંડ ।
પલાવઇ ચિંહુ ખંડ અમાર જાણઇ બીજો **શ્રીકુમાર** ॥ ૪૨॥

ન્યાયનીતંઇ જાણે કે રામ અવતરિઉ કલિયુગ અભિરામ ।
રૂપઇં જાણઇં સોહઇ કામ **ખાનમલિક** કરઇ પ્રણામ ॥ ૪૩॥

હસ્તિ જેહનઇ પનર હજાર બીજા દલતણો નહિ પાર ।
છોહરુ પરિ પ્રજા પાલંતિ **શ્રી જગગુરુ**ના ગુણ સમરંતિ ॥ ૪૪॥

**રાગ-માલવીગુડુ**

વસ્તુ

સ્યાહિ **અકબ્બર**

મુદ્‌ગલાધીસ વાત પૂછી તપ કારઇ ।
મોકલી અ મેવાડા **સાહિબખાનનઇ ગંધાર** થકીઅ તેડાવીઆ।
અતિમંડાણ ગુરુરાજ **હીર**નઇ જગગુરુ બિરુદ,
દેઇ કરી રાખઇ ચતુર ચોમાસ ।
સંવત સોલ એકતાલએ લાભ દેઇ ઘણુ જાસ(૨) ॥ ૪૫॥

સોત્કણ્ઠં સોત્કણ્ઠં લિખતિ લેખ મનોહરં ।**પુન્યહર્ષ** ગુરુ **હીર**નઇ
વિનઇ પૂર્વક સાદરં સોત્કણ્ઠં સોત્કણ્ઠં ॥ ૪૬॥

સકલદેશ તણુ વિભૂષણ દેશ **શ્રીગુજરાત** ।
**થંભનપાસ** અલંકરી **ત્રંબાવતી** વિખ્યાતરી સોત્કંઠં (૨) ॥ ૪૭॥

**શ્રીવિજયસેનસૂરિ** આદેસઇ તિહાં થકી કરજોડરી ।
સસ્નેહં સોલ્લાસં સ્વકીયમાન મોડ રી સોત્કંઠં(૨) ॥ ૪૮॥

સાનન્દં સપ્રમોદં વિકસિતવર કપોલરી ।
રોમકૂપ સમુલ્લસંતં ચકિત લોચન લોલ રી સોત્કંઠં(૨) ॥ ૪૯॥

પ્રફુલ્લિત વદનારવિંદં ભૂનિહિતોત્તમાંગ રી ।
સંયોજિતશયભાલપટ્ટે વામનીભૂત અંગરી સોત્કંઠં ॥ ૫૦॥

દ્વાદશાવ્ર(વ)ર્ત્તવંદનેનાભિવંદ્ય નિજાશયં।
વિજ્ઞપયતિ વિધિસહિતં શિષ્યાણુકનિરામયં સોત્કંઠં(૨) ॥ ૫૧॥
યથાકૃત્યં નિર્વહંતિ સુખસમાધિ અછિ તિહાં ।
શ્રીતાતપદ પ્રસાદથી અવધારયો ગુરુજી તિહાં સોત્કંઠં (૨) ॥ ૫૨॥

## દૂહા

શ્રીગુરુહીરજી તુમ્હતણી ચઉદ ભુવન મઝારા
કીરતિ કમલા વિસ્તરી ઉજવલ અતિ ઉદાર ॥ ૫૩॥

શ્રી ગુરુ **હીરજી** તુમ્હ તણો મહિમા મેરુ સમાન ।
ઠામ ઠામ ગવાઈઇ સપ્તસ્વર બંધાન ॥ ૫૪॥

## રાગ-સિંધૂઉગડી

**શ્રીહીરવિજયસૂરીશ્વરુ** જગગુરુ તપગચ્છરાય ।
અનંત ગુણ ગુરુ તુમ્હતણા મઈ લિખ્યા નવિ જાય રે ॥ ૫૫॥

પ્રભુ તુમ્હ ગુણ ઘણા રાગ હૃદય નવિ માય રે !
જાગતિં પ્રેરઈ બહુ કહો હવઈ કોણ ઉપાય રે ॥
પ્રભુ તુમ્હ ગુણ ઘણા મઈ લિખ્યા નવિ જાય રે।
પ્રભુ તુમ્હ ગુણ ઘણા ॥ ૫૬॥

ગંગા નદી વેલુકણા જો કો ગણીઅ સંકંતિ ।
તો હઈ **હીરજી** તુમ્હતણા તો હઈ જગગુરુ તુમ્હતણા ॥
ગુણ ગણી ન સકંતિ રે પ્ર૦ ॥ ૫૭ ॥

સકલ સમુદ્રના બિન્દુઆ જો કો ગણીઅ સકંતિ ।
તો હઈ **હીરજી** તુમ્હતણા તો હઈ જગગુરુ તુમ્હતણા ॥
ગુણ ગણી ન સકંતિ રે પ્ર૦ ॥ ૫૮॥

ગગન તારા જ્ઞાની વિના જો કો, ગણીઅ સંકતિ ।
તો હઈ **હીરજી** તુમ્હતણા તો હઈ જગગુરુ તુમ્હતણા ॥
ગુણ ગણી ન સકંતિ રે પ્ર૦॥ ૫૯॥

ચઉદરાજ પરમાણુઆ જો. કો, ગણીઅ સકંતિ ।
તો હઈ **હીરજી** તુમ્હતણા તો હઈ જગગુરુ તુમ્હતણા ॥
ગુણ ગણી ન સકંતિ રે પ્ર૦॥ ૬૦॥

જલધિ નિજ ભુજા દંડઇં જો કો તરીઅ સકંતિ ।
તો હઇ **હીરજી** તુમ્હતણા તો હઇ જગગુરુ તુમ્હતણા ॥
ગુણ ગણી ન સકંતિ રે પ્ર૦ ॥ ૬૧॥

મેરુગિરિ શિખર ઉપરિ જો પંગુઅ ચઢીઅ સકંતિ ।
તો હઇ **હીરજી** તુમ્હતણા તો હઇ જગગુરુ તુમ્હતણા ॥
ગુણ ગણી ન સકંતિ રે પ્ર૦ ॥ ૬૨॥

તરલ તરુફલ ભૂમિષુ વામણો ગ્રહી જો સકંતિ ।
તો હઇ **હીરજી** તુમ્હતણા તો હઇ જગગુરુ તુમ્હતણા ॥
ગુણ ગણી ન સકંતિ રે પ્ર૦ ॥ ૬૩॥

નિજ ખંધઇં આરોહણં તુમ્હ ગુણ ગણના ગુરુરાજ
મંદબુદ્ધિ હું હુંસી ગુણ ગણવા હુઓ આજ રે । પ્રભુ૦ ॥ ૬૪॥

ગુરુજી તુમ્હ ગુણ મીઠડા મઇં બોલ્યા નવિ જાય ।
ગુંગઇં ખાધી ખંડ જિમ રસ હૃદય જણાય રે । પ્રભુ૦ ॥ ૬૫॥

## રાગ ધન્યાસી

### દૂહા

સમુદ્ર દોત મેરુલેખની ગગન કાગલ કરાય ।
લિખઇ બૃહસ્પતિ તુમ્હ ગુણ તો હઇ લિખ્યા નવિ જાય ॥ ૬૬॥

શ્રી ગુરુ **હીરજી** તુમ્હ તણી ઉપમ આવઇ સોઇ ।
ભમતાં મહીમંડલમાંહિ મઇ નવિ દીઠો કોઇ ॥ ૬૭॥

## રાગ-આસાઉરી

મોહનમૂરતિ પર ઉપગારી જુગપ્રધાન અવતાર ।
સકલસુરાસુર નરનારીનઇ ભવજલપાર ઉતારઇ ॥ ૬૮॥

રે **હીરજી** ।અનન્ત ગુણ ભંડાર તાહરા ગુણ તણો નહીં પાર।
તું તુ ટાલઇ સિથલાચાર તું તુ પાલઇ સુદ્ધ આચાર રે **હીરજી**
અનન્ત ગુણ ભંડાર । જગ ગુ૦ ॥ ૬૯॥

સુગુણ ગુણમણિ રોહણ ભૂધર પ્રણમિત પદ ભૂપાલ ।
તપગચ્છભારધુરાધુરંધર ષટ્જીવનગોપાલ રે **હીરજી૦** ॥ ૭૦॥

સકલકલાકમલા વર્યો પ્રભુ ઉપસમરસ ભૃંગાર ।
ચતુર ચાતુરી રંજિત જનતા સુવિહિત સાધુ સિંગાર રે **હીરજી૦** ॥ ૭૧॥

ભવિક કમલ વન ખંડ વિકાસન કમલ બન્ધુ સમાન ।
દૂરદૂરિતતિમિરભર ટાલઇ ગાલઇ મોહના માન રે **હીરજી૦** ॥ ૭૨॥

કામસુભટ તઇ હઠ કરી માર્યો ક્રોધ કીયો ચકચૂર ।
માયાવેલી અનમૂલન ઉલટ્યો વંલ્લોલ કલ્લોલ જલપૂર રે
**હીરજી૦** ॥ ૭૩॥

પ્રસન્નહૃદય કરુણાનુ સિન્ધુ, બન્ધુર જલધિગંભીર ।
વાદિ માનમતંગજકેસરી મેરુમહીધર ધીર રે **હીરજી૦** ॥ ૭૪॥

સેવક જન ચિન્તામણિ સમવડ સમીહિત દાન દાત(તા)ર।
હણિ કલિયુગ ગુરુ તું અવતરિઓ શ્રીગૌતમ ગણધાર રે
**હીરજી૦** ॥ ૭૫॥

**શ્રીવિજઇ દાનસૂરીશ્વર** પાટઇ ઉદયો અવિચલ ભાણ ।
કર જોડી ચતુર્વિધ શ્રીસંઘ માનઇ તુમ્હ તણી આણ રે **હીરજી૦** ॥ ૭૬॥

## રાગ ગોડી

### દૂહા

**હીરજી** તુમ્હગુણ વેલડી વિસ્તરી ભુવનભરપૂર ।
તારાંમિસ સમાન ફૂલી ફલ તિહાં ચંદ્રનઇ સૂ ॥ ૭૭॥

ધન તે શ્રાવક-શ્રાવિકા જે તુમ્હ સુણઇ વખાણ ।
ધન જે નિરખઇ તુમ્હ મુખ પ્રહ ઉગમતઇ ભાણ ॥ ૭૮॥

પરિમલ તુમ્હ ગુણ કેતકી મન મોહન હો ત્રિભુવન ભુવન મઝાર।
લાલ મનમોહન હો મનમોહન હો **શ્રીહીરવિજયલાલ** ।

મનમોહન હો સજ્જનનિજ મસ્તક વહઇ મ૦ ।
તુમ્હ ગુણકુસુમ ઉદાર લાલ૦ ॥ ૭૯।

પંડિત જન કંઠઇ વહઇ મ૦ । જગગુરુ તુમ્હ ગુણમાલ લાલ૦।
ઈન્દ્રાણી રાસઇ રમઇ મ૦ । મેરુકાનન રસાલ૦ લાલ૦ ॥ ૮૦॥

તુમ્હ ગુણ ગાયવા હઉ મ૦ । સહસ વદન શેષનાગ લાલ૦।
સહસલોચન ઈન્દ્રઇ ધર્યા મ૦ । જોવા ગુણ ધરી રાગ લાલ૦ ॥ ૮૧॥

જગ સઘલું એ ધોલિઉં મ૦ । તુમ્હ ગુણે ગુરુરાજ લાલ૦ ।
પણ કુમતિ મુખ શ્યામિકા મ૦ । હજી લગઇ નહિ ગઈ
આજ લાલ૦ ॥ ૮૨।

તુમ્હ ગુણાં દરિઓ ઉલટ્યો મ૦ । પ્લાવ્યા કુમતિ લોક લાલ૦।
તુમ્હ ગુણ રવિકર વિકસતઇ મ૦। જાયો ભવિક કો(લો)ક અશોક।
લાલ૦ ॥ ૮૩॥

સ્યાહિ **અકબ્બર** રંજિઉ મ૦ । ગાઇ તુમ્હ ગુણગાન લાલ૦।
સભામંડલ બઈઠો સદા મ૦ । સુણતઇ **મલિક ઉરખાન** લાલ૦ ॥ ૮૪॥

અઈર ગુરુ ગુણ તુમ્હ તણા મ૦ । લિખતાં નાવઇ પાર લાલ૦।
તુમ્હ ગુણ સમુદ્ર માંહિ ઝીલતાં મ૦ । દેહ નિર્મલ નિરધાર
લાલ૦ ॥ ૮૫॥

સાહ **કુંરા** કુલમંડણો મ૦ । **નાથી** ઉદર રાજહંસ લાલ૦ ।
નયર **પાલ્હણપુર** અવતર્યો મ૦ । ઉદ્યોત કિયો ઉસબંસા ।
લાલ૦ ॥ ૮૬॥

સકલ ભટ્ટારક સિરધણી મનમોહન હો । અનોપમ ઉપમ અનંત।
તેણ કરી તુમ્હે ભર્યા[મ૦] જિમ જલ સરિદાકંત લાલ૦ ॥ ૮૭॥

## રાગ ધન્યાસી

### દૂહા

અથ નિજ સરીર પરિકર સુખ-સમાધિ સમાચાર ।
મોકલવા સ્વશિષ્યનિ વલતા શ્રી ગણધાર ॥ ૮૮॥

તુમ્હ હસ્તાક્ષર પત્રિકા દીઠઇ મન વિકસંતિ ।
મોકલવી તે કારણઇ સેવકની કરી ચિંત ॥ ૮૯॥

### ઢાલ

**શ્રી હીરવિજયસૂરિ** એકમના । **પુણ્યહર્ષની** વંદના ।
વંદના અવધારજ્યો ગચ્છપતિએ ॥ ૯૦॥

**શ્રી વિજયસેનસૂરી**શ્વરુ । તુમ્હ પાટિ ઉદયો દિનકરુ ।
દિનકરુ ભવિક જનનઇ સુખકરુ એ ॥ ૯૧॥

**શ્રીસકલચન્દ્ર** વાચકવર **શ્રીધર્મસાગર** ગુણ આગર ।
આગર સાગર સકલ શાસ્ત્ર તણુ એ ॥ ૯૨॥

વાચક **રાજકલ્યાણજી** જસ નામઇ હોઇ કલ્યાણજી ।
[**કલ્યાણજી**] મોહનવેલી કન્દલું એ ॥ ૯૩॥

**પંડિતશ્રી વિદ્યાવિમલ રિંષ શ્રીરીંડો** નિર્મલ ।
નિર્મલ ચારિત્ર પાલ ઇણ યુગઇ એ ॥ ૯૪॥

**ભોજહર્ષ** ગણી **લાભહર્ષ** નિજબાંધવગણિ **રત્નહર્ષ** ।
**રત્નહર્ષ સિદ્ધહર્ષ** તે હર્ષતુ એ ॥ ૯૫॥

**પરમહર્ષ** આદઇં દેઇ **ગુજ્જર**મધ્યે જે કેઇ ।
જે કેઇ મુનિવર વંદન વીનવઇ એ ॥ ૯૬॥

**પ્રેમવિજય** વઇરાગી અ વિશેષ થકી પાય લાગીઅ
પાય લાગીઅ શ્રી ગુરુનઇ કઇઇ વંદના એ ॥ ૯૭॥

શ્રીગુરુનઇ પાસઇ સોહઇ **શ્રીવિમલહર્ષ** જ મન મોહઇ।
મનમોહઇ દીવાણદીપક **શ્રીશાંતિજી**એ ॥ ૯૮॥

**શ્રીસોમવિજય** સમતા ભર્યા **શ્રીધનવિજય** ઉદ્યોત કર્યો ।
ઉદ્યોત કર્યો કલિયુગ જિનસાસન તણુ એ ॥ ૯૯॥

લબ્ધિવંત **શ્રીલાભજી** પ્રમુખ મુનિવર જેઅ જી ।
જેઅ જી શ્રીગુરુચરણ તલઇ રહઇ એ ॥ ૧૦૦ ॥

વંદના અનુવંદના બાવન ચંદન સમવયના ।
સમવયના જણાવજ્યો તે માહરી એ ॥ ૧૦૧॥

સિષ્ય સરિખું કાજજી પ્રસાદ કરયો ગુરુરાજજી ।
ગુરુરાજજી શિષ્ય ઉપરિ મયા કરીએ ॥ ૧૦૨॥

વંદન **ગુજ્જર** સંઘની અવધારવી તે સહૂઅની ।
બાલગોપાલતણી પ્રભુ એ ॥ ૧૦૩॥

**દૂહા**

સકલસંઘ ગુજરાતિનું ઉહ્માયો દર્શનકાજ
**શ્રીગુરુહીરજી** તુમ્હ તણઇ મુકી નિજ નિજ કાજ ॥ ૧૦૪॥

**હીરવિજઇ** સૂરીસ પરમગુરુ વાલ્હા આવોનઇ ગુજરાતિ રે
હવઇ આવો નઇ ગુજરાતિ રે, મોહન આવો નઇ ગુજરાતિ રે,
જગગુરુ આવો નઇ ગુજરાતિ રે, સ્યું મોહ્યા તેણઇ દેસડઇ
ઇહાં સમરઇ સંઘ દિનરાત્તિરે,
તુમ્હને સમરઇ **જેસંગજી** દિનરાતિ રે હીર૦ ॥ ૧૦૫॥

સમરઇ જિમ ગયંદ વિંધ્યાચલ વિરહણી જિમ ભરતાર રે
ચકવી જિમ ચકવાનઇ સમરઇ કોકિલા જિમ સહકાર રે હીર૦ ॥ ૧૦૬॥

મોર ઘનાઘનનઇ જિમ સમરઇ જિમ સતીઅ સીતારામ રે
સમરઇ જિમ ચકોર નિસાકર દમયંતી નલ નામ રે હીર૦ ॥ ૧૦૭॥

જિમ સમરઇ માનસરોવર હંસા ભમરા જિમ મકરંદ રે
ચિદાનન્દપદનઇ જિમ સમરે લયલીનો જોગિંદ રે હીર૦ ॥ ૧૦૮॥

માતા જિમ બાલકનિ સમરિ ચંદન વન ભોઅંગ રે
વાછરુનિ ગો જિમ સમરે તાપસ નિર્મલ ગંગ રે હીર૦ ॥ ૧૦૯।

જુઆરી જિમ સરિદાને ધન રહીત હેમ હેમ રે
બલદેવ જિમ સમરિ હરિનિ રાજીમતી જિમ નેમરે હીર૦ ॥ ૧૧૦॥

નલની જિમ સમરિ દિનકરનિ શ્રી ગૌતમ વીર વીર રે
પુણ્યવંત જિમ સમરિ પુણ્યનિ તીમ ઈહા એક **હીર હીર** રે-
હીર૦ ॥ ૧૧૧॥

બિસત ઊઠત હીડતા કરિ એક તુમ્હ તણુ ધ્યાન રે
જપમાલીઈં એક **હીર હીર** ઇતિ જપિ લોક અભીધાન રે હીર૦ ॥ ૧૧૨॥

હૃદિભ્યંતર તુમ્હ ગુણ લખીઆ તુમ્હસુ અધીક સનેહ રે
વાટ જોય જન તુમ્હ તણી જિમ બાપીહા મેહ રે હીર૦ ॥ ૧૧૩॥
ચટપટી લાગી તુમ્હ ગુરુ વિરહિ તુમ્હ વિન કાંઈ ન સુહાય રે
ડુંગર ઘણા પંથ વેગલો કહો કીમ કરી ય મેલાય રે ॥ ૧૧૪॥

મોહન મુરત તુમતણી ગુરુ જોવા અલજઈ અંખ રે ।
મન જાણિઈ ઉડી મલાં સુકરીય નહીં પંખ રે હીર૦ ॥ ૧૧૫॥

ગુરજી ઘણુ તુમ્હે રહ્યા ગુજરાતિ કાં વીસારી તેહ રે ।
ખિણુ એક બોલ્યા હઈજે સાથિ ન વિસારી સજન જન દે રે હીર૦ ॥ ૧૧૬॥

ગુરજી મનમાહિ અમે જાણતા તુહ્મે સરક સુકૂમાલ રે ।
તીહા ગએ એવડુ કીમ કીધુ કઠપણુ દયાલ રે । હીર૦ ॥ ૧૧૭॥

સંઘતણી એવિ ચંત કરીનિ પધારવું જુહારવા દેવરે ।
મન મનોરથ ફલઇ સહુના જિમ કરતા તુહ્મ પદ સેવ રે હીર૦ ॥ ૧૧૮॥

મનમાંહિ સંદેસા ભરીયા તે કહસા એકાંત રે ।
હવઇ વિહલા પધારજ્યો શ્રી તપગચ્છપતી એકાંત રે । હીર૦ ॥ ૧૧૯॥

અધકી ઓછી વિનતી લખાણી હોય કીપાલ રે ।
ખમજ્યો ગુરુ ગીરુઆ અ છો તુમ્હઇ બાલ તણી એ આલ રે ।
હીર૦ ॥ ૧૨૦॥

## દૂહા

વિધુ સ્વામીમુખ સંવતિ વેદ તનુ આવાસ ?
વર્ષે **ચૈત્રીપુર્ણમા** લેખ લખ્યો સોલ્લાસ ॥ ૧૨૧॥

પૂજ્યારાધ્ય ભટ્ટારક **શ્રીહીરવિજયસૂરીસ**
ચરણકમલાનામેયં **ફતેપુર** લેખ આસીસ ॥ ૧૨૨॥

## રાગ ગુડીધન્યાસી

વિહંલો તુ જાએ ભાઈ દુત દુત નયર **ફતેપુર,**
જિહા છે ગુરુ માહરો **હીરજી** એ ॥ ૧૨૩॥

પંડખે ખીણુ મત એક એક પંથ વિચઈ કીહાં
દેખી નવનવ કૌતકાં એ ॥ ૧૨૪॥

જાએ અવછીન પયાણ પ્રયાણે મનમાહિ રષે આણે
તુ પરિશ્રમપણુ એ ॥ ૧૨૫॥

દીજે ગુરુજીને લેખ લેખ વ્યાખ્યાંનંતર કરે,
પાએ લાગી વિનતી એ ॥ ૧૨૬॥

આખડી અભીગ્રહા અનેક અનેક ગુજ્જર સંઘનિ
ગુરુદરીસણ ઉપરઘણાં એ ॥ ૧૨૭॥

કરો કીપા મહંત માહંત જગગુરુ**હીરજી**
અબીગ્રહા તે પોહો ચઢીયએ ॥ ૧૨૮॥

પધારો પ્રભુ ગુજરાતિ ગુજરાતિ લાભ ઘણો હોસિ
મનવંછીત અતિમોટકાએ ॥ ૧૨૯॥

કોઈ કહેછિ એમ એમ પત્રીષ્હા કરાવીય
જો આવી ગુરુ **હીરજીએ** ॥ ૧૩૦॥

ખરચાઈવ અનંત અનંત કેઈ બોલિ ઈમ જો આવી૦ ॥ ૧૩૧॥

ચોથાવ્રતતણી નાંદ નાંદ મડાવા રંગસું જો આવી૦ ॥ ૧૩૨॥

માલારોપણ ઉપધાન ઉપધાન વહિય ભાવસ્યું,
જો આવિ માહરો **હીરજીએ** ॥ ૧૩૩॥

બારવ્રતના પોસા પોસા સમક્યત ઉચરીઈ જો આવિ ગુરુ૦ ॥ ૧૩૪॥

જો આવિ ગુરુરાજ રાજ દેઈ ઓલંભા કરી
બહું બાડુપણાંએ ॥ ૧૩૫॥

અઈ ગુરુ તુહ્મતણી પ્રિત પ્રિત મોહ્યા **અકબરિ**
લઘુ સેવક વિસારીયાએ ॥ ૧૩૬॥

એહ નહી ઉત્યમ રિત રિત પ્રિત કરી પહલુ દેખાડિ છે
હો પછિ ॥ ૧૩૭॥

ખિર નિરની પ્રિત પ્રિત તેહવી ઉત્યમની ગોપંથ સરખી
અવરનીએ ॥ ૧૩૮॥

ધુતારા તે દેસના લોક લોક ભોલવીયા તુહ્મનિ લાભ
દેખાડી અતિ ઘણાએ ॥ ૧૩૯॥

અમ્હે ગુજરાતિ લોક લોક ભોલા ભદ્રક કુડકપટ કાઈ
નવી વેયાએ ॥ ૧૪૦॥

ખમાવે પછી તુ દૂત દૂત પાએ લાગી ગુરુનિ અદીકુ
ઓછુ એ બોલીય એ ॥ ૧૪૧॥

વીનવે વડો વજીર **ધનવિજયગણિ** જે છે
ગુરુનિ માનીતો એ ॥ ૧૪૨॥

દીજે દૂત અરદાસ અરદાસ **હમાઉનંદન**
સ્યાહી **અકબર** નિજઈ એ ॥ ૧૪૩॥

ક્રિયાવંત ગુજરાત ગુજરાત ભેજો ગુરુજીનિ
ઉહિ દેસતે તુમ્હ તણો એ ॥ ૧૪૪॥

વહલો તુ આવે દૂત દૂત તેડી શ્રી ગુરુનિ
દાન દેસા તુહુંનિ ઘણુ એ ॥ ૧૪૫॥

દેસા સોવનની જીહ જીહ મુગટ વર રયણન
નવલખો હાર ગલાતણો એ ॥ ૧૪૬॥

ધનકનકની કોડ કોડ દેસા તુહનિ
દૂતપણુ તાહારુ ટાલસાએ ॥ ૧૪૭॥

**રાગ-ધન્યાસી**

સુગુણ સલૂણા '**હીરજીરે** જાણજ્યો તપગચ્છરાય
નેહાગારા માણસાજીહો ઘડી વરસા સો થાય રે પૂજ્યજી પધારીય ॥ ૧૪૮॥

લાગો લાગો તુમસ્યું હમ રાગો રે કિ જુઓ જુઓ તુમેતો નીરાગો રે
કિ કોહો કહો એહ પ્રતાતો રે કુણ આગલ કહા ॥ ૧૪૯॥

રયણી વિહાય ઝબકતા દીવસ દોહેલો રે જાય ।
નેહાંગારુ માણસા જીહો ઘડી વરસા સો થાય રે પૂજ્ય૦ ॥ ૧૫૦॥

ભૂખતરસ સવ વીસરી રે લાગો એક તુમસુ તાન ।
મન તે મહારુ તુમ કનિ જી હો કાયા ઈહા છિ સુજાણ રે પૂજ્ય૦ ॥ ૧૫૧॥

મન તે માહારિ તુ વસ્યો રે જગગુરુ અવર ન કોય
આકધતુરા ઠામ ઠામ પણ ભમરા મચકંદિ જોય રે પૂજ્ય૦ ॥ ૧૫૨॥

એકપખો સનેહડો રે કા સરજ્યો કરતાર
એકનિ મન તે દોહિલુ રે જીહો એક મન નહીય લગાર રે પૂજ્ય૦ ॥ ૧૫૩॥

નેહાગારા માણસા રે ઝૂરી ઝૂરી પંજર હોઈ
નસ્નેહા ભલાતે બાપડા જીહો પોસીજે આપણી કાય રે પૂજ્ય૦ ॥ ૧૫૪॥

કેહા દેઉં ઉલંભડારે નીઠર વિધાતા રે તોહ
કા સરજ્યો તિ માણસારે લઈએ વડો અતિઘણો મોહ રે પૂજ્ય૦ ॥ ૧૫૫॥

સરજનહાર સરજીયો રે કા માણસો દેહ
સરજ્યો તો ભલી સરજીયો લાઈકા સરજ્યો વલી નેહ રે પૂજ્ય૦ ॥ ૧૫૬॥

સંદેસિ ઓલગડી રે હોસિ હમ દયાલ,
અમ્રત સમ તુમ્હ વય[ણ]ડા રે શ્રવણિ સુણીય રસાલ રે પૂજ્ય૦ ॥ ૧૫૭॥

તુમ્હ મુખ ચંદ્ર નીહાલવા રે વાછિ નયણ ચકોર
થોડિ લખ્ય ઘણુ જાણજ્યો જીહો તુમે છો ચતુર ચકોર રે પૂજ્ય૦ ॥ ૧૫૮॥

**અકબર** ભૂપ પ્રતિબોધીયો રે પ્રતિબોધી રે મેવાત
જગગુરુ વાહાલા **હીરજી**રે હવઇ આવોનિ ગુજરાત રે પૂજ્ય૦ ॥ ૧૫૯॥

**રાગ-ધન્યાસી**

આજ લેખ લખ્યો આજ લેખ લખ્યો **ત્રંબાવતી** નયરીથિ **પૂન્યહર્ષિ**
સકલસંઘ મન હરખ્યો આજ લેખ લખ્યો આજ લેખ લખ્યો ॥ ૧૬૦॥

નીજ નીજ મંધરથી ચલી આઇ બહુત જનિ સો નરખ્યો
**શ્રીવિજયસેનસૂરી** ગછપતીઈં મોહન નયન કરી પરખ્યો આજ૦ ॥ ૧૬૧॥

લિખત લેખ દુત ચલાયો દેઈ અતીવ બહુ સીખ્યો ।
સુભસુકન હોવ તીપંથ ચાલત દેતી સુહવ આસીષ્યો આજ૦ ॥ ૧૬૨॥

અનુક્રમિ જાઈં દિયો જગગુરુકુ કઉત કરીસો દેખ્યો
કુરણા રસ મન કીયો આવન કુ બાચી સો સવી સીખ્યો ॥ આજ૦ ॥ ૧૬૩॥

[કળસ]

ઈય લખીતલેખો બહુવસેખો સજનજનમનરંજનો
સુંદરવર્ણો લલીતવર્ણો દુર્જનજનમનગંજનો
વિવિધ અર્થો અતી સમર્થો મોકલ્યો ગુરુ **હીરનિ**
આનંદ દાતા જગવિખ્યાતા મંગલકર્ણ શ્રીસંઘનિ ॥ ૧૬૪॥

**ઈતિશ્રી લેખશૃંગાર સમાપ્તઃ ॥ ગણિ પ્રવરગણિ શિરોમણિ ગણિ ગજેન્દ્ર ગણિ શ્રીરીંડા શિશુરત્નહર્ષગણિનાલેખિ શ્રીસ્તમ્ભતીર્થે ॥ શ્રીરસ્તુ॥ કલ્યાણમસ્તુ॥ પરોપકારાય॥**

卐

### ધનહર્ષ - રચિત જંબૂદ્વીપ વિચાર સ્તવન

**હીરજી** હીરલો **હીરજી** હીરલો, **હીરજી** હીરલો મુકુટ કેરો
શ્રી **તપાગચ્છ**, તે મુકુટ સમ જાણઈ, ઝગમગઈ જેહ તેજિં ભલેરો.
– **હીરજી** હીરલો એ. ૧
માત **નાથી** ઉઅરખાણિથી' ઉપનો, શ્રી **વિજયદાનસૂરિ** હાથિ આયો,
શુદ્ધ જાણી મુકુટ મધ્યિ તે થાપિઉ, તે ભણી મુકુટ તે બહુ સુહાયો. હી. ૨
શ્રી **હમાઊસુત નૃપોકબ્બરો**, તેણિ જસ કીર્તિ જિન શ્રવણિ નિસુણી,
દર્શનાર્થ સમાકારિતો યો ગુરૂ, નિજ સમિપે ભવાંભોધિતરણી. હી. ૩
ધર્મઉપદેશ ગુરૂમુખ થકી સાંભલી, પાપકી વાસના બહુર ટારી,
પર્વ પજૂસણિ સકલ નિજ દેસમાં, તિણિ નૃપિ જીવહિંસા નિવારી. હી. ૪

### દયાકુશલ રચિત તીર્થમાલા સ્તવન

વીરપટોધર **હીરવિજે** ગુરૂ, પૂંન પસાએ લહીઓ,
સાહ **અકબર** સબલ મહીપતી, સુણી તે જસ ગુણ ગાઈઓ,
જીવદયા તરૂવરૂ પાઈ સીંચી, 'જગગુરૂ' કહી બોલવીઓ. ૪૬

## ૨

શ્રીસકલચંદ્ર ઉપાધ્યાય રચિત

# શ્રી હીરવિજય દેશના સુરવેલી

॥ ऐं ह०॥

### દૂહા અસાઉરી

દેવ દેવ બ્રહ્મા શવો, **ઋષભો** વેદ પુરાણિ,
ભાગવતિ પુણ સો ભણિ, પ્રણમો મુની તસ વાંણિ.

પ્રણમો **અજિત** જિણેશરો, જેણિ હણીઉ સંગ્રાંમિ,
મોહમલ્લ જિમ રાવણો, હણીઉ લખમણિ-રાંમિ. ૨

જસ ભવમાં સંભવ નહી, તસ **સંભવ** જિન ધ્યાન,
સબ મુખ સંભવ સંભવિ, તસ સુણતા ગુણ કાંનિ. ૩

નંદનવન પરિ રતિકરો, શ્રી **અભિનંદન** જિન સ્વાંમિ,
સો સંવર નૃપ નંદનો, આનંદો જસ નાંમિ. ૪

જેણિ જગતી સુમતી કરી, વરતી જીવ્ર અમારિ,
**સુમતિ** જિનો કુમતી હરો, સો મુની મનિ અવતારિ. ૫

ભવિ પદ્માકર દિનકરો, **પદ્મપ્રભ** જિનરાય,
સુરપતી નતપદ પદ્મનુ, તુઝ નમતાં દુખ જાઈ. ૬

મોહપાસ જેણિં ત્રોડીઆ, શિવપુર લીધઉ વાસ,
સો **સુપાસ** જિન તૂં સદા, ભવિજન પૂરઈ આસ. ૭

ચંદવદન **ચંદ્રપ્રભો**, ભવીજન લોચન ચંદ્ર,
તૂં ભવિ શિરી ચંદ્ર ઉદયો તૂઝ નામે હે ચંદ્ર. ૮

## ઢાલ

## રાગ મેવાડો

સુવિધિ ધર્મ્મ જગિ જે કરિ, સુવિધિ જન દે [સુ] વિચાર,
**સુવિધિ** જિનેશ્વર તે તરિ, તસ પ્રણમઇ રે સુર નર વાર.

સો નર જગિ જ નવલ્લહો.
તસ મંદીર રે નવહ નિધાંન, તસ દીજિ રે નરપતિ માંન.
સો નર જન જગિ વલહો. ૯

મલીઆચલનો વાયરો, જિમ સીતલો સુગંધ,
તિમ **શીતલ** સુભ ધ્યાંનથી, દુખ ત્રૂઠિ રે કરમહ બંધ. સો૦ ૧૦

**શ્રીઆંસ** જિન તુઝ નાંમથી, શ્રીયો મંગલ શ્રેણિ,
તુઝ ધ્યાનિ ઉપસમ તણી, હોઇ મુઝનઇ રે ક્ષપક શ્રેણિ. સો૦ ૧૧

સબ વાસવ તૂ પૂજીઉ, **વાસપૂજ્ય** જિનરાય,
તસ વાસવ પદ વાસડો, તુઝ નમતા રે ભવીજન થાઇ. સો૦ ૧૨

વિમલ કર્યા ભવિ આણસા, તિ જગિ **વિમલ** જિણંદ,
વિમલ ધરમ તે ભાસતિ, તસ ધ્યાનિ રે પરમાનંદ. સો૦ ૧૩

**અનંત** જિન તિ જિમ કર્યો, નિજ ભવ ભયનો અંત,
તિમ તુઝ ધ્યાનિં ભવિ કરિ, સબ દુખનોરે ભવિકા અંત. સો૦ ૧૪

**ધર્મ્મનાથ** જગિ નાથ તૂં, તેં જગિ જે જિનધર્મ્મ,
ભાખ્યો રાખ્યો જેણે મનિ, તે ન કરિ રે પરમત ધર્મ્મ. સો૦ ૧૫

શાંતિ હુઇ જગિ શાંતિથી, અજિત શાંતિ તેણિં જાણિ,
તિહાં ગુણ ગણિ અતિ **શાંતિ**નાં, જિમ આવિ રે ઘરિ સુખખાંણિ.
સો૦ ૧૬

ઢાલ-૧

॥ રાગ સામેરી ॥

મોટા રે પાતિગ દવ સમિઈ, **કુંથુ** જિનાધિપ નાંમિ રે,
ચક્ર ફરિ જબ સબ રિપુ નાસઈ, તવ સુખ ગાંમહ ગામિ રે,
ભવિજન ! મત મૂંકુ જિનધ્યાન,
તનધનયોવન ચંચલા સુખદિ ધર્મ્મ નિધાંન રે. ॥ ભ૦॥ ૧૭
અરી હરી ભય ઊપશમઈ, તુઝ નામિં **અરનાથો** રે,
જે નિસિદિન તુઝ ભવી ચીત રાખિ, તસ તૂં શિવપુર સાથો રે
॥ ભ૦॥ ૧૮
મદન વિણાસણ ભાલડી, **મલ્લીજિ**નો મોહ ભાલો રે,
ષડ નરપતિ મદન વિણાંસણ તેણિ તું જન વાહાલો રે.
॥ ભ૦॥ ૧૯

**મુનિસુવ્રત** જિન વીસમો હરિવંસી હરિ નમીઉ રે,
સો જસ મુનિ મનિ વસીઓ સમ્યો,
તસ મનિ ઊપશમ રમીઉ રે.
॥ ભ૦॥ ૨૦

નમીઅ **નમી** આણંદીઉ, નમિ જિનજી સુર લોગો રે,
તુઝ વાંણી જેણિ અમૃત પીતુ, તેન કરિ મન સોગો રે.
॥ ભ૦॥ ૨૧

**નેમિ** જિણંદ દયાલૂઈ, પશૂ ભર રાખણ કાજિ રે,
જેણિ રાજુલિ ઘરણી પુણ મુંકી, મુગતિ તણાં સુખ કાજિ રે.
॥ ભ૦॥ ૨૨

સબ વિષ ભીતિ ઊપદ્રવી, નાસિ શ્રી જિન નામઈં રે,
સો જિન **પાસ** નમો રે ભવિકા જસ કીરતિ બહુ ગાંમિ રે.
॥ ભ૦॥ ૨૩

ઢાલ-૨

રાગ આસાઉરી ।

વર્દ્ધમાન **વર્દ્ધમાંન** ઈતિ સુત દો નામ
સિદ્ધારાય બોલિ દિઈ સજન સો માન,
મુઝ મનઈ અતિ અભિરામ ॥ વર્દ્ધ૦॥ ૨૪

હમ ઘરિ પણઈ પૂત આવિં, ધન કનક માન,
રયણ રાસિ ઋદ્ધિ વાધી, સુરપતિ દંઈ બહુમાન. ॥ વ૦॥ ૨૫

વિવિધ પત્રકુસમ ચીવર, ભૂષણ હુઈ વૃષ્ટી,
અમ ઘરિ જબ પૂત આયુ, રાજ રિદ્ધિ પેટી. ॥ વ૦॥ ૨૬

જસ મનિ નિત વર્દ્ધમાન, જિન પ્રણાંમ ગાંન,
તસ ઘરિં વર્ધમાન, સકલ સુખ નિધાન. ॥ વ૦॥ ૨૭

ઢાલ ૩ રાગ વેરાડી ॥

ઈતિ ચોવીસ જિનેશ્વર કીર્તન સુરતરુ નિત સેવીજઈ
ભવિકા **હીરવિજય** ગુરુ અમૃત દેશના, સુરવેલ ચીત દીજઈ,
ભવિકા સુણો રે દેસના દેસો દેસના ચિત્ત અવધારો. ॥ ૨૮

જિન-ગુરુવચન રયણ આરાધી, નિજ અવતાર સમારો,
જગગુરુ સીમંધર સંભારો, કુગુરુ કુદેવ નિવારો,
જીવિત ચંપે જિમ કંથારો, આપિ આપ વિચારો. ॥ ભ૦ ૨૯

ઢાલ ૪

॥ રાગ ધન્યાસી શ્રીરાગ ॥

અમરપુરી કહિ ન કરું વાદ, ગુરુપદ નગરી તજી ઉન્માદ,
**હીરવિજય**ગુરુ તુઝની આણ શોભિત તોરે જિનપ્રાસાદ.
॥ અમર૦॥ ૩૦

સુરુગુરુ સમ જિહાં શ્રી ગુરુ પાદ, રણઝણતી તિહાં ઘંટાનાદ,
જિનગુરુ વસતી સુરગંધવપુરી, ગાવતિ રાગ કરી મધુમાદ,
નાદિ મૂરછાતિ રાગ નિષાદ. ॥ અ૦॥ ૩૧

કોકિલ મેઘનઇ જો ઉન્માદ, જિહાં ગુરુવાણી ગંગાનાદ,
નિત ભવિકા સુણી નિર્મ્મલ હોવતી, સુણતી જિન ચરિતા સંવાદ.
॥ અ૦॥ ૩૨

ગુરુકું કિસ પરિ નહીં વિખવાદ, ગુરુ ન વદતિ કિસકું અપવાદ,
વિસંવાદ ગુરુવચન ન બોલતી, કિસસ્યુ ન કરતી મિથ્યાવાદ.
॥ અ૦॥ ૩૩

### દૂહા

ગંગાજલ પરિ નિર્મલી, હરતી સર્વ કિલેસ,
**શ્રીહીરવિજય** ગુરુ દેસના, પંસરી દેસહદેસ. ૩૪

**પત્તન** પ્રમુખ નગરના રે ગુજરાતિના ભવિ,
**અમદાવાદ** તણા નરા, પામિઉ ઉપશમ દિવિ. ૩૫

**થંભણપુર** પ્રમુખા નરા, નિસુણી ગુરુ ઊપદેસ,
વિવિધ પ્રભાવના વિધિ કરિ, વિરતે કરી પ્રવેશ. ૩૬

### ઢાલ-૫
### રાગ મધુમાધ

ગુરુ બેસી નિત જ્ઞાન વાચી, જે જે સીખ દીઇ શ્રુત સાખિ,
તે સુણજો ચીત રાખી ભવિ૦ ૩૭

દુર્લભ નરભવ ભવને લાધિ, લાધું મત નાખુ મદ રાખિ,
વરતો શિવ અભિલાષિં. ભવિ૦ ૩૮

ઋષભાદિક જિન ગુરુની સાખિં, સીધા પનર ભેદ તે લાખિ,
તે પ્રણમો મન સાખિ. ભવિ૦ ૩૯

પાસ પરિ જે પંચં વિશાખિ, જે પ્રણમ્યા જિનસુ રમિહ સાખી,
તે પ્રણમો મન સાખિ. ભ૦ ૪૦

જે મુનિ મૂકા કર્મ્મથી રાખિ, જે મન પાલિ વ્રત સો સાખિ,
તે પ્રણમો મન સાખિ. ભ૦ ૪૧

રાગ દોસથી રહિ જે પાખિ, વ્રત સોધિજે પાષિ પાષિ,
તે પ્રણમો મન સાખિ. ભ૦ ૪૨

ન ચલો સંગમ સૂર કટાક્ષિ, જેણિ કેવલ લીધ વૈશાખિ,
વીર નમો મન સાખિ. ભ૦ ૪૩

### ઢાલ-૬
### રાગ કેદાર ગુડી

કોણઇ જીવ મ દૂહવો પાંષિં, મ ભમો પંચાસવ મન ઝાષિ,
અથિર ઋદ્ધિ ચિત્તસુ રાખિ તેણિ કારણિ મ ભમો ધન ધાષિં. ૪૪

જિમ માણિક લાજડીઇ લાખિ, તિમ વલગુ ભવી હિત અતિલાખિ,
આગલ યોગ ગલીઇ જિમ સાખિ, પાપ ગલે જિમ સમતા રાખિ. ૪૫

વરતો જિન-ગુરુ વચનાં સાખિ, પોષદ લો જિમ સીધો સંષિં,
વરતો મમ પરમત આકાંષિ, તેણિંઇ દુખિ લીજિ કુમતિ અસંખિ. ૪૬

સુખ લીજઇ મદ-મમતા નાષિ સુર શિવ સુખ લીજિ વ્રત રાખિ,
અપયશ હોવિ પર વિભાષિ, જસ લીજઇ જગિ સૂધઇ ભાખિ. ૪૭

સમલી-નીર જેમ હંસ ન ચાખિ, તિમ ભવિકા જગિ અભક્ષ્ય ન ચાખિ,
તેણિ ન રમીઇ સુરમ્હિ સાખિ, પરના દોષ ન જોઇઇ આખિ. ૪૮

### ઢાલ ૭
### રાગ ધન્યાસી

તપગછ ગગન સુધાકરુ એ, ઝરતી સુધારસ વાણિ તું,
**હીરવિજય** ગુરુ એ, પુન્ય કરુ ગુણખાનિ તુ,
પુણ્ય ન મૂંકીઈએ. ૪૯

સૂયણા! ધરો વિવેક તો, સમય ન ચૂકીઈએ,
પુણ્યે નવનિધિ હોઇ તુ. ॥ પુ૦॥ ૫૦

નવનિધિ પૂનિ કરી જાણીજે, નરનારી સંસારિ તુ,
તસ સુરુતરુ ઘરિ ફલિઇ એ,
મન વંછિત સુખ હોઇ તુ. ॥ પુ૦ ॥ ૫૧

એ ફલ દાંનિ વિચારીઇએ, સાલિભદ્ર પરિ જોઈતુ. ॥ પુ૦॥ ૫૨

રોગ નિરોગ વિયોગડોએ, તસ તનુઘરિ ન પડંત્તિ તુ,
અભયદાંન મુનિદાનથીએ, તસ જસ ઋદ્ધિ ચડંતિ તુ. ॥ પુ૦॥ ૫૩

સાલિભદ્ર પરિ તસ ઘરિ એ, નવ નવ ભૂષણ ચીર,
તસ ઘરિ નારિં પહરીઇએ ભોજન અમીઇ ખીર તુ. ॥ પુ૦॥ ૫૪

જેણિ પૂરવ ભવ તપ કર્યાં એ, તસ વાસદેવ સમાંનિ તુ,
વંછિત સુખ વિદ્યાધરીએ, હરિ સમ પુત્ર નિધાંન તુ. ॥ પુ૦॥ ૫૫

પૂનિ વિના નવિ પામીઇ એ, નરભવ પૂનિ વિવેક તુ,
અવસર તપ જપ કીજિઇએ, પુણ્ય નરા અનેક તુ. ॥ પુ૦॥ ૫૬

તન ધન જીવિત જોવનું, ભાવો ચિત અસાર તુ,
સાર ધરમ અરિહંતનો, એહ જ નરભવ સાર તુ. ॥ પુ૦ ૫૭ ॥

પુનિ નિત ઘરિ મંગલા એ, સકલ રુદ્ધિ સુખ હોઇ તું,
શ્રી **હીરવિજય** ગુરુ ઇમ ભણઇએ,
સુણો ભવિ પુનિ વિચાર તુ ॥ પુ૦॥ ૫૮

**ઢાલ ૮**

**રાગ કેદારુ**

ધન તે નર નારી જન જગમાહિ, જિનધર્મ્મ ઉદ્યમ કીજિઇ,
ધર્મ્મ પ્રભાવિ સબ દુખ છીજઇ, તસ ફલ સદ્ગતિ લીજિ,
ભવિક આતમ સાધન કીજિ નીત નિજ ચિત હીત દીજિ ભ૦ ૫૯

નિત જિન વાણિ અમૃત પીજિ, દ્વાદશ વ્રત વિધિ લીજઇ,
વિનય વિવેક પાત્ર વરદાનિ, જીવીતિ સફલ કરીજિ. ॥ ભ૦॥ ૬૦

પ્રભાવના જિન સાસન કેરી, જીવદયાઇ રમીજઇ,
દ્વાદશ ભાવના હૃદય ધરીજે, પરઉપગાર કરિજિ. ॥ ભ૦॥ ૬૧

ઉપશમ રસસુ ધ્યાન ધરીજઇ, કુગુરુ કુસંગ ન કીજિ,
પર મિથ્યા તીરથ મ ભમીજિ, બાલમરણ નવિ કીજિ. ॥ ભ૦॥ ૬૨

નિત ષટ વિધિ આવશક કરીજઇ, પુરિ નવકાર જપીજિ,
ઊપશમસું સામાયિક લીજિ, જિન ચઉવીસ નમીજઇ. ॥ ભ૦॥ ૬૩

## ઢાલ ૯

### ॥ રાગ રામગિરી॥

યતી દિનચરયા શ્રમણ સંભારો, રમો નિજ આતમધ્યાનિ,
ચરણ કરણ શતરી સબ પાલો વિચરો મુગતિ નિદાનિં. ૬૪

કહિ ગુરુરાજ શ્રમણ વીરો, **હીરવિજયગુરુ** તપગછ દિનકર,
દરીશન દુરીત હરો. ૬૫

સુણો રે તુમ ષટ જીવ પાલા, જેણિ મૂકી ઘરિ બાલા,
મુકા તુમ્હે સબ ભય જંજાલા ધિન જે વ્રત લિ બાલા. કહિ૦ ૬૬

માયા મોહ નિવારી મનથી, શિથલાચાર નિવાર્યો,
ઈંદ્રિયજય મુખસુ તપ કરીને, વિષયા મમ સંભારો. કહિ૦ ૬૭

સુણો ભવિકા તુમ્હે શ્રાવક સુંદરા તુમ્હ દિનકૃત સંભારો,
સંવત્સર ચોમાસિક કરણી, પખીઅ દિન અવધારો. કહિ૦ ૬૮

**રિષીમંડલ** માહિ જે જે મુનિવર તસ ચરીત સંભારો,
દિન પ્રતિ તસુ સુખિ નામ જપ ધ્યાનઇ,
તસ અવતાર વિચારો. કહિ૦ ૬૯

## ઢાલ ૧૦
## રાગ વિરાડી

ધર્મ્મકથા જેણિ નિત સુત બોટી, તસ પ્રવચન મતિ લોટી,
ધરમારથિ જસ હુઇ ધન કોટી, તસ સુરપદવી મોટી.
ભવિકા **હીરવિજય** ગુણપેટી. ૭૦

જેણઇ મમતા શ્રેણ સમેટી, કહઇ મતિ મ કરો ખોટી,
ગુરુ મુખવાણિ વખાણ સુણંતા, તાકો તે પાડે છોટી. ભ૦ ૭૧

એક પાપે મેલિ ધન કોટી, ધર્મ્મ વિષિ મતિ ખોટી,
જેણિ જિન આણ ધરી નવિ ચોટી, સોઇ ભમિ ભવ કોટી. ભ૦ ૭૨

અતીત ધર્મ્મ અપજીવિ ચોટી, મંસિ સમા મુખ બોટી,
સુખિ જે વાત કરિ મુખિ મોટી, દિ કુણનિ નવિ રોટી,
દિ સુપાત્રે નવિ રોટી. ભ૦ ૭૩

જેણિ ઉઢી જિણ દીક્ષા મોટી, તસ તપ ધન નહીં ખોટી,
જેણઇ રાખી પરદારક છોટી, તસ સુરસુંદરી ચેટી. ભ૦ ૭૪

## ઢાલ ૧૧
## રાગ પરજીઉ

ગાવત એક શ્રાવક ગુણ રાગી, તિમ શ્રાવિકા સુસીલ,
**હીરવિજય** ગુરુ સુરતરુ મિલીઉ, તસ સુર ઘરિ બહુલીલ. ૭૫

મનોહર ગણધરુ એ, વસિ જિમ વસીઉ રામો,
સીતાદિક મનિ સકલ પ્રજાનિ, વીર સમો અભિરામો ॥ મ૦॥ ૭૬

ભવીક મન કમલ વિકાસન દિનકર ભવીજન લોચન ચંદો,
**કૂરાનાથી** કુલનો નંદન, તૂં તપગછ સૂરિંદો મનો૦ ॥ ૭૭

કાગકંઠિ તેણિ મણિ કાંઠલડો, મૂરખ-સિરોમણિ દીનો,
જિનગુરુ ધર્મ્મ તજીનિ તેણઇ, કુગુરુ-પંથ વિષ પીનો ॥ મ૦॥ ૭૮

તેણઇ મોતી મૂસલસુ વિંધીઉ, ધર્મ્મ કીઉ જેણિં કૂડો,
ધર્મ્મમાહિ મિથ્યામતિ મૂકો, પાપિ ભરિ નિજ સૂડો. ॥ મ૦॥ ૭૯

જિમ ખર મસ્તકિ સીંગ ન દીસિ, જિમ વંઝાનઇ પૂતો,
**હીરવિજય** ગુરુ કહે સુણો ભવિજન સમ વિણ નવિ સમસૂતો.
॥ મ૦॥ ૮૦

મૂસલ મેરુ સમૂ નવિ હોઇ, ખજુઓ નવિ રવિ દીઠો,
ધર્મ્મધ્યાન વિણ મુગતિ ન દીસિ, જિન વિણ અપર ન દેવો
॥ મ૦॥ ૮૧

### ઢાલ ૧૨
### રાગ મલ્હાર

અંગ-ઉપાંગ ગંગસું તરંગિં,
સુણીઇ મનરંગિં દેસના ધર્મ્મ ચોભંગી,
સુણીઇ **હીરવિજય** ગુરુની એ નિત સંગિ,
અપાપની સંગિ સુણીઇ. ૮૨

વિવધ દેસના દેસ દેસના આયા મન રંગે,
ભવિકા વરભૂષણ અંગે,
**હીરવિજય** ગુરુ અનંગ રુપી,
સુવિહિત મુનિ લિંગી. હીર૦ ૮૩

### ઢાલ ૧૩
### રાગ ગુડી

માનસરોવર માહી કમલે રમેજિમ,
કમલિ રમે જિમ હંસલોએ. ૮૪

તિમ ગુરુ માનસમાહિ સૂરીસ્વર મંત્ર,
સૂરિ મંત્ર ધ્યાને રમિઇ એ. ૮૫

જિમ ફલિઉ સહિકાર, સોભિ વેલડી,
સોભિ વેલડી વીટીઉ એ. ૮૬

તિમ સોભિ મુનિરાજ, બહૂ મુનિ વિબુધસુ,
બહુ મુનિ વિબુધસુ પરવરિઉએ. ૮૭

વિમલ કમલ જલપૂર સરોવર સોભે,
સરોવર સોભે લહરસ્યૂ એ: ૮૮

તિમ સોભે ગુરુરાજ, વિબુધ સભા માહે,
વિબુધ સભા માહે ગાજતો એ. ૮૯

તિમ ષટજીવહ વેલિ વલગી સોભઇ એ,
વલગી સોભઈ વિસ્તરઇ એ. ૯૦

તિમ ષટજીવહ વેલિ ગુરુતટ વલગી એ,
ગુરુતટ વલગી વિસ્તરઇ એ. ૯૧

હસ્ત તણો જિમ મેઘ વરસઇ ગાજતો એ,
તિમ ગુરુ ધર્મ્મઇ ગાજતો એ,
તિમ ગુરુભગતો સંઘ, વિવધ દાન એ,
વિવધ દાનઇ વરસતો એ. ૯૨

**ઢાલ ૧૪**

**રાગ:કેદારુ ફાગ**

ભાવિ ભરી એક ભામિની, કહઇ સખી ધંધો નાખિ,
**હીરવિજય** ગુરુ દેશના, સુણીઇ હો વંદન ભાખિ. ૯૩

**હીરવિજયગુરુ** વયણડા, લાભઇ નવનવ લાખિ,
વિવિધ રંગ જિમ સોભિ એ મોર તણી બેહુ પાખિ. ૯૪

પંચ વરણ ધરિ ચુનડિ, પહિરી સખી વર ફાલ,
તનુ ધરિ સબ તુઝ ભૂષણ, મોતીહારરા જાલ. ૯૫

ઢલ ઢલ મોતીડા ભરી, મણ માણક ભરી થાલ,
કરીય સોભાગણિ લુંછણા, વાજંતિ માદલ તાલ. ૯૬

એક જોઇ ગુરુ વાટડિ, બેઠી ભાવિ ગવાષિ,
અસનાદિ ગુરુ દાનનિ, વરતે શુભ અભીલાષિ. ૯૭

ઈમ જોતી ગુરુ વાટડિ, સફલ કરિ નીજ આંખ,
કેતીઅ ગુરુ કર દાનથી, પાપ તણી દિઈ ઝાષ. ૯૮

તે ધન શ્રાવક શ્રાવિકા, જે વંદી સુણઇ વખાણ,
દિ નીત ગુરુ વિધિ વાંદણા, સમકિત વ્રત સુજાણિ. ૯૯

સમકિત સુવ્રત ઊચરઈ, નીજ ગુરુ સંઘહ સાખિ,
પ્રવચન ભગતિ પ્રભાવના, પડિકમિ પાખિહી પાખિ. ૧૦૦

## ઢાલ ૧૫
## રાગ મેવાડો

એ અનોપમ અણગાર, મુનિ રયણમાહિ સાર,
મેરી ભરી નીસરી ઘરિં **હીરલો**. ૧૦૧

ચારુ ભાસ નિસુણ સોહાશનિ, પહિર ભૂષણ ચીર,
શશિ મુખિ કહઇ વંદિ સુભગે, સૂરિ શિરોમણિ **હીર**. મે૦ ૧૦૨

જણુણ **નાથી** રયણ ખાણઈ, ઉપનો ગુરુસ્થૂલ,
**શ્રી વિજયદાન** મુણિંદ હાથિ, ચઢત હો રે અમૂલ. મે૦ ૧૦૩

તેજવંત બહુત મહિમા, તત્વ નવ સર હાંસઈ,
વિસ્તાર્યો જે દેસ દેસિ, તસ ગુણ રીદઇ વિમાસી. મે૦ ૧૦૪

દેખી ખણ ખણ જાઇ પરખી, પરખતી ભવરાસિ,
એ **હીર**મુખકે વાણિ, મ પડીસિ પરમત ઝાસિ. મે૦ ૧૦૫

સર્વ સંયમ રાજ લીધો, સુમતિ રાણિ દીધ,
ગુપતિ એ તું જતન રાખિ, તેણઈ તૂં પ્રગટ કીધ. મે૦ ૧૦૬

## ઢાલ ૧૬

### રાગ સબાબ

વિધવ્રત ઊપધાંન નંદી, કરી શ્રી ગુરુદેવ વંદી,
માલારોપણ નાંદી દાનિ માનિ જિમણવારિ,
વાધિ દુરબલ બાંદિ. ૧૦૭

નગરપુરના સંઘ આવે, દેખી ગુરુ આણંદ પાવે,
ગુરુમુખ સુણી ઊપદેશ બહૂ મુનિ પરિવાર વંદી,
બોલે બહુ ગુણદેસ ૧૦૮

જોગ મારગિ ધ્યાન સાધે, ગુરુ મહિમાહિ સંઘ વાધિ,
તિહાં મંગલ શુભ શાંતિ,
માસ ચોમાસુ કરિ ગુરુ, જિહાં જિહાં પુહચે સંઘ મનિ શાંતિ ૧૦૯

પદ પ્રતિષ્ઠા તપ મહોત્સવ, હોઇ તિંહા ચારિત્ર ઉછવ,
તિહા હુઇ પ્રભાવના અપાર,
સાહમીવછલ સંઘ બહુ કરિ, ધન ખરચે બહુ પ્રકાર. ૧૧૦

વિવિધ પરિ વાજિત્ર વાજિ, નાદે અંબર તલ ગાજે,
સુખિ વરતે અણગાર,
સકલ ભવિ ગુરુકીરતિ સુણતાં, પુન્ય તંણો નહી પાર. ૧૧૧

## ઢાલ ૧૭

### રાગ ધોરણી

પ્રણમી જિન ચુવીસ, સિદ્ધ ગુણ એકતીસ,
કહિ **હીરવિજય** ગુરુ ધ્યાઇજી. ૧૧૨

મુનિ ગુણ સત્તાવીસ,
વ્રત ભાવન પણવીસ, કહિ **હીર૦** ૧૧૩

સંગ્રહ યોગ બત્તીસ, તિમ સૂરગુણ છત્તીસ,
તે **હીરવિજય** ગુરુ ધ્યાઇજી. ૧૧૪

જિન અતિશય ચોત્તીસા વાણી ગુણ પાત્તીસ,
કહિ હીર૦ ૧૧૫

શ્રી **આણંદવિમલ** સૂરિંદ, પાટિ ગગન સમ ચંદ,
જિન સાસન તે વર ભૂષણાજી. ૧૧૬

શ્રી **વિજયદાનસૂરીસ**, તસ ગુણ બહુ ધન સીસ,
શ્રી **હીરવિજયગુરુ** વાંદીઇજી. ૧૧૭

**નાથીકુરા** જાત જો દેસ વિયાત,
**શ્રીહીરવિજયગુરુ** તપગછ રાજીઉજી. ૧૧૮

**શ્રી વિજયસેનસૂરંદ**, પાટિ ગગન સમ ચંદ,
ગુરુ પાટિ એ ચિરંજઉજી. ૧૧૯

**સકલચંદ** ઉવઝાય, નિત નિત તસ ગુણ ધ્યાઈ,
તસુ પ્રણમતાં સો ગુરુ સંઘસુજી. ૧૨૦

ગુરુ દેસના સુરવેલિ, ગાવતિ યુગતિ ગેલિ,
તસ ઘરિ ઋદ્ધિ વૃદ્ધિ સંપજઈજી. ૧૨૧

**ઈતિ શ્રી હીરવિજય દેસના સુરવેલિ ॥ સંપૂર્ણ ॥ સમાપ્તઃ ॥**

**પ્રીતિવિમલ રચિત મૃગાંકકુમાર પદ્માવતી ચોપાઇ**

**હીરજી** આમઈ શષિઇ, **પ્રીત** કહઇ પુન્યપાજ,
અંગિ અલછતિ આભડઇ, રાંનિ ભમંતાં રાજિ.
લિષ્યો નિલવટિ આપણિ, સ્યું કરઇ દાલિદ્ર સોય,
**પ્રીતિ** કહઇ **હીર** નામથી, રાનિ વેલાઉલ હોઇ. ૬૧

3

શ્રીસકલચંદ્ર ઉપાધ્યાય રચિત

# હીરવિજયસૂરિ ચતુર્માસ

## લાભપ્રવહણ

(દૂહા)

પ્રથમ જિણેસર મનિ ધરૂં, સમરૂં સરસતી માંય,
ગુણ ગાઉં તપગછપતી, જસ નામિં સુખ થાઈ. ૧

સુખસાગર શ્રી જિનવરૂ, નાભિરાય કુલિ ચંદ,
મરૂદેવિકુંઅર જગત્રગુરૂ, પ્રણમું ઋષભ જિનંદ. ૨

ઋષભ અજિત સંભવ પ્રભુ અભિનંદન જિનદેવ,
સુમતિ પદમપ્રભ સુપાસજિન. ચંદ્રપ્રભ કરૂં સેવ ૩

સુવિધ સીતલ શ્રેયાંસ જિન વાસુપૂજ્ય અરિહંત,
વિમલ અનંત ધર્મજિન, શાંતિનાથ ભગવંત. ૪

જેણઇ જનમિ મંગલ બહૂ, શાંતિ હૂઈ જગમાંહિ,
કમલાનિધિ લીલાપતી, સોલસમો જિનરાય. ૫

શાંતિ કુંથુ અરનાથ એ, ચક્રવર્ત્તિ અનઇ અરિહંત,
છંઇ રાજા પ્રતિબોધીઆ, મલ્લિનાથ ગુણવંત. ૬

મુનિસુવ્રત નમિ નેમિ જિન, યાદવકુલિ સિણગાર,
બ્રહ્મચારી શિરોમણિ સહી રાજીમતી ભરતાર. ૭

કમઠ હઠી મદ ગાલીઉં, પન્નગ કીઉ ધરણિંદ,
યાદવ દલ જીવાડીઉ, જય જય પાસ જિણંદ. ૮

**થંભણપાસ ત્રંબાવતી,** સુખ સંપતિ દાતાર,
શાસનપતિ ચઉવીસમુ, વીરજિન કરૂં જુહાર. ૯

અતીત અનાગત વર્ત્તમાન, બિહુત્તરિ જિનવર ભાણ,
એ ચિહુ તીરથ અવરવર, તે સવિ જિણ વહૂ આણ. ૧૦

## રાગ દેશાખ મલ્હાર.

આવિઉ(૨) રે આવ્યઉ માસ વસંત સહી,
વનસપતીરે મુહરી રઈ સવિ સંપદ લહી;
મોહિઆ માલતીરે ભમરા ગુંજારવ કરઈ,
મિલીઆચલ તણઉરે, પવન ચિહું દિશિ વિસ્તરઈ. ૧૧

વિસ્તંરઇ પરીમલ સુગંધ કુસુમહ કુંકુમ ચંદન છાંટણાં,
એક કરઈ ક્રીડા નારિ પ્રીયડા ખંડોખલીએ ઝીલણાં;
મધુ માસ ગાઇ વેણિ વાઇ કુસુમ ઘરિ સઘ ભરઇં,
તિહાં મયણ રાજા રતિ અંતેઉરી સેનસ્યું લીલા કરઇં. ૧૨

ઇણિ અવસરિરે, આવિઉ તપગછરાજીઉ,
**ત્રંબાંવતીરે** ત્રિભુવન મહિમા ગાજીઉ,
**થંભણ પાસજીરે**, આગઇ મધુ માધવ રમ્યા,
તિ તું મનિ ધર્યારે, શ્રીપૂજ્ય પ્રભુ ચરણે નમ્યા. ૧૪

પ્રભુ નમ્યા ચરણે થુણ્યા વયણે, અમૃતનયણે નિરખતાં,
**સીમંધર** અરિહંત ભગવંત વંદઇ **હીરજી** હરખતાં;
**કંસારી** શ્રી પાસ જિનવર, **સકરપુર** ચિંતામણિ,
**મહિમુંદ પુરિ સુલતાનપુરિ** જિન, આલીમાહિં ત્રિભુવન ધણી.૧૫.

જૂઊ અમ્હ ગુરૂરે વસંત રમઈ રલીયામણઉં
નંદનવનરે પ્રવચન પરિમલ તિહાં ઘણાઉ
ઉપશમરસરે, મનોહર ભરીઅ ખંડોખલી,
ઝીલઈ **હીરજી** રે, સંયમ શ્રીસ્યુ મનિ રલી. ૧૬

મનિ રલીઅ ઝીલઇ દુરિત ઠેલઇ, ચંદન ગુરૂ ગુણ છાંટણા;
કોકિલા કંઠિ કામિની તિહા, ગીત ગાઇ ગુરૂ તણાં;

ધ્યન્ન મન્ન મોરા સહી ચકોરા,
મધુકર પરિ સુગુરૂ ચલણ કમલિ રમઈ,
ગુરૂ ધ્યાન સરોવર લહિરિ શીતલ
પાપ તાપ તે નીંગમઈ. ૧૭

મુનિ ભૂપતિજી, રૂપિં મયણ મદ ગાલીઉ,
દીખ્યા-રાણીરે, રતિ તણઉ ગરવ ટાલીઉં;
સુવાસનારે, આચાર ઉત્તમ દીપીઈ,
હેલા માહિરે, કર્મતણાં દલ જીપીઈ. ૧૮

જીપીઈ વઈરી કર્મકેરા, સંતોષ સેજિઈ સુખ લહઈ,
કુસુમ પરિમલ કીર્તિમાલા, સુગંધ યશ બહુ મહમહઈ;
દેસના વાજિત્રનાદ સુણે ભવિ, જિન પૂજા નાટિક કરઈ,
જાૂઉ વસંતક્રીડા માહરા પૂજ્ય કેરી, મુગતિ સુંદરી મનિ ધરઈ. ૧૯

**ઢાલ**

**રાગ સામેરી**

જગજીવન પર ઉપગારી, આવિઉ પૂજ્ય મહાવ્રતધારી,
દેખી સંઘનઈ હર્ષ ન માવઈ, મંડાણિ ગુરૂ પધરાવઈ. ૨૦

મોટા શ્રાવક **સાહ સારંગ, સંઘવી જયવંતનઈ** મનિ રંગ,
સાહ જાવડ **સોની સહસધીર, સંઘવી ઉદયકરણ** ગંભીર. ૨૧

**સાહ જયવંત** નઈ **સાહ રાજ**, કરઈ ધર્મતણા બહૂ કાજ,
જાૂઉ **ઉદયકરણ** ભંડારી, કરઇ ભગતિ સહિગુરની સારી. ૨૨

**દોસી વછા ઝીલા ભાકરાજ, સાહ પતીઆ પરિખ કીકરાજ,**
**વુહરા જયરાજ સાહ મહિપાલ,** એહવા શ્રાવક બહુત દયાલ. ૨૩

જિમ મંદિર ગુરૂ પધરાવઈ, ભરી માણિક મોતી વધાવઈ,
સોહાગિણિ મંગલ ગાવઈ, ઈમ **ખંભાયતિ** રૂયડું ભાવઈ. ૨૪

**સાગોટઈ** ઉપાસરઈ સોહઈ, શ્રીપૂજ્ય બઈઠા ભવિ પડિબોહઈ,
નિતિ ઉછવ ઘરિઘરિ દીસઈ, ગુરૂ દેખી હીયડું હીસઈ. ૨૫

### દૂહા

બિંબપ્રતિષ્ઠા જિનતણી, જિનશાસનિ મંડાણ,
સીતલ જિનવર થાપીઆ, વાજઇ ઢોલ નીસાણ. ૨૬

બિંબ બિસઇં પનર અવર, સુરનર જોઇં મુનિવૃંદ,
વાસખેપ અંજન ઠવે, શ્રી **હીરવિજય** સૂરીંદ. ૨૭

### ઢાલ એહજ

સુણી વાંણી શ્રી મુનિરાજ, ધ્યન તે નર કરઈ એહવાં કાજ,
**સંઘવી ઉદયકરણ ભાકરાજ**, ભાવિં વંદિ શ્રી ઋષિરાજ. ૨૮

જઇ વીનતી કરી પૂજ્ય પાસઇ, લાભ જાંણિ રહી ચઉમાસઇ,
**જેઠોડી** • પરૂહણ ભરીયા, રૂડઇ વાય સુવાઇં તરીયાં;
ગયા ચોર કઠોર હીનોરા, તે તુ ચરણ પ્રસાદ ગુરૂ તોરા. ૨૯

### રાગ ભીમમલ્હાર

અનોપમ માસ અષાઢ કે, આસા સહૂ લહીરે,
કઇ આસ સહૂ લહીરે,
ગગનિ ધડૂક્યા મેહ કિ, વીજ ઝબૂકઇ સહીરે (૨) ૩૦

મોરા કરઇ કંઇગાર કે, બાપી પીઉ કરઇરે (૨)
તેણઇ સમઇ પીઉ પરદેશિ કઇ, કામની માન ધરઈરે (૨) ૩૧

એહવું જાણી પૂજ્ય પેખતાં, ભગતજન મન ઠરઈરે,
કઇ ભગત૦
મેહ વરસઇ અખંડધાર, નદી પૂરઇ સર ભરઈરે (૨) ૩૨

પુન્યક્ષેત્ર સીંચઇ નીરિ, વાણી ઋષિરાજનીરે (૨)
મુખિ મીઠા પૂજ્ય વેલા ધ્યન આજનીરે (૨) ૩૩

## રાગ ધવલ ધન્યાસી

આ ભવસમુદ્ર સુભર ભર્યોએ, જિનધર્મ અવિહડ વાહણ જિણંદ નીપાઈઉં એ,
તારઈ તારઈ કુંઅરાજી કુંઅરનુ વાહણ, ભલી પરિઈએ. તારઈ (૨) કું. આંકણી.

જગત્રના લોકનઈં તારવા એ, ઘડિઉં વિશ્વકર્મા એહ,
સયલ દુખ વારવા એ, તારઈ૦ ૩૪

સુક્રિત ક્રિયાણાં સુભર ભરિયા એ, લેઈ આવિઉ સાધુ કૃપાલ,
સગાલ થયા પુણ્ય તણા એ. તારઈ૦ ૩૫

ત્રિભોવન લોક સુખી થયા એ, ઈહ લોક નઈ પરલોક,
ભલઈ ગુરૂ આવીઆ એ. તારઈ૦ ૩૬

સમકિત દૃઢ સઢ દીપતો એ, સત્ય વચન તેહાં નેમ,
આજ્ઞા થંભ, રોપીઉ એ. તારઈ૦ ૩૭

કીરતિધજ જસ લહકતી એ, સદ્‌વહણા નાંગ્રર દોર,
માલિમ તિહાં મુનિવરૂ એ. તારઈ૦ ૩૮

અનુકંપા સુંદર છત્રડી એ, કુમતું અતિહિં ઉદાર,
ખિમા ઝૂલિ અતિ ભલી એ, તારઈ૦ ૩૯

મિથ્યાત્વ ડૂંગરડા જાલવઈ એ, કુમતી ચોર પ્રચંડ,
હેલામાં જીપીઆ એ. તારઈ૦ ૪૦

પુણ્યકરણી ગુણ ડાબડા એ, આઉલાં વ્રત પચખાણ,
દયા દાન નોર ભલો એ. તારઈ૦ ૪૧

સંતોષ પંતાસ રૂડિ રાખીઈ એ, સંવેગ રસ જલ સાર,
બલવંત મુનિ ખલાસીઆ એ. તારઈ૦ ૪૨

વાજિત્ર નાદ સઝાયના એ, સાંભલઈ શ્રીય મુનીંદ્ર,
માલિમ વર નાખૂઉ એ. ૪૩

**ધનદત્ત** શેઠ પરિવાર શૂં એ, સલામત આવિઉ **ખંભાતિ,**
ક્રિયાણાં સભર ભરી એ. ૪૪

દાન શીલ તપ ભાવના એ, ન્યાન દરિસન ચારિત્ર,
વધારઇ વસ્તુ ભલી પરિઇં એ. ૪૫

શ્રાવક વુહરતિ આવીયા એ, વિજય કરી માગઇ વસ્તુ,
ઉત્તમ ગુરૂ અમ્હ દીઉ એ. ૪૬

## રાગ સોરઠી

ક્રિયાંણાં રે પેખ માહરાં પૂજ્યનાં, ન્યાન દરિસન ચારિત્રરે,
અમુલિક રયણ એ સીઅલસ્યું જાચા હીરામાણિક નવતત્ત્વ રે. ૪૭

આસ પુહતી રે માહારા મન તણી, પેખતાં પૂજ્ય દીદાર રે,
સુકૃત ક્રિયાણાં ભરી આવીઉં, ફલિયા ફલિયા ધર્મ વ્યાપાર રે.
આસ પુહતી રે૦ આંકણી. ૪૮

**હીરજી** ગુણ દાણા મોતી નિરમલાં પાવિ તે ભાવના બાર રે,
અમુલિક રત્ન મહાવ્રત ધરઇ, ઉપદેશ જવહિર આચાર રે. આસ૦ ૪૯

પોત સરાસર જાંણીઇ, માસખમણ દોઇ વીસ રે,
મકબલ સતરના પદ બિસઈ, સમોસરણ થયા સુત્રીસ રે. આસ૦ ૫૦

પાખખમણ પેટી **હીરની,** અપૂરવ દોઇ સિઇં સાત રે,
સંસારતારણ વીસ થાનિક, અઢીસઈ એ સૂફ શકલાત રે. આસ૦ ૫૧

અઢ્ઢાઈ તે ગ્યારસઇં ચોલીયાં, ઉપધાન દ્રાખ ભરપૂર રે,
આખાડ બદામ પોસા સામાયક, નવપદ ખારિક-ખજૂર રે. આસ૦ ૫૨

કલપ અઢ્ઢમ ઉપવાસ રંગિઇં, આંબાલિનીવી બીજા તપ સાર રે,
નમજાં પસ્તાં શ્રીફલ પૂગીફલ, એહ-વુહરતાં લાભ અપાર રે. આસ૦ ૫૩

સરસ અસાઢ સફલિં ફલ્યઉં, ભરી આવિઉ પૂજ્ય વડૂં વાહણ રે,
સાનિધ્ય કરઇ શાસન દેવતા, રખવાલ વાહણની જાણ રે. આસ૦ ૫૪

કુસુમમાલા સુગંધ ભાવના, પરિમલ સુખ વલી લાભ રે,
જિન ગુણ ગીત ગાઇ તિહાં, દેસાઉરના આવ્યા ઘરિ લાભ રે, આસ૦ ૫૫

## રાગ ધન્યાસી

શ્રાવણ માસ તે સરવડે, વરસઇ ભાદ્રવડે ભર મેહ,.
શ્રીપૂજ્ય વાંણી એણીપરિ વરસઇ, વાધ્યા ધર્મ સનેહરે. ૫૬

ભવીઆં પ્રણમું પર ઉપગારી, ગુરૂ **હીરજી** મહાવ્રતધારી,
હૂઉ બાલપણઇ બ્રહ્મચાંરી, જાનિ મોટો એ વ્યાપી
જેણે તારિયાં બહુ નરનારીરે ભવીઆ૦ આંકણી ૫૭

જગત્ર સુખી થયુ પૂજ્ય પધારઇ, ઉત્સવ નિતિ મંડાણ;
સમોસરણ રચઇ સંઘવી **ઉદયકરણ**
પ્રણમઇ ગછપતિભાંણરે. ભવીઆં૦ ૫૮

પરવ પજૂસણ રંગિ કીજઇ, ફલીઆ ધર્મવ્યાપાર,
વસ્તુ અપૂરવ બહુમૂલ આવઇ, ખામણડા કરંઇ સારરે. ભવીઆં૦ ૫૯

હરમજી વાહણ બખાઇ આવ્યાં, હૂઆ લાભ અનંત,
આસ ફલી આસો મસવાડઇ, પુણ્ય સગાલ હવા સંતરે. ભવીઆં૦ ૬૦

શ્રીપૂજ્ય વાંણી સફલઇ ફલી, ન્યાન દરિસણ ચરિત્ર,
કાર્તિક માસ તે કરસણ પાકાં, દેસવૃત્તિ સર્વવૃત્તિરે. ભવીઆં૦ ૬૧

દેસ દેસના સંઘ પધારઇ, કાગલ ગુરૂતણા લ્યાવઇ,
ઉછવ મહોત્સવ કરઇ વધાવા, પ્રભાતના સંઘ કરાવઇરે. ભવીઆં૦ ૬૨

ઉપાધાન માલારોપણ મહાવ્રત, ચઉથાં વ્રત વલી બાર,
બિંબપ્રતિષ્ઠા અને અનશન, બહુત હૂઆ લાભ અપારરે. ભવીઆં૦ ૬૩

શ્રી- ગુરૂ **હીરવિજય** સૂરીસર, **સકલચંદ** ઉવઝાય
પંડિત શ્રી **જયવિમલ** મુનીસર, ગણિ વિદ્યાધર નમું પાયરે. ભવીઆં૦ ૬૪

ગણિ **રૂડા** ગણિ **કૃષ્ણવિજય** ગણિ, **લક્ષ્મીવિજય** ગુરૂ સંગિ,
**ધર્મવિજય** ગણિ **મેઘવિજય**ગણિ,
**મુનિવિજય** ઋષિ સી(**સા**)રંગરે. ભવીઆં૦ ૬૫

**પદ્મવિજય** ઋષિ **સૂરવિજય** ઋષિ, **જયવિજય** ઋષિ **ન્યાન હર્ષ**,
**ભાવવિજય** ઋષિ **દેવવિજય** ઋષિ, સેવંતા હુઇ સુખરે. ભવીઆં૦ ૬૬

ગણિ **કુલધર** ઋષિ મોટો તપંશી, ગણિ **જિનકુશલ** વઇરાગી,
કરઇ વયાવચ મુનિવરકેરાં, સંયમસ્યું લય લાગીરે. ભવીઆં૦ ૬૭

ચાહુ ઋષિં **ખેમકુસલ** રિષિ, **નાગજી વિવેકવિમલ કૃપાચંદ**,
**ભાવકુશલ** રિષિ **ભીમ, લબ્ધિવિજય** નાંનડીઉ **રત્નચંદ**. ભવીઆં૦ ૬૮

સાધ્વી **પ્રભુશ્રી લાલશ્રી સાહિબશ્રી, માણિકસુમતિ રતન્ન**,
**ચારિત્રસુમતિ** શ્રી **વિનયશ્રી, ન્યાનસુમતિ** એ ધન્યરે. ભવીઆં૦ ૬૯

**ચંપશ્રી કનકશ્રી લાભસુમતિ** એ, વઇરાગશ્રી ગુરૂ પાસઇ,
ચ્યાલીસ ઠાણઇ શ્રી **ખંભનગર**માં, **હીરજી** રહિયારે ચઉમાસઇ.
ભવીઆં૦ ૭૦

**ખંભનગરનુ** સંઘ વઇરાગર, પંચવિધ દાન દાતાર,
કનક ચીર સોનહરી ગંઠોડા, વરસઇ જિમ જલધારરે. ભવીઆં૦ ૭૧

જિહાં જિહાં ગુરૂની આજ્ઞા વરતઇ, તિહાં તિહાં ઉત્સવ થાઇ,
દિન દિન ચઢતઈ રંગ સોહાવઇ, **હંસરાજ** ગુણ ગાવાઇરે, ભવીઆં૦ ૭૨

*ઇતિ શ્રી **હીરવિજયસૂરીશ્વર** ચતુર્માસક સંબંધી લાભપ્રવહણં સંપૂર્ણમિતિ શ્રેય: । લિક્ષ્મિ। શુભં ભવંતુ ॥ મંગલ લેખકાનાં ચ પાઠકાનાં ચ મંગલં । મંગલં સર્વ જૈનાનાં સાધુ સાધ્વીતિ મંગલં ॥ ૧॥ સંવત્ ૧૬૮૫ વર્ષે માર્ગશીર્ષ શુ. ૧૦ બુધૌ તદા લિખિતમિદં દેવપત્તને ॥ શુભં ભવતુ ॥ છ॥ શ્રીરસ્તુ । છ।*

૪

શ્રી ધર્મદાસકવિરચિત

# શ્રીહીરવિહારસ્તવ

॥ મહોપાધ્યાય શ્રી ૫ નેમિસાગરગણિગુરૂભ્યો નમઃ॥

સરસતી ભગવતી ભારતી, સમરી સારદ માય ।
રચસિઉ **હીરવિહારસ્તવન** વર દિઓ મુઝ માય ॥ ૧॥

**શેત્રુંજ** મંડણ ઋષભદેવ, **અષ્ટાપદિ** સ્વામી ।
**આબૂ હીરવિહાર**-સાર પ્રણમું શિર નામી ॥ ૨॥

નાભિ નરેશ-કુલતિલો એ, મરૂદેવી મલ્હાર ।
યુગલાધર્મનિવારણઉ, ત્રિભુવન જન હિતકાર ॥ ૩॥

પ્રથમ રાય અણગાર પ્રથમ, ભિક્ષાચર કેવલ ।
પ્રથમ તીર્થંકર પ્રથમ ધર્મ પ્રકાશક નિર્મલ ॥ ૪॥

સમોઅસર્યા **શેત્રુંજગિરિ, અષ્ટાપદિ** સિદ્ધ ।
**આબૂ હીરવિહારિ** મૂરતિ મહિમા સુપ્રસિદ્ધ ॥ ૫॥

ધ્યાઓ શ્રીનવકારમંત્ર, **શેત્રુંજગિરિ** યાત્ર ।
દેવ આરાહો વીતરાગ, નિર્મલ કરો ગાત્ર ॥ ૬॥

મહિમાવંત એ ત્રિણિ તીર્થ, ચઉથઉ **હીરવિહાર** ।
**હીરવિજયસૂરિસરુ**એ, વયર સમ અવતાર ॥ ૭॥

**વસ્તુ**

**વિમલગિરિવર વિમલગિરિવર,** રિસહ જિણદેવે,
સમવસરણ દેવહિં મિલીરચિઉં, વાર પૂરવ નવાણું,
અષ્ટાપદ સિદ્ધાવલી, નામ મંત્ર નિશિદિવસ આણું ॥
**આબૂહીરવિહાર**-પ્રતિ, મૂરતિ સુંદર સાર ।
સરસતી માત પસાઉલિઇ, થુણસિઉં **હીરવિહાર** ॥ ૮॥

*ઠવણી*

**હીરવિહાર** તીર્થ ભલું એ, **પાટણ** નયર મઝારિ તો,
**રાજનગરિ** વલી પાદુકા એ, **ષંભનયરિ** સુવિશાલ તુ ॥ ૯॥

**સૂરતિ** નયર સોહામણું એ, જિહાં સંઘ છઈ સુવિચાર તો ।
જિનગુરુ આણ શિરઈ ધરઈ એ, સમકિત રયણ ભંડાર તો ॥ ૧૦॥

શીલઈં થુલભદ્ર જાણીઈં એ, બુદ્ધિઈં અભયકુમાર તો ।
લબ્ધિઈં ગૌતમ અવતર્યો એ, રૂપઈં નાગકુમાર તો ॥ ૧૧॥

વાચક **નેમિસાગર** વરુ એ, તેહ તણઈ ઉપદેશ તો ।
**હીરવિહાર** મંડાવીઉ એ, સંઘ મનિ હર્ષ વિશેષ તો ॥ ૧૨॥

**નિજામપુર** પૂરવદિશિં એ, દિનકર જિહાં ઊગંત તો ।
વિત વાવઈં વ્યવહારીઆ એ, આણી હર્ષ મહંત તો ॥ ૧૩॥

સંવત સોલ ત્ર્યહોત્તર ૧૬૭૩ એ, પોસમાસ સુવિચાર તો ।
વદિ પંચમી દિન નિર્મલો એ, શુભ વેલા ગુરુવાર તો ॥ ૧૪॥

પંડિત **લાભસાગર** વરુ એ, અભિનવો ધનો અણગાર તો ।
કરીઅ પ્રતિષ્ટા નામ દીઈ એ, સુંદર **હીરવિહાર** તો ॥ ૧૫॥

*ઠવણી*

**હીરવિહાર** મનોહર દીસઈં, પેખત સુરનર નામ નહીં સઈં
અમર ભવન સમજાણીઈ એ ॥ ૧૬॥

વતુર પણ ઈ વલી ચઉક નીવાઈ, દેખત ભવિજન હર્ષ જ થાઈ
**રાણપુર**ની માંડણી એ ॥ ૧૭॥

કારીગર તિહાં કામ ચલાવઈ, ચઉરંસિઈં વેદિકા સુહાવઈ
પાદુ પીઠિકા જિનતણી એ ॥ ૧૮॥

ગુણવંત ગજધર બઈઠા નિશિદિનિ, કોરણી કામ નીપાઈ એકમની
થંભ સાગ સીસમતણા એ ॥ ૧૯॥

જાલી અતિસુકુમાલી સોહઇ, સુંદર મદલ પેષત મન મોહઇ
ગોમટિ કલશ કનકતણા એ ॥ ૨૦॥

શિખરિઇ દંડ ધ્વજા અતિ લહઇકઇ, સુંદર કુસુમ ગંધ અતિ બહકઇ
ચિત્રામણ સોહામણા એ ॥ ૨૧॥

નવ ગોમટ નવનિધિ સુખકાર, નલની ગુલમ સમ **હીરવિહાર**,
તીર્થ મહિમા અતિ ઘણો એ ॥ ૨૨॥

*ઢાલ ફાગની*

**પારિષિ લાલા** સુત ભલો **ગોવિંદ પારિષિ** સુજાણ ।
વિત વાવઇ હર્ષિઇ કરી જિનવરની વહઇ આણ ॥ ૨૩॥

**સાહ સોમજી**નો સુત ભલો શુભ નામિઇં **વસ્તુપાલ** ।
**હીરજેસિંગ**ની[1] પાદુકા થાપના હુઇ સુવિશાલ ॥ ૨૪॥

સંવત સોલ પંચોતરઇ (૧૬૭૫) વૈશાખ માસ સુવિચાર ।
અષ્ટમી દિન ઊજલ ભલો શુભ વેલા રવિવાર ॥ ૨૫॥

વાચક માંહિ શિરોમણિ **રત્નચંદ્ર ઉવઝાય** ।
કરિઅ પ્રતિષ્ઠા અતિ ભલી સંઘમનિ આણંદ થાય ॥ ૨૬॥

**સા નાહ્નો** વિત વાવરઇ ઉલટ આણી અંગિ ।
પાદુકા ત્રિણિ વાચક તણી થાપના હૂઈ મનિરંગિ ॥ ૨૭॥

સંવત સોલ છહુત્તરઇ (૧૬૭૬) પોષ માસ સુપ્રસિદ્ધ ।
પૂનિમ દિન રળિઆમણો હુઇઇ પ્રતિષ્ઠા સિદ્ધિ ॥ ૨૮॥

**દોસી ભીમ** હર્ષિઇ કરી ધનાખરચઇ મનરંગિ ।
દોઇ મૂરતિ એક પાદુકા થાપના હુઇઇ સુચંગ ॥ ૨૯॥

સંવત સોલ છહુત્તરિ જ્યેષ્ટ શુદિ ચઉથિ ગુરુવાર ।
કરિઅ પ્રતિષ્ઠા હર્ષસ્યું મૂરતિ ત્રિણિ ઉદાર ॥ ૩૦॥

૧. હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિ

હીરવિહારઇં હર્ષસ્યિઉં ઉલટ આણી અંગિ ।
ધન તે શ્રાવક શ્રાવિકા વિત વાવઇ મનરંગિ ॥ ૩૧॥

સુવિહિત તપગચ્છ નાયક દાયક શિવપદ સાર ।
એ તીર્થમહિમા ઘણો નિતુ બંદઇ નરનારિ ॥ ૩૨॥

તીર્થનિંદા જે કરઇ કુમતિ શિરોમણિ જાણિ ।
**હીરવિહાર** ઉથાપસ્યિઇ ભમસ્યિઇ ચ્યારઇં ખાણિ ॥ ૩૩॥

### ઢાલ માલ્હંતડેની

ત્રિણિ ચઉવીસી પ્રણમસ્યિઉં એ માલ્હંતડિ, બિહુત્તરિ જિનવર દેવ.
વીરપટોધર ગાયસ્યું એ માલ્હંતડિ, સુરનર કરઇ તસ સેવ.
સુણઉ સુંદરિ સુરનર કરઇ તસ દેવ ॥ ૩૪॥

સાગર નામિઇં જિન હુઆ એ માલ્હંતડિ, અતીત ચઉવીસી જાણ. સુણઉ૦
વર્તમાન કાલિઇં હુઆ એ માલ્હંતડિ, શ્રીગુરૂ ચતુર સુજાણિ. સુણઉ૦ ૩૫

તપગચ્છ નાયક ગુણનિલો એ માલ્હંતડિ, **લક્ષ્મીસાગર સૂરિંદ.** સુણઉ૦
જસ મહિમા અતિ દીપતો એ માલ્હંતડિ, સેવ કરઇ અમરિંદ. સુણઉ૦ ૩૬

સાયર પરઇં ગંભીર છઇ એ માલ્હંતડિ, સોમ વદન જિમ ચંદ. સુણઉ૦
તપ તેજઇં દિનકર સમો એ માલ્હંતડિ, કનકવર્ણ સુખકંદ. સુણઉ૦ ૩૭

તસ પટિ શુભ મતિ આગલો એ માલ્હંતડિ, **સુમતિસાધુ સૂરીશ.** સુણઉ૦
તાસ સીસ મતિઇં નિર્મલો એ માલ્હંતડિ, **હેમવિમળ** ગુરૂઇશ. સુણઉ૦ ૩૮

તાસ પટ્ટઇં જગ ઉદ્ધર્યો એ માલ્હંતડિ, **આણંદવિમલ** સૂરિરાય. સુણઉ૦
ઉપજઇં આણંદ નામથી એ માલ્હંતડિ, મનવંછિત સુખ થાય. સુણઉ૦ ૩૯

શિથિલાચાર નિવારીયો એ માલ્હંતડિ, આદર્યો શુદ્ધ આચાર. સુણઉ૦
જિનશાસન દીપાવીઉં એ માલ્હંતડિ, ધનિ ધનિ એ અણગાર. સુણઉ૦ ૪૦

તાસ પટ્ટોધર સુરતરૂ એ માલ્હંતડિ, ગોઅમ સમ અવતાર. સુણઉ૦
શ્રી **વિજયદાનસૂરીસરૂ** એ માલ્હંતડિ, જિનશાસન સણગાર. સુણઉ૦ ૪૧

તાસ સીસ જગ સુખકરૂ એ, માલ્હંતડિ, **હીરવિજય સૂરિરાય.** સુણ૦
દીલ્લિપતિ પ્રતિબોધિઓ એ, માલ્હંતડિ, સેવ કરઈ સુરરાય. સુણ૦ ૪૨

પેસકસી પુસ્તક તણીએ, માલ્હંતડિ, ષટ્માસી અ અમારિ. સુણ૦
જીજીઓ જગહ મુંકાવીઉ એ, માલ્હંતડિ, કીધા પર ઉપગાર. સુણ૦ ૪૩
(શેત્રુંજ મુગતો સાર. ૪૩ ઈતિ પાઠાંતરં.)

**હીરસીસ** સોહાકરૂ એ, માલ્હંતડિ, શ્રી **વિજયસેન સૂરીશ.** સુણ૦
બિરૂદ સવાઇ સાહિઈ દીઉં એ, માલ્હંતડિ, પૂરઈ સયલ જગીસ. સુણ૦ ૪૪

તાસ પટોધર ગુણનિલો એ, માલ્હંતડિ, શ્રી **વિજયદેવ સૂરિંદ.** સુણ૦
શીળ સત્ત્વ ગુણાઈ આગલો એ, માલ્હંતડિ, ઊગીઓ અભિનવો ચંદ. સુણ૦ ૪૫

સાગર ગાજઈ તુજ્ઝથી એ, માલ્હંતડિ, ધર્મ કલ્લોલની વેલિ. સુણ૦
સમકિતરયણ સૂધું દીઈ એ, માલ્હંતડિ, દિન દિન હુઈ રંગરેલિ. સુણ૦ ૪૬

તું ગુણસાગર ગાજતો એ, માલ્હંતડિ, મહીઅલિ માંહિ પ્રસિદ્ધ. સુણ૦
સુવિહિત શિર મુકટામણી એ, માલ્હંતડિ, આપઇ નિર્મલ બુદ્ધિ. સુણ૦ ૪૭

વાણી અમૃતરસ વરસતો એ, માલ્હંતડિ, દેશના દિઇ જિન વીર. સુણ૦
સકલ કલા ગુણ આગલો એ, માલ્હંતડિ, સાયર પરિઈ ગંભીર. સુણ૦ ૪૮

*ઢાળ-પ્રણમું તુમ સીમંધરૂજી*

મૂરતિ ઋષભ જિણંદની રે, સોહઇ **હીરવિહારિ.**
**હીર-જેસિંગની** પાદુકારે, ભવિજનઈ હિતકારં.
ભજો રે ભવિ! ભાવિઇ **હીરવિહાર.** ૪૯

નામમંત્ર નિશદિનઈ જપોરે, હોઇ જય જય કાર. આંકણી.
ભજો ભવિ! ભાવિઈ **હીરવિહાર.** ૫૦

વીરતણી પરઈ તપ તપ્યો રે, સીલઈ જંબૂ કુમાર.
વૈરાગિઈ ગુરૂ રાજતો રે, ધનિ ધનિ એ અણગાર. ભજો૦ ૫૧

વાચકચક્રચૂડામણિ રે, **વિદ્યાસાગર ઉવઝાય.**
તેહતણી તિહાં પાદુકા રે, પ્રણમઈ સુરનરરાય. ભજો૦ ૫૨

તાસ સીસ ગુણે ગાજતો રે, **ધર્મસાગર ઉવઝાય.**
વાદિગજ ઘટ કેશરી રે, આણ વહઈ જિનરાય. ભજો૦ ૫૩

તાસ સીસ સોહાકરૂ રે. **લબ્ધિસાગર ઉવઝાય.**
તેહતણી તિહાં પાદુકા છે, ભવિ મનિ આણંદ થાય. ભજો૦ ૫૪

તાસ સીસ ગુણ આગલો રે, **નેમિસાગર ઉવઝાય.**
તેહ તણી છઈ પાદુકા રે, દર્શનિ શિવ સુખ થાય. ભજો૦ ૫૫

સુરગુણ આણ શિરઈ ધરી રે, રાષી તપગચ્છ મામ.
જિનશાસન દીપાવીઉં રે, સારિઉં આતમ કામ. ભજો૦ ૫૬

મૂરતિ સાતઈ સોહામણી રે, શ્રી તપગચ્છ સૂરીશ.
વાચક કેરી પાદુકા રે, ચ્યાર નમો નિશદીશ. ભજો૦ ૫૭

એ પરિવાર અનુક્રમઈ રે, જે સમરઈ નર નારિ.
લાછિ રમઈ નિતુ તે ઘરઈ રે, હુઈ જય જય કાર. ભજો૦ ૫૮

શ્રીસંઘ તિહાં ઉત્સવ કરઈ રે, કલ્યાણક દિન સાર.
નાટિક પૂજા ભાવસ્યું રે, આણી હર્ષ અપાર. ભજો૦ ૫૯

**હીરવિહાર** જ નીપનો રે, જેહવું અમર વિમાન.
**શાહ અમરસી**નો ઉદ્યમ ઘણો રે, ધિન જીવું પરણામ. ભજો૦ ૬૦

સંવત સોલ છહોતરે (૧૬૭૬) રે, જ્યેઠ સુદિ પૂનિમ સાર.
જિહાં લગઈ સસિ રવિ તપઈ રે, સ્તવન તપો ચિરકાલ. ભજો૦ ૬૧

*કળશ*

શ્રી ઋષભજિનવર ભવિક સુખકર **હીરવિહાર** સુહાકરૂ.
શ્રી **સૂરતિ** મંડણ દુરિતખંડણ નમો પાસ જિણેસરૂ.
વિજય રાજિઈ વિજયવંતો **વિજયદેવ સૂરીસરૂ.**
તાસ પસાઈ સ્તવન રચિઉં **ધર્મદાસ** સુહંકરો. ૬૨

**ઈતિ જિનસ્તવન સંપૂર્ણ**

## ૫

શ્રીપ્રેમવિજયમુનિ રચિત

# શ્રીહીરપુણ્યખજાનો

### દૂહા

શ્રી આદીસર પ્રમુખ જિન, ચરણ નમુ ચોવીસ,
સંપ્રતિ ભવીયણ તારતા, વિહરમાન વલી વીસ. ૧

સરસતિ માતા પાય નમુ, તપગછરાય સુરીસ,
શ્રી **હીરવિજયગુરુ** રાજીયો, હું પ્રણમુ નસિ દીસ. ૨

શ્રી **વિજયસેન** ગુરુ રાયવર, શ્રી **વિજયદેવ** સુરિંદ,
**વિજયમાન** ગુરુ વંદીય, જિમ્ સૂરજ ઉર ચંદ. ૩

પુન્ય ખજાનો **હીર**નો, બોલુ બુદ્ધિ પ્રમાણ,
ગુણ અનંત કિમ વર્ણવુ, ધર્મરત્ન મણી ખાણિ. ૪

### ઢાળ

**[વીર જિનેસર ચરણ કમલ કમલાકર વાસો -એ દેશી.]**

જંબૂદીપમિ ભરતસાર, દખ્ખણ સુવિશાલ,
ગૂજર દેસ મનોહર એ, અતિરંગ રમાલ,
ધાણધાર ધન આગલા એ, **પાહણપુર** ગામ,
ઉસ વંસ મંડન મહંત, **સાહ કુરા** નામ. ૫

**ખીમાણંદ** ગોત્ર તાસ, શુધ શ્રાવક સાર,
ધર્મવંત ધનવ તેહ, કરિ પુન્ય ઉદાર,
સીતા સરોમણિ તાસ નારિ **નાથી** અતિ સુંદર,
ધન કણ કંચણ રીધિ વૃદ્ધિ, ભલો ભોગ પુરંદર. ૬

**કુરો** સાહા સુક યથ જિમ જિન ધર્મ પ્રસાદિ,
નર નારી જિન જિન પૂજ કરી, ગુણ ગાય નાદ,

સૂર સસી નિસીહ સુપન, **નાથી** તવ દેખિ,
ગર્ભ ધન્ય જાણી જૂગતિ, અતિ હર્ષ અ લેખે. ૭

નવિ માસ એ જોગવિએ, દિન ઉત્યમ આવિ,
સંવત પનર ગ્યાસીય એ, માગસિર સુદિ ભાવ,
નોમિ વાર સસી પૂર્વભદ્ર નખ્ખત્ર મિલંતિ
જનમ હોઇ શ્રી **હીરાનો** એ, સુભ કોડિ સુકંતિ. ૮

અનુક્રમિ વાધિ ચંદ્ર જિમ, જગ કરિ ઉદ્યોત,
સર્વ સુલખ્યવંત સોઇ, પંચ વર્સ હુતિ,
પઢિ ગુણે નેસાલ કુમર, વિદ્યા વસ્તરિયો,
જાણિ સારથી ઈ ભલી વીધઇ, ભંડાર સ સુ ભરીયો. ૯

ઈમ ગુણ વર્ણન કર નીત, પલ્ય સાગર હોવિ,
જગ પવિત્ર કરઉ પરિને, એ સવિ જગત્ર સો જોવિ,
વિરાગી પુરો, કુઆર હરવા તન આણિ,
ન વિસવિ સંસાર કર્મ જિન ધર્મ વખાણિ. ૧૦

શ્રી **વિજયદાનસૂરિંદ** રાય, પામી ઉપદેસ ભાવ,
ભલે રિ **હીર** વધા, હું ચારિત્ર લેસ,
અતિ આગ્રહ આદેસ લેઇ, સહી દીખ્યા કામ,
સંવત પનર છનુ ય એ, સંવછર અભિરામ. ૧૧

કાંતી વદિ દુતિયાદિન એ, ઉછવ કરિ કોડિ,
સંજમ માત્ર સંઘ સાથ વંદિ કર જોડિ,
ભણ્યા અંગ અગ્યાર સાર, ઉપાંગ તે બાર,
છય લાખ છત્તીસ સહસ સિદ્ધાંત વિચાર. ૧૨

છંદ તર્ક વ્યાકર્ણ વેદ નવનીત નિવેરી,
મૂલ સૂત્ર અવસૂર, ચૂરણ ટીકા તસ ક(કે)રી,

વિદ્યા ચઉદ વિવેક ધામ જાણી ગુરુ રાય
પદપંડિત થાઈ તામ, આણી ઉછાય. ૧૩

સંવત સોલ અઠોતરિ એ શ્રી પંડિત પદ કરીયા,
એક વરસનિ અંતરિ એ, વાચક ગુણ ભરીયા,
સર્વ ગુણામૃત પૂર્ણ પાત્ર, જાણી જગ આધાર,
જં જોઈય જગ મઝ, ગુણ નાવિ પાર. ૧૪

સંવત સોલ દાહોત્તરિ એ **સીરોહિ** માહિ,
આચારજ પદ અતિ ઉછાહિ, થાપિ નિજ લાંહિ,
સોલ અગ્યારા તરિ પૂજજી, **પાટણ** તવ આવી,
અતિ ઉછવ આંણદસ્યુ એ વંદણાસ્યુ ઠાવી. ૧૫

એહ અનુક્રમી **હીર**નો એ સંખેપિ કહીયો,
મિછામિ દુક્કડ તેહનો એ, જે ઉછો રહીયો,
દીખ્યાથી નિર્વાણ લગિ જે કરણી કીધ,
**અકબર** સાહિ આપ હાથિ જે માનસ્યુ દીધ. ૧૬

આદિ થકી નિ આજ લગિ જે જે તપ કીધા,
લખ્ખ પ્રકાર લોક માહિ જે લાભ તે લીધા,
સવ્વે કહુ હું સામટા, એ ભવી આણ તુમે સુંણજ્યો,
**હીર** નામ એ હીયડિ ધરી એ, ભવીના ફલ લીજ્યો,
પ્રેમ કહી ગુરુ **હીર**નો એ, એ દીન ન કહાય
સેસ જીહ સુ સુરદા એ કહતા ભળ થાઈ. ૧૭

**દૂહા**

તપ જપ ધ્યાન સૂરિંદ પદ, વાચક પંડિત કામ,
બિંબ પતીષ્ટા ચૈત મુનિ, નુતન કીયા સુંધામ. ૧૮

યતીયતની શ્રાવક સકલ પ્રગટ મલ્યો પરિવાર,
અન્ય ગછ પ્રતિબોધી કરી, નિર્મલ અધિક આચાર. ૧૯

કુણ રાજા પ્રતિબોધીયા, તીર્થ મુગતા કીધા,
ધુબા ચાર્યા જીજીયા, કિમ કિમ માન તે દીધા. ૨૦

તે સંખેપિ વર્ણવુ, ટબા માત્ર લવલેસ,
ભવિયણ ભાવિ સાંભલો, **પ્રેમ** કહિ ઉપદેસ. ૨૧

### ઢાલ

### ॥ રાગ ગોડી ॥

[**દિલ્લીપતિ પાતિસાહ ઈમ બાલિ નિજ મનિ અરણી બિ. ॥ એ દેસિ.**]

જો જો **હીર** તણી તુમ કરણી, તપ જપ **સંયમ** પાલિ,
વીર પછિ જંગમ તીર્થંકર, ભરતખેત્ર અજૂઆવિ(લિ),
જો જો **હીર** તણી તુમ કરણી૦ ॥ આચલી॥

વીસ થાનક તપ આઠ કરમધન, ચોથ આબલિ પોહાચાડ્યા,
બિસ ઉગણતીસ છ વીરના વલી, વિરમાન છ૬ માડ્યો બિ. ॥ જો૦॥ ૨૨

આલોયણ બિ વાર લેઈ ગુરુ, પંચ વીગિ છડેવિ,
બાર દ્રવ્ય મોકલા નીરંતર, એ વીધ નિત હોવી બિ. ॥ જો૦॥ ૨૩

વરસીતપ **વિજયદાન સૂરીસર**, નિજ ગુરુ ભગત મન આણી,
સિધચક્રાઉલી આંબિલિસ્યુ, કરી નીતુ તાર્યા પ્રાણી બિ. ॥ જો૦॥ ૨૪

ચોમાસી તપ આંબિલિ અધિકે ધ્યાન નીમત્તિ કીધી,
ન્યાન પંચમી તપ છઠ બિતાલીસ,
વરસ એક સા સતાવીસ બિ. ॥ જો૦॥
પંચં પથી રોહણ તપ સાથિ એતા કર્યા ઉપવાસ,
ચ્યાર સાહસ ચ્યાલીસ અનોપમ સંખ્યા એ લીલવિલાસ,
બે. ॥ જો૦॥ ૨૫

સહસ દોય આબિલ નીવી, ત્રીણી સહસ ભઈ તામ
અઠાવીસ અધિક તસ ઉપરિ, કીધા એહ વિમાન, બે. ॥ જો ૦॥ ૨૬

એકાસણા છ સહસ બહોત્તરિ, એવં સર્વ સર્વાલિ,
સાત સહસ આઠસિ ઉપવાસા કીધા મનનિ ભાવિ, બે. ॥ જો ૦॥ ૨૭

કોડિ એક નોકાર ગુણ્યા ગુરિ, કોડિ ગમિ સમ(ન)ઝાય,
સુર મંત્ર સંખ્યા સિ લાખિ, હરખઇ **હીર ગુરુ** રાય, બે. ॥ જો ૦॥ ૨૮

માલારોપણ શ્રાવકશ્રાવી, બાર સહસ તે આગિ,
ચોથા વ્રત છ સહસ્ર માજનિ, વીસ સહસ્ર ઉપધાન,
બે. ॥ જો ૦॥ ૨૯

આચારજ પદ એક અનોપમ, શ્રી **વિજયસેન** સૂરીરાય,
વાચકપદ સાત સોભીતા, એકસો પાસઠિ પંડિત ઉવઝાયા,
બે. ॥ જો ૦॥ ૩૦

સાધ સાધવી દીખ્યા નિર્મલ, સિએ નર ગુરુ કીધા,
સંપ્રતિ બોધ ત્રણિ સિ, સંયમવ્રત દેઈ સાથિ લીધ,
બે. ॥ જો ૦॥ ૩૧

કુમતિ નિવારણ **મેઘજી** જેહ, મુકાવિ મુનિ દિખ્યા
દેઇ સકલ અર્થ સર્વ સાધ્યા સુધી દીધી સીખ્યા,
બે. ॥ જો ૦॥ ૩૨

પોઢી પત્રિષ્ટા કરી પાંત્રીસિ, આપિ હાથ ગુરુ **હીર**,
અવર પત્રીષ્ટા કીધી વડ વાચક વિબુદ્ધિ ઉદાર,
બે. ॥ જો ૦॥ ૩૩

બિંબ પસારા ત્રિણસિ નિ ત્રણિ સયા પંચવીસ
નવા કીયા પ્રાસાદ અનોપમ, ઉપાસરા સતનુ ર ચોવીસ,
બે. ॥ જો ૦॥ ૩૪

**સૂરતિ વીકાનેરી મેડતિ,** મુકાવ્યા પ્રમુખ થલ વલી જેહ,
ચરગત ઉપાસરાનિ તીરથ વલીયા **હીરથિ** તેહ,
બે. ॥ જો ૦॥ ૩૫

**રામસેણ** તીરથ વર પ્રગટ્યા, **હીરસુ** ગર નિવારી,'
**પ્રેમ** કહી પૂજ્યો ગુરુ પાયા, જે ત્રિભોવનનિ તારિ બે.
॥ જો ૦॥ ૩૬

દૂહા

શ્રી **શેત્રુંજ ગિરિનારિની આબૂ અંતરીક** ચંગ
સુરી પુરવર **રાણપુરવર હથનાઉર** મન રંગિ ॥ ૩૭॥

ગઢ **ગૂઓલેર મધુરા** પ્રમુખ, **તારંગા** ચલ યાત્ર,
**સંખેસર થંભણ** પ્રમુખ, **હીર** કીધા નિર્મલ ગાત્ર ॥ ૩૮॥

**ચિંતામણિ નવખંડસ્યુ, બંભણવાડિ** ઉગાર,
**ફલવધિ વરકાણા** પ્રમુખ, તીરથ ન લહુ પાર ॥ ૩૯ ॥

એણી વિધ શુરુ યાત્રા કરી, અતિ લાભ ઘણા તિહાં લીધ,
પાતિસાહા પ્રતિબોધી કરી, કુણ કુણ કરણી કીધ ॥ ૪૦ ॥

માલેચ્છરાણ **અકબર** નૃપતિ, કર્યો સુશ્રાવક જેમ,
લાખ ચોરાસી જીવની, ખીતીમંડલ કર્યો ખેમ ॥ ૪૧ ॥

ઢાળ

રાગ આસાઉરિ

જિનવરસ્યુ મેરુ મન લે ઉપદેસ. ॥છ॥
ધન ધન **હીરજી** જૈન સુલતાના ધન **અકબર** ગુણ જાણે રે,
ઉદયાચલ અસ્તાચલ માહિ અભય ચલાવી આણ રે.
ધન ધન **હીર** જૈન સુલતાના... ॥ આંચલી॥

**શેત્રુંજ** મુગતો દીધો ઝૂગતો, **હીર** સુગુરુની પસાય રે,
ત્રીસ સહસ રૂપઈઆ વરસિ, એતા અધિક તસ આય રે.
॥ ધન ધન૦॥ ૪૨

**ડાબર** નામ તલાવ જ હણતા, રાખ્યા **હીરિ** જીવ અનેક રે,
બાવીસ લાખ રૂપઇઆ ઉપજિ, વરસઇ ભવિ એહ વવેક રે,
॥ ધન ધન૦॥ ૪૩

ધુબા અકરાકર જગાતિ જીજીયા, છ્યોડ્યા જગ સમાન રે
॥ ધન ધન૦॥ ૪૪

સર્વાલિ રુપઇયા કોડિ, પનર અનિ લિ લાખ રે,
ત્રીસ હજાર અધિકા રૂપઇયા, દીયા **હીરજી** સાખિ રે
॥ ધન ધન૦॥ ૪૫

વરસો વરસિ માન એ જાણો, અવર બંદ છોડાય રે,
સત્તાવીસ ચોર મારતા મુકાવ્યા, **હીરઇ** દીધા આય રે.
॥ ધન ધન૦॥ ૪૬

**હીર** નામિ ગંધ્રુવ ભોજગનિ, દીધા કઇ જગિ દાન રે,
ઘોડા લખ પસાય ઘણેરા, મહા મામોટ(દ)મ માન રે.
॥ ધન ધન૦॥ ૪૭

કુંડલ મુગટ હાર બાજુ બંધ, કઇ આભરણ જડાવેર,
**હીરા** સગુજગિરિ ઉપરિ પૂજ્યા, સંવીડા મર મન ભાવરે.
॥ ધન ધન૦॥ ૪૮

સોનેઇઆ રૂપઇઆ અસરફી, હીરા મણ મોતી નીરમાલ રે,
અર્ધ લાખ મહિમુદી સર્વસર્વાલિ સુણો સહુ બાલ ગોપાલ.
॥ ધન ધન૦॥ ૪૯

નીત નીત એહવા કરણી હોથિ તે કહતા ન આવિ પાર રે,
**હીર** વીર સાચો જાણીજે, ત્રિભોવનનો આધાર રે.
॥ ધન ધન૦॥ ૫૦

પ્રગટ કર્યા કરણી ભૂમાહિ તે જાણિ સવિ લોયરે,
**હીર** સમોવડિયુ ગુરુ શૂરો, હુઉ નિ હોસિ કોય રે.
॥ ધન ધન૦॥ ૫૧

તાસ પાટિ એ સૂર સવાઇ શ્રી **વિજયસેન** સૂરિંદ રિ,
**હીરરાજ** હોતિ પાતિસાહા, માન દીયો આણંદ રે.
|| ધન ધન૦|| ૫૨

ઇમ ગુણ વર્ણવતા વરસ કોડિ ગમિ,
ભવિજન સુણો લ(ભ)ગતો રે,
હું નિરબુદ્ધિ ગુરુ ગુણ તે અનંતા, સવૂ કિમ માહંત રે.
|| ધન ધન૦|| ૫૩

સંવત સોલ બાવન સંવછરિ, **ઉના** એ મજાર રે,
**હીર** મુગતિનયરીએ પધાર્યા, ભાદ્રવાસુદિ એકાદશી સાર રે.
|| ધન ધન૦|| ૫૪

આવ્યા વિમાન અંબ બહુ ફલીયા, સો જગિ વાત લહતિ રે,
દેવ દુંદભિ તિહા કિણ વાજિ, નરનારી કહંતા રે.
|| ધન ધન૦|| ૫૫

પુન્ય ખજાનો હીર તણો એ બોલ્યો અતિ આણંદ રે,
**પ્રેમ** કહિ પ્રતિ પૂજુ ભૂમંડલ, જિહાં જગિ હુ રવિચંદ રે.
|| ધન ધન૦|| ૫૬

**કલસ**

ધન **હીરવિજય** ગુરુ **વિજયસેન** ગણધર
**વિજયદેવસૂરિ** સહૂ તપગછ સોહિ ભવીય મોહિ,
વંછિત પૂરણ સુરતર, શ્રી **વિમલહર્ષ** ઉવસાય રાયા,
તાસ સીસ સુખ બહુ લહિ પંડિત રત્ન **હર્ષબંધુ**,
**પ્રેમવિજયમુનિ** પ્રેમ ધરીય પ્રેમ કહિ...
ઇતિ શ્રી **હીરવિજયસૂરિંદ** -ખજાનો.

卐

# વિભાગ

# ૪

# સલોકો સંગ્રહ

१

પં. કુંવરવિજયરચિત

# શ્રી હીરવિજયસૂરિ-સલોકો

સરસતી વરસતી વાણી રસાલ, ચરણકમલ નમી ત્રિકાલ;
શ્રી ગુરુપદ પંકજ ધરાઉં, **હીરવિજયસૂરી** ગછપતિ ગાઉં. ૧

શ્રીજિનસાસન સુરતાંણ જાંણું, **જગગુરૂ** જેહનું **નાંમ** કહાણું;
ગુજ્જર જિઉ પદ મુગટ સમાંણું, પ્રગટ **પાલનપુર** નગર વખાંણું. ૨

**સેઠ કુંઅરજી** વસેં વદીતો, ધન કરી જેણિ ધનદ જીતો,
નિરૂપમ **નાંથી** જસ ઘરિ નારી, વિલસેં વિમલ સુખ દોઇ સંસારી. ૩

તાસ ઉર વર માનસ હંસ, અવતરિઉં દીપેં ઓસઉવંસ;
**સંવત્ ૧૫૮૩ વરષેં,** મગશિર વદિની નુંમિજ હરષેં. ૪

**જનમ્યો** સુર્નંદન ગુણમણિ ખાણ, પુરવ દિસેં જિન પ્રગટયોજ ભાંણ;
ઓછવ મહોછવ અતિં ઘણા કીજેં, ત્રિભોવન પડહો જસનો જીલીજેં. ૫

જોસી યાચકના દાલિદ્ર કાપેં, હરષેં જિં **હીરજી** નામજ થાપેં;
અનુક્રમિં કુંઅર વાધેં સોભાગી, ધર્મ તણી લય લઘુપણે લાગી. ૬

મદન સમોવડ રૂપ અનોપ, ઈણિ પરિ સુંદર સકલ સરુપ;
ધર્મ આરાધનાં કરતાં ઉદાર, માત પિતા ગયા સરગ મઝારિ. ૭

સંવેગ મારગ **હીરજી** કુમાર, મનસ્યું આલોચિં અથિર સંસાર;
આતમ સાધન ઈણિ પરિ કીજેં, અવર પ્રાણીનેં પ્રતિબોધ દીજેં. ૮

અવર સહોદર **શ્રીપાલ** પાસેં, અનુમતિ માગેં કુઅર ઉલ્હાસેં;
નિસુણી વયણનિં જંપેજ ભાઇ, વચન મ કાઢિસ ઈમ દુખદાઈ. ૯

જો ઘરિ હોઈ ધણ ધન્ન ચૂંની, બાંધવ વિહુંણી સવિ દિસ સૂંની;
ઘરણી પરણીનેં બહુવિધ ભોગ, વિલસોનિં લખમી નારી સંભોગ. ૧૦

તતખણ **હીરજી** ઈણિ પરિ બોલેં, ચારિત્ર સુખનેં નહિં કોઈ તોલિં,
ધો મુઝ અનુમતિ તુહ્ય ભવ્ય પ્રાંણી, બાંધવ જંપે અમૃત વાંણી. ૧૧

બહિન સુંદર જે **વિમલાઈ** નાંમ, પરણી તે **પાટણપુર** અભિરાંમ.
અનુમતિ તેહની લેઈ ઉદાર, અનોપમ ગ્રહ્યો સંયમ ભાર. ૧૨

અનુમતિ કારણ બાંધવ દોઇ, આવ્યા તે **પાટણપુરવર** સોઇ;
**વિમલાઈ** જંપે સુણિનેં સુવીરા, વાત મ કાઢીસ વ્રતની સુધીરા. ૧૩

લલી લલી તાહરે પાએજ લાગું, પરણોને નારી એ વર માગું;
**હીરજી** સંવગે ધરી અનેં રાગ, કહિં મેં કીધોં ખટરસ ત્યાગ. ૧૪

છઠ છઠ આંબિલ હવિ હું છાંડું, જિહાં લગી વ્રતસ્યું પ્રીત ન માંડું;
ઈણ પરિં રહતાં દોઇ ચ્યાર માસ, દેહ કસી જેમ પાંન પલાસ. ૧૫

બહિન બાંધવ બે બિહું હઠ જાંણી, અનુમતિ માંગે ગદ ગદ વાંણી;
**હીરજીનેં** હઈંઈ હરખ અપાર, તિણ સમેં આવ્યા શ્રીઅણગાર. ૧૬

તપગછ નાયક પૂજ્ય અંકૂર, ગછપતિ ગિરૂઉ **વિજેદાંનસૂર**;
સુદ્ધ ક્રિઆનેં નિરૂપમ વેષેં, દેખીનિં બૂજ્યા કુંઅર વિશેષેં. ૧૭

કહિ મુઝ તારો સદગુરૂરાજ, દ્યોં મુઝ દિખ્યા ભવજલ જિહાજ;
અનોપમ લક્ષણ બત્રિસ અંગિં, દેખીનિં હરખ્યા શ્રી ગુરૂરંગે. ૧૮

જોશી પંડિતનેં શ્રી પુજ્ય આપેં, જોઈ જોતિક્નેં મુહુરત થાપે;
મહોછવ મોટો બહુવિધ થાય; વારૂ વાનો લેષું પભરાય. ૧૯

ચતુર સુવેધક ગજગતિ ચાલેં, રુપેં તે રંભાસમવડ માલે;
કંચુક કસતી પહિરણ ફાલી, ધવલ મંગલ દીઈ તે વર બાલી. ૨૦.

મદ મત્ત ગજનેં ખંધે વિરાજે, રુપેં કરીનિ રતિપતિ લાજેં,
માદલ ભુંગલ ભેરિજ વાજેં, પંચ સબ્દાંનેં નીસાંણ છાજે. ૨૧

આગેં થાવછો મેઘકુમાર, ઈણિ પરિ ઊછવ અનેક પ્રકાર;
મલીઆ માનવના તિહાં બહુ થાટ, જય જય જંપે ચારણ ભાટ. ૨૨

ઇંદ્ર-તણિ પરિં રિદ્ધ સફાર, આવ્યા જિહાં દીખ્યા ઠાંમ ઉદાર;
**સંવત્ પનર છન્નુઇં**(૧૫૯૬)જાણું, મૃગશિર વદિની બીજ વખાણું. ૨૩

જય જય મંગલ કરતાં ઉચ્ચાર, **હીરૂં** આદરીઉં સંયમ ભાર;
દીધી દીખ્યા નેં હરખ્યા છે તાંમ, **હીરહરખ** તિહાં ઠવીઉજ નામ. ૨૪

બહિની બાંધવ કહિં સુણિંને તો ભાઈ, તું જસ લેયે ગચ્છમાં સવાઇ;
ત્રિણ પ્રદક્ષિણ સંયુત વાંદિ, નિજ ઘરિ પુહતા સહુ કો આણંદી. ૨૫

મુનિવર સંયમ નિર્મલ પાલે, દૂષણ વ્રતનાં દૂરિંજ ટાલિં;
વિકટ આદરિઉં હીર વેરાગ, પંચ વિગયનો કીધોજ ત્યાગ. ૨૬

નિલવણિ સઘલી તણો પચખાંણ, દ્રવ્ય લેવા સવિ સાત પ્રમાંણ;
એકાસણો નેં કરવો ઉપવાસ, ઈણ પરિ કિધા દસ ત્રિણ માસ. ૨૭

છઠ અઠમ તપ ન લહુંજ પાર, સયલ વૈરાગી માંહિ સિણગાર;
વિદ્યાઇં જેણિં સુરગુરૂ જીતોં, પંડિત પોઢો ત્રિજગ વદીતો. ૨૮

સંવત સોલ્હનિ સાતેં ઉદાર, મરુધર **નરુલાઈ** નયર મઝારિ,
પંડિતપદ દેં શ્રી પૂજ્ય હાથેં, મહીઅલ વિચરેં બહુ સિષ્ય સાથેં. ૨૯

સોલ આઠિનિ મહીનેં જ માહ, શુકલ પાંચમિનેં દિવસે ઉચ્છાહ;
તિણ હિજ નગરેં ગચ્છપતિ રાય, પદવી અ થાપેં શ્રી ઉવજ્ઝાય. ૩૦

ગણધર કરતા ઉગ્ર વિહાર, આવ્યા **શ્રી સીરોહી** નગર મઝારિ;
થાપનાચાર્ય ધરીયેં ઉલ્લાસ, ચીતનિં બઇઠા ધ્યાંઉ છ માંસ. ૩૧

મંત્ર આરાધન કીધું જ જામ, શાસના પરતખિ આવી તાંમ;
શાસનાં દેવી ઇણિં પરિ બોલેં, **હીરહરષ**નેં નહી કોઈ તોલેં. ૩૨

એ જિનશાસન ભાંણ સમા, તપગચ્છ વધસ્યેં એથીજ વાંન;
ઇમ કહીં દેવી થાંનિક જાય, દિવસ ઊગ્યો નિં રયણ વિહાય. ૩૩

સોલ દાહોતરિ વરસ મઝારિ, ઉચ્છવ શ્રાવક કરે અપાર;
ખરચેં રૂપઇઆ એક હજાર, મુહુરત થાપ્યો અતિહિ ઉદાર. ૩૪

**હીરહરષ** શિરે ઠવિઉજ વાસ, શ્રી સંઘ પામ્યા સહુકો ઉલ્લાસ;
**હીરવિજયસૂરી**નાંમજ થાપે, શ્રીસૂરિ મંત્ર આરાધન આપેં. ૩૫

ચડતિ દોલિત નેં ચડત પ્રતાપ, કુમતિ તિમિરનોં ટાલ્યોજ પાપ;
પસર્યો પુહવીઇં જગ જસપૂરિ, કુમતિ મતંગજ ભાર્જે જ સૂરિ. ૩૬

નિલવટ પ્રતપેં નિર્મલ નૂર, જઇનશાસન **શ્રીહીરવિજેં** સૂર;
પૂજજી આચાર્ય પાસ રાખેં, અંત્ય સમેં તે સુવચન ભાખે. ૩૭

ગછની ભલામણ **હીરજી**નિં દીધી, અણસણ સાથે સદગતિ કીધી;
**હીરવિજયસૂરી** કરેઅ વિહાર, બિંબ પ્રતિષ્ઠા પ્રમુખ હજાર. ૩૮

ધર્મની કરણી જેહ ઉદાર, તે પિણ ચલવે અનેક પ્રકાર;
વાણી વૈરાગ અને વિવેક, દેખીનિં બૂજ્યા કુમતી અનેક. ૩૯

આવી **હીરજી**ના પદકજ વંદે, આપાપણાં મત સહુ કોઇ નંદે;
લુંકામતીનોં ગછપતિ જેહ, **મેઘજી** 'આચારય નાંમે તેહ. ૪૦

તપગછ મારગ તસ મન રમીઉં, આવી **હીરજી**નેં પાએજ નમીઉ;
પૂજ્યજી આચારય થાપેં આણંદ, નામે **શ્રીવિજેસેન** સૂરિંદ. ૪૧

ગુરુજી ચોમાસું રહીઆ **ગંધાર**, તિણ સમેં **આગરાસહિર** મઝાર;
નાંમે અ શ્રાવીકા **ચંપા** ઉલ્હાસ, તપ તિહા કીધોં તેણિં છ માસ. ૪૨

ઉછવ સાથિં અનેક પ્રકારે, ચૈત્ય પ્રવાડિ દેવ જાુહારેં;
દેખી આડંબર બહુ તસરુપ, 'હેં કુણ' પૂછે **અકબર** ભૂપ. ૪૩

જોરુ હેં સાહિબ કહેં આગેવાંણ, રોજે કીએ છમાસ પ્રમાણ;
અકબર કહેં મેરે દિલમેં ન આવેં, વિગર અનાજિં કું રહ્યા જાવિ. ૪૪

ઐસી ઉરત કું જાય બોલાવોં, નફર કહેં તુહ્ય મહેલમેં આવોં;
દીઠે રુપેંજ લખમીજ તૂઠી, **અકબર** કહેં આ વાતજ જાૂઠી. ૪૫

અબ તેરે ઘરિ તું જાણાં ન પાવેં, રખું યાહી ઉર દેખું ક્યા જાવેં;
મેંભી દેખુંગા એહિ તમાસા, યું કહી આવ્યા ખાસ આવાસા. ૪૬

એક મહિના લગિ તિહાંજ રાખી, નફરે જાઇનિં વાતજ દાખી;
સાહિબ ઇસકા દેખો દીદારા, અકબર આયા તિહાં તિણ વારા. ૪૭

દીઠી તિહાં સૂરતિ અધિક સવાઇ, ખુબ સ્યાબાસી તેરાંતાં બાઇ;
વિગર અનાજેં જાવેં ક્યું રહિણા, સાચ કહિં તું મેરીજ ભેંણા. ૪૮

**ચંપા** પયંપે ધરીય ઉલ્હાદ, સાહિબ! શ્રી ગુરૂદેવ પ્રસાદ;
તિણ સમેં સુંદર વચન વિલાસ, નરપતિ જંપે ધરીય ઉલ્હાસ. ૪૯

વડવડે સહિરે જયે ભૂતખાંને, મોટું તુહ્મારે દેવ પીછાંણે;
ગુરુ પીર કહાં હૈ કુણ ઇસા, ખૂબ ખુદાકા અવતાર ઇસા. ૫૦

શ્રાવક **થાંનસિંગ માંનસિંગ** નાંમ, તિણ સમેં જંપે કરીઅ પ્રણાંમ;
**હીરવિજયસૂરી** નાંમ હમારા, ગુરૂ પીર હમકું બહુત હેં પ્યારા. ૫૧

ઇસે મરદુકા દેખું દીદારા, હેં કહાં કહેં તબ નગર **ગંધારા**;
હાથી ઘોડે નિં ચકડોલ નેજે, બહુત સુખાસણ ઘોં અબ ભેજે. ૫૨

મેવડે સતાબી કરિ તુમ્હ જાઉ, **હીરવિજયકું** ઇહાં હી બોલાઉ;
મેવડાતે નગર **ગંધાર** આયા, તપગછ પતિના પ્રણમી જ પાયા. ૫૩

કહિ હમ **આગરાસહિરથી** આએ, હજરતિનેં તુહ્મકું ગુરૂજી બોલાએ;
ફુરમાંન વાંચી તપગછસામી, કરીઅ ચોમાસું તિણહિજ ગાંમેં. ૫૪

**આગરા** ભણી ગુરૂ કરેંઅ વિહાર, મુનિવર માંનવ સાથિં હજાર;
દેસોંત સામ્હા ઠઉડ ઠઉડ આવૈં, નર નારી મોતીએ કરીઅ વધાવિં. ૫૫

આવ્યા **કણીઆવડ** ગાંમિજ જયારેં, મોતીએ વધાવિં દેવતાજ ત્યારેં,
**આગરા** સમીપેં આવ્યાજ તામઇ, ગઇઅ વધામણી **અકબર** તાંમ. ૫૬

હરખીનેં કહેં સબ સાહમેંજ જાઉ, બહુત આડંબરેં સહિરમેં લ્યાઉ;
વડવડા ઊબરા મિલીઅ હજાર, અવર માંનવનોં નહી કોઇ પાર. ૫૭

હાથી ઘોડાનિ ચઉટોં સિણગારી, સાહમેલે સઘલો સાજ સમારી;
સોના રુપાનેં ફૂલે વધાવે, ઈણ પરિ ઉછવ નગરમિં આવેં. ૫૮

સંવત સોલનિં વરસેં જ ચ્યાલિ, જેઠની તેરસનિં પક્ષ અજાુઆલિં;
પાત્સાનિં મિલવા મઉલ પધારેં, ઉઠી **અકબર**નિં મહુત વધારી. ૫૯

બે કર જોડી નરપતિ તાંમ, આઘે આવોં કહેં કરીઅ પ્રણાંમ;
બેઠોં જલીચે ઊપરિ ગુરપીર, વચન પયંપે શ્રીગુરૂ **હીર**. ૬૦

ભૂપ જિનાવર હે કો ઈહાસેં, પાત્સા કહેં ઈહાં હોવે કહાંસે;
ફેરી જલીચે જોયુંજ જાંમ, કીડી નીકલતી દીઠીજ તાંમ. ૬૧

દેખી અચંભો કહેં ગુરૂ ભલા, આપો આપ તુંહિજ અલા;
મુહુર અણાવી કરીઅ અંબાર, વચન વસુધાધિપ કહેં ઉદાર. ૬૨

એ લ્યો સોનીઈએ ભી કછું માંગો, તેરે દીદારે મો દીલ લગ્ગોં;
**હીર** પયંપેં સુણોં પતસાહ, ઓર હમારા હેં નૃપ રાહ. ૬૩

દમડ હમારે પાસેં ન રાખું, કબહું મે જાૂઠા વચન ન ભાખું;
પાએ પેંજારાં ભેજાું ન ઘલ્લું, પાએ નગ્ગે હમ પિડેમિ ચલ્લું. ૬૪

માંગુ ગદાઈ ઉર તત્તાજ પાંણી; પાંડે બકાલે ઘરકાજ આંણી;
રખું કતેબાં પઢણે કાં તાંઈ, ઉર હમારે પાસિં ન કાઈ. ૬૫

મારગ જિનનો સયલ પ્રકાસ્યોં, ધર્મ ગુણે કરી **અકબર** વાસ્યોં;
બોલ મારગના તિણ સમેં બોલ્યા, **અકબર** કહેં મેંરા વખતજ ખુલ્યા. ૬૬

જાનું રહિમ મેરા મહિલમેં આયા, જબમિં તેરા દીદાર પાયા;
પેસકસી તબ પુસ્તક કેરી, **અકબર** કીધી તાંમ ઘણેરી. ૬૭

ભી કછુ માંગો ભણેઅ નરિંદ, ચીંતીનેં જંપેં **હીરસૂરિંદ**;
સરોવર **ડાબર** નાંમે ઉદાર, રોજ ઘાલે જિહાં જાલ હજાર. ૬૮

તિહાં ન ઘાલે જાલ ન કોઈ, હજરતિ હમકું માંગ્યા દ્યો સોઈ;
**અકબરિ** દીધી તિહાં કરી છાપ, તિહાં કિણ ટાલ્યો પાપનો વ્યાપ. ૬૯

રાખેં ચોમાસોં ગુરૂ ગુણખાંણી, દિનપ્રતિં નિસુણિં **હીરજીની** વાંણી;
ગુરૂ પ્રતિબોધેં **અકબર** ભૂપ, જીવદયાનોં કહી સરુપ. ૭૦

બાંન મેલાવ્યા કરી ઉપગાર, જીવ છોડાવ્યા લાખ હજાર;
ગાય ન મારિં કોઇ દેસ મઝારિ, વરતાવી મહિના છની અમારિ. ૭૧

સબલ ઘણો કર જીજીઆ નાંમ, તે પિણ મુંકાવ્યોં તિહાં તિણ ઠાંમ;
**શેત્રુંજેં** તીરથ **ગીરનારેં** જેહ, અવિચલ મુગતા કરાયાં તેહ. ૭૨

જીવ જલાવી ચડીઅ ઘણેરી, જીભ કઢાવી ચિડકલા કેરી;
સેર સવા જે તોલ બત્રીસ, **અકબર** ખાતોં જે નિસદીસ. ૭૩

તે પિણ ટાલ્યોં દેં ઉપદિસ, **અકબર** શ્રાવક કીધોં વિશેસિં;
જગ માંહે **હીરજી** તેં જસ લીધોં, **અકબર** જગગુરૂ બિરૂદ જ દીધો. ૭૪

**હેમાચારિજ**ની વાંણી રસાલ, જિમ પ્રતિબોધ્યોં **કુમારપાલ**;
તિણ ઈણ સમેં તેથી સવાયો, **હીરવિજેં સૂરી નાથી**નો જાયો. ૭૫

સુર પ્રતિબોધ્યા શ્રીજિનરાજ, અસુર પ્રતિબોધ્યા તે ગુરૂ આજ;
જવહરી **અકબર** પરખ્યો સધીરો, **હીરજી** હુઉ જગિ સાચોજ હીરો. ૭૬

સંવત સોલનિં બાવન્ને જાણું; ભાદ્રવા શુદિની પક્ષ વખાણું;
કાંમ ધર્મના **હીરજી** સધાર્યા, એકાદશી દિન સર્ગિ પધાર્યા. ૭૭

ઉન્હાં માહે દેવે ઉછવ કીધો, તે જગમાહે અછિં પ્રસિધો;
અંબ ફલ્યો તે સહુ કોઇ જાણેં, કવિ મુખ કેતો કહિઅ વખાંણેં. ૭૮

મુઝ મુખ રહિઇ રસનાજ એક, **નાથી** નંદનના ગુણછિં અનેક;
જોં મુખ હોવેં જીહ હજાર, તોંહિ ન આવેં ગુરૂ ગુણ પાર. ૭૯

**હીરજીનો** ચેલો વલીઅ વખાંણો, નામેં **વિજયચંદ્ર પંડિત** જાંણો;
**નયવિજય** પંડિત જગીસ, તસ સીસ **કુંઅરવિજય** કવીસ. ૮૦

જગગુરૂ કેરા જે ગુણ ગાવેં, તસ મન વંછિત સફલ ફલાઇ;
**હીરજી** હુઉ જિનસાસણ ભાણ, નાંમ જપંતા કુશલ કલ્યાંણ. ૮૧

卐

## ૨

શ્રી વિદ્યાધરચિત

# શ્રીહીરવિજયસૂરિ સલોકો

શાસનદેવી તુમ પાયે લાગું, ગુરુ ગુણ ગાઉં બુધ્ય જ માગું;
**હીરવિજયસૂરીસર** સલોકો, વર્ણવી કહું છું સાંભલજો લોકો. ૧

**પાલનપૂર** નગર કહેવું વખાણું, અમરપૂરીથી અધકેરું આણું;
સાહુકારો વસે તિહાં વિવહારી, સતીયસિરોમણી **નાથીડ** નારી. ૨

**સિંહસુપન** દેખી સુત જાયો, મહોચ્છવ મોટકો તાતે કરાવ્યો;
લક્ષણ બત્રીસે રત્યરંગિલો, કુંવર વાધે છેલછબીલો. ૩

ભણીયા સિદ્ધાંત અંગ અગિઆર, **હીરહરખ** મુનિ સિરદાર;
વૈરાગ્ય પામી ચારિત્ર લીધો, કુંવર વાંછે કામ અવલ કિધું. ૪

**શ્રી આણંદવિમલ** સૂરિસિરોમણી, જિણૈ દિપાવ્યું શ્રી જિનશાસણી;
**આગરા લાહોર દલ્લી સુલતાને, મરુધર માલવ મેવાડ** માંને. ૫

**સોરઠ કચ્છ** ગુર્જર **હાલાર, કુંકણ દક્ષિણ મરહઠ** સાર;
એહવે દેશ કરિયા વિહાર, પ્રતિબોધિ શ્રાવક કીધા સુવિચાર. ૬

સઘલ પંથ જૈ દૂરે ટાલી, શ્રી જિનશાસન સુધુ અજાુઆલી;
**શ્રી આણંદવિમલસૂરિ** પાટ દિપાવ્યો, **વિજયદાનસૂરીસર** પાયો. ૭

સૂરિમંત્ર જપે સૂરીસર ધ્યાને, શાસનદેવી આવિ દૈ માન;
**હીર** ગુરુ કરજ્યો બહુલ પ્રતાપિ, શાસનદેવી એહવિ મત્ય આપિ. ૮

**હીરવિજય** સૂરીસર કિધા, ષટ દરશનમેં હુઆ પ્રસિદ્ધા;
દેશ વિદેશ કિધા વિહાર, ચોમાસું પહોંત્યા નયરી **ગંધાર**. ૯

પુરે પકવાને સ્વામીજન યાચક જનનૈ દાનૈ સંતોષ્યા;
પુજા સનાત્ર ઉચ્છવ રંગરોલ, દેવરાઇ રાતિજગેં તંબોલ. ૧૦

હવે આગરામાંહિ હુઈ ખ્યાત, **થાંનસંગ માનસીંગ** કેરડી માત;
નામે તે બાઇ **ચંપા** પ્રસિધા, મોટો તે તપ ચોમાસી કિધ. ૧૧

શહેર **આગરા**માંહિ હુઈ તે ખ્યાત, પાદશાહિ સાંભલિ તે તપ વાત;
જાુઠું આ બોલે હિંદુઆ કાફર, પાતશાહને પેટે ચઢી છે આફર. ૧૨

હકમ કરીને **ચંપા** બોલાવી, સુખપાલ બેસીને દરબાર આવી;
તપનેં તેજેં પાતશાહી કંપે, પૂછે જવાબ તવ **ચંપા** જંપે. ૧૩

અનાજ વિગર ક્યું કરિ રહેવાઇ, ચાર મહિનેકે રોજે ક્યું થાઇ;
ચોંકિય છોડું મહેલાંમેં રહેણાં, તવ મેં અજાણું સાધીણે કહેણાં (?). ૧૪

મહેલાંમાં બેઠા તપ આરાધે, તપને તેજે બહુ જસ વાધે;
કહો રે યારો કિનકું ક્યા સુઝે, ઈસકિ કરામત કહો કુણ બુજેં. ૧૫

ક્યા હૈ કરામત **ચંપા** તુમ પાસેં, પાતસાજી પૂછૈ મનને ઉલ્લાસે;
રોજે કરુ મેં દેવગુરુ ધ્યાને, પાતશાહ બોલૈવે દેઈ બહુ **માંને**. ૧૬

તેરે રોજેકું બહુત શાબાશી, તેરે જોઇયે સો માંગ ઉલ્લાસે;
દલિપતિ પાતશાહીં બહુલ નિબાજી, પાતસાઈ નોબત ચારોઈ વાગી. ૧૭

બારહજારી મોટા દીવાન, પાતશાહી માંહિ હુંઆ **પ્રધાન**;
**થાનસિંગ** રહે છે પાતશાહ હજૂર, પાપતણી મત્ય તેહથી દૂર. ૧૮

પાદશાહ મનમેં એહવો સંદેહ, ગુરુકિ કરામ્યત રોજા કરે એહ;
ઉનકે ગુરુકું ઇહા બોલાઉં, ઉસકી કરામતકો મેં ભિ પાઉં. ૧૯

તુમારા ગુરુકા કહો ચંપા નામ, કિહાં વસે નેં કહો કુંણ ગામ;
**હિરવિજયસૂરિ** ગુરુજી હમારા, સકલ દુનિયામાં કરે ઉપગારા. ૨૦

દેશ વિદેશ કરે વિહાર, સુંણીયા ચોમાસું નયરી **ગંધાર**;
ચંપા ગુનો કર્યો જે મહેલ તેડ્યા, બહિન માનીને ઘેર સંભેજ્યા. ૨૧

હુકમ કરીને હજરત બોલાવે, એ હાથ જોડીને આગલ આણે;
બડા ફરમાન લખો એક ત્યાંઈ, **હીરગુરુકું** પાતસ્યા બોલાઈ. ૨૨

તરત **ગુજરાતે** મેવાડા ચલાવ્યા, દિન સાત પાંચ **ગુજરાતે** આવ્યા;
ગુજરાતી સુબેકો ફરમાન દીધા, તેહ સલામ કરીને હાથમેં લીધા. ૨૩

પાતશાહજી લિખ ઈસિય કેણી, સતાવી ચલણા અજર નંદણી (?);
રોજા મહિના પાતશાહી દેણા, હલુઈ હલુઈ આરામ લેના. ૨૪

સુબે તવ ઈહિ તરત ચલાવ્યા, અસવાર દો **શ્રીગંધાર** આવ્યા;
પાતશાહી ફરમાન આગલ છોડેં, **હીરગુરુ** વાંચે મનમેં કોડેં. ૨૫

સંઘ સહુ કો મનમેં વિમાસે, **હીર ગુરુ** તેડ્યા **અકબર** પાસે;
**અકબર** પાતશાહ જે મહા ખુની, વિનતી ન માનેં ઉમરાવે કેહની. ૨૬

પૂજ્યજી ! પાતશાહ પાપીષ્ટ દુષ્ટ, મહા મુગલ ને રખેં દ્યે કષ્ટ;
ઈ દિસ્યં કુડ કપટ રચિંઈ, વાહણ બૈસારી **દીવ** પોચવીઈ. ૨૭

વલતું નેહિ **હીરગુરુ** ઈમ પ્રકાસ્યૈ, ધર્મ પ્રભાવેં મંગલિક થારયૈ;
શ્રી જિનશાસન સબલિય સર્મ, નાસીય જાતાં નવિ રહે ધર્મ. ૨૮

ચારુઅ મહુરતેં કિધાં પ્રસ્થાન, જયપતાકા કુસલ કલ્યાણ;
કન્યા તિહાં ઉભી મોતિયે વધાવેં, આગલે શુકન રુડેરા થાએં. ૨૯

ડાવિઅ દેશિ તોરણીઓવાસ, જિમણી ભૈરવ પુરયે છે આસ;
ખેર ડાબો ને ડાબાં જલાલિ, જીમણું તોરણ બાંધ્યાં મલાલિ. ૩૦

શુકન સબલા હુઆ ઉછાહેં, **હીરગુરુ** ચાલ્યા ચોમાસા માંહિ;
પાતશાહીમેં વડાઈ સંઘાતેં, **હીરગુરુ** ચાલ્યા પરીવાર સાથે. ૩૧

અમદાવાદિ સંઘ અતિ બહુ ભાવિ, આવી આડંબર સામઈયાં લાવેં;
**રાજનગરમાં** પૂજ્ય પધરાવે, **ખાંનખાંના** સાહિબ વાંદવા આવેં. ૩૨

નિકાય નીકી ગુરુજી ચલણેં, પાતશાહી તુમેંકું ચાતેં હેં મિલણે;
ઈમ કહિને નવાબ વલિયા, **રાજનગર**માં શ્રાવક સહુ મલિયા. ૩૩

શાહ વહોરો તે **કુંવરજી** ઝવેરી, મનિયા સા પ્રમુખ મોટા વ્યવહારી;
પૂજ્યજી કહો તો નવાબ ફરેવીઈ, પર્વ પજુષણ ઇહાં કિણ કરાઈ. ૩૪

પૂજ્યજી બોલ્યા મનમેં ઉછાહેં, છ છિંડી બોલિ છેં સિદ્ધાંત માંહિ;
પરભાતી તેંણેં કારણ પાગરવું છું, પાતશાહી હોકમ પોછા ન ફેરવું. ૩૫

અનુચાન વાચક અને પન્યાસ, સાથિં પાંત્રીસેં ઠાણું ઉલ્લાસ;
મેણિયા માફક રીસ્તે જવાલા, વેહેંલું વલિ સાથિ હોંસિય ચાલેં. ૩૬

આડંબરે ચાલ્યા શ્રી ગુરુરાજ, **મેસાણા સિદ્ધપુર પાલનપુર** સાજ;
અનુક્રમે **સરોતરે** પોહતા ઉલ્લાસ, તિહાં કિણેં સબલો શ્રાવક વાસ. ૩૭

**સહેસા અરજન**ના મોટા મેવાસ, ઘેર બેટો નિત્ય આવે છે ગ્રાસ;
**સહેસા અરજન** મેવાસી બલિયા, ગુરુ પાયે લાગી આવીને મલિયા. ૩૮

ગુરુજી ચૌમાસું ઇહાં કિણ કરંઇ, પૂજ્યજી પરમેસરથી ઇહાં ડરીઈ;
કહો તો મ્લેચ્છને મારીય કાઢું, કુસલ ને ખિમેં સેહર પોહોંચાડું. ૩૯

ગુરુ કહે અઘટતું એ કિમ કરિઈ, પાતશાહ કનેં જાતાં ઘણો યશ લહઈ;
પર્વ પજુસણ ઇહાં કિણ' કહઈ, પારણો કરીનેઇ આગલ સંચરીઈ. ૪૦

**પજુસણ કરવા** પૂજ્યજી રહીયા, નવે વખાણ **કલા** સાંભલીઆં;
સંવચ્છરી દાન સોનઈ આપ્યા, જાચક જનતાના દાલિદ્ર કાપ્યાં. ૪૧

પારણા પૂજા ને સબલી સજાઈ, ધન ધન **હીરગુરુ**ની કમાઈ;
**સહેસો ને અરજુન** તે પ્રતિબોધી, જીવ નવિ મારુ બાધાઇ લિધી. ૪૨

પજુસણ કરી પૂજ્ય પધારિયા, નયરી **સિરોહી** આવિ ઉતરિયા;
રાય સુલતાન આવીને મેલિયા, તિહાંથી આગલ **હીરગુરુ** સંચરીયા. ૪૩

**જાલોર જોધપુર મેડતા**માંહે, પૂજ્યજી પોતા નમે ઉછાડે;
સહસ દારગ ઓચ્છવ કીધ, લુછણે યાચકને હાથીયા દીધ. ૪૪

પાતશાહી મેવાડા આગલેં ચાલીયા,**હીરગુરુ** કિયા**અકબર** સંભલાવ્યા;
**થાનસિંગ માનસિંગ** સબલી સજાઈ, દલિસા આગલેં દિધી વધાઈ. ૪૫

**મેડતે** પૂજયે કરયા પ્રયાણ, નગર **ફતેપુર** હુઈ તે જાણ;
**સેખુજી** પાદશાહ સામા મોકલીયા, અઠારાંઈ સંઘ મનોરથ ફલિયા. ૪૬

પાતશાહી નેજા વડા નિસાણ, નોબત વાજેં મોટેં મંડાણ;
પાતશાહી હાથી પાંખરિયા, ઘોડા કુંતલ દોરીને આગલ કરીયા. ૪૭

પંચ શબ્દ નિશાણ બાજે, ઢોલ ધ્રસુકે અંબર ગાજે;
માદલ તાલ અને સરણાઈ, ઠોરય ઠોરે દેતા વધાઈ. ૪૮

**આગરાઈ** સંઘે કરયો સમાઈયો, વર્ણવી કાંઇ ન જાય તે કહિયો;
ઓચ્છવ મોટે પૂજ્ય પધરાવે, **હીરવિજયસૂરિ આગરામાં** આવે. ૪૯

પ્રભાવના હુઈ સબલી રુપઈ, એ શ્રાવકે જાચકને સંતોષ્યા એ સહુ;
**આગરાઈ** સંઘ ચતુરસુજાણ, **થાનસંગ માનસંગ મ્રાનુંકલ્યાણ**. ૫૦

ગુરુજી ય ઉતરીયા દરબાર નેઠા, પ્રભાતે પાતસ્યા મોલમાં તેડિયા;
**હીર ગુરુ** સાથે ઠાણું જે જે સાત, પાતસા પૂછે સી સી વાતે. ૫૧

આશીસ દઇ આગલેં રહીયા, દરીસણ દેખી પાતશાહ ગહગહીયા;
દલીસા દેખી દરીસણ આણંદે, હાથ જોડીને ઉંબરાવ વંદે. ૫૨

પાતશાહી જલેવા સોનેરી દિઠા, કાંબલી બિછાવી આગલ બેઠા;
પાતશાહી કહે ગુરુ બેસોં જલેંવેં, સાધુ એક બોલો જીવ હુવેં વિશેષ. ૫૩

મોહલાંમાં જનાવર કિહાંસ્યું હોવેં, પાતશાહી મોંજે ખોલિય જોવેં;
જોયતાં નાવિ કિમ વિચાર, દખ્યો ! રિ ચમક્યો રીદય મજાર. ૫૪

એ નહિ માનવ આદમરૂપ, અલ્લા ખોદાકા એહ સરૂપ;
**અબદલ ફાજુલ સેખ** દીવાન, **માનસંગ** કહુઓસ્તુ સુરસેન જાણે.(?) ૫૫

**બીરબલ** રાજા **તોડરમલ, રતનસંઘ** હાડો ઉબરો અવલ;
સહુ સભામાં પાતશાહી આવેં, **હીર ગુરુ** નાંમ **જગતગુરુ** થાપેં. ૫૬

પાતશાહી બોલ્યા બોલ્ય વિચાર, કેશીઈં ઈલમ ગુરુજી તુમારા;
જીવ ઉગારું જુઠ ન બોલું, ચોરી નવી લું નેં નાડી ન ખોલું. ૫૭

દુનિયા ન જોડું રતિ ન ખાઉં, ઈસી ઈલમ સહી વીર વાંદુ;
વાત સુણિને પાદશાહી દિલ બેઠી, હુકમ હુઓ નઈ ગુરુજીય ઉઠે. ૫૮

મજલસ બીજી પૂજ્ય પધારે, ષટ દરશનમાં લાજ વધારે;
**મુકંદ** સન્યાસી ગોદડી મુકિં, દીધી હક્કારી નવિ થાઈ ઊંચી. (?) ૫૯

જંગમ ગુરુ કહે ગોદડી ઉડાડે, પાતશાહી રિઝાયો એ હઠ માંડે;
ગુરુ આંબરૂ આપણી રાખો, ગોદડી ઉઠાડી અલગીય નાંખો. ૬૦

**માલદેવ** ચિંતે હવેં ઈહાં આજે, કિમ કરી જોઈઈં દરિસણ લાજે;
હકારી વીર ગોદડી ઉઠાડી, સોફીઈં કરામત એક માંડી. ૬૧

નિજ માથાથી ટોપી ઉડાડી, ઉડી આકાશે પાતશાહી નીહાલી;
દિલીશા બોલેં તવં ઈકતારી, ગોદડી ટોપી લાઉં ઉતારી ૬૨

ગોદડી ટોપી **માલદેવ** ખીલ્યા, સોફી સંન્યાસી અંગ થયાં ઢીલ્યાં;
પાતસા હુંકમ કરેં છેં ફેંરી, ગોદડી મંગાવો અબકિય વેગી. ૬૩

આપણો ઓઘો **માલદેવ** ચલાવેં, ગોદડી ટોપી મારીનં લાવઈં;
સોફી સંન્યાસી અતિત ઉન્માદ, ષટદરશનશું જીત્યો છે વાદ. ૬૪

જગદગુરુ બિરુદ રાખ્યું બે જાનું, અઈ અઈ **હીર ગુરુ** પૂજ્ય જ માનું;
બ્રાહ્મણ સંન્યાસી અતિત ઉન્માદ, ષટદરશનશું જીત્યો છે વાદ. ૬૫

માલદેવ મુનિ લીધો છે અભિગ્રહ, આજથી **હીરગુરુ** માથે તે કીધો;
દલીસા **અકબર હીર**ગુણ ગાય, પાતશાહ કહેં માંગો બહોત પસાય. ૬૬

હાથી ઘોડા ને પરગણ ગામ, જે જોઈએ તે નકાલ્યો નામ;
માંગ્યા સ્યો દ્યો તો અમર પલાવો, નવ મોહરે તુમે છાપ ચલાવો. ૬૭

પરવ પજુસણ અમર ચલાવો, **શેતરુંજો** તીરથ મુગતો કરાવો;
હુકમ ફરમાને ગાય છોડાવો, બંદીવાન લાખ છૂટાં મુકાવો. ૬૮

પંખી મૃગલાંને ઘણું ઉધરીયા, **ડાબર** સરોવર જીવ છોડાવીયા;
જીજીયા ધુવા દાણ મેલાવી, શ્રી જિનશાસન થીર થપાવી. ૬૯

શ્રી જિનશાસન સબલો જે ધર્મ, **હીરસૂરિનું** મોટું જ કર્મ;
પહેલું ચોમાસું **આગરે** રહીઈ, બીજું ચોમાસું **ફતેપુર** કરઈ. ૭૦

પાતશાહી પહોત ફરમાન ભેંજે, ત્રીજું ચોમાસું **આગરે** રહીજે;
**અકબર** શાહનો આગ્રહ જ જાણી, ધન ધન **હીર ગુરુની** કમાણી. ૭૧

ત્રીજું ચોમાસું **આગરે** આવેં, સબલ સાંમઈયું પૂજ્ય પધરાવે;
**અકબર** સામો સાંબેલા તે રીઝયો, શ્રી ગુરુ વચને ઘણું પ્રતિબુઝ્યો. ૭૨

પામરી પુસ્તક ભેટણું કીધું, **અકબર** આગ્રહે કોઈ ન લીધું;
**અકબરે આગરે** કીધો ભંડાર, જગતગુરુ કીધા મનુહાર. ૭૩

લાખ પિસ્તાલીશ પુસ્તક સંચે, ષડ્દરશનનાં શાસ્ત્ર પ્રપંચઈ;
કરી પારણું પૂજ્ય પાંગરીયા, હજરત સલામ કરી ઉભા રહીયા. ૭૪

પાતશાહ કરયો બહોત સન્માન, જો તુમ ચાહેં સો ઉનકા લ્યો નામ;
**શ્રેણીક** વાલો શ્રી **મહાવીર, અકબર** વાલો શ્રી ગુરુ **હીર**. ૭૫

**કેસીય** કીધો શ્રી **પરદેશી** સીધો, શ્રી ગુરુ **અકબર** તેમ પ્રતિબોધ્યા;
**શાન્તિચંદ્ર** વાચક પાસે હજુર, તીહાંથી પાંગરીયા **હીરવિજયસૂર**. ૭૬

મરુધર ગર્જે પાવન કરતા, શ્રી જિનશાસન માંહે ગહગહતા;
**મેઘજી** શીષ્ય આચારજ લુંકે, ઠાણું સત્યાવીસ નિજ મતકે. ૭૭

પ્રતિમા જુહારી સંસાર તરીયા, **હીરગુરુ** દરીસણ પામી ગહગહીયા;
પંચ મહાવ્રત ઉચરીયા ફેરી, લુકામત પાપ કાઢ્યો ઢંઢેરી. ૭૮

**હીરવિજયસૂરિ** ગુણ જે ગાઇ, દિન દિન પ્રતાપો કોડિ સવાઇ;
વીવાહ મોચ્છવ મંગલિક કાજે, એહ સલોકો ભણવો વરરાજે. ૭૯

**આણંદવિમલસૂરિ** સીસના શિષ્ય, **દેવવિમલ** ગુરુ પંડિત પ્રતીખ્ય;
તસ સીસ મંગળીક સલોકો ગાયો, વીર **વિદ્યાધર** આણંદ પાયો. ૮૦

[કળશ]

**હીરવિજયસૂરિ** તણો સલોકો, સાંભલો લોકો પરીહરો સોકો;
જે કોઇ ભણે ગણે એહ શલોકો, કોડિ કલ્યાણ મંગલીક થોકો. ૮૧

**॥ ઈતિ શ્રી હીરવિજયસલોકો સંપૂર્ણ ॥**

卐

**સકલચંદ્ર ઉપાધ્યાય રચિત વાસુપૂજ્યજિન પુણ્યપ્રકાશ રાસ**

**સકલ**મુનિ સૂષકરો સકલ સંયમધરો દિનકર શ્રી તપાગચ્છ કેરો,
**હીરવિજય** ગુરૂરાજથી આજ જગિ કોઈ અધિઅકુ ન દીસઇ અનેરો શ્રી. ૪૫૪

**સકલચંદ્ર ઉપાધ્યાય રચિત મહાવીર હીંચ**

વર તપાગચ્છ ગંગાધરો મુનિવરો, **હીરવિજય** જયો સૂરિજી હો,
વર્દ્ધમાનાદરો **સકલ**મુનિ સંકરો, સુઅધરો શમવરો અમૃતજી હો. ૪૬

**દયાકુશલ રચિત વિજયસેનસૂરિ રાસ**

ધન્ય ગુરૂ **હીર** ધન્ય ધન્ય તપગચ્છ એ,

**હંસરાજ રચિત વર્ધમાન જિન સ્તવન**

તપગચ્છ ઠાકુર ગુણ વિરાગર, **હીરવિજય** સૂરીશ્વરૂ,
**હંસરાજ** વંદે મન આણંદે કહે ધન મુઝ એહ ગુરૂ. ૭૪

૩

શ્રી પ્રેમવિજયરચિત

# હીરજી ગુરુ સલોક

સમરીજઈ સરસતિ સામિણિ માય, સુરનર પ્રણમઈ જેહના પાય
સુણિ માતા મુઝ મુષિ કરુ વાસ, પૂરુ જ માહરા મનની જ આસ ॥ ૧॥

તું બ્રહ્માણી તું જગદંબ સો પાવઈ તાહરું પ્રતિબિંબ
અઝાઉરીઈ તાહરું તેજ કરિ તું સેવક ઉપરિ હેજ ॥ ૨॥

જસ મુષિ સરસતિ તાહરુ જ વાસ સકલ લોક છઈ જેહના જ દાસ
કાલિદાસ પ્રમુષો જે જાટ તે આણ્યા તઈં પંડિતવાટિ ॥ ૩॥

તેહ કારણિ મુઝ મૂકિ હાવ હરષિઈં જ દેઈ કરુ સનાથ
હવઈ મુઝ તૂઠી સરસતિમાય મઝ મનિ ઉલટ અંગિ ન માઈ ॥ ૪॥

હવઈં હૂં ગાઉં ઉલટ આંણી કોકિલાકંઠિ અનોપમ વાંણી
**શ્રીહીરવિજયસૂરિ** ગુણ ગાઉ જિમ મનવંછિત સહિજિં જ પાઉં ॥ ૫॥

તપગચ્છનાયક નિધાન **શ્રીહીરવિજયસૂરિ** યુગહ પ્રધાન
સાંભલયો નરનારીના વ્રંદ **પ્રેમવિજય** મનિ ગાઈ આણંદિ ॥ ૬॥

હવઈ જંબૂદીપ દીસઈ વિશાલ લાષ યોજનનું જાંણે જ થાલ
તે માહિં ભલૂં ભરત જ ક્ષેત્ર અનોપમ ગૂજર દેશ પવિત્ર
તે માહિં ધાણધાર વષાંણું **પાલ્હણપુર** ઇંદ્રપુરી સમ જાણું ॥ ૭॥

ગઢ મઢ મંદિર પોલિ પગાર ચઉરાસી ચહુટાં અતિ સાર
કૂઆ વાડી વનષંડ તલાવ નવ ષંડના વ્યાપારી જ આવઈ ॥ ૮॥

અનોપમ જિનના દીસઈ પ્રાસાદ મેરગિરસ્યુ માંડઈ જ વાદ
જિહા જિનપ્રતિમા મનોહર બઈઠી અમીભર્યાં લોચનમંઈ નયણિ દીઠી ॥ ૯॥

વલી પોષધસાલા દીસઇં જ સાર તિહાં બઇઠા કરઇ ધર્મવ્યાપાર
ભાવ ધરી આવઇં નરનારિ ધર્મના કહિ મુનિ ચ્યારિ પ્રકાર ॥ ૧૦॥

દાન સીલ તપ ભાવના કીજઇ મણુઅજનમનુ લાહુ લીજઇ
દુર્બલ દીનનઇં દીજઇં આધાર જિમ તરીઇ સહિજિ ભવપાર ॥ ૧૧॥

નગરિ કોટીધજ કોડ અપાર તે માહિં સાહ **કુંરુ** ઉદાર
જાણે કરિ ધનદઇ લીઉ અવતાર જસ ગુણ ગાઇ સુરનરનારિ ॥ ૧૨॥

તસ ઘરણી **નાથીબાઈ** સુજાંણિ મુષિ બોલઇ જાંણે અમૃતવાણિ
નિજ રૂપિંકરી રંભા હરાવી સીલગુણો કરી સીતા સંભારી ॥ ૧૩॥

નિજ પ્રીઉસું રતિ પ્રેમ ઉલ્હાસ પંચવિષયસુખ ભોગ વિલાસ
એક દિવસ સા રયણી જ પેષઇ સુપનિ સીહ અનોપમ દેષઇ ॥ ૧૪॥

માતામનિ ડોહલા ઉપજઇ રસાલ તે પુહુચાડઇ સાહાકૂરુ તતકાલ
પૂરા માસ જવ હૂઆ જામ શુભ નક્ષત્ર આવઇ ભલઇ ઠાંમિ ॥ ૧૫॥

સંવત પનર ત્રયાસીઉ જાંણું માગશિર સુદિ નવમી વષાણું
જનમ્યું કુંઅર માંઇ મનનઇં ઉહ્લાસિ **પ્રેમવિજય**ની પૂરી મન આસ ॥ ૧૬॥

હવઇં સુજન કુટંબ મનિ આણંદ થાઇ ધવલ મંગલ સુહાસણિ ગાઇ
વાજિંત્ર વાજઇ બંદીજન બોલઇ તલીઆં તોરણ તિહાં બાંધ્યાં અમૂલ ॥ ૧૭॥

ફઈઅરિ નામિં હરષિઇં દીઉ **હીરુ રાંણી વિમલાઈ** કેરુ જ વીરુ
વરસ બાર જવા જવ વુલ્યાં જ જામ આવ્યા પુન્યવંત **પાટણિ** ઠામિ ॥ ૧૮॥

તેણઇ સમય તિહાં **વિજયદાનસૂરિ** દરસણિ પાતક જાઇ જ દૂરિ
સુણી વાંણી મનિ આણંદ થાય દીષ્યા લેવા મનિ હરષ ન માય ॥ ૧૯॥

**પાટણનગર** ઇંદ્રપુરી સમ જાણ દીક્ષા મહોચ્છવ તિહાં માંડ્યાં મંડાણ
તે વર્ણક કહતાં ન લહું પાર ઓપમ જાણે મેઘકુમાર ॥ ૨૦॥

એક જીભ કિમ કુરું વષાંણ થોડઇ કહિઇ સુણુ ચતુર સુજાણ
સંવત સોલ છંનૂઉ અતિ સાર કાતી વદિ દ્વિતીયા દીક્ષા અપાર ॥ ૨૦॥

પંચ મહાવ્રત લીધુ જ ભાર શ્રીપૂજ્ય સાથિં કરઇ વિહાર
દક્ષણ માહિં ભણી આવ્યા ગુરુ પાસિ શ્રીવિજયદાનસૂરિ પામ્યા ઉહ્લાસિ ॥ ૨૧॥

સંવત સોલ સતુતરુ ચંગ **નડુલાઈ** પુહુતા ગુરુ મન રંગિ
આદિભવનિ પંડિતપદ દીધ **નાથીનંદન** જગ માહિ પ્રસિદ્ધ ॥ ૨૨॥

અનુક્રમિ પૂજ્ય કરઇ વિહાર વરસ અંતરિ વલી તિહાં પધારઇ
સંવત સોલ અઠોતરુ જાણું માગશિર શુદિ દશમીઇ વષાંણું ॥ ૨૩॥

વાચકપદ ગુરુ**હીરનઇં** આપ્ઇ **શ્રીવિજયદાનસૂરીસર** થાપઇ
તિહાંથી પૂજ્ય કરઇ વિહાર નિર્મલ નિરુપમ પુન્ય ભંડાર ॥ ૨૪॥

એણઇ અવસરિ **સીરોહી** આવઇ સંઘ સામહીઉં સુપરિ સોહાવઇ
સંવત સોલ દાહોતરુ કહીઇ અદ્ભુત અનોપમ તિહાં દિન લહીઇ ॥ ૨૫॥

**શ્રીવિજયદાનસૂરીસર** ખાસ આચારિજપદ દીધ ઉં ઉહ્લાસિ
ચતુરવિધ સંઘનઇં આણંદ થાય હરષિઇં નરનારી ગુણ ગાય ॥ ૨૬॥

હવઇં અનુક્રમિ કરઇ વિહાર આવ્યા ચુમાસું નયર **ગંધારિ**
ચતુવિધિ સંઘ મનિ પામઇ ઉહ્લાસ **પ્રેમવિજય**ની પુહતી જ આસ ॥ ૨૭॥

એણઇ અવસરિ **અકબરનૃપ** ધીર જે જગ માહિં મોટુ જ વીર
જેહની રધિનુ નવિ લાભઇ જ પાર હાથી મોટા જેહનઇં ચઉદ હજાર ॥ ૨૮॥

સેષૂપાઢીદાણીઆરની જોડ પાંન મલિક મિલીઆ બહૂ કોડિ
હર્મ સહિસ માઝનઇ એક જાંણું રૂપિઇં રંભાથી અધિકીય વષાંણું ॥ ૨૯॥

હેમ હીરા મણિ મોતી ભંડાર અશ્વ રથ પાલાનું નહીં પાર
જેહનઇં વાજાં વાજઇ તે કઈય હજાર નાદિ અંબર તે ગાજઇ અપાર ॥ ૩૦॥

વઇરી જનના પડઇ પરાણ મોટા નૃપ જસ માંનઇ જ આંણ
ન્યાય કરી જાણે અભિનુ રાંમ નિજ પ્રજાનું ન લીઇ નામ ॥ ૩૧॥

હવઇ ઘણું સ્યું કીષઇ વષાણ કલિયુગિ ચક્રવર્તિ જાણે પ્રમાણ
એક દિન બઇઠઉ **અકબર** ભૂપ શ્રીગુરુ **હીરનું** જાંણઇ સરૂપ ॥ ૩૨॥

વિસ્તાર કરતાં ન લહું પાર સંખ્યાઇ સુણયો નરનારિ
**ચંપાશ્રાવિકા** ષટમાસી જ કીધ તે અવદાત જગ મહિં પ્રસિદ્ધ ॥ ૩૩॥

તેહ કારણિ ગુરુહીરનિ જાણઇ **અકબર**સાહા નૃપ ચતુર સુજાણ
અતિમતિષાંનનઇ પૂછઇ વાત તે કહિ **હીરજી**ના બહૂ અવદાત ॥ ૩૪॥

સાહા ગુણ હીરના ચિત માહિ જાંણઇ **સાહિબષાંન**નઇ લિષઇ ફરમાણ
લિષી ફરમાણ મેવડાનઇં ચલાવઇ અહમદાવાદિ તે વેગિં જ આવઇ ॥ ૩૫॥

**સાહિબષાન**નઇ કીધી જ જાણ ફરમાણ લીધું મોટઇ મંડાણિ
વાંચી ફરમાણ ચિતિ પામ્યુ ઉલ્લાસ સંઘનઇં પૂછઇ ગુરુ કિહાં ચઉમાસિ ॥ ૩૬॥

નયર **ગંધારિ** ગુરુ **હીર** ચઉમાસિ મોકલઇ ફરમાન સાહિબ[**ષાંન ઉહ્લાસિ**]
વાંચી ફરમાણ ગુરુ કરઇ વિચાર અહ્મે ચાલવું તે સહી નિરધાર ॥ ૩૭॥

શુભ વેલાઇં ગુરુ ચાલઇ જાણે કરિ મલપતુ મયગલ માહ્લઇ
શુભ શકુન વાટઇં ભલા થાઇ ચતુર્વિધ સંઘ વઉલાવા જાઇ ॥ ૩૮॥

સાથિઇં ચાલ્યા મુનિજનના વૃંદ ગ્રહગણમાહિં જાણે પ્રગટિઉ ચંદ
તપતેજિં જાણે ઉગ્યુ જ ભાંણ સોમગુણિ શશિ અમૃત વષાણિ ॥ ૩૯॥

**અહમદાવાદિ** શ્રીગુરુ આવ્યા **સાહિબષાંન**નઇ મનિ બહૂ ભાવ્યા
માંન મહુત દીધૂં અતિ ચંગ સાહાજી તેડઇ તુહ્મનિં મનરંગિ ॥ ૪૦॥

**સાહિબષાન** બોલઇ વિવેક બહુત લાભ તુહ્મ હોસિઇ અનેક
એ વચન સુણી **હીર** હરષ ન માય **પ્રેમવિજય**નઇં આણંદ થાય ॥ ૪૧॥

હવઇં તિહાં થકી પૂજ્ય કરઇ વિહાર પુણ્યવંત **પાટણ** માહિં પધારઇ
અનુક્રમિં **સીધપુર**નયરિ મહ્બાણ રોહસરોતરઇ હૂઈ જ જાંણ ॥ ૪૨॥

સહિસાઅર્જન તે સાહમા જ આવઇ રાણી મણિ-માણિક-મોતી વધાવઇ
તિહાં થકી ચાલઇ મનરંગિ દીઠુ **આબૂ**ગિર અતિહિં સુરંગ ॥ ૪૩॥

**આબૂ** ઉપરિ ગુરુ ચડીઆ જ હેવ આદિ-નેમિ જુહાર્યા જ દેવ
જિહાં પ્રાસાદ બિંબ તણુ નહી પાર કોરણી **આબૂ** જગ માહિ સાર ॥ ૪૪॥

તિહાં થકી **સીરોહીઇં** પધારઇ **સાદડીઇં** આવ્યા નિરધાર
**રાણપુરિ** સંઘ સાથિં કરઇ જાત્ર ગયાં પાપ નિર્મલ થ્યાં ગાત્ર ॥ ૪૫॥

**નડુલાઈ જઈતારણ** નિ કેકંઇ **મેડતઇ** પુહુતા મનનઇ આણંદિ
તાલીપુકરણે વંદનિ આવઇ શ્રેણિકરાય પરિ સષરિ સોહાવઇ ॥ ૪૬॥

ભમરોદિનરાયણિ **સાગાનેરિ લાલસોટ** જાતાં નહીં કાંઈ ફેર
**સંકદ્રાબાદ** બયાંનુ **અભિરામ** તિહાંના સંઘ કરઇ મોટાં જ કાંમ ॥ ૪૭॥

**હીરજી**ગુરુનઇં મોટઇ મંડાણિ પઈસારુ કરઇં સુપરિં સુજાણ
પાસઇં **ફતેપુર** ગાઉ જ બાર તે વર્ણવતાં ન લહું જ પાર ॥ ૪૮॥

દુડિ મેવડા તે અતિહિઊજાઈ **થાંનસિંઘ** સાહનઇં દીધી વધાઈ
**અભિરામાવાદિ** આવ્યા ગુરુ **હીર** દીધી વધાઇ મણિ-માણિક-ચીર ॥ ૪૯॥

**થાનસંઘ** સાહાજી પાસઇ જ જાય બિઇ કર જોડી બોલઇ ઉચ્છાહિ
બોલઇ જ બોલ બિચ્ચારિ વિવેક સાહાજી ગુરુ **હીરજી** આપ નજીક ॥ ૫૦॥

ઇસ્યા વચન સુણી તે સાહિ સુજાંણ કરઇ સામહીઊ મોટઇ મંડાણિ
ગઇવર હયવર રથ પાલાની જોડ ચાલ્યાં શ્રાવક મનનઇ અતિ કોડિ ॥ ૫૧॥

શ્રાવક મિલીઆ કઈઅ હજાર શ્રાવિકાનું ન લહૂં જ પાર બંદીજન
બિરદાઉલી બોલઇ સૂહવ ગુંહલી કરઇ રંગરૌલ ॥ ૫૨॥

ઢોલ દદામાં નીંસાણ વાજઇ ભેરી ભૂંગલ માદલ બહૂ છાજઇ
નેજા ગૂડી કુણ કહિ માંન શ્રાવક હરષિઇં દિઇ બહૂ દાંન ॥ ૫૩॥

ગજ ઘોડા કણદોરા કબાહિ વેઢ વીંટી દિઇ મનનઇ ઉછાહિં
યાચકજનનઇં ઊરણ કીધ શ્રાવક જગ માહિં હૂઆ પ્રસિદ્ધ ॥ ૫૪॥

હવઇ સામહીઆનું સ્યું કરૂં વષાણ થોડઇ કહિઇ સુણુ ચતુર સુજાણ
હવઇ **ફતેપુર** નગરી સણગારી અમરપુરી જસ આગલિ હારી ॥ ૫૫॥

હવઇં અનુક્રમિં ભેટ્યા **અકબર**ભૂપ જે જગ માહિં અકલ સરૂપ
દેષી ગુરુ હરષ્યુ **અકબરસાહ પ્રેમવિજય**નઇ આણંદ થાઇ ॥ ૫૬॥

હવઇ **હીરજી અકબર**નૃપ મિલ્યા સુજાણ એક શશિ નઇ બીજઉ જ ભાંણ
દોઇ જણ મિંલી કરઇં ધર્મની જ વાત **અકબર**સાહાની ટલી મન ભ્રાંતિ ॥ ૫૭॥

જગ માહિં પુરુષ એ મોટુ જ કહી જસ ગુણ મહિમા પાર ન લહીઇ
હીર-મણિ-માણિક-મોતી ભંડાર ગુરુજીનંઇ આપઇ ભેટિ અપાર ॥ ૫૮॥

વલતા શ્રીગુરુજી એણીયરિ બોલઇ વચન સકોમલ અમૃતતોલઇ
સુણુ સાહાજી હમ નહીએ કામ એ સબ કુછુ હમારઇ હરામ ॥ ૫૯॥

જતીકું નહી દમડીસું જ કાંમ નિસિદિન જપીઇ સાંઇકા નામ
એહ વાતસુણી સાહા હરષ્યુ અપાર જગત્રુગુરુ નામ દીધું તેણીવાર ॥ ૬૦॥

ડાબરતલાવનંઇ બંદ છોડાવઇ પાંજરિ ઘાલ્યા જીવ મૂંકાવઇ
જનમમાસ નઇ દિવસ જ બાર પજૂસણના દિન દીધા જ સાર ॥ ૬૧॥

ગાઇ બલઇ નઇ પાડા જ ભઇંસિ તેહનઇં જીવીદાન દીધૂં ઉહ્લાસિ
દાંણધૂંબુ નઇ જીજીઉ જેહ પુત્રહીન ધન ન લીઇ તેહ ॥ ૬૨॥

ઘરઝુંપી નઇં જીજીઉ જાણ **અકબર**સાહિં એ મૂંક્યા પરમાણ
એ હરષિઇં શ્રીગુરુનઇં બગસીસ કીધ **હીરજી અકબર** જગ માહિં પ્રસિદ્ધ ॥ ૬૩॥

વલી સેત્રુંજગિરિ બગસીસ કીધઉ જગ માહિ જીવીતુ લાહુ જ લીધઉ
ચિહુંખંડના સંઘ આવઇ અપાર યાત્રા કરઇ હરષિં નરનારિ ॥ ૬૪॥

એ અધિકાર ગુરુહીરનું જાંણુ જસ ગુણ ગાઇ **અકબર** રાંણુ
એક જીભ કિમ કરૂંઅ વષાંણ બુધિહીણ હૂં અછું અજાંણ
**હીરજી** જીવુ ઘણું કોડિ વરસ **પ્રેમવિજયમુનિ** દિઇ આસીસ ॥ ૬૫॥

**હીરજીપાટિ વિજનસેન** ગણધારી **કોડાંનંદન** જગનઇં હિતકારી
તપગછિ ઉગ્યુ અભિનવ ભાણ **ખાનમલિક** જસ માંનઇં જ આંણ ॥ ૬૬॥

**શ્રીવિજયસેન** ગુણ જગ માંહિ સુહાવઇં દરસણ દેખણિકૂં સાહાજી બોલાવઇં
દેખ દરસણ મનિ હરષ ન માઇં અહનિસિ ગુણ સાહજી ગાઇં ॥ ૬૭॥

દેખી મહિમા ભટ કરઇં વિષવાદ અહ્મે કરસ્યું ગુરુ સાથિઇં જ વાદ
સભામંડલિ નર ખઇઠઉ ભૂપ ગુરુ વાદીનું જાણઇં સ્રૂપ ॥ ૬૮॥

**હમાઉનંદન અકબર** વીર કરઇં વાદી જૂદાં જલ ખીર
વાદ કરઇં **શ્રીવિજયસેનસૂરિ** કર્યું માન ભટનું ચકચૂર ॥ ૬૯॥

દિલ્લીપતિ આગઇં કીધું જ વાદ ઉતાર્યા વાદી તણા નાદ
હરખ્યુ **અકબર**નૃપ દિઇં બહૂમાન **હીર**પટોધર...... ॥ ૭૦॥

વર્ણવતાં સલોકુ થાઇં જ મોટુ થોડું. થોડું મઇં કીધુ જ છોટુ
**શ્રીહીર-જેસંગજી** સાહ સુજાણ પ્રતિપુ મેહીમંડલિ જિહાં શશિ-ભાંણ ॥ ૭૧॥

**શ્રીવિમલહર્ષ** વાચક ગુણપૂર નામ સુણતાં કુમતિ જાઇં દૂરિ
તસ સીસ સલોકુ કહ્યુ મનરંગિ ભણતાં સુણતાં થાઇં ઊલટ અંગિ ॥ ૭૨॥

એ ભણઇં સુણઇં ભવી નરનારી તસ ઘરિ હૂઈ જયજયકાર
રોગ સોગ તસ દૂરિ જાય નવનધિ તસ ....... થાય ॥ ૭૩॥

ગણિ **રત્નહર્ષ** બંધુ અભિરામ તસ ભાઈ મુનિ **પ્રેમવિજય** નામ
તિણિ સલોકુ કીધુ મનરંગિ ઊલટ આણી અતિ-ઘણા અંગિ ॥ ૭૪॥

**ઇતિ શ્રી હીરવિજયસૂરિનું સલોકુ અધિકાર કીધા છઇં એ**
**સલોકુ આષુ ભણતાં સાત સલોકા થાઈ ॥**

卐

# વિભાગ

# ૫

# અષ્ટપ્રકારી પૂજા

१

श्री जसविजयरचित

# જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી અષ્ટપ્રકારી પૂજા
## ચ્યવન મહોત્સવ

### પ્રથમ જળ પૂજા

#### દુહા

1 í ± ½ ßë Õæ° , પ્રગટ પ્રભાવી દેવ;
પૂજા રચું સૂરિરાજની, આપો જ્ઞાનગુણ સેવ. ૧

પાંચમે આરે જે થયા, યુગપ્રધાન સમ જેહ;
ગુણ ગાઉં ગુરુ હીરના, આણી ધર્મ સનેહ. ૨

ચાર કષાયને ટાળવા, ચાર શરણ સુખકાર;
ચાર ગતિ ઉચ્છેદવા, ધ્યાન તે ચાર પ્રકાર. ૩

પાંચ મહાવ્રત પ્રેમથી, પાળે પંચાચાર;
પંચમી ગતિ વરવા ભણી, પંચ સમિતિ સાર. ૪

ષટ્ દ્રવ્ય કરે ભાવના, સપ્ત ગુણ નિરધાર;
મદ અષ્ટને ગાળવા, અષ્ટ પ્રવચનને ધાર. ૫

બ્રહ્મચર્ય નવવિધસું, દસવિધ મુનિધર્મ;
બાર ભેદે તપસ્યા કરે, તોડે અનાદિના કર્મ. ૬

સત્તાવીસ ગુણ સાધુનાં, પંડિત પદ અધિકાર;
ગુણ પચવીસ પ્રેમે વર્યા, પાઠક પદ શ્રીકાર. ૭

છત્રીશ ગુણે અલંકર્યા, સૂરિમંત્ર સુખકાર;
જગદ્ગુરુ ગુણે ભર્યા, પૂજતાં જયજયકાર. ૮

જળ ચંદન કુસુમ તણી, ધૂપ દીપ મનોહાર;
અક્ષત ફળ નૈવેદ્યની, પૂજા અષ્ટ પ્રકાર. ૯

કર્મ અનાદિ મળ ટાળવા, ભાળવા શુદ્ધ સ્વરૂપ;
પંચામૃત કરી પૂજતાં, નિર્મળ આતમ રૂપ. ૧૦

માગધ ગંગા પ્રભાસનાં, વરદામ ક્ષીરોદધિ નીર;
કંચન કળશ પૂરણ ભરી, ન્હવણ કરો ગુરુ **હીર.** ૧૧

卐

## પહેલી પૂજા

**ઢાળ (ધન ધન શ્રી અરિહંતને રે-એ દેશી)**

જંબૂદ્વીપના ભરત માંહે, ગૂર્જર દેશ વિશાલ; સલુણા૦
**પાલનપુર** અતિ ભલું રે, **પ્હાલવિહાર** નિહાલ. સલુણા૦ ૧

જેમજેમ ગુરુભક્તિ કરો રે, તેમ તેમ ભવદુઃખ જાય; સલુણા૦
**ઓશ વંશ** અતિ દીપતો રે, શ્રી **શ્રીમાલ** શ્રીકાર. સલુણા૦ ૨

**કુંવર શાહ** સોભાગિયો રે, **નાથીદેવી** સતીનાર. સલુણા૦
જૈન ધર્મ આરાધતાં રે, રમતાં સુખ વિલાસ. સલુણા૦ ૩

દીઠો ગજ અતિ ગાજતો રે, ઉજ્જ્વલ ચઉદંત સાર; સલુણા૦
સુપન લેઈ દેવી જાગિયા રે, કંત કને કહે વાત. સલુણા૦ ૪

સુપન પાઠક બોલાવિયા રે, સુપન જોયું મનોહાર; સલુણા૦
પંડિતપુત્ર પામશો રે, ધર્મ ધુરંધર ધાર. સલુણા૦ ૫

પાઠક દાન દિયે ઘણું રે, દિન દિન ચડતે વાન; સલુણા૦
દોહદ નવ નવ ઉપજે રે, પૂજા કરું જિનરાજ. સલુણા૦ ૬

**શત્રુંજય ગિરિ** ભેટવા રે, મુનિવરને દેઉ દાન, સલુણા૦
સંઘ ભક્તિ કરું ભાવથી રે, જ્ઞાન ભક્તિ સુખકાર. સલુણા૦ ૭

પડહ અમારી વજડાવશું રે, તે તે પૂરે **કુંવર શાહ;** સલુણા૦
સંવત પંદરસો આડત્રીશે (?) રે, માગશર શુક્લ નોમ. સલુણા૦ ૮

સોમવાર શુદ્ધ યોગશું રે, સુખે સમાધે માન; સલુણા૦
જન્મ થયો આનંદ લહ્યો રે, **જસવિજય** જયકાર. સલુણા૦ ૯

**काव्यम्**- विशुद्धपानीयभृतैः स्वचेतो-नैर्मल्यहेतोः कलशैर्मनोज्ञैः ।
**श्रीहीरसूरीश्वर**पादयुग्मं यजामहे सप्रमदप्रकर्षम् ॥ १॥

**मंत्र** - ॐ ह्रीँ श्रीँ परमगुरु श्री **हीरविजयसूरीश्वर**चरणकमलेभ्यो
जलं यजामहे स्वाहा ॥

**॥ इति प्रथम जलपूजा ॥**

卐

## અથ જન્મ મહોત્સવે દ્વિતીય ચંદન પૂજા૦

### દોહા

*બાવના ચંદન ઘસી ઘણાં, કેસર કસ્તૂરી સાર;*
*રત્ન કચોળા રંગે ભરો, ભાવ સુગંધ મનોહાર. ૧*

*ભવ દવ તાપ શમાવવા, તરવા ભવોદધિ તીર;*
*આતમ અનુભવ કારણે, પૂજો જગગુરુ* ***હીર.*** *૨*

### ઢાળ (એક જન શ્રુત રસિયો બોલે રે-એ દેશી)

પુત્ર જન્મ વધાઈ આવે રે, હો મન માન્યા મોહનજી;
**શાહ કુંવર** ઓચ્છવ કરાવે રે, હો મન માન્યા મોહનજી;
ગોરી ટોળી મળી તિહાં આવેરે, હો. **હીર**કુંવરના ગીત ગાવેરે. હો૦ ૧

ભેરી ભૂંગળ વાજા વાગે રે, હો શરણાઈ નોબત વળી ગાજે રે; હો૦
તિહાં નાત મળી ઘણી જાતિ રે, હો ભોજન થાયે ભલી ભાંતિ રે. હો૦ ૨.

**હીર** નામ થાપે ફૂઈ ભાવે રે, હો સોનામહોરો પટોળું પાવે રે; હો૦
જિન મંદિર ઓચ્છવ મંડાવે રે, હો પૂજા વિવિધ પ્રકારે ભણાવેરે. હો૦ ૩

**હીર** વૃદ્ધિ પામે બીજ પેરે રે, હો નિત્ય મંગળ **નાથીદેવી** ઘેરે રે; હો૦
પુત્ર પંચ વરસનો થાએ રે, હો શુભ દિવસે ભણવા જાએ રે. હો૦ ૪.

આભૂષણ અલંકાર ધારી રે, હો મોડ તિલક છત્ર મનોહારીરે; હો૦
આપ્યા શ્રીફળ પાન સોપારી રે, હો ખડિયા પાટીલેખણ અતિસારી. હો૦ ૫

વિદ્યાગુરુને વસ્ત્ર અલંકારી રે, હો બીજા છાત્રને પહેરામણી ભારી રે, હો૦
એમ નિશાળ ગરણું કીધું રે, હો જ્ઞાન દાન તેણે ઘણું દીધું રે. હો૦ ૬

વ્યવહાર ધાર્મિક જ્ઞાન ધારી રે, હો વ્રત પચ્ચક્ખાણકરે સુખકારી રે; હો૦
અનુક્રમે યૌવન વય પામી રે, હો શુભ લક્ષ્મી **જસ** ગુણ ગામી રે. હો૦ ૭

**काव्यम्**— आत्मीयतापस्य निवारणाय परिस्फुरद्गन्धि-सुचन्दनेन ।
आचार्यचूडामणि**हीरसूरिं** यजामहे निर्मलभावनातः ॥ १ ॥

**मंत्रे**— ओँ ह्रीँ श्रीँ परमगुरु श्री**हीरविजयसूरीश्वरे**भ्यश्चंदनं
यजामहे स्वाहा ॥

**॥ इति द्वितीय चंदन पूजा ॥**

卐

## દીક્ષા મહોત્સવે તૃતીય કુસુમ પૂજા

### દોહા

*જાઈ જૂઈ ને મોગરો, ચંપક માલતી સાર;*
*મચકુંદ મરવો કેતકી, કોરંટ સહકાર.* ૧

*ષટ્ ઋતુ ફૂલ મેળવી, અખંડ કુસુમ ભાવધીર;*
*પ્રગટે સમકિત વાસના, પૂજતા જગગુરુ* ***હીર.*** ૨

**ઢાળ** (ચતુરા ચેતો ચેતવ નાલી-એ દેશી)
(સાંભળજો તુમે અદ્‌ભુત વાતો-એ રાગ)

સાંભળજો **હીર** સંજમ રાગી, સંસાર થકી વૈરાગીરે;
રૂપકલા ગુણ દેખી માતા, લગ્ન કરવા લય લાગીરે. સાં૦ ૧

**હીર** કહે સુણો માતાપિતા, અવસર જાણીને વરસુ રે;
દુઃખ નહીં ધરશો મન માંહિ, ધર્મ કર્મ નિત્ય કરશુંરે. સાં૦ ૨

બાર વ્રત બાર વરસે લીધાં, બાળ વયે બ્રહ્મચારી રે;
**નાથી કુંવર** આયુ પૂરણ થાએ, દેવગતિ લાગી પ્યારી રે. સાં૦ ૩

ક્ષણિક મોહ કર્યો જબ દૂરે, વૈરાગ્ય વાસના થાવેરે;
**પાટણથી** ભ્રાત ભગિની આવે, **હીર** કુંવર લેઇ જાવેરે. સાં૦ ૪

દેવ ગુરુ ભક્તિ નિત્ય કરતાં, વિજય **દાનસૂરિ** મળિયારે;
મેઘકુમાર જંબૂ જગ માંહિ, સંજમ લેઇ શિવ વરિયારે. સાં૦ ૫

અમૃત વાણી વખાણ સુણીને, આતમ વીર્ય ઉલ્લાસેરે;
સપરિકરની અનુમતિ લેવે, દીક્ષા ગ્રહે ગુરુ પાસે રે. સાં૦ ૬

**હીર** વચન સુણી **વિમલા** બોલે, સંજમ દુઃખ અતિભારી રે;
સંસારનાં દુઃખ આગળ બ્હેની, સંજમ સુખ મનોહારી રે. સાં૦ ૭

અનુમતિ આપી ઓચ્છવ કરતાં, **હીર** કુંવર હર્ષ ધરતારે;
સર્વ સખી મળી **હીર** ગુણ ગાવે, મંગળ તિલક કરતારે. સાં૦ ૮

મસ્તક મોડ ગળે **હીર**ની શોભા, દેખી મોહે નરનારી રે;
ગજ, રથ, ઘોડા, શિબિકા સારી, વરસીદાન દિએ ભારી રે. સાં૦ ૯

ઈન્દ્રધ્વજ આકાશે ચાલે, ભંભા ભેરી વાગે ભારી રે;
નવ નવ નાટક થાય ઉમંગે, શોભા બની અતિસારી રે. સાં૦ ૧૦

ખીર વૃક્ષ વરઘોડો પહોંચ્યો, **વિજયદાન** મન ચંગેરે;
સંઘ મળ્યો તિહાં ઉચ્છવ રંગે, **હીર** દીક્ષા આઠ સંગેરે. સાં૦ ૧૧

સંવત પન્નર છન્નુ વરસે, કાર્તિક વદિ બીજ દિવસેરે;
નક્ષત્ર મૃગશીરને સોમવારે, **હીરહર્ષ**નામ નિદધસેરે. સાં૦ ૧૨

સોના રૂપાને ફૂલડે વધાવે, ધર્મ ઉન્નતિ જગ જાગીરે;
પંચ મહાવ્રત પ્રેમે પાલે, શિવરમણી **જસ** રાગીરે. સાં૦ ૧૩

**काव्यम्—** नानाविधैः श्रेष्ठपवित्रशुद्धैः पुष्पैर्मनोहारकवर्णगन्धैः ।
गुरुं समग्रश्रमणाधिराजं यजामहे **हीरसूरिं** गुणाढ्यम् ॥ १ ॥

**मंत्रे—** औं ह्रीं श्रीं परमगुरु श्री**हीरविजयसूरीश्वर**चरण-
कमलेभ्यो पुष्पाणि यजामहे स्वाहा

**॥ इति तृतीय कुसुम पूजा ॥**

卐

## અથ સૂરિપદ મહોત્સવે ચતુર્થ ધૂપ પૂજા

દોહા

*કૃષ્ણાગરૂ ને કુંદરું, અગર તગર ધનસાર;*
*ધૂપ દશાંગ ઉખેવતા, બરાસ બત્રીસો સાર. ૧*

*કર્મ કઠિન દાહન ભણી, ધૂપ પૂજા મન ધીર;*
*ધ્યાન ઘટા પ્રગટાવવા, ધૂપ કરો ગુરુ **હીર**. ૨*

**ઢાળ (હવે શક્ર સુઘોષા વજાવે-એ દેશી)**

હવે **દાનવિજયસૂરિ** રાયા, **હીરહર્ષ** કેરા ગુણ પાયા;
ભાગ્યવાન દીસે છે એહ, એના પુન્ય તણો નહિ છેહ. ૧

ગુરુ **હીર**નું મુખડું જોવા, ભવો ભવના સંચિત ખોવા;
વિહાર કરે ગુરુ સાથે, ભવિ વ્રત લિયે **હીર** હાથે. ગુરુ૦ ૨

કરે ભક્તિ વિનય વિશેષ, ગુરુ પાસે માગે આદેશ;
દેશ દક્ષિણ ભણવા જાશું, જ્ઞાન ધ્યાને આતમ ગુણ ગાશું. ગુરુ૦ ૩

ભણી ગણી સૂરિ પાસે આવે, **નાડુલાઈ** આદીશ્વર ધ્યાવે;
કરે ઓચ્છવ સંઘ આણંદે, ભવિ ભાવ ધરીને વંદે. ગુરુ૦ ૪

અભય દાન તિહાં ઘણાં આપે, દેખી જ્ઞાન શક્તિ ગુરુ થાપે;
સંવત પંદર સત્તોતેર વરસે, વરે પંડિત પદ શુભ દિવસે. ગુરુ૦ ૫

**નાડુલાઈ**, નેમીશ્વર વંદો, **સૂરિ** દાનને દેખી આણંદો;
ઉવજ્ઝાય પદ દીયે ભારી, **હીરહર્ષ**ને સુખકારી. ગુરુ૦ ૬

સંવત પંદર એકોતેર વરસે, ગુણ પચવીશ **હીર** મન નિવસે.
સૂરિ **શિરોહીનગર**માં આવે, સંઘ સામૈયું કરે ભાવે. ગુરુ૦ ૭

સાચા મોતીના ચોક પુરાવે, મિલિ ગોરી ગુરુ ગુણ ગાવે;
સૂરિ શાસનદેવીને ધ્યાવે, તુષ્ટમાન થઈ તિહાં આવે. ગુરુ૦ ૮

પ્રશ્ન પૂછે ને ઉત્તર આપે, **હીરહર્ષ** આચાર્ય થાપે;
તિહાં ઓચ્છવ આનંદ થાય, **ચાંગાશાહ**ને હર્ષ ન માય. ગુરુ૦ ૯

મોટા મંડપ તોરણ બાર, સંઘ સકલજનને નર નાર;
મંગળ વાજા વાગે બહુ રંગે, તિહાં દાન દીયે ઉમંગે. ગુરુ૦ ૧૦

સંવત સોળ દહોતર જાણો, પોષ સુદ પાંચમ પ્રમાણો;
**હીરહર્ષ** નામ પ્રસિદ્ધો, **વિજયહીરસૂરીશ્વર** કીધો. ગુરુ૦ ૧૧

સૂરિ **સુરત** માંહિ જાય, પુત્ર **જેસિંગ** લેઈ આવે માય;
આઠ વરસે વૈરાગે ભીનો, દેઈ દીક્ષા **જયવિમલ** કીનો. ગુરુ૦ ૧૨

સૂરિમંત્ર જપે સૂરિ ચંદે, દેવી આવી **હીર** ગુરુ વંદે;
ગચ્છ નાયક લાયક કહીએ, **જયવિમલ**ને પદવી વહિયે. ગુરુ૦ ૧૩

ગયા દેવી હર્ષ ઉમંગે, **રાજનગર**માં ઓચ્છવ રંગે;
સંઘ સકલ સૂરિ ગુણ ગાય, **વિજયસેન**ને સૂરિપદ થાય. ગુરુ૦ ૧૪

સોળ સય અઠાવીશ વરસે, ફાગણ સુદ સાતમ દિવસે;
આનંદ રંગ વધામણાં થાય, **જસ** કીર્તિ જગમાંહે જાય. ગુરુ૦ ૧૫

**काव्यम्**— धूपैः स्फुरत् सौरभ सत् सुगन्धि संमिश्रणैः सुन्दरवासनाद्यै ।
जिनेन्द्रधर्माम्बुजभानुमन्तं यजामहे **हीरसूरिं** गुणाढ्यम् ॥ १ ॥

**मंत्रे**— ओँ ह्रीँ श्रीँ परमगुरु **श्रीहीरविजयसूरीश्वर**चरण-
कमलेभ्यो धूपं यजामहे स्वाहा

**॥ इति चतुर्थ धूप पूजा ॥**

卐

## અથ ધર્મોપદેશમહોત્સવે પંચમ દીપક પૂજા

**દોહા**

*રત્ન જડિત પાત્ર ભરી, ગોઘૃત ભાવ ઉદાર;*
*દીપક જ્યોતિ પ્રગટ કરો, ટાળવા ભાવ અંધાર. ૧*

*પંચમ ગતિ વરવા ભણી, હૃદય ધરો દેવ વીર;*
*પંચમે આરે જે થયા, ચંદ્ર સમા ગુરુ **હીર**. ૨*

**ઢાળ (રંગરસિયા રંગ રસ બન્યો-એ દેશી)**

સૂરિજી **ગંધાર** આવિયા મન મોહનજી,
સંઘે આનંદ ઓચ્છવ કીધા; મનડું મોહ્યું રે મન૦
**દિલ્હી** નગર **ચંપા** શ્રાવિકા મન૦ છમાસની તપસ્યા કીધ. મ૦ ૧

ઓચ્છવ રંગ વધામણા, મન૦ વરઘોડાનો નહીં પાર; મ૦
દિલ્હીપતિ જબ સાંભળે મન૦ બોલાવી પૂછે શાહ. મ૦ ૨

**ચંપા**એ ઉત્તર આપીઓ મન૦ ગુરુ **હીર** તણો પ્રસાદ; મ૦
**અકબર** અચરિજ પામીયો મન૦ મહિમા સૂરીશ્વર જાણ. મ૦ ૩

શાહી તે ફરમાન મોકલે મન૦ **સાહેબખાન** સરદાર; મ૦
**ગંધાર** ગચ્છપતિ વિચરે મન૦ સર્વ સંઘ કરે વિચાર. મ૦ ૪

શુભ મુહૂર્ત લેઇ ચાલિયા મન૦ સાથે પચાસ મુનિ પરિવાર; મ૦
**રાજનગર**માં આવિયા મન૦ ખાન ખુશીથી સામે જાય. મ૦ ૫

સંઘ મળિયો તિહાં ભાવથી મન૦ મોતીયે વધાવે ગુરુરાય; મ૦
બાવન બોલ બતાવિયા મન૦ પ્રતિબોધ્યો **સાહેબખાન**. મ૦ ૬

**પાટણ** શહેર **પંચાસરો** મન૦ સૂરિ વંદે સંઘની સાથ; મ૦
**વિમલ હર્ષ** આગળ ગયાં મન૦ પાંત્રીસ સાધુ પરિવાર. મ૦ ૭

**સેનસૂરિ પાટણ** રહ્યાં મન૦ **હીર આબુ અચળગઢ** જાય; મ૦
**ફતેહપુર**માં ફતેહ થયો મન૦ જિનવર વાંદે ઉવજ્ઝાય. મ૦ ૮

**કલાણ થાનસિંહ** શ્રાવકો મન૦ **અકબર** ભેટ કરાય; મ૦
ખબર **હીર**ના પૂછતો મન૦ કબ પાઉં સૂરિજી દેદાર. મ૦ ૯

કલ પરસુ ઇહાં આવશે મન૦ ખુશી થયો પાદશાહ; મ૦
**સાંગાનેર** સૂરિ સંચરે મન૦ સંઘ તે સામો જાય. મ૦ ૧૦

ભંભા ભેરી વાગે ઘણાં મન૦ વાજંત્રો નહીં પાર; મ૦
ગજ, રથ, ઘોડા પાલખી મન૦ ઝાંઝરંનો ઝમકાર. મ૦ ૧૧

વ્યવહારિયા મોટા તિહાં મન૦ **અકબર** પાસે જાય; મ૦
રાજ વાજીંત્ર લેઇ જાઓ મન૦ ઓચ્છવ કરો બહુ રંગ મ૦ ૧૨

**હીરસૂરિ** પધારિયા મન૦ શાહ થયું મન ચંગ; મ૦
ઉપાશ્રય ગુરુ આવિયા મન૦ શેખ ગયો તે શાહની પાસ મ૦ ૧૩

શાહે તે **હીર** બોલાવિયા મન૦ નિજ મહેલ માનની સાથ; મ૦
કર જોડી શાહ ઊભો થયો મન૦ જ્ઞાન ગોષ્ઠિ તિહાં થાય મ૦ ૧૪

સૂરિ કહે સુણો શાહજી મન૦ દયા વિણ ધર્મ ન હોય; મ૦
ખુદાએ સબ પૈદા કિયા મન૦ ફના ભી કરે તેહ. મ૦ ૧૫

તે વાત ખોટી કે ખરી મન૦ તબ બોલ્યા તે સૂરિરાજ; મ૦
નિરાકાર ખુદા જાણીએ મન૦ નહીં શરીર કે પગ હાથ. મ૦ ૧૬

કર્મ કરે જીવ ભોગવે મન૦ કર્મે તે સુખ દુઃખ થાય મ૦
**અકબર** મન હરખે ઘણું મન૦ સાચો તેહ ફકીર. મ૦ ૧૭

છત્રીશ ગુણધર ગચ્છપતિ મન૦ ધન્ય તેહનો અવતાર; મ૦
પ્રેમે તે પૂછે પાદશાહ મન૦ કુણ તીરથ છે તુમ સાર; મ૦ ૧૮

**શત્રુંજય ગિરનાર** છે મન૦ **સમેતશીખર** સુખકાર; મ૦
**આબુ અષ્ટાપદ તારંગા** મન૦ મહિમાનો નહિ પાર. મ૦ ૧૯

ખુશી થઈ ફરમાન કર્યા મન૦ જૈન તીરથના જયકાર; મ૦
જગદ્‌ગુરુ પદ આપિયું મન૦ સાથે જ્ઞાન ભંડાર વિશાલ. મ૦ ૨૦

સંવત સોળ ઓગણચાલીયે મન૦ વદી જેઠ ત્રયોદશી સિદ્ધ; મ૦
મુગલ શાહ પ્રતિબોધિયા મન૦ જસ કીર્તિ જગ પ્રસિદ્ધ. મ૦ ૨૧

**काव्यम्**— सुरम्यपात्रस्थितिकैः प्रदीपै-र्विश्वप्रदीपं गुरुराजपादम् ।
भक्तिप्रदीपं प्रकटय्य चित्ते यजामहे घातयितुं तमःस्वम् ॥ १॥

**मंत्रे**— ॐ ह्रीँ श्रीँ परमगुरु श्रीहीरविजयसूरीश्वरचरण-
कमलेभ्यो दीपं यजामहे स्वाहा

**॥ इति पंचम दीपक पूजा ॥**

卐

## તીર્થયાત્રા મહોત્સવે ષષ્ઠ અક્ષત પૂજા

દોહા

*ઉજ્જવલ તાંદુલ ઔષધી, ઉજ્જવલ આતમ સાર;*
*અક્ષત પૂજા અખંડ કહી, અક્ષય ફળ દાતાર.* ૧

*સમકિતને અજુવાળવા, ઉત્તમ જ્ઞાન અમીર;*
*તીર્થ યાત્રા ભાવે કરી, પૂજો જગગુરુ **હીર**.* ૨

ઢાળ-(મહાવીર પ્રભુ ઘરે આવે-એ દેશી)

**સૂરિ હીરવિજય** સિધાવ્યા, **વિમળાચલ** તીરથ આવ્યા;
સોરઠ દેશનો સ્વામી આવે, **હીર** ચરણમાં શિર નમાવે રે;
ગુરુ **હીરવિજયસૂરિ** મેરા, મેં દરિશન પાયા તેરા રે. ગુ૦ ૧

પાદશાહી દેખી ફરમાન, આપે જગદ્‌ગુરુને માન;
બિરૂદાવલી બોલે ભાટ, તિહાં થાયે સાંકડી વાટ રે. ગુ૦ ૨

ત્રાંસા તાલ શરણાઈ બાજે, ભંભા ભેરી ગગનમાં ગાજે;
ઈન્દ્રધ્વજ તોરણ બહુ ઠાઠ, આલેખે મંગલ આઠ રે. ગુ૦ ૩

છતિ ઝાથ ને ઓચ્છવ થાય, સંઘ સકલને હર્ષ ન માય;
ગોરી ટોળી મળી ગુણ ગાવે, સાચા મોતીયે સૂરિ વધાવે રે. ગુ૦ ૪

તળેટી થઈ પાગે ચઢિયા, મૂળ શિખર જઈને અડિયા;
આદીશ્વર આનંદકારી, દેખી મૂર્તિ મોહનગારી રે. ગુ૦ ૫

હીર હર્ષ તણો નહિ પાર, સાથે મુનિવર એક હજાર;
શ્રાવક લક્ષ તણો નહીં લેખો, જંગમ થાવર તીરથ દેખો રે. ગુ૦ ૬

દિવ્ય ભાવથી પૂજા કરતાં, પ્રભુ મસ્તક મુગટ ધરતા;
નાટારંભ કરે ભવિ ભાવે, જિનરાજ તણા ગુણ ગાવે રે. ગુ૦ ૭

છ'રી પાલતાં સંઘપતિ સાથ, સ્વામી ભક્તિ સાથે જિનનાથ;
સંઘ બહોંતેર મોટા આવે, નાના સંઘ પોતાને ભાવે રે. ગુ૦ ૮

ઋષભદેવના પૂજે પાય, વાધ્યા **હીરવિજય** ગુરુરાય;
ઉપદેશ કરે સૂરિ રાજા, ચોથું વ્રત લિયે થઈ તાજા રે. ગુ૦ ૯

ત્રેપન મોટા શાહુકાર, બીજા સંઘ તણો નહીં પાર;
જગગુરુ જગમાં દીવો, ગુણ જ્ઞાન સુધારસ પીવો રે. ગુ૦ ૧૦

હાથી ઘોડાના લુછણાં થાય, **હીર**કીર્તિ દેશોદેશ જાય;
સર્વ સંઘ વિનંતિ કરે ભાવે, **ઉના દીવ** તણો સંઘ આવે રે. ગુ૦ ૧૧

સંવત સોળ પચાસમે વરસે, ચૈત્રી પૂર્ણિમા ઉજ્જવલ દિવસે;
**સિદ્ધાચલ** ગિરિરાજને વંદે, સૂરિ ધ્યાનમાં **જસ** આનંદે રે. ગુ૦ ૧૨

**काव्यम्**— पवित्रशुद्धाक्षतिकेन कुन्द-सुमेन्दु शुभ्रेण च तन्दुलेन ।
श्रीहीरसूरीश्वरपुण्यपादं यजामहे कामनयाऽक्षतस्य ॥ १ ॥

**मंत्रे**— ॐ ह्रीँ श्रीँ परमगुरु श्री**हीरविजयसूरीश्वर**चरण-
कमलेभ्यो अक्षतानि यजामहे स्वाहा

**॥ इति षष्ठ अक्षत पूजा ॥**

卐

## સ્વર્ગ મહોત્સવે સપ્તમ ફલ પૂજા

દોહા

*શ્રીફળ કેળાં સીતાફળી, દાડીમ નારંગી અનનસ,*
*પીસ્તાં ફણસ પૂગી ફળો, ઝમરુખ કેરી ખાસ.* ૧

*કંચન થાલ ભરી કરી, ફળ માંગો નામી શિર,*
*અમર વધૂ ઉલટ ધરી, પૂજતા વરે ગુરુ **હીર**.* ૨

ઢાળ :- **(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે-એ દેશી)**

જગતગુરુ જગદીવો મેરે પ્યારે, જગતગુરુ જગદીવો;
તીર્થ યાત્રા કરીને વિધિશું, પાર્શ્વ **અજારા** આવે;
દેખી મૂર્તિ મન ઉલ્લાસે, આતમ આનંદ પાવે...મે૦ ૧

તીરથ મહિમા ભાખે સૂરીશ્વર, પૂજા ભક્તિ બહુ થાવે;
**દીવ** પધારે ગુરુ સંઘની સાથે, મંગલ તૂર બજાવે...મે૦ ૨

**નવલખા પાસ** નવલખ આંગી, સમવસરણ શોભા સારી;
દરશનથી દરશન લહે ભવિ, **ઉન્નતપુર** પધારી....મે૦ ૩

ઓચ્છવ મહોચ્છવ થાય ઘણેરા, ચાતુર્માસિ ચમત્કારી;
વીર પ્રભુ સમ **હીર**ની દેશના, સુણી બુઝ્યા નરનારી...મે૦ ૪

વિહાર કરે ગુરુ કલ્પ ઉતારી, સંઘ વિનવે કર જોડી;
પૂરણ આયુષ પાસે જાણી, સ્થિર થઇ મોહ તોડી...મે૦ ૫

ચોરાશી લક્ષ યોનિ ખમાવે, સર્વ જીવસુ મૈત્રી ધારો;
પાપ સ્થાનક અઢાર આલોવે, અશુભ કર્મ નિવારે....મે૦ ૬

સુકૃત કરણીને અનુમોદે, ચાર શરણ ચિત્ત લાવે;
સંવર ભાવ ધરી મન સાધે, પંચ પરમેષ્ઠીને ધ્યાવે....મે૦ ૭

દેવ ગુરુ ધર્મ નિશ્ચય ધારી, રાગ દ્વેષ દોય ડાળી;
દર્શન જ્ઞાન ચારિત્રને યોગે, સમકિતને અજવાળી....મે૦ ૮

**વિજયસેનસૂરિ**ને ગચ્છ સોંપે, સર્વ ઉપધિ વોસિરાવે;
પદ્માસન બેઠા ગુરુ ધ્યાને, આતમ જ્યોતિ જગાવે...મે૦ ૯

સાત પ્રહરનું અણસણ પાળી, શુદ્ધ સમાધે દેવલોકે;
સુરવર પદવી પામે જગગુરુ, ઈશાનઈન્દ્રસુરલોકે મે૦ ૧૦

સંવત સોળસો બાવન વરસે, ભાદ્દરવો ભારી ગાજે;
ઉજ્જવલ એકાદશી શુભયોગે, સૂર વાજીંત્ર વાજે મે૦ ૧૧

શ્રવણ નક્ષત્ર ને ગુરુવારે, ગુરુ દિવંગત હોઈ;
નરવર મુનિજન પંખીપમુહા, દુઃખ ધરે સહુ કોઇ...મે૦ ૧૨

નિર્વાણ મહોચ્છવ કરવા કારણ, સુર **ઉન્નતપુર** આવે;
વર્ણ અઢાર સુણે જેમ કાને, નાટારંભ કરે ભાવે....મે૦ ૧૩

પાંચ હજાર લહરી ખરચીને, શિબિકા કરી મનોહારી;
કેશર ચંદન ચુવા ચરચીને, ગુરુમુખ દેખે નરનારી....મે૦ ૧૪

આઠ દિવસ અમર પલાવી, અઠ્ઠાઇ મહોચ્છવ કીધો;
દેવવંદન કરે કરનારી, નરભવ લ્હાવો લીધો...મે૦ ૧૫

કલિકાલે અચ્છેરું મોટું, આંબા અકાલે ફળિયાં;
યુગપ્રધાન સૂરિ સમ **હીર,** દેવલોકે જઇ મલિયા...મે૦ ૧૬

અણસણ તણો મહિમા છે એવો, મુક્તિ ઈન્દ્ર પદ થાયે;
સાત આઠ ભવમાંહે સિદ્ધ, મોક્ષનગરમાં જાયે....મે૦ ૧૭

**હીરસૂરિ**ની થૂભ કરાવે, ઉદ્યાન મધ્યે આનંદકારી;
ભાવ સહિત ભવિજન પૂજે, **જસ** વંદે જયકારી....મે૦ ૧૮

**काव्यम्—** फलस्य लाभाय महोदयस्य फलैर्मनोहारिभिरुच्चकक्षैः ।
तृतीयकक्षं परमेष्ठिपादं यजामहे **हीरसूरिं** प्रपूज्यम् ॥ १ ॥

**मंत्रे—** ओँ ह्रीँ श्रीँ परमगुरु श्रीहीरविजयसूरीश्वरचरण-
कमलेभ्यो फलानि यजामहे स्वाहा

**॥ इति सप्तम फलपूजा ॥**

卐

## શુભ કાર્ય મહોત્સવે અષ્ટમ નૈવેદ્ય પૂજા

-દોહા-

*ઘૂરમા ખાજા ને પુરી, મગજ મેસૂર મોતીચૂર;*
*ઘેબર ઘારી દહીંથરા, સાટા ફેણી ભરપૂર; ૧*

*નૈવેદ્ય નવ નવ જાતના, ધરો નમાવી શિર;*
*આતમ આનંદ કારણે, માગો જગગુરુ **હીર**. ૨*

**ઢાળ : (રાગ કાફી : જિનરાજકું સદા મોરી વંદના-એ દેશી)**

ગુરુરાજકું સદા મોરી વંદના, વંદના વંદના વંદના રે; ગુ૦
તીરથ યાત્રા અનેક કરીને, ટાળી છે ભવ ભય ફંદનારે; ગુ૦
**શત્રુંજય ગિરનાર વરકાણો, રાણકપુર ફલવર્ધ**ના રે. ગુ૦ ૧

**આબુ અચળગઢ તારંગાગિરિ, સમેતશિખર** સુખકંદના રે; ગુ૦
**કેસરિયા શંખેશ્વર** સ્વામી, પાર્શ્વ **અજારા** આનંદના રે. ગુ૦ ૨

દિલ્લીપતિ મુગલશાહને બોધ્યો, **શેખ કલ્યાણ થાનસિંગ**ના રે. ગુ૦
**ઉના** માંહે **આજમખાન** નમાવ્યો, એમ સુબા અનેક કરે વંદના રે. ૩

વરસમાં છમાસ અમારિ, **ડાબર** બંધ જીવ વધના રે; ગુ૦
જૈન તીરથ ફરમાન કરાવ્યો, મુંડકા વેરો કર બંધના રે. ગુ૦ ૪

જગત ગુરુના બિરુદ સાથે, જ્ઞાન ભંડાર આનંદના રે; ગુ૦
**લોંકા ગચ્છના મેઘજીસ્વામી**, કુમતિ કરે કર્મ દંડના રે. ગુ૦ ૫

મૂર્તિ બતાવી સુમજી(?) માંહે, છોડે મિથ્યામત મંદના રે; ગુ૦
સાધુ પરિવાર અનેક સાથે, શ્રાવક પણ સુખ કંદના રે. ગુ૦ ૬

મુહપત્તિ તોડી મૂરતિ પૂજે, **હીરસૂરિ**ને કરે વંદના રે; ગુ૦
દોય હજાર સાધુ પરિવારો, સાત પાઠક ગુણ કંદના રે. ગુ૦ ૭

એકસો સાઠિ પંડિત મોટા, પટધર **સેનસૂરિંદ**ના રે; ગુ૦
પાંચસો જિન મંદિર નવા કીધા, **હીર** શાસન માંહે નરિંદના રે; ગુ૦ ૮

પચાસ મોટી પ્રતિષ્ઠા કીધી, કોડી કનક સાથે લુંછણા રે. ગુ૦
દેશ વિદેશ વિહાર કરતાં, લક્ષ બિંબને સૂરિ કરે વંદના રે. ગુ૦ ૯

ત્રણ સહસ છસેં ઉપવાસ જ કીધાં, ચારસેં ચોથભક્ત ચંદના રે. ગુ૦
છઠ્ઠ સવાબસેં એકાશી અઠ્ઠમ, આઠ કરમ નિકંદના રે. ગુ૦ ૧૦

ચાર હજાર ઉપર આંબિલ નીવી, ત્રણ માસ તપ સૂરિમંત્રનાંરે. ગુ૦
વીસ સ્થાનક તપ દોય વાર કીધા, સાધુ પ્રતિમાની કરે સાધના રે. ૧૧

દર્શન, જ્ઞાન, ચારિત્રને તપના, અગિયાર માસ આનંદના રે; ગુ૦
ત્રણસે મોટા સંઘપતિ કીધા, શ્રાવક લક્ષ સૂરિંદના રે ગુ૦ ૧૨

બાર ભેદે તપ કર્મ તપાવે, આતમ જ્ઞાન અખંડના રે; ગુ૦
છપ્પન વર્ષ ચારિત્ર પાળી, સ્વર્ગ ગતિ સુખ કંદના રે. ગુ૦ ૧૩

સંઘ સકળ નિત્ય **હીર** ગુણ ગાવે, ગૌતમ વીર જિણંદના રે; ગુ૦
સૂરીશ્વર સુખ આનંદ પાવે, **જસવિજય** ગુરુ વંદના રે. ગુ૦ ૧૪

## કલશ

(રાગ ધન્યાશ્રી)

ગાયો ગાયો રે ગુરુ **હીરસૂરીશ્વર** ગાયો;-
એ સૂરિપદનું ધ્યાન ધરંતા, આતમ ધર્મ સધાયો;
પંચ પરમેષ્ઠી આરાધન કરતાં, વીર જિનેશ્વર રાયો રે. ગુ૦ ૧

**સોહમસ્વામી** પટ્ટ પરંપર, પાટ સતાવન પાયો;
સંવેગ રંગ તરંગ રસ ભીના, **દાનવિજયસૂરિ** રાયો. ગુ૦ ૨

દિલ્લીપતિ પાદશાહ પ્રતિબોધ્યા, જગદ્‌ગુરુ પદ પાયો;
તપગચ્છ નાયક દિનકર પ્રગટ્યો, **હીરવિજયસૂરિરાયો** રે. ગુ૦ ૩

તસ પાટે **વિજયસેનસૂરીશ્વર**, સવાઈ બિરૂદ નિપાયો;
**વિજયસિંહસૂરીશ્વર** કેરા, **સત્યવિજય** સત્ય પાયો રે. ગુ૦ ૪

**કર્પૂર ક્ષમા જિન ઉત્તમ** પંડિત, **પદ્મવિજય** પસાયો;
**રૂપવિજય** કીર્તિ કસ્તુર પાયા, **મણિવિજય** સવાયો રે. ગુ૦ ૫

**શુભવિજય** પંન્યાસ ગીતારથ **લક્ષ્મીવિજય** મુનિરાયો;
મુનિ પદ રજ સમ શિવ સુખસંગી, **જસવિજય** સૂરિગાયો રે. ગુ૦ ૬

પૂજા અષ્ટ પ્રકારી રચાવો, ગાવો **હીર** ગુરુ રાયો;
વિધિ યોગે ફળ પૂરણ પ્રગટે, સંઘ સકળ સુખદાયો રે. ગુ૦ ૭

**શ્રી અજારા પાર્શ્વ** પ્રભાવે, પદ્માવતી વર પાયો;
જ્ઞાન ધ્યાન, એકતાન મિલાવ્યો, આતમ આનંદ પાયો રે. ગુ૦ ૮

વેદમુનિ નારદ શશી [૧૯૭૪] સંવત, કારતિક માસ સુહાયો;
સૌભાગ્ય પંચમી **ઉન્નત પુર**માં, મંગળ રંગ વધાયો રે. ગુ૦ ૯

**काव्यम्**— स्वच्छैर्मनोमोदक-मोदकाद्यैर्मिष्टान्नकैर्नैकविधैःसुमिष्टैः ।
जगत्प्रसिद्धं प्रभुतं मुनीन्द्रं यजामहे **हीर**पदाब्जयुग्मम् ॥ १ ॥

**मंत्रे**— ओँ ह्रीँ श्रीँ परमगुरु श्री**हीरविजयसूरीश्वर**चरण-
कमलेभ्यो नैवेद्यं यजामहे स्वाहा

**॥ इति अष्टम नैवेद्य पूजा ॥**

★ ઈતિ શ્રી હીરવિજયસૂરિજી અષ્ટપ્રકારી પૂજા ★

卐

## વિભાગ

## ૬

## પદ સંગ્રહ,

## શ્રી હીરવિજયસૂરિનામગર્ભિત

## સ્તુતિસંગ્રહ

१

શ્રી મોહનરુચિ રચિત

# શ્રીહીરગુરુપદ

આજ આનંદ ભયો શ્રીગુરુ ચરણકમલ સુપસાયૈ,
પાંમૈ મનોરથમાલા,
દિન દિન દોલત ઘર સુખ સંપતિ બોધે પુણ્યના ચાલા ॥ આ૦ શ્રી૦ ॥ ૧॥

લાભ અનંતો ગુરુ પૂજ્યાંથી દિન દિન સંપતિ બાધે,
લાખ વધાઈ મેરે ઘર આઇ શ્રીગુરુ ચરણ પ્રસાદૈ ॥ આ૦ શ્રી૦ ॥ ૨॥

સંવત અઠારે સિતંતર વરસ આસાઢ માસ મન ભાવૈ,
શુકલપક્ષ દુતિયા બુધ દિવસૈ હરષૈ અધિક વધાવૈ ॥ આ૦ શ્રી૦ ॥ ૩॥

કર્યો મહોચ્છવ સંઘ મિલ જુગતે હરષે ચરણ પધરાયા,
**ફતેંદ્રવિજય** ઉપદેશ પ્રરુપ્યો લાભ અનંતો પાયા ॥ આ૦ શ્રી૦ ॥ ૪॥

દાદા **હીરસૂરિ** સુપસાયાં પાંમૈ મંગલમાલા,
નગર **બાલોચર** સંઘ જયવંતો પુણ્યવંત દયાલા ॥ આ૦ શ્રી૦ ॥ ૫॥

શ્રીગુરુ ચરણકમલ મેં ફરસ્યા આજ આણંદ વધાઈ,
**મોહનરુચિ** શ્રીગુરુગુણ ગાવૈ રિધ સિધ મંગલ પાઇ ॥ આ૦ શ્રી૦ ॥ ૬॥

ઈતિ હીરપદમ્

**જયવિજય રચિત કલ્યાણવિજયગણિનો રાસ**
શ્રી **હીરવિજયસૂરી** રાજીઓ, કલિયુગિ જુગહ પ્રધાન રે,
સાહિ **અકબર** રાજણિં બુઝવી, દીધું જીવ અભયદાન રે. સાધુ. ૨૬૪

૨

શ્રીદયારુચિ રચિત

# શ્રીહીરપદ

લોહારીરો રણકો ઝણકો મારૂ દેશમે રે લો । એ દેશી ॥

**શ્રીવિજૈ હીરસૂરીશ્વરુ**રે લો સોભાગી અલવેસરૂ રે લો,
શ્રીગુરુ પધાર્યા મેરે આંગણે રે લો,
મેં જાઉં ગુરુગુણ ભાંમણે રે લો ॥ શ્રી૦ ॥૧॥
ભલો આજ હમારે શુભઘડી રે લો,
મિલી મુઝ ચિત્રાવેલડી રે લો ॥ શ્રી૦ ॥૨॥
હાં જી મ્હારે આજૂનો દિન ભલે ઉગીયો રે લો,
નેં દરસન કરવા પૂગીયો રે લો ॥ શ્રી૦ ॥૩॥
હિવૈ ભાવ ભલૈ કરી ભાંતિસ્યું રે લો,
ગાઉં ગુણ મેં ષાંતિસ્યું રે લો ॥ શ્રી૦ ॥૪॥
મ્હારા ગુરુ પ્રતાપૈ પાંમેં ભલા રે લો,
દિન દિન લછી ચઢ કલા રે લો ॥ શ્રી૦ ॥૫॥
પરચા પૂરણ ગુરુ મ્હારે દેવતા રે લો,
સુરનર મુનિ ગુરુપદ સેવતા રે લો ॥ શ્રી૦ ॥૬॥
**શ્રીહીરવિજૈસૂરિ** નિત નમો રે લો,
ગુરુ મ્હારે મુગટમણી સમો રે લો ॥ શ્રી૦ ॥૭॥
ગુરુ મ્હારા ધ્યાંન ધરું દિલ અંદર રે લો,
મેરે ગુરુ વસ્યા મનમંદિરે રે લો ॥ શ્રી૦ ॥૮॥
ગુરુ સાનિધકારી સોભતો રે લો,
ગુરુ ધ્યાતાં મિલૈ સુખ ભોગતો રે લો ॥ શ્રી૦ ॥૯॥
**શ્રીવિજૈદાંનસૂરીશ્વર** તેહનો રે લો,
**શ્રીવિજૈહીરસૂરિ** જેહનો રે લો ॥ શ્રી૦ ॥૧૦॥
દાદો **હીરસૂરીશ્વર** દેવતા રે લો,
**દયારુચિ** પદ સેવતાં રે લો ॥ શ્રી૦ ॥૧૧॥

ઈતિ હીરપદં

3

શ્રીદયારુચિ રચિત

## શ્રીહીરપદ

ભવિકા **વિજયહીરસૂરિ** વંદો તપગછપતિ આનંદો ભ૦
**શ્રીવિજયહીરસૂરિ** વંદો

**શ્રીવિજૈહીરસૂરીશ્વર** સાહિબા તપગચ્છમે તિલકસુ છાજૈ
જિનશાસનનો ઉદ્યોતકારી **શ્રીવિજયહીરસૂરિ** રાજૈ રે । ભ૦ શ્રી૦॥ ૧॥

ગુણ છત્તીસ જૈ અંગ વિરાજૈ વાંણી અમૃત છાજૈ
નામ દિસોદિસ છૈ ગુરુ છાવો ઠાવૌ એ ગુરુરાજૈ રે । ભ૦ શ્રી૦ ॥ ૨॥

પ્રતિરૂપાદિક ગુણ તુઝ અંગૈ સૂર્યવત્તેજસ્વી દિણંદો
શશિ જિમ સીત ગુણ તુઝ અંગૈ પ્રગટ દીસૈ ગુરુ ચંદો રે । ભ૦ શ્રી૦ ॥ ૩॥

શ્રીયુગપ્રધાન ગુરુ તુમ આચારિજ અમૃત વચન રસાલ
ગંભીર્ય ધૈરય ગુણ સંયુક્ત વંદો એ ગુરુ ઉજમાલૈ રે । ભ૦ શ્રી૦ ॥ ૪॥

શ્રીઉપદેશ ગુરુ તુમ અંગૈં અપરિ શ્રી વિનય ગુણ સંયુક્ત
સોમ્ય પ્રકૃતિ ગુણ શીલ અંગે વંદો **હીરસૂરિ** મહંત રે । ભ૦ શ્રી૦ ॥ ૫॥

અવિગ્રહ ગુણ અવિકથક સહિત અચપલ ગુરુ. ગુણ ધારી
પ્રસંન વદન ક્ષમાંગુણ અંગૈ **શ્રીવિજૈહીરસૂરિ** ભારિ રે ॥ ભ૦ શ્રી૦॥ ૬॥

રિજુગુણૈ મૃદુગુણૈ ગુરુ સોહૈ સર્વ સંગ મુક્તિગુણ લહીયે
દ્વાદસ તપગુણ સહિત ગુરુ મેરા એસા ગુરુ મોરા કહીયેં ॥ ભ૦ શ્રી૦॥ ૭॥

સપ્તદસ ગુણ સંજમ ધારી સત્યગુણ દિલમાં વિચારી
સૌચ્ય અકિંચન બ્રહ્મચર્ય ગુણ એ ગુણ ગુરુમેં ભારી રે ॥ ભ૦ શ્રી૦॥ ૮॥

અનિત્ય અસરણ સંસાર સ્વરૂપ એકાંત સ્વરૂપ એ ભાવ
અન્યત્વ અશુચિ આશ્રવ ભાવના ભાવૈ એ ગુરુ ધ્યાવૈ રે ॥ ભ૦ શ્રી૦॥ ૯॥

સંબર નિર્જરા ભાવના ધુરી ભાવના વલી લોક સ્વરૂપ
બોધદુર્લભ ધર્મદુર્લભ કહીયેં ગુરુગુણ એહ અનૂપ રે ॥ ભ૦ શ્રી૦॥ ૧૦॥

ગુણ છત્રીસ અછે ગુરુ અંગે ધર્મના ધોરી કહીજૈ
શ્રીઆચાર્યનાં સમરણ કરતાં લાભ અનંત લહીજે રે ॥ ભ૦ શ્રી૦॥ ૧૧॥

શ્રીવિજૈહીરસૂરિ એકાદશી પૂજો નિરમલ ચિત્તે
ધ્યાવૈ સોઇ નિત્ય પાવૈ લચ્છી અવિચલ વિત્તે રે ॥ ભ૦ શ્રી૦॥ ૧૨॥

શ્રીવિજૈહીરસૂરીશ્વર ગુણ ગાતાં પાંમેં મંગલમાલા
જો ધ્યાવૈ સો નવેનિધ પાવૈ વલિ પાવૈ બુદ્ધિવિસાલા રે ॥ ભ૦ શ્રી૦॥ ૧૩॥

**શ્રીવિજયહીરસૂરિ** સુપસાયૈ બુદ્ધિ અનંતી પાયો
**રૂપરુચિ**નો શિષ્ય **દયારુચિ** એ આચાર્ય ગુણ ગાયો રે ॥ ભ૦ શ્રી૦॥ ૧૪॥

**ઇતિ હીરપદમ્**

**નેમવિજય રચિત તેજસાર રાજર્ષિ રાસ**

ગછ ચોરાસી મુકુટ નગીનો, **તપગચ્છ**નો સિણગાર,
પરઘલ પુણ્ય મહોદય મહિમા, વધતો સુજસ સફાર. મેં. ૮
**હીરવિજયસૂ**રિ સૂરિશિરોમણિ, **તપગછ**-તખત ઉદાર,
ભવિક-કુમુદદન વહિન જગતી, જાણે ઉગ્યો દિનકાર. મે. ૯
જગતગુરૂ જસ બહુત વડાંઈ, તાર્યા કઈ નરનારિ,
મહાવયરાગી ગુરૂ ગુણરાજિત, સોભિત પર-ઉપગાર. મેં. ૧૦
રૂપપુરંદર સુંદર કાયા, અનંગ તણો અવતાર,
મોહ્યા મુનિજન ગુણિજન સેવેં, સૂરતિરી બલિહાર. મેં. ૧૧
વડવષતી વિદ્યાનો આગર, ભાગ્ય તણો અંબાર,
મહાનુભાવ સૂરીજનરંજન, જેર કીયો જેણિં માર. મેં. ૧૨
સાહ **અકબરકે** પ્રતિબોધક, કીયા સુગતા વિહાર,
તસ શિષ્ય **આણંદવિજય** બુધ, ગિરૂયા **મેરૂવિજય** બુધ
સાર. મેં. ૧૩



નડીયાદ



સ્ફુલિંગ પાર્શ્વનાથ જિનાલય - વિજાપુર



શ્રી શામળાજીપાર્શ્વનાથ દેરાસર
ડભોઇ



ઝવેરીવાડ સંભવનાથની ખડકી - અમદાવાદ



શ્રીહીરવિજયસૂરિ કાષ્ઠમૂર્તિ દોશીવાડાની પોળ - અમદાવાદ



શ્રીઅજિતનાથજી દેહરાસર - સિરોહી



શ્રીઆદેશ્વરજી દેરાસર - સિરોહી



આબુદેલવાડા



મહુવા



જાલોર

## ૪

# શ્રીહીરપદ

રાગ ષંભાયતી । એ દેશી ।

ગછના ધણી જી ગુરુ તપગછના ધણી આજ મેં ભેટ્યા ગુરુ
સંઘ ચતુર્વિધ આયે મિલકે ભેટવા ગુરુચરણાદિ ભણી
**શ્રીવિજૈહીરસૂરિ** ગ૦ ॥ ૧॥

પૂજૈ ચરણકમલ ગુરુદેવકે રંગ ગાવૈ ભાસ ઘણી । શ્રી૦ ॥ ૨॥

નરનારી મિલ શ્રીગુરુદેવકું વધાવૈ ભર મોતીયનકો થાલ । શ્રી૦ ગ૦॥ ૩॥

આજ મ્હારે ઘર સુરતરું ફલીયો પાયો આજ મેં ચિંતામણિ । શ્રી૦ ગ૦॥ ૪॥

કહે **મોહનરુચિ** શિષ્ય વિનોદકે **શ્રીવિજૈહીરસૂરિ** મેરો ધણી । શ્રી૦ ગ૦॥ ૫॥

ઇતિ હીરપદમ્

**ક્ષેમવર્ધન રચિત શાંતિદાસ અને વખતચંદ શેઠનો રાસ**

સોહમપાટપરંપર પ્રગટ્યા શ્રી **હીરવિજય સૂરિંદાજી**,
બુજવ્યો **અકબરશાહ** નરીંદા, મોહનવેલી કંદાજી. ૧
**ડાબર** સરવર જાળ મુકાયા, જીજીયા-કર છોડાયાજી,
મહીતલમાં સુજસ ગવાયા, અમારિ-પડહ વજડાયાજી. ૨
અઠાવનમેં પાટ સુહાયા, જગગુરૂ નામ ધરાયાજી,
**વિજયસેન**સૂરી તસ પાટે, પંડિત નામ ઠરાયાજી. ૩

૫

શ્રીદયારુચિ રચિત

# શ્રીહીરપદ

શ્રીગુરુનાંમ જપો પરભાતૈ દિલ હર્ષ ધરી મેં ગુણ ગાતૌ
આસ ફલૈ મનવંછિત કોડી ગુરુચરણ નમું મે કર જોડી ।।૧।।

ગુરુનાંમેં નવનિધ ઘર આવૈ ગુરુનાંમૈ અરતિ દૂરૈ જાવૈ
ગુરુનાંમેં સુરનર નમેં દોડી ।। ગુ૦।। ૨।।

ગુરુચરણ સેવત સંપત પાવૈ ગુરુનાંમેં દુખ દાલિદ્ર જાવૈ
વલી પુત્ર કલત્ર મિલૈં બંધવ જોડી ।। ગુ૦ ।। ૩।।

ગુરુનાંમેં ભોજન મિલે મીઠો ગુરુ અંધને, આંખ દીયે તૂઠો
ગુરુ બંદીવાનના બંધ છોડી ।। ગુ૦ ।।૪।।

ગુરુ ભૂલાં અટવીમેં પથ ઘાલૈ નરરૂપ થઈ આગલ ચાલૈ
ગુરુ સંકટ ટાલૈ આવૈ દોડી ।। ગુ૦ ।।૫।।

ગુરુનાંમે થલમેં જલ પાવૈ ગુરુનાંમેં મેઘ માંગ્યા આવૈ
ગુરુનાંમે નવનિધ મિલૈ હોડી ।। ગુ૦ ।।૬।।

ગુરુ તારૈ કષ્ટસમુદ્રમાંથી ગુરુનાંમ જપ્યાં ધુમેં ઘર હાથી
અસવારી દે ગજ પાલખી ઘોડી ।। ગુ૦ ।।૭।।

એહ દૂસમ આરૈ મહિમા મોટો ગુરુ સમરથ ઘર નાંવૈ તોટો
ગુરુનાંમૈ ગઈ સંપત બહોડી ।। ગુ૦ ।।૮।।

ગુરુ ગાતાં પામે મીષ્ટ મેવા રણ અટવી માંહૈ હોવૈ પેદા
ગલ લંગર પડ્યા ગુરુ દે તોડી ।। ગુ૦ ।।૯।।

ગુરુનાંમે ઘર બહુ મેવા પાવૈ નર થાલ ભરી દોડી લ્યાવૈ
વલી ખાએ દ્રાખ દાડિમ પબોડી ।। ગુ૦ ।।૧૦।।

ગુરુનાંમે વસ્ત્ર નવા નવા પાંમેં વલી ચોવા ચંદણ વાસ ઠાંમેં
ગુરુ ઓઢણ દૈ પાંભડી સાલ જોડી ॥ ગુ૦ ॥૧૧॥

ગુરુનાંમે બુગચા ભર્યા ઘરમેં ઘણા ષાસા મુલમુલ ગુરુનાંમેં
ગુરુનાંમે નરપતિ કર જોડી ॥ ગુ૦ ॥૧૨॥

ગુરુચરણ નમું મેં શિરનાંમી ગુરુચરણપૂજા મેં ભાગ્યૈં પાંમી
**શ્રીવિજૈહીરસૂરિ** વાંદુ કર જોડી ॥ ગુ૦ ॥૧૩॥

**શ્રીવિજૈહીરસૂરીશ્વર** મેં ગાયો ગાવંતા તન ધન સુખ પાયો
**દયારુચિ** વાંદે ગુરુ ચરણાં જોડી ॥ ગુ૦ ॥૧૪॥

ઈતિ પદમ્

**સંઘવિજય રચિત સિંહાસન બત્રીસી**

તપગછનાયક ગુણનિલૌ શ્રી **હીરવિજય** સૂરીંદ
જૈન ધરમ દીપાવીયો જસ પય નમૈ સુરીંદ. ૩૭
**લુંકાપતિ ઋષિં મેઘજી** અઠાવીસ ઋષિ પરિવાર
આવી **હીરગુરૂ** વંદીયા આણી હર્ષ અપાર. ૩૮
કુમતિ તજી સુભ મતિ ભજી સાર્યા આતમકાજ
**ઉદ્યોતવિજય** વિબુધ પદ દીઉ ધનધન **હીરગુરૂ**રાજ. ૩૯

**મેરુવિજય રચિત વસ્તુપાલ તેજપાલનો રાસ**

તસ પાટે દિનકર દીપતો, શ્રી **હીરવિજયસૂરિ** જગગુરૂ જાણો રે;
સાહ **અકબર** પ્રતિબુઝવી, કીધા જગત્રય આક્ષાણો રે. ૧૨ વી.
સરોવર જાલ છોડાવિયાં, છોડાવ્યાં બાન જ લાખો રે;
છોડાવ્યો જગજુઓ, શાહ **અકબર** જગગુરૂ ભાખ્યો રે. ૧૩
શા **કુમરા**-કુલે જાણિયે **નાથીબાઈ**-કુખ-મલ્હારો રે;
શ્રી **વિજયદાનસૂરિ** શિષ્ય કહું, **હીરવિજયસૂરિ** જગત્રય-આધાર રે. ૧૪

૯

श्री मोहनरुचिर रचित

## श्रीहीरपद

શ્રીગુરુ નામ જપો પરભાતે મનસુધે નિતમેવ રી માઈ
ગુરુ નાંમે વિઘન સહુ ચૂરૈ ગુરુનાંમે આનંદ પુર રી માઈ ॥ શ્રી૦ ॥૧॥

દાલિદ્ર દુખ ચૂરણ ગુરુદેવા સુષ સંપતિનો હેત રી માઈ
ગુરુદાતા સમ નહિ કો જગમેં શ્રીગુરુ ભાવે તું ધ્યાવ રી માઈ ॥ શ્રી૦ ॥૨॥

ગુરુ પૂજો દિલ સુધ ઠાંમ આંણિ આંણી ધ્યાંન વિસેસ રી માઈ
પાવૈ નિધાંન સંપત ઘર બહુલા ઘર મહિલા રિધ પૂર રી માઈ ॥ શ્રી૦ ॥૩॥

પાંમે ગ્યાંન ગુરુસેવા સેતી ગુરુગુણ દિલમેં આણરી માઈ
ગુરુ સમ દેવ અવર ન કોઈ જોઇ જગ વિલોઇ રી માઈ ॥ શ્રી૦ ॥૪॥

ગ્યાંનજોયતિ પ્રકાસી હૈ ગુરુ ગ્યાંનના પૂર ભંડાર રી માંઈ
શ્રીગુરુ ગ્યાંન ભરદરિયા જિમ પૂરૈ ગુરુ મનના સંદેહ રી માઈ ॥ શ્રી૦ ॥૫॥

લાભ અનંતો શ્રીગુરુગુણનાંમૈ લહસ્યે સદા સહી પૂર રી માઈ
**મોહનરુચિ** ગુણ ગાવૈ શ્રીગુરુના પાંમસ્યૈં ચઢતે નૂર રી માઈ ॥ શ્રી૦ ॥૬॥

ઇતિ હીરપદં

**જ્ઞાનવિમલસૂરિ રચિત સાધુવંદના**

હીરો **હીરવીજય** સૂરીસર, જેહના ઘણા અવદાતઈજી,
જીવ-અમારિ તીર્થંકર-મોચન, પ્રમુખ ઘણી કરી વાતઈજી. ૯ ૫.
સાહિ **અકબર**નઇં પ્રતિબોધ્યો, જાસ જસ બહુતો વાધ્યોજી,
**મેઘજી**ઇં ગુરુ **હીર**નઇં ચરણઇં, આવી વંછિત સાધ્યોજી. ૧૦ ૫.

૭

શ્રી કુશલવર્ધન રચિત

## શ્રીવીરજિન સ્તુતિ

સયલ મંગલદાયક સુરતરૂ, ત્રિસલાનંદન વીર વીર જિણેસરૂ,
સુગુરૂ **હીરવિજય** સૂરીસરૂ, જયુ નિરમલ નાણ દિણેસરૂ ॥ ૧ ॥

ચઉવીસય રિખભાદિક જિણવરા, સબલ મોહ મિથ્યાત નિરાકરા,
**હીરવિજય** સૂરીસ સોહાકરા, હોજયો નઈ સહુ સંકટહરા ॥ ૨ ॥

અરથથી જિનવીરિં ભાખીઉ, ગણધરિં તિમ સૂત્રિં દાખિઉ,
**હીરવિજયસૂરીસ**રિ રાખિઉ, જયું આગમ સિવસુખ સાખિઉ ॥ ૩ ॥

ભવિય જનનાં વિઘન નિવારણી, વિમલ મતિ દિઉ સરસતિ સામિણી,
**હીરવિજય** સૂરીસર મુખિ સુણી, **કુસલવર્ધ્ધન** સંપદ કારિણી ॥ ૪॥

॥ ઈતિ શ્રી વીર જિન સ્તુતિઃ ॥

**લક્ષ્મીવિજય રચિત શ્રીપાલ મયણાસુન્દરી રાસ**

તપગચ્છગયણે દિનકર સરિષો, શ્રી **વિજયદાન** સૂરીંદાજી,
તાસ પાટ સોભાકર સુંદર, **હીરવિજય** મુણીંદાજી. ૯૭
**હીરવિજય**ની વાણી સુણીનઈ, **અકબર** આણંદ પામ્યોજી;
સકલ દેશમાં દયા પલાવઈ, ધર્મ ઉપરિ મન થામ્યોજી. ૯૮

**નેમવિજય રચિત ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ રાસ**

સોહમસ્વામીની સુદ્ધ પરંપર, સોહે **તપગછ**રાજા રે,
**હીરવિજયસૂરિ** સૂરિપુરંદર, છાજે અધીક દિવાજે રે. મ. ૬
સાહ **અકબર**બોધક જગગુરૂ, જેહનો બિરદ સવાઇ રે,
જુગપરધાંન જે ગછ ચોરાસી, અવતંસ ઓપમ પાઇ રે. મ. ૭

८

श्री आनंदहर्ष रचित

## श्रीविमलाचल स्तुति

આદિ અનાદિ તીરથ સાર, વિમલાચલ નામિં જયકાર,
સિદ્ધ અનંતા હુઆ જિણઇ ઠામિ, કર જોડીનિં કરૂં પ્રણામ ॥ ૧॥

તીરથંકર વંદૂ ચુવીસ, વિહરમાન સમરૂં જિન વીસ,
એકવાર જો નયણે મિલઇ, સકલ મનોરથ સહિજિં ફલિ ॥ ૨॥

ગણધર સહૂની મતિ નિર્મલી, અંગ ઉપાંગ રચઇ મનિ રુલી,
શ્રી હીરવિજયસૂરી મુનિવરૂ, આગમ ભાંખઇ જે સુંદરૂ ॥ ૩॥

ગિરૂઓ ગોમુખ સેત્રુંજ ધણી, આશા પૂરઇ શ્રી સંઘ તણી,
ચકકેસરી પ્રભુ સાનધિ કરઇ, આનંદ હરખ સુખ સંપદ વરઇ ॥ ૪॥

॥ ઈતિ થુઈ સમાપ્તઃ ॥

**ઉદય ઋષિ રચિત સાંબપ્રધુમ્ન રાસ**

જોજીના કરતાં મુઝનેં નાવે, આવેં પાટ પશાઈજી,
શ્રી હીરવિજયસૂરિ ગુરૂ શાખા, શુભવિજય શિષ્ય ન્યાઈજી. ૯
અકબર શાહ જિણેં પ્રતિબોધ્યો, જૈન ધરમ નિસદીસોજી
જય વરનાંણી વિજય પ્રમાણેં, સોભાંણી મેં ઈસોજી. ૧૦

**હસ્તિરુચિ રચિત ચિત્રસેન પદ્માવતી રાસ**

સિરિ તપગછ-કજ-દિનમણી, જયવંતા રે;
શ્રી હીરવિજય સૂરિરાજ, સાધુ ગુણવંતા રે.
પ્રતિબોધ્યો પાતસ્યા જિણિં, જય કરિયા કોડિગમે ધર્મકાજ. સા. ૧

૯

શ્રી કુશલવર્ધન રચિત

## શ્રી વાસુપૂજ્યજિન સ્તુતિ

પ્રભુ નયરિ ચંપા અવતરો ત્રિભુવન જન પેણઈ અલંકરો ।
શ્રી **હીરવિજય** સૂરિ ચિત્ત ધરો, સો પ્રણમઉ જયા સુત ગુણ ભરો ॥ ૧॥

જે ત્રિભુવન જન નઈ તારવા, ભવ સંતતિ દુક્ખ નિવારવા ।
તે સમરથ સવે જિન જાણીઈ, શ્રી **વિજયસેન** સૂરિ વખાણીઈ ॥૨॥

વાસુપૂજ્ય વાણી અમૃત સારિણી, ભવસાગર દુત્તર તારિણી ।
શ્રી **હીરવિજય** સુંખ કારિણી, ભવ ભ્રમણહ તાપ નિવારિણી ॥૩॥

સકલ સમકિત દૃષ્ટિ દેવતા, જિનસાસન અહનિશિ સેવતા ।
**વિજયસેનસૂરિ** રોહિણિ તપ ધરા, જય **ક્ષેમકુશલ** મંગલ કરા ॥૪॥

॥ ઇતિ સ્તુતિ ॥ ૧॥ છ॥

**સહજકીર્તિ રચિત શીલરત્ન રાસ**

**તપ**ગછનાયક ગુણનિલઉ, શ્રી **હીરવિજય** સૂરીંદ,
મહીમંડલ મહા દીપતઉ, જિમ તારા મહીં ચંદ. ૧૭

**સંઘવિજય રચિત વિક્રમસેન શનિશ્ચર રાસ**

શ્રી **હીરવિજયસૂરિ તપ**ગચ્છધણી, તેહ તણી જગિ દીપ્તિ હુઈ ઘણી
તસ શીસ **ગુણવિજય** ગુણવાન, સુવિહિત સાધુ ગુણરતન નિધાન. ૪૩૯

**અમરચંદ્ર રચિત કુલધ્વજકુમાર રાસ**

તાસ પટોધર પરગડો મ. **હીરવિજયસૂરી** હીર મ.
**અકબર** નરવર બૂઝવ્યો મ. વાણીસુધા રસખીર મ. ૨૬૮

१०

# શ્રી વાસુપૂજ્યજિન સ્તુતિ

શ્રી વાસુપૂજ્ય કાંતિ વિદ્રુમ સમો, પ્રહિ ઉઠી ભવિકા નિતુ નમો ।
ક્રોધ માન માયા લોભહ દમો, જિમ **હીરવિજયસૂરિ** મનિ રમો ॥ ૧ ॥

જે અતીત કાલિ હુયા અનંત, નમો અનાગત હોસ્યઇ જિન અનંત,
સંપ્રતિ કાલિ વીસઈ વિહરમાન, શ્રી **વિજયસેનસૂરિ** ધરઈ ધ્યાન ॥ ૨ ॥

શ્રી જિનવર વચન અમૃત પીઓ, જિમ અજરામર પદ સુખ લીઓ ।
શ્રી **હીરવિજયસૂરિ** ચિરંજીઓ, જેણઇ એહવો જિનમત ગુરુ દીઓ ॥ ૩ ॥

સાત વરસ નઈ વલી માસ સાત, જે રોહિણિ તપ તપઈ અતિ વિખ્યાત ।
ચંડા દેવી તસ સાંનિધિ કરઈ, **વિજયસેનસૂરી** ઇમ ઉચ્ચરઈ ॥ ૪ ॥

॥ ઈતિ સ્તુતિ ॥ ૨॥

**સુમતિહંસ રચિત શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન**

**અકબર** સાહ પ્રતિબોધીઉ રે, તપગછ પૂનિમ ચંદ,
શ્રી **હીરવિજય** સૂરીસરૂ રે, સેવઇ સુરનરઇંદ. ૬૧ સું.

**લબ્ધિવિજય રચિત દાન શીલ તપ ભાવનાધિકારે**
**દૃષ્ટાંત કથા રાસ**

શ્રી **વિજયદાન** સૂરીશ તપગછધણી,
તપ તર્ણે તેજે આદિત નિરખો,
સૂરિ શ્રી **હીરવિજયાભિધો** હીરલો,
તાસ પાટે સોહમસામિ સરિખો. ભજો. ૫

## ૧૧

# શ્રી વીરસ્તુતિ

સકલ સુરાસુર સેવિત સુંદરૂ **ત્રિસલાનંદન** વીર મનોહરૂ,
જયઉ **હીરવિજયસૂરીસરૂ** જસુ પ્રસાદિ સેવુ જિનવરૂ ॥ ૧ ॥

પંચ કલ્યાણક જેહના સૂર કરઇ વિષમ ભવસાયર સહિજિ તરઇ,
**હીરવિજયસૂરિસર** ધ્યાઈયા ઈસા જિનવર મઇ આરાધીયા ॥ ૨ ॥

અરથ અરિહંતઇ ભાષઉ નિરમલઉ ગણધરઈ જુ પ્રબંધ કીધઉ ભલઉ,
**હીરવિજયસૂરીશ્વર** અભ્યસઉ ઈસુ આગમ મારિ મનિ વસિઉ ॥ ૩ ॥

ન્યાનાદિક ગુણ રચણસું ભરિઉ **હીરવિજયસૂરિ** ચરણે અણુસરઉ,
ઈસા સંઘ તણા સંકટ હરઉ શ્રુતદેવી ઉચ્છવ મંગલ કરઉ ॥ ૪ ॥

ઇતિ સ્તુતિ સંપૂર્ણ

**મુક્તિસાગર રચિત કેવલીસ્વરૂપ સ્તવન**

શ્રી **હીરવિજય** સૂરીસરૂ, અભિનવ ધનો અણગાર,
કલિકાલઈ શ્રુતકેવલી, ગોયમ સમ અવતાર. ૨

**ભાવવિજય રચિત ધ્યાનસ્વરૂપ ચોપાઇ**

શ્રી તપાગચ્છ સોહાકરો, શ્રી **હીરવિજયો** ગુરૂ યુગપ્રધાનો,
દેશના જસ સુણી શાહિ **અકબ્બર** ગુણી, ધર્મકર્મઈ થયો સાવધાનો. ૯

**ભાવવિજય રચિત શ્રાવકવિધિ રાસ**

**હીરવિજયસૂરિ** તસ પટિ રાજે, જગગુરૂ બિરૂદે છાજે,
સાહિ **અકબર**ને પ્રતિબોધી, દીપે અધિક દિવાજે. ૬

૧૨

શ્રી લબ્ધિસૂરિ રચિત

# શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજની સ્તુતિ

(રાગ-ધનાશ્રી)

**હીરસૂરિ** પ્રધાન, જગતમેં **હીર સૂરિ** પ્રધાન;
ચારિત્ર ગુણના નિધાન, જગતમેં૦ ૧

બાલપણાથી જ્ઞાની ધ્યાની,
સ્વપર શાસ્ત્રના જાણ; જગતમેં૦ ૨

સ્વપર કારજ સાધતારે,
સાધુ થયા પ્રમાણ; જગતમેં૦ ૩

ઉન્નતિ કરે જિનશાસને રે,
તપગચ્છ ગગનમાં ભાણ; જગતમેં૦ ૪

ચમત્કારથી શોભતારે,
થોભતા વાદી બાણ; જગતમેં૦ ૫

દાનસૂરીશ્વર પટ્ટધરારે,
બોધ્યો **અકબર** સુજાણ; જગતમેં૦ ૬

તપ જપ જ્ઞાન સંજમમાં રાતા,[૧]
પુણ્ય પ્રકૃતિનું ઠાણ, જગતમેં૦ ૭

**આત્મકમલ** વિકસાવતીરે,
ગુણ ગણ **લબ્ધિ**ની ખાણ; જગતમેં૦ ૮

**ઉના** ગામે દર્શન કરતાં,
કાઢ્યો કરમનો ઘાણ; જગતમેં૦ ૯

૧. રક્ત

13

શ્રી લબ્ધિસૂરિ રચિત

## શ્રીમદ્ હીરવિજયસૂરીજીની સ્તુતિ

(રાગ-ધનાશ્રી)

શ્રી **હીરસૂરિ** ગુરૂરાય,
હમારા **હીર સૂરિ** ગુરૂરાય,
પ્રણમું પ્રભાવક પાંય; હમારા૦ ૧

લઘુ વયે ગુરૂ દીક્ષા ધારી,
નિજ ઘટ જ્ઞાન પ્રગટાય; હમારા૦ ૨

જૈન ધર્મ ઉદ્યોત કરીને,
મિથ્યા તિમિર મિટાય; હમારા૦ ૩
શાસનસ્થંભ થયા સૂરિરાયા,
બોધક **અકબર**રાયં; હમારા૦ ૪
છમાસી અમારી પલાવી
**શાંતિચન્દ્ર**ને ઠાય; હમારા૦ ૫
ધન્ય જીતેંદ્રિય એ ગુરુરાયા,
સમ ભાવી સુખદાય; હમારા૦ ૬
**આત્મ-કમલ** વિકાશક મુનિવર,
નમતાં **લબ્ધિ** પમાય; હમારા૦ ૭

卐

**પ્રેમવિજય રચિત તીર્થમાલા**
તપગછપતિ ગુરૂ હીર, ઉતારિ ભવતીર,

# વિભાગ

# ૭

# સજ્ઝાય સંગ્રહ

૧

શ્રી સકલમુનિ રચિત

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

જેણ દિન **હીરગુરૂ** વદન સમ ચંદ્રમા,
સુણિ સખિ હું સદા નયન પેખું;
**હીરગુરુ** વચન અમૃતરસ મનિ ધરૂં,
સોઈ દિન આઊખા માહિં લેખું. જેણ૦ ૧

સુણિ સખી મઈ લિખી હીરગુરૂ,
ગુણ સ્તુતિ સાહિ **અકબર** યથા મનિ વિચારી,
સુમતિ ગુપતિ તથા હીર સુધી,
ધરઈ **હીરગુરૂ** શુદ્ધ નવ બ્રહ્મચારી જેણ૦ ૨

ધન્ય તે ગામ પુર નયર વર પત્તના,
**હીરગુરૂ** પદકમલ પવિત્ર કીના;
ધન્ય તે ભવિક લોકા સખી હું ગુણું,
**હીરગુરૂ** ગુરૂપણઈ જેહ લીણા. જેણ૦ ૩

**હીરગુરૂ** તપ તપો હીર ઉપશમ રસો,
સુણિ સખી પેખીઓ એહી સારો;
**હીરગુરૂ** સાર સંયમ ધરો ગણધરો,
જનની જાયો ભવાંભોધિ તારો. જેણ૦ ૪

રયણની જાતિ માતી ન રેખો યથા,
લશણીઉ લોકમંઈ સાર હીરો;
**સાહી અકબર** યથા **હીરગુરૂ** ચિત્ત ધર્યું,
**સકલમુનિ** સો નમ્યો ગુણગંભીરો જેણ૦ ૫

卐

## ૨

## શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

પ્રણમી સંતિ જિણેસર રાય સમરીય સરસતિ સામિણિ માય;
[illegible] શ્રીહીરવિજયસૂરિંદ. ૧

**શ્રીઆણંદવિમલ** સૂરીસરરાય **શ્રીવિજયદાનસૂરિ** પ્રણમું પાય;
તાસ સીસ સેવઇ મુનિવૃંદ ગુરૂ **શ્રીહીરવિજયસૂ**રિંદ. ૨

સમતારસ કેરઉ ભંડાર ભવિક જીવનઇ તારણહાર;
પાએ નમઇ નરનારીવૃંદ ગુરૂ **શ્રીહીરવિજયસૂ**રિંદ. ૩

દેહકાંતિ દીપઇ જિમ ભાણ વાણી મધુરી કરઇ વખાણ;
પડિબોહિઇ સુરનર દેવિંદ ગુરૂ **શ્રીહીરવિજયસૂરિંદ.** ૪

ચઉદ વિદ્યા ગુણરયણનિધાન વાદી સયલ મનાવ્યા આણ;
**શ્રીવિજયદાનસૂરીસર સીસ** પ્રતિપઉ એહ ગુરૂ કોડિ વરીસ. ૫

卐

**યશોવિજય રચિત જ્ઞાનસાગર ટબોસી**

**૩૫૦ ગાથાનું સ્તવન**

"વડતપાગચ્છરૂપ નંદનવનનેં વિષઇ સુરતરૂ સરિખો કલ્પવૃક્ષ સમાન શ્રી **હીર**વિજયસૂરિ જયવંતા પ્રવર્ત્તો. આચાર્યમાંહઇ રાજા સમાન છઇ"

**નેમવિજય રચિત શ્રીપાળનો રાસ**

પાતસાહ દલીપતી હુઓ, **અકબરશા** છે નાંમિજી,
તેડાવ્યા ગછનાયક ગિરૂઆ, તપાગછ મોટે ઠાંસેજી. ૧૪
શ્રી **હીરવિજય**સૂરી આચારજ, **શુભવિજય** તસ સીસજી,

## ૩

શ્રી કનકવિજય રચિત

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

વીરજિન કનકગિરિ સુંદરૂ શ્રીજિનશાસન સાર રે;
નંદન વન શ્રુત કેવલી કંદથી હુઉ અવતાર રે. શ્રી૦ ૧

શ્રીગુરૂ સુરતરૂ અભિનવુ વાંછિત પૂરવઇ કામ રે;
નામ લીધઇ ભવિજનતણાં વિબુધજન સયલ સુખ ધામ રે. શ્રી૦ ૨

સમકિતમૂલ સોહામણું સીઢ સુદૃઢ થડ જાસ રે;
વાડિનવ અતિ ઘણું દીપતી અચલ જડ સત્ય વિશ્વાસ રે. શ્રી૦ ૩

શાખ પ્રતિશાખ મહાવ્રત વલી સુમતિ મતિ ગુપતિની ચંગ રે;
કૂંપલી કુંયલી જાણીંઇ શ્રીજિનવચન સુરંગ રે. શ્રી૦ ૪

ચરણ કરણ ગુણ પાનડાં વિનય નય કોરક સાર રે;
જ્ઞાન ફૂલે કરી ફૂલીઉ કરય યશ ગંધ વિસ્તાર રે શ્રી૦ ૫

સરસ વચન રસ મંજરી પિંજરીકૃત વન દેશ રે;
પલ્લવ પ્રૌઢ તિહાં પુણ્યનાં ગલય નવ રસ સુવિશેસ રે. શ્રી૦ ૬

કનકવરણ અતિ કૂંપલી શાખ પરિપૂરણ કાય રે;
સરસ નિવિડ ઘન સીયલી તાપહર કીરતિ છાય રે. શ્રી૦ ૭

મુનિવરગણ તિહાં ભમરલાં ગુમ ગુમ કરય સજ્ઝાય રે;
અંગ અગ્યાર રસ પીયતાં દેહની પુષ્ટિ બંધાય રે. શ્રી૦ ૮

વિમલમતિ વિબુધ સેવા કરઇ મનિ ધરી અતિહિં આણંદ રે;
અવિચલ પદ ફલસું ફલિઓ નિર્વૃતિ સ્વાદ અમંદ રે. શ્રી૦ ૯

સાધવી સાર કલકંઠિકા ધરઈ ગતિ પંચમ રાગ રે;
શ્રાવક શ્રાવિકા સુક સુકી નહીં તિહાં કુમતિજન કાગ રે. શ્રી૦ ૧૦

વાચક સાલતરૂ પરિવરિઉ આચારિજ ચારૂ મંદાર રે;
**હીરવિજય** ગુરૂ સુરતરૂ **કનકવિજય** સુખકાર રે. શ્રી૦ ૧૧

**"ઇતિ શ્રીગુરૂણાં સ્વાધ્યાયઃ પ્રણીતઃ પં. કનકવિજયગણિપાદૈર્લિખિતશ્ચ તૈરેવ મુ. વિદ્યાસુંદરપઠનકૃતે" ॥ મુનિ અનંતસાગરસ્ય પત્રં ॥**

卐

**માનવિજય રચિત શ્રીપાલ રાસ**

તપગછનાયક જગગુરૂ, શ્રી **હીરવિજય** સૂરીંદ
**અકબર** જેણઇ પ્રતિબોધિયો, જિનસાસન રે જયકાર મુણિંદ. ૯

**યશોવિજય રચિત દ્રવ્યગુણ પર્યાયનો રાસ**


**તપગચ્છનંદન** સુરતરૂ પ્રગટ્યો, **હીરવિજય** સૂરીંદો;
સકલ સૂરિમાં જે સોભાગી, જિમ તારામાં ચંદો રે. હમચડી. ૧

**માનવિજયગણિ રચિત સાસનયવિવરણરાસ-**

શ્રી **તપાગછનંદનવનિં** સુરતરૂ, જાણીઇં તે જગિ યુગપ્રધાનો,
જગતગુરૂ-બિરૂદ-ધારી મહિમાનિધી, શ્રી ગુરૂ**હીરવિજયાભિધાનો**. ૮૨
શ્રી જિનસાસન જગિ જયજયકરૂ

**જ્ઞાનવિમલસૂરિ રચિત અશોકચંદ્ર રોહિણી રાસ**

શ્રી **હીરવિજયસૂરી** તસ પાટેં સોહેં રે, પ્રતિબોધ્યા **અકબર** ભૂપ રે. ધન. ૨
થોકેં થોકેં લોકાં તસ ગુણ ગાવતાં રે, આજ લગેં વલી વિખ્યાત રે,



રાધનપુર




શ્રી હીરવિજયસૂરિ સમાધિમંદિર ઉદ્યાન - શાહબાગ-ઊના





શ્રી હીરવિજયસૂરિ સમાધિમંદિર ઉદ્યાન - શાહબાગ-ઊના




**શ્રી હીરવિજયસૂરિ સમાધિમંદિર ઉદ્યાન - શાહબાગ-ઊના**



**શ્રી હીરવિજયસૂરિ સમાધિમંદિર ઉદ્યાન - શાહબાગ-ઊના**



શ્રી હીરવિજયસૂરિ સમાધિમંદિર ઉધાન - શાહબાગ-ઊના




શ્રી હીરવિજયસૂરિ સમાધિમંદિર ઉધાન - શાહબાગ-ઊના

૪

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

સરસતિ સામિણિ પાએ લાગઉં માગઉં અવિચલ વાણી રે;
તપગછનાયક જિમ હું ગાઉં વિમલ ભગતિ ચિત્તિ આણી રે.૦ ૧

જય જય **શ્રીહીરવિજયસૂરિ** સૂરિજ સમ નિત દીપઇ રે;
કલિજુગિ કુમતીમતબલગંજન તિમિર હરી જગિ જીપઇ રે.૦ ૨

ઓસવંસ સાહ **કુંરાનંદન** **નાથી** માતા જાયઉ રે;
પરમ પુરૂષ પુરૂષોત્તમ જાણી ઇન્દ્રાણી ગુણ ગાયઉ રે. જય જય૦ ૩

તપગચ્છપતિ ગુણવંતઉ દેખી શ્રીવિજયદાનસૂરિ દીખ્યઉ રે;
બાલપણઇ બહુ બુદ્ધિ મહોદધિ ચઊદ વિદ્યાગમ સીખ્યઉ. જય જય૦ ૪

સુંદર મૂરતિ મુનિ જન મોહન ઉપશમ રસ ભૃંગારૂ રે;
જુગપ્રધાન જંગમ કલપતરૂ જિનશાસન શૃંગારૂ રે. જય જય૦ ૫

પંચાચાર વિચાર ચતુરમતિ સૂરિ ગુણે નિત ગાજઇ રે;
ગામાગર પુરિ વિહાર કરંતઉ આવઇ બહુત દવાજઇ રે. જય જય૦ ૬

કીરતિ કોડિ કલોલ કરંતી દેસ વિદેસઇં ચાલઇ રે;
નિજ દરસણિ દરસણ ધન દેઇ દુરગતિનાં દુખ પાલઇ રે. જય જય૦ ૭

અભિનવ ગુરૂ ગૌતમ સમ લબધિઇં અવતરીઉ ચિત્તિ ચોખઇ રે;
સંઘ ચતુરવિધ ચિહું દિસિ કેરા અમૃત નિજરિ કરિ પોષઇ રે.
જય જય૦ ૮

પંચ પ્રમાદ આઠ મદ વારઇ જિનસાસન સોહાવઇ રે;
સુંદરમતિ શુભધ્યાનઇં બઇસી જિન ચઉવીસઇ ધ્યાવઇ રે. જય જય૦ ૯

નવ નવ રસ દેસણ વિસ્તારઈ જીવાજીવ વિચારઈ રે;
અષ્ટવિધ ગણિસંપદસિઉં પૂરૂ આપ તરઈ પર તારઈ રે. જય જય૦ ૧૦

પ્રતિરૂપાદિક ગુણમણિ સાગર આગર શ્રુતનઉ સાચઉ રે;
તપગછ સોવન તિલકિ વિરાજઈ એ **ગુરૂ હીર** જાચઉ રે. જય જય૦ ૧૧

એક જીભ કિણપરિ વખાણઉં ગુરૂ ગુણમાણિક ભરીઉ રે;
દિન દિન અધિક પ્રતાપઈ વાધઈ જેઠ માસિ જિમ દરીઉ રે.
જય જય૦ ૧૨

**(કળસ)**

ઈમ સુગુણ મુણિવર તણઉ નાયક **શ્રીવિજયદાન સૂરીસરૂ**;
તસ પટ્ટ ઉદયાચલઈ ઉદયઉ પૂરણ પુણ્ય દિવાકરૂ;
મહિમાહિ મહિમાવંત ચિર જયઉ **શ્રીહીરવિજયસૂરિ પુરંદરૂ**,
**શ્રીવિશાલસુંદર સીસ** જંપઇ સંઘ ચ્રતુર્વિધ સુખકરૂ. જય જય૦ ૧૩

卐

**શુભવિજય રચિત**

તપગચ્છ-અંબર-અરૂણ ઉદયો શ્રી **હીરવિજય** સૂરીસરો,
નિજ હસ્તદીક્ષિત સુપરિ શિક્ષિત શ્રી **શુભવિજય** કવીસરો.

**વિદ્યારુચિ રચિત ચંદરાજા રાસ**

જુગપ્રધાન શ્રી **હીરવિજૈ** ગુરૂ, સોહમ સમ અવતાર રે,
પાતિસાહ-**અકબર**-પ્રતિબોધક, જિનસાસણ-સિણગાર રે. ૨૩૩૬

**વીરવિમલ રચિત ભાવીની કર્મરેખ રાસ**

વીર પરંપર **હીરવિજય** ગુરૂ, સાસન સોય ચઢાયઉ,
**હેમસૂરિ** જિમ રાય પ્રતિબોધી, જિનશાસન દીપાયો રે. મેં. ૨૭

૫

શ્રી કનકવિજય રચિત

## શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

આજ સકલસિદ્ધાંત હું પાઉં બ્રહ્માણી માત આરાહું;
આણંદ કલ્લોલિં ગાઉં, **નાથીબાઈ** તુમ્હારિં નાનડીઈ રે. ૧

માહરિં મોહરાયસ્યું ત્રોડી, એણિં મયણની વાત વિખોડી.
માહરાં દુખડાં કાઢ્યાં સવિ દોડી. નાથી૦ ૨

આગઇં લોભ ધૂતારિં હું ગ્રસીઓ હુંતો મયણતણો હું રસીઓ;
હવઇં **હીરજી** હીયડિં વસીઓ. નાથી૦ ૩

હું કુંણમાત્ર ભીખારી પરણાવી સંયમ નારી;
હું તો કીધો ધરમ અધિકારી. નાથી૦ ૪

હું ધૂરત કિણહી ન જાણ્યો મનમોહન ખરો રે પિછાણ્યો;
હું વાનરો કિંમ વસિ આણ્યો. નાથી૦ ૫

એહવઉં કાંમ કહેથી ન સીધું નવિ જાણું ઇંણિ કાંઇં કીધું;
માહરૂં મનડું હરિનઇં લીધું. નાથી૦ ૬

મુનિં ઊવટ્ટ જાતો વાલો મનિં દુરગતિનો ભય ટાલ્યો,
એણિં બાલકનિં પરિપાલ્યો. નાથી૦ ૭

સિદ્ધાંતરસ મુઝ દીધો ત્રણિ ભુવનમાંહિં હું પ્રસિદ્ધો;
એણિં આપણો હું દાસ કીધો. નાથી૦ ૮

**શ્રીહીરવિજયસૂરીસ** પ્રભુ પ્રતપો કોડિ વરીસ;
ઇમં **સહિજવિજય** દ્યેં આસીસ. નાથી૦ ૯

卐

૬

શ્રી કનકવિજય રચિત

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

સરસતી મતી આપો સારી ગાઉં તપગછકો પટધારી;
**શ્રીહીરજી** હું બલિહારી મનોહર **હીરજી** ગુરૂ વંદો.૦ ૧

**પાલણપૂર** નયર સુઠામ સાજીન સાજીન લેં વીસરામ;
ગુરૂ જનમભોમી અભીરામ. મનો૦ ૨

સા **કુંરાજી** કુલસીણગાર સતી **નાથીજી** માત મલ્હાર;
જાણેં ઇંદ્રભુતી અવતાર. મનો૦ ૩

જિનસાસનકો સુલતાન **અકબરસા** દેં બહુમાન;
ગુરૂ કલિજુગ યુગપ્રધાન, મનો૦ ૪

અમાર ઢંઢેરા ફેરાયા **વિમલાચલ** મૂગતા કરાયા;
જેણેં વાદીવૃંદ હરાયા. મનો૦ ૫

ગુરુજ્ઞાન ક્રીયા ગુણ ભરીયો ગુરૂ ઉપસમરસનો દરીયો;
જેણે ઓસવંસ ઉદ્ધરીયો. મનો૦ ૬

**શ્રીવિજયદાનસૂરીરાયા** તસ પાટેં **હીર** સવાયા;
બહું પૂંન્ય ખજીના પાયા. મનો૦ ૭

બાઇ **વેમલાઈ**નો વીરો મહીમંડલ સાહસધીરો;
ગુરૂ **હીરજી** જાચો હીરો. મનો૦ ૮

જેમ કમલેં મધુકર રસીયો તેમ **હીરજી** હીયામાં વસીઓ;
ગુણ ગાતાં ચીત્તડો ઉલસીઓ. મનો૦ ૯

**શ્રીભાવવિજય** કવી સીસ કહેં **'સીધવીજય'** નીસદીસ;
ગુરૂજી પ્રતપો કોડ વરીસ. મનો૦ ૧૦

૭

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

**ઢાલ**

(રાગ-ડુંગરડાનિ)

સરસત સાંમન મન ધરી પ્રણમીય શ્રીગોર પાય રે,
તપગછનાયક ગુંણ થુંણું **શ્રીહીરવિજયસૂરીરાય** રે;
સરસત સાંમન મન ધરી. આંચલી ૧

**જંબૂઅદીપ** વખાંણીયે જોઅણ લાખ સો ચંગ રે;
ખંડ **ભરત** તેહાં જાંણીયે જોઅણ સત પંચ સુરંગ રે.
સરસત ૦ ૨

છવિસ જોઅણ રે છકલા ભલૂં અનોપમ જાસ વિસ્તાર રે;
તેહ માંહે એક પરગૂંડૂં **પાલણપોર** સુવિસાલ રે. સરસત ૦ ૩

બહુ વવહારીયા તેહાં વસે ન લહૂં તસ રધનો પાર રે;
સાત ખેત્રે વત વાવરે કરે નીજ સફલ અવતાર રે; સરસત ૦ ૪

શ્રાવક ગુંણે સંપૂરીયો **સાહ કૂઅરા** તેણે ગાંમ રે;
વસે નિજ સયનસું પરવરો **નાથી** તસ, ઘરણી અભિરાંમ રે.
સરસત ૦ ૫

**ઢાલ**

દેવતણા સુખ ભોગવિ જી પુંન્ય તણે અનુભાવ;
તાસ ઉયર સર અવતરા જી હંસસમાંન સુભાવ.
ગુણાકર ધન ધન તુંમ અવતાર,
જે નરનારી તમ નમે જી તે પામે ભવપાર, ગુણાકર. આંચલી. ૬

સાત દિવસ સાઢા જસેં જી વલી વોલ્યા નવ માસ;
તસ કૂંઅરજી જનમીયા જી તવ પૂગી સબ આસ. ગુણાકર૦ ૭

ધવલ મંગલ તવ ઉચરે જી એહવા કરે સણગાર;
ÜÆÖ-ÌÕÖë èßÂ õ Ìãõ° Þæüõ **હીરકૂંમાર.** ગુણાકર૦ ૮

દન દન વાધે દીપતો જી બીયતણો જમ ચંદ;
ચંદવદન મનમોહતો જી દીઠે પરમાનંદ. ગુણાકર૦ ૯

**પાટણ** પૂજ્ય પધારીયા જી શ્રીવજે**દાંનસૂરીરાય;**
નાંમેં નવનિધ સંપજે જી દીઠે દાલિદ્ર જાય. ગુણાકર૦ ૧૦

પૂજ્ય પધારા સાંભલી જી આવે વંદન કાજ;
સુંણી ઉપદેસ વેરાગીયા જી સારૂં ઉતમ કાજ. ગુણકર૦ ૧૧

ઘર આવિ ભગનિંસુ વિનવે અનુમત દિયો તુમે આજૂ એ;
એ સંસાર અસાર મે જાણો ગુરૂમુખ આજૂ એ.
શ્રી જિનસાસન ધન ધન ધન ધન **શ્રીહીરકુમારૂ** એ,
જે ચિતમાહે વેરાગીયા જાંણી અથિર સંસારૂ એ. શ્રીજિન૦ આં૦૧૨

બેહેની ભણેં બંધવ સુણો તુમચી કૂંઅલી વેસુ એ;
ચારિત્ર છે વછ દોહલૂ જમ અસિધાર પ્રવેસુ એ. શ્રીજિન૦ ૧૩

બાવિસ પરીસહ દોહલાં સોહલી કરતાં વાતૂ એ;
ઘર ઘર ભીખ્યા માગવી ભોંમેં દોહલુ રાતૂ એ. શ્રીજિન૦ ૧૪

બેહેની સુંણો બંધવ ભણે એ દુખની કોણ માતૂ એ;
નરગતણા દુખ ભોગવાં સૂંણતાં ધ્રૂજે ગાતૂ એ. શ્રીજિન૦ ૧૫

આઉ સાગરતેત્રીસનૂં પંચ ધનૂષ તસ કાય રે;
ભોગવતાં દુખ દોહલાં કેંમ એક જીભે કેવાય રે.શ્રીજિન૦ ૧૬

બેહેની ભણે સુણ **હીરજી** આંણી રીદઅ વિચાર રે;
જોવન ભર અત દોહલૂં દોહલા મયણ વિકારૂ એ.શ્રીજિન૦ ૧૭

મૃયણ મહીપત પરગડું જેણે મોડ્યા બહુ વીરૂ એ;
શ્રીનંદષેણ મુનીસ્વરૂ રહેનેંમાદીક ધીરૂ એ. શ્રીજિન૦ ૧૮

પાંણીગ્રહણ તમે કરો ભોગવો બોહોલા ભોગૂ એ;
જોગતણો અવસર નહીં પછે લેજો જોગૂ એ. શ્રીજિન૦ ૧૯

બેહેની સુણો બંધવ ભણે એ સુખનું કોણ માનૂં એ;
દેવતણાં સુખ ભોગવ્યાં પાંમી અમર વિમાંનૂં એ. શ્રીજિન૦ ૨૦

માંનવ ભવ અત દોહલો દોહલો આરજ દેસૂ એ;
કુલ ઉતમ સુંણો દોહલૂં દોહલો ગોર ઉપદેસૂ એ. શ્રીજિન ૨૧

મનમથનો મદભંજસૂ કરસૂં ઉતમ કાજૂ એ;
શ્રી ગોરરાજ પધારીયા અનમત દીયો તુમે આજૂએ. શ્રીજિન ૨૨

**ઢાલ**

એમ સહૂ સઅન પ્રમુખ સમઝાવિય **પાટણનયર** મઝાર;
**શ્રી વિજય દાંનસૂરીસર** પાસેં લીધો સંજમ ભાર.
કૂઅરજી જાણો અથીર સંસાર. આંચલી૦ ૨૩

ગ્રહણાદિક સીખ્યા અભ્યાસે શ્રી ગોરવચને ચાલે;
જોગાદિક તપ રંગે સાધે કુમતી અધોગત ઘાલે. કૂં૦ ૨૪

સૂરમંત્ર સૂરિસર સાધે અધિષ્ઠાયત તસ બોલે;
**હીરહરખ** તૂંમચે પદ થાપો અવર નહિ એહ તોલે. કૂં૦ ૨૫

શુભવેલા શુભ લગન જોઈ ગોર આચારજ પદ થાપે;
સંઘ પ્રમુખ સહુએ ગછ હરખો નત જન સવ સુખ આપે. કૂં૦ ૨૬

પંચ મહાવય પંચ સુમત તિમ ત્રંણ ગુપત મન પાલે;
પંચાચાર કમે નવ ચૂકે કુગતિતણા ભય ટાલે. કૂં૦ ૨૭

### ઢાલ

એમ તપગછનાયક ગાયો ધરી આણંદ;
**આણંદવિમલસૂરી** તસપદ ઉદયો ચંદ. ૨૮

**શ્રીવિજયદાંનસૂર** ગુણવંતો ગણધાર;
તસ પટ ધોરંધર **શ્રી હીરવિજયસૂરી** સાર. ૨૯

જાંહાં મેરૂ મહીધર જાંહાં દીપે સસી ભાણ;
તાંહાં પ્રતિપો એહ ગોર જાસ વહે સંઘ આંણ. ૩૦

તસ પદપંકજવર સેવક ભ્રંગસમાન;
કર જોડી પયંપે હરી નાંમે બહૂમાંન. ૩૧

### (કળસ)

કલકાલમાંહે એહ મુનિવર પ્રબલ ગુણમહિમાનલો,
વર સંજમ કમલા જગત વિમલા તાસ મૂહ અણૂવમીતલો;
બહુ ભગત ભાવે થુણે મુનિવર બત્રીસી અનોપમ રચી,
જે ભવિય ભણસે અને સુણસે તાસ બહુ મંગલ કરી. ૩૨

卐

**જ્ઞાનવિમલસૂરિ રચિત કલ્પ વ્યાખ્યાન**

અઠાવનમાં **હીરવિજયસૂરિ**, જસ ગુણ નહિ અધૂરાજી.
સાહી **અકબ્બરેં** જે બહુ માન્યા, સાસનસોહ ચડાવીજી,

**સૌભાગ્યવિજય રચિત તીર્થમાલા સ્તવન**

અનડ **અકબ્બર** યવન પાતિસાહ પ્રતિબોધ્યો ગુરૂ **હીરજી**,
સંવત સોલેગતાલા ય વરસે, **ફત્તેપુર**માં સધીરજી. ૧૭

८

શ્રી સકલચન્દ્ર રચિત

## શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

ગજ ચોરાસી લખ સબલ ઘરઅંગણ ગેહેંવર,
કોડ અઢાર તુરંગ ચપલ ત્યાહા દીસે હેંવર;
નવનિધિ ચૌદહ રયણ સેહેસ ચોસઠ અંતેઉર,
અલંબધજા દસકોડ સેહેસ બોહોતરે પરવર;
છંનૂએ કોડ પાયક નમો સેહેસ બત્રીસા મુગટધર,
પાંચમો ચક્રી સોલમો જિન સાંતિનાથ શ્રી સાંતિકર. ૧

### સવૈયા

જિને **હીરબીજેસૂરિ** ગોર કીયો ઉને,
ઓરસુ ગોર કીયો ન કીયો,
જિને **હીરબીજેસૂરિ** નાંમ લીઉ ઉને,
ઓરકો નાંમ લીઉ ન લીઉ;
જિને **હીરબીજેસૂરિ** ચિત્ત ધરો ઉને,
ઓરકૂં ચિત્ત ધરો ન ધરો,
જિને **હીરબીજેસૂરિ** પાઓ પરો ઉને,
ઓરકે પાઓ પરો ન પરો. ૨

**હીર** જગગોર સાહી **અકબર** દો ઉદયે પ્રમ ધારનકૂં.
મનમોહન મૂરત સુંદર સૂરત તિમિર પાપ બીડારનકૂં;
નિજ દેસ સુબેસમેં ગૌ બછકૂ જીઉદાન દીયો પ્રથી તારનકૂં,
સુકવિ કહે સાધ સંગત કરો ભવદુર્ગતદૂર નિવારનકૂં. ૩

ઉતર ઉભે દેસ આંણ સેહે ગોરનિં જંપે,
પૂરવ પ્રસિધ પ્રમાણ સકલ વાદી નર કંપે,
દખણ ધર્મ સુધ્યાન ચિત નવકારસુ રખે

પચ્છમ કરૂ વખાણ હરમજ આદન સેહેર બખે;
ગણદાસ કહે ગોર નરમલો **શ્રીવિજેદાંન** પટે ભણો,
**શ્રીહીરવિજેસૂર** વંદતાં ધર્મલાભ હોએ અતિઘણો. ૪

સૂતન અત્ર આકાસ ગોવિંદ સૂત તપગચ્છ સૂણી એ,
ઓ કલા સોલ સંપૂન્ય આ કલા બોહોતેર ભણીએ.
ઓહ હીણ ખીણ આ કલા દન દન ચઢંતે,
ઓહ રાહ જો ઓરડે આહ ભોએ અનંગ ભડંતે;
આને અમી કોઉ ન વદીયે આ વચન અમ્રતરસ વરસે બહૂ,
પ્રાગવાટ સસી ઉવઝાયજે **શ્રીસકલચંદ** વંદો સહૂ. ૫

卐

**યશોવિજય રચિત સીમધંર સ્વામી**
**વિનતિરૂપ ૩૫૦ ગાથાનું સ્તવન**

વડતપાગચ્છનંદન વને સુરતરૂ, **હીરવિજયો** જયો સૂરિરાયા,

**ચંદ્રવિજય રચિત ધન્ના શાલિભદ્રની ચોપાઇ**

શ્રી **હીરવિજયસૂરિ** ગુણનિલો, તપગછ-ગગનની ભાણ,

**પદ્મવિજય રચિત જયાનંદ કેવળી રાસ**

તસ પાટે શ્રી **હીરવિજયસૂરિ**, પાતસાહ દિયો માનજી,

**અમૃતસાગર રચિત પુણ્યસાર રાસ**

તપગછનંદન-સુરતરૂ સરીખા, શ્રી **હીરવિજય** સૂરીરાયા,

**જ્ઞાનવિમલસૂરિ રચિત ચંદ્રકેવલી રાસ**

હારો **હીરવિજય** જયો સૂરી, કીર્ત્તિ સજી જિણેં ગોરીજી,
સાહિ **અકબરનિં** નીજવયણેં, જિનમત સ્યૂં મતિ જોરીજી. ૫

**ગુણહર્ષ રચિત મહાવીર નિર્વાણ**

તપગચ્છગયણ-દિણંદ દશ દિશે દિપતો જગ જાણીયે,
શ્રી **હીરવિજયસૂરિંદ** સદગુરૂ તાસ પાટ વખાણીએ.

૯

# શ્રી હીરવિજયસૂરી સજ્ઝાય

વીર જિણેસર ત્રિભુવનિ ચંદ, પ્રણમિ નિજગુરુ ધરી આણંદ
થુણસંઉ તપગચ્છગુણનિધાન, શ્રી **હીરવિજયસૂરિ**
યુગહપ્રધાન.૦ ૧

તપ- સંયમ નિત અંગી ધરી પાલી જિનવર આણ્યા ખરી,
જિન ચોવિસઇ ધરિ મનિ ધ્યાન શ્રીહીર૦ ૨

ટાલિઇ પંચપ્રમાદહ જેહ , ઉપશમ સંવર આણિ દેહ
સુવિહિત સાધુ દીઇ બહુમાન. શ્રીહીર૦ ૩

કુમત વૃંદવારણ કેસરી, મિથ્યાતિમિર હરિ યમહરી
વાદીજનના મોહ્યા માન. શ્રીહીર૦ ૪

ઓશવિંશ ઉદયો જગીભાણ, સૂત્રઅરથ પરંપારીનો જાણ,
આપી ભવીયણ સમકિતદાન. શ્રીહીર૦ ૫

ધન **નાથી** જિણિ ઉઅરી ધર્યો, ધન **કુંરા** કુલિ તું અવતર્યો,
જિનશાસનિં જિણઇં લાધું માન. શ્રી હીર૦ ૬

શ્રી **આણંદવિમલસૂરિ** મહિમાવંત, શ્રી **વિજયદાન** ભગવંત,
શ્રી **હરખવિમલ સીસ** કરઇ ગુણગાન. શ્રી હીર. ૭

**(કળસ)**

પ્રધાન પંડિત મહીઅ મંડિત કુમતિખંડન સુરગુરો,
ગુરુભાવનિરમલ કરી મંગલ નારી અપચ્છર જયકરો,
જયવિમલકારક ભવ્યતારક મૂરતિમોહન સુરતરો
તપગચ્છદિનકર સંઘસુખકર જયો **શ્રીહીરવિજસૂરીશ્વરો**. ૮

ઈતિ શ્રીહીરવિજયસૂરીની સજ્ઝાય સમાપ્ત.
ગણિજયવિજયલિખતં ॥ શ્રી હીર ॥

## ૧૦

શ્રી સકલમુનિ રચિત

# શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય

છંડિજા છંડિજા રે કુમતિ ડાયિની, જેણ સુમતિ વિઘાયિ તું પિછાણી,
હીરવિજય ગુરો ગુત્તમંતો સુણી રહિસ જુ ધિગ તુઝ ગુરગુરાણી ॥
છંડિજા૦ ॥ ૧॥

પગ રમાડા કરી તઈં ગ્રહ્યા બહુ જણા, રાણિઆ પ્રમુખ પણિ તઈં ન મૂંક્યા,
દેવગુરુરુપ નિત ભક્તિ અનુક્રમિં વમી, વિરતિ અવગુણ રમઈં મંત્ર ફૂંક્યા ॥
છંડિજા૦ ॥ ૨॥

કરણકારણ વિના કાજ નવિ ઉપજઈં, કાજ વિણ કારણ જગિં ન હોઈં,
મૃત્તિકા વિણ ઘટો તંતુ વિણ જિમ પટો, જનકં જનની વિના સુત ન કોઇ ॥
છંડિજા૦ ॥ ૩॥

બીજ કારણ ભલઇં કાજ દીસઇ ભલું, અધમ કારણિ હુઇં કાજ ન ભલું,
શ્યામ તંતૂ મિલઇં શ્યામ જિમ વીવરૂં, ઊજલઇં તંતૂઇં તવં વિમલં ॥
છંડિજા૦ ॥ ૪॥

પંચ આચાર જિન ધર્મનૂં કારણં, કિરિઅ કરતાં જિ કો પાપ માનઇં,
પાપ જાણી જ આલોઅતાં નિંદતાં, કુમતિ ડાઇણિ લિઉ કદિ વખાણઇં ॥
છંડિજા૦ ॥ ૫॥

દેવગુરુ ભક્તિ વંદનક કરવા જતાં, પંથિ આરંભ વિણ તે ન દીસઇં,
તેણ વંદન જતાં પાપ જઉ ઉપજઇ, વંદણૂં પાપ પણિ તસ વદીસઇં ॥
છંડિજા૦ ॥ ૬॥

ધર્મનૂં કારણં પાપ તસ મતિ હુઇં, ધર્મ પણિ પાપ સહુઇં અજાણ્યું
શ્યામ તંતૂહિં જિમ વસ્ત્ર કાલૂ હવૂં, એહ દૃષ્ટાંત કુમતિ વખાણ્યૂં ॥
છંડિજા૦ ॥ ૭॥

હીરગુરુ ગુત્તમંતઈ કરી વ્યંતરી, ઉપશમઈ મોહ ઝોટીંગ નાસઈ,
**સકલમુનિ** ઉંજતઈં તૂં કુમત ડાઈણી, કુણહ પાસઈ મરહ જે વિરાંસઈં ॥
છંડિજા૦ ॥ ૮॥

**રામવિજય વાચક રચિત શાંતિજિન રાસ**

તપગચ્છનાયક સુગુરૂ મુણિંદા શ્રી **હીરવિજય** સૂરિંદા રે,
બુઝ્યો **અકબર**શાહ નરિંદા, મોહનવલ્લિકંદા રે. ૧૩
પડહ અમારિ તણા વજડાયા, જીજીયા-કર છોડાયા રે
ડાબરે સરવર પુણ્ય અંકૂરા, ધર્મકરણ થયા શૂરા રે. ૧૪
**અકબર**શાહ કર્યો જેણે સીધો, બિરૂદ જગત્‌ગુરૂ દીધો રે;
મહીયલમાં સબલો જસ લીધો, ચિંતિ કારત કીધો રે. ૧૫
શ્રી **વિજયદાન** ગુરૂ પાટ પટોધર, ઉદયો અધિક સવાઈ રે;
પંચ વિષય પરિહાર કર્યો જિણેં, તપ તપિયા સુખદાઈ રે. ૧૬
દોય સહસ અંબિલ જસ કીધાં, ઈમ નિવિ તિમ જાણો રે;
ત્રિણ્ય સહસ ષટ શત વલી ઉપર, તપ ઉપવાસ વખાણો રે. ૧૭
ચાર કોડિ સંખ્યાએ કીધો, શ્રી સહગુરૂ શિષ્ય ભાયો રે,
અષ્ટોતરશત મુનિ જેણેં દીખ્યા, એ ગુરૂ પુન્યે પાયો રે. ૧૮
પંચશત્ત સંખ્યાએ જસ ઉપદેશેં, દેહરાસર પ્રાસાદો રે,
ભવિજન ભાવ ધરીને માંડ્યા, દીઠે હોવો આણંદો રે. ૧૯
બિંબપ્રતિષ્ઠા કીધી ગુરૂજીએ, પંચાસ વાર ઉદાર રે,
**પાટણ** પ્રમુખ નયર બહુ ઉત્સવ, વરત્યો જયજયકાર રે. ૨૦
યાત્રા દોય **સિદ્ધાચલ** કેરી, દોય **ગિરિનારે** કીધી રે,
લાખ બિંબ જુહાર્યા જિનનાં, મહિયલે ઈજત લીધી રે. ૨૧
માન તજી ઋષિ **મેઘજી** નામે, લુંકામતનો સ્વામી રે,
જિનપ્રતિમા આરાધક હુઓ, **હીરગુરૂ**ને પામી રે. ૨૨
માગશિર સુદિ નવમી દિન સુંદર,શાહ **કુંયરા** કુલિ આયો રે,
પન્નર આસીએ **પાલણપુરમાં**, **નાથીએ** કુંઅર જાયો રે. ૨૩
પન્નર છન્નુએ કાર્તિક વદમાં, બીજે દીક્ષા લીધી રે,
સત્તર [સંવત] સોલ સાતે **નાગોરે**, પંડિત પદવી દીધી રે. ૨૪
સત્તર [સંવત] **સોલ આઠે** વાચકપદ, મહા શુદિ પંચમીએ દીધું રે,
**વિજયદાન** સૂરીશ્વર ઉત્તમ, ચિંતિત કારજ કીધું રે. ૨૫
સોલ દાહોત્તરેં **સીરોહિમાં**, આચારિજપદ પાયું રે,
સોભાગી મહિમાનિધિ મોટા, જિનશાસન દીપાયું રે. ૨૬

११

# શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય

શ્રી હર્ષસોમગણિ ગુરુભ્યો નમઃ

સરસતિ સામિણિ પ્રણમી પાય ।
સમરી ગોયમ ગણહરરાય ।
થુણસ્યું હીઅડિ ધરી આણંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૧ ॥

તપ તેજઇં દીપઇં ભાણ ।
વાદી સવે માનાવ્યા આણ ।
સોહગ વલ્લી કેરું કંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૨ ॥

મૂરતિ મોહન લીલવિલાસ ।
ભવિજન કેરી પૂરઇ આસ ।
સેવઇં નર નારી વૃંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૩ ॥

**વિજય દાન** પાટિ સુરતરુ ।
ગુણ ગિરુઉ ગચ્છપતિ ગણધર ।
શ્રી જિનશાસન ભાસન ચંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૪ ॥

મધુરીવાણી કરઇ વખાણ ।
પડિબોહિ ગુરુ જાંણ અજાણ ।
હેલાં જીત્યું મોહ નરિંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૫ ॥

**સાહકુરા** કુલ પંકજ હંસા ।
નામઈ દીપાવ્યું નિજ વંસા ।
**નાથી** કુલિ ધર્યું આણંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૬ ॥

રાય રાંણા મોટા માનવી ।
તુઝ આંણા મનઈ અભિનવી ।
કીરતિ કરિ કમલા ગોવિંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૭ ॥

પાપ તાપ ચંદન સુખકાર ।
વંછિતદાયક જગદાદાર ।
સુભગતિ ચાલઈ જેમ ગઈંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૮ ॥

પંડિત પર્વત **હંસ સીસ** ।
**હર્ષસોમ**મુનિ દિઈ આસીસ ।
પ્રતિપઉ જિહાં હુ મેરુ ગિરિંદ ।
જય જય **હીરવિજયસૂરિંદ** ॥ ૯ ॥

**ઈતિ શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય સમાપ્ત ॥**

**વિવેકવિજય રચિત રિપુમર્દન રાસ**

સકલ ભટ્ટારક અનોપમ સોહે શ્રી **હીરવિજય** સૂરીરાયા રે,
**અકબર**ને બોધ દઈને, શ્રી જિનધર્મ પતાયા રે. ૧૧

**ઉદયસિંહ રચિત અમરસેન વયરસેન ચરિત્ર**

પાતસાહપ્રતિબોધક સુંદર. સોહમગુરૂ-અવતાર રે,
**હીરવિજયસૂરિ** હીરો સાચો જૈન તણો શિણગાર રે. ૩

૧૨

શ્રી જયવિજય રચિત

# શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય

સુહગુરુ પાય પ્રણમી કરી રે ।
ગાયસ્યું તપગચ્છ રાય રે ।
ભવિઅણ ભાવ ધરી ભજુ રે ।
જમ ભવનાં દુખ જાય રે ।
જવ **હિરી** સાચુ રે **અકબર** શાહિજી રે ॥ ૧ ॥

જગમાહિં સબલ સુજાણ રે ।
છઈ દરિશન પરીખ્યા કરી રે ।
લાધી જેણિં હીરલાની ખાણિ રે ।
જવ **હિરી** સાચુ રે **અકબર** શાહિજી રે ॥ ૨ ॥

કપાલી કેદાર સુત મઢ પતી રે ।
ત્રિદંડી કુડા ટાઠિગ જહ રે ।
નરપતિ નયણિં તે નિરખીયા રે ।
અકીક સમાન ગણ્યા તેહ રે ॥ ૩ ॥ જબ હિ૦।

સૌચ સંન્યાસી વિપ્ર તેડીયા રે ।
બૌધ સભર વિટ વ્યાસરે ।
યોગી જંગમ ઇંદ્રજાલીયા રે ।
નૃપ મનિ લાખીયાનુભાસ રે ॥ ૪ ॥ જબ હિ૦

દંભી અઘોરી સોફી ભગતીયા રે ।
દેખી બહુ સબલ પાખંડ રે ।
જમુના જલિં વહતાં સર્વે મૂંકીયા રે ।
કૂડા કાચ શકલ પ્રચંડ રે ॥ ૫ ॥ જબ હિ૦

જૈનશાસન તણુ રાજીયુ રે ।
સપરિ તેડાવી સુલતાન રે ।
શ્રી **હિરવિજય સૂરી** વંદિયા રે ।
નરપતી દીઈ બહુમાન રે ॥ ૬ ॥ જબ હિ૦

દોઈ કર જોડી રાઈ પૂછિયા રે ।
ધરમ તણા સુવિચાર રે ।
ઉપદેશ દેઈ નૃપનિં બૂઝવ્યુ રે ।
હુઓ અતિ હરિખ અપાર રે ॥ ૭ ॥ જબ હિ૦

જગગુરુનાં દિહાં થાપીઉં રે ।
દીધી જગિં જીવ અમારિ રે ।
શ્રીગુરુનાં ગુણ ચિત ભાસીયા રે ।
તિમ શુચિ સવિ પરિવાર રે ॥ ૮ ॥ જબ હિ૦

સુધા સાધુ જવ **હિર** મનિ માનીયા રે ।
અધિક અધિક ગુણધામ રે ।
મોતીડાં માણિક ચૂમી લાલીઆ રે ।
નૃપ જો કરિ ગુણ ગ્રામ રે ॥ ૯ ॥ જબ હિ૦

વિબુધ **વિલોકી** રાજા રંજીયુ રે ।
નીલ પીરોજા મણી પાચ રે ।
ઉવઝાય રયણ અતિ મૂલનાં રે ।
નગીનુશ્રી આચારજ સાજ રે ॥ ૧૦ ॥ જબ હિ૦

ચડત ચડત મૂલિં સંઠવી રે ।
**જય વિજય** કરિ વખાંણ રે ।
અમૂલિક હીરુ **હીરજી** પામીયુ રે ।
હજો તાસ ચરણા મૂઝનિં ત્રાણ રે ॥ ૧૧ ॥ જબ હિ૦

**॥ ઈતિ શ્રી હીરવિજય સૂરીશ્વર સજ્ઝાય ॥**

13

## શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય

બે કર જોડિ જિ વીનવું સારદ લાગુ જી પાય
વાંણી આપો જી નીરમલી ગાસ્યું તપગછરાય
તેં મન મોહ્યું ગુરુ **હીરજિ** ॥ ૧॥

**અકબર** કરેં જિ વીનતી **ટોડરમલ** લાગેં જિ પાય
પુજજી ચોમાસો ઈહાં કરો હોસેં ધરમનો લાભ । તેં૦ ॥ ૨॥

**અકબર** કાગલ મોકલેં **હીરજી** વાંચીનેં જોય
તુઝ મીલવા અલજો ઘણું વિલંબ ન કીજઈ જિ કોય । તેં૦ ॥ ૩॥

તેજી ઘોડા જી અતિ ઘણા પાલા સંષનેં પાર
માહજન આપેં જિ મલપતું આવેં **થાનસિંઘ** સાહ । તેં૦ ॥ ૪॥

સાંહમી મેહલું જી પાલષી મોતીડેં નવસર હાર
પુજીજિ ચોમાંસો ઈહાં કરો હોસે ધર્મનો લાભ । તેં૦ ॥ ૫॥

**આગરાની** પોલ રલીઆંમણી દુંદલા ફુદાલા સાહ
હાથેં શ્રીફલ અતિ ઘણાં લ્યાયા **હીરજી**નેં પાય । તેં૦ ॥ ૬॥

ગલીયારા ઢોલ દદામાં ભેરી ભુગલ વાય
માદલ લુગેજી અતિ ઘણાં વાજે ઝાલર ઝણકાર । તેં૦ ॥ ૭॥

પ્રમાંણ થયા જિ મંડવા પ્રમાંણ થયા જી થંભ
દ્રાખ બીજોરાં જી માંડવા રતને જડીયા જી થંભ । તેં૦ ॥ ૮॥

ગલીયે ગલીયે ગોરડી ઝમકેં નેવરના ઝમકાર
પદમની ચાલી જી વાંદવા હાથે સોવન થાલ । તેં૦ ॥ ૯॥

કઈ બાલી કઈ ભોલડી હયડે હરખ અપાર
જાપ જપેં જિનરાજનો પ્રણમે **હીરજી**ના પાય । તેં૦ ॥ ૧૦॥

કપડા કેસરીયા સાવટું ઓઘો અધીકો વણાય
મોંતીયેં ઝલકેં જી મોહપતી પદમ ઝલકેં જી પાય । તેંo ॥ ૧૧॥

ડુંગર ડુંગરથી ઉતરેં પાંણી રેવાં જિ રેલ
થાંને અણુંહારે ઓલખ્યા **હીરજી** મોહનવેલ । તેંo ॥ ૧૨॥

ધન વાડી ધન કેવડો ધન માડીરો જિ સુત
ધન નાયલદેરો જીવીઓ **હીરજી** સરીખા જિ પુત । તેંo ॥ ૧૩॥

કુણ બાઈયે વેરાયા લાડુઆ કુણ બાઈએ વેહરાયો પુત
**સીવચંદ** વેહરાયા લાડવા **નાથીબાઈ**એ વેરાયો પુત । તેંo ॥ ૧૪॥

**સેત્રુજો** મુગતો કીયો મરતી રાખી જી ગાય
જીજીઓ લોકાંરે છોડાવીઓ **હીરજી** તુમ પસાય । તેંo ॥ ૧૫॥

સાથણ સહીયાંસ્યું પરવરે ભર ભર મોતીરી થાલ
કેસર કુંકમ કમકમે મોતી ચોક પૂરાય । તેંo ॥ ૧૬॥

લાખ ટકાંરો જિ ઘુઘરો ઝમકે માજમ રાત
**હીરજી** ઝબકીને જાગીયા પુસ્તક જિમણે જી હાથ । તેંo ॥ ૧૭॥

**ડાંબર** સરોવર છોડવ્યાં છોડવ્યાં બંધિ ને બાંન
છોડ્યા પંખીને મૃગલાં **અકબરસાહ** સુજાંણ । તેંo ॥ ૧૮॥

પહેલો ચોમાસો **આગરેં** બીજો **લાહોર** માંહે
ત્રીજો ચોમાસો **ફતેપુરેં** ચોથો **જાલોર** માંહે । તેંo ॥ ૧૯॥

તપગછમંડણ રાજિઓ **શ્રીવીજેસેનસૂરીસ**
**તાસ સીસ** ભગતે ભણે હોજો મુઝ આણંદ । તેંo ॥ ૨૦॥

**ઇતિ શ્રીહીરવિજયસૂરીશ્વરસજ્ઝાય સંપૂર્ણ** ॥

卐

૧૪

# શ્રી હીરવિજયસૂરિ સજઝાય

પ્રણમિઅ ગોઅમ ગણહર પાય, સેવઇ જાસ સુરાસુર રાય,
ઉપશમ વલ્લી કેરઉ કંદ, થુણસ્યું **હીરવિજય** સૂરિંદ ॥ ૧॥

સુવિહિત સાધુ તણઉ સિંગાર, સંયમ રમણી ઉરવર હાર,
વદન વિરાજિત સારદ ચંદ, વંદઉ **હીરવિજય** સૂરિંદ ॥ ૨॥

ન્યાનાદિક ગુણ ગીરઇ કરી, કીર્ત્તિલતા ત્રિભુવનિ વિસ્તરી,
સેવ કરઇ નરનારી વૃંદ, પ્રણમઉ **હીરવિજય** સૂરિંદ ॥ ૩॥

જય જય જગદાનંદત ચંદ, જય જય મન્મથ હરિણ મયંદ,
જય જય વચનામૃત નિસ્યંદ, જય જય **હીરવિજય** સૂરિંદ ॥ ૪॥

વિમલ કમલદલ કોમલ અંગ, કરુણારસ પૂરિત ગુણ ચંગ,
જય નિસ્સંગ નિરીહ મુણિંદ, જય શ્રી **હીરવિજય** સૂરિંદ ॥ ૫॥

કનક વર્ણ દીપઇ દેહ તનુ, ગુણઇં કરી મુનિ મનમોહનઉ,
વિજય **દાનસૂરી**સર સીસ, નંદઉ **હીરવિજય** સૂરીસ ॥ ૬ ॥

જઉ મુખિ હૂઇ રસના શતમાન, તઉ હઇ કિમ હુઇ તુમ્હ ગુણગાન,
ભુજ સહસ્ર જઉ માનવ ધરઇ, કિમ સાગર બાહઇં ઉતરઇ ॥ ૭ ॥

ચંદ્રકલા નિર્મલ જેહના, ગુણ ગાવઇં સુરવર અંગના
ચિર પ્રતપઉ મુનિ કમલ દિણિંદ, ગુરુ સિરિ **હીરવિજય** સૂરિંદ ॥ ૮॥

**નાથી**માય ઉઅર સરહંસ વિમલવંસ મુનિ જન અવતંસ,
વાદિ વૃંદ વન મત્ત ગયંદ, ગુરુ સિરિ **હીરવિજય** સૂરિંદ ॥ ૯॥

ભાગ્ય યોગિ ચિંતામણી મિલિઉં, ઘર અંગણિ સુર પાદપ ફલિઉં,
જઉ શ્રી **હીરવિજય** સૂરિંદ, સેવા પામી પરમાણંદ ॥ ૧૦॥

### કળશ

ઈઅ થુણિઉ રંગઈ વિવિહ, ભંગઈ **હીરવિજય સૂરીસરો,**
શ્રી **વિજય દાન** મુણિંદ સુંદર પટ્ટ ભાર ધુરંધરો
બુધ **સહજસાગર સીસ** પભણઈ વીનવિઉ મુનિનાયકો,
નિજ ચરણ પંકજ સેવ દિઉ, મુઝ નાણ સંપદ દાયકો ॥ ૧૧॥

**રત્નવિજય રચિત શુકરાજ ચોપાઈ**

**તપ**ગછ-ગયણ-વિભાસણ દિનમણિ, શ્રી **હીરવિજયસૂરી** હીરોજી,
મહિમા જેહનો અતુલીબલ છેં, ભૂતલ માંહિ સનૂરોજી. શ્રી. ૯

**પદ્મવિજય રચિત નેમિનાથ રાસ**

**વિજયદાનસૂરી** તસ પટધર **હીરવિજય** સૂરીરાયા,
**અકબરસાહિં** જાસ વયણ**થી,** પડહ અમારિ બજાયા. ૫

**વિજયલક્ષ્મીસૂરિ રચિત ષટ્ અષ્ટાહ્નિક સ્તવન**

ગુજર **દલા** દેસમાં એ, **અકબરસા** શુલતાન, હે.
**હીરજી** ગુરૂના વયણથી, **અમારી** પડહ વિતાંન. હ. ૫

**વીરવિજય રચિત સુરસુંદરી રાસ**

**તપ**ગચ્છ-કાનન-કલ્પતરૂપમ, **હીરવિજય** સૂરીરાયાજી,
હિંસક **અકબર** જસ ઉવએસેં, જીવ-અમાર પલાયાજી. ૧

**જ્ઞાનકુશલ રચિત પાર્શ્વનાથ પ્રબંધ**

તત્પટ્ટે **વિજયદાન**સૂરી, તત્પટ્ટે તિવ્ર પ્રતાપી રે.
શ્રી **હીરવિજય**સૂરી હીરલો, જસ શોભા સઘલે વ્યાપી રે. ૩૪
**અંકબર**સાહિ જિંણિ બૂઝવ્યો, તસ ધરમમરમ સમઝાયો રે.
રીઝથે **અકબરે હીરકું**, 'જગતગુરુ' કહી બોલાયો રે. ૩૫
ગૌવધ **ડાબર** જીજીઓ, જિણિ **શત્રુંજકર** મેહલાયો રે;
અંબ અકાલિ વ્યયનકાલેં, ફલ્યો પસર્યો જગિ જસવાયો રે. ૩૬

૧૫

શ્રી આનંદહર્ષ રચિત

# શ્રીહીરવિજયસૂરિ સ્વાધ્યાય

ગોયમ ગણહર પાય નમીજી, સરસતિ દિઉ મતિ સાર,
જિન શાસન તુ રાજીઉ જી, થુણતાં હર્ષ અપાર,
સૂરીસર, પ્રણમૂં તુમ્હારા પાય ॥ ૧

ષટ દરસણ જોઇ કરીજી, ટાલી મનની ભ્રાંતિ,
હીરજી દરસણ દેખવાજી, અકબરસાહ મનિ ખાંતિ...સૂરીસર૦ ॥ ૨ ॥

શ્રેણિકરાય સુપરિં કરીજી, વીરનિં વંદણિ જાઇ,
હીરજી આગરિ પધારતાંજી, તિમ આડંબર થાઇ...સૂરીસર૦ ॥ ૩ ॥

રાજ્ય માનિએ ગચ્છપતીજી, ફત્તેપુર મઝારિ,
નગરલોક સહૂઇ મિલીજી, બોલિ જયજયકાર... સૂરીસર૦ ॥ ૪ ॥

અકબરસાહઇં પ્રસંસીઉજી, હીરવિજય મુનિરાય,
સુંદર વદન નિહાલતુજી, હૈયડિ હર્ષ ન માય...સૂરીસર૦ ॥ ૫ ॥

પુસ્તકનાં કરઇ ભેટણાંજી, વિનયવંત સવિચાર,
અતિ આદર જાંણીં કરીજી, આગરિ કરિઉ ભંડાર...સૂરીસર૦ ॥ ૬ ॥

શ્રી ગુરુ વાંણી સાંભલીજી, પૂછઇ ધર્મ વિચાર,
નરપતિ નિજ મુખ ઉચરિજી, જગત્રગુરુ બિરદ સાર...સૂરીસર૦ ॥ ૭ ॥

જગગુરુ તુમ્હ કાંઇ લીઉજી, ભૂપતિ કહિ ત્રિણિ વાર,
વલતૂં બોલિ ગછપતીજી, પાલુ જીવ અમારિ...સૂરીસર૦ ॥ ૮ ॥

દિવસ આઠ તવ માગતાં જી, આપિ દિન તે બાર,
સોનહિરી છાપાં કરીજી, ચલવ્યાં દેસ મઝારિ...સૂરીસર૦ ॥ ૯ ॥

ડાબૂર સરોવર છોડવ્યું જી, છોડવ્યા બંદીવાંણ,
પંખી મૃગલાં છોડંવ્યાજી, **અકબર** શાહ સુજાંણ...સૂરીસર૦ ॥ ૧૦ ॥

કુમર નરિંદ તણીં પરિંજી, કરતુ તુ કરણી ઉદાર,
ગુરુ સેવા તે નર લહિજી, જેહનિં અલ્પ સંસાર...સૂરીસર૦ ॥ ૧૧ ॥

પૂરવ પંથ અજૂઆલઉજી, કરતુ ઉગ્ર વિહાર,
ભવિક જીવનિં તારવા જી, પ્રગટિઉ વયર કુમાર... સૂરીસર૦ ॥ ૧૨ ॥

સાહ દિનકરુ જી, રૂપિં દિવકુમાર,
કુમતિ કદાગ્રહ ટાલતુ જી, ભરતુ સુકૃત ભંડાર...સૂરીસર૦ ॥ ૧૩ ॥

ગુણ અનંત એ ગણધરૂજી, કહિતાં ન લહૂં પાર,
**નાથી** માતા જનમીઉજી, ચુવઇ સંઘ આધાર...સૂરીસર૦ ॥ ૧૪ ॥

પરમ પટોધર વીર તુ જી, જાવુ **હીરુ** સાર,
**ગુણહર્ષ** મિં સુખ કરુ જી, **આણંદ હર્ષ** જયકાર...સૂરીસર૦ ॥ ૧૫ ॥

**પ્રેમવિજય રચિત વસ્તુપાલ તેજપાલ રાસ**

ધર્મકર્મના રાજા, **હીર અકબર** તે દોઇ,
રવિ સસી સમતોલિ, સુંદર તે અતિ સોઇ.
સ **કુરો હમાઉ**, તાસ નંદન ગુણવંત,
**નાથી** ઉર બેગમ, જાયા પુરૂષરતન. ૭૬
ધન તે નરનારિ, જેણિ વંદ્યા ગુરૂ **હીર**,
તેણિ કર્મરાસ સવે, કીધા તે સહુ દૂરિ.
ધન તે નરનારી, **હીર**હાથિ સીસ ધરાયો,
તીર્થંકર સમોવડિ, સીવપુરી સાધન પાયો. ૭૭

**સત્યસાગર રચિત વજરાજ રાસ**

તપગછમંડન દુરિતવિહંડણ, **હીરવિજયસૂરિ** રાજેજી
આજ લગેં પુહવીમંડલમાં, જસનો પડહો વાજેજી
**અકબર** સાહ અસુર પ્રતિબોધી, જૈન નિસાણ બજાયા. ૧

## ૧૯

શ્રી લીંબુગણિ રચિત

# શ્રીહીરવિજયસૂરિ સજઝાય

સરસતિ સામણિ પ્રણમીય પાય, હું ગાયઉં શ્રી તપગછરાય,
જસ ગુણ ગાતાં અતિ આણંદ, વંદું **હીરવિજય** સૂરિંદ ॥ ૧ ॥

કામીતદાય જિમ સુરતરુ, વિદ્યાઈ જીતુ સુરગુરુ,
ભવિજન કમલ વિબોહ દિણંદ, વંદું **હીરવિજય** સૂરિંદ ॥ ૨ ॥

કલિકાલિ મોય અવતરુ, દુત્તર ભવસાગર જિમિ તરુ,
આણ વહિ ભવિઅણના વૃંદ, વંદું **હીરવિજય** સૂરિંદ ॥ ૩ ॥

નવ કલ્પી ગુરુ વિહાર જ કરિ, પૂરવ સૂરિ પંથિ અણુસરિ,
સોમ ગુણે જાણે વર ચંદ, વંદું **હીરવિજય** સૂરિંદ ॥ ૪ ॥

અઢાર સહસ સીલંગ રથ ધાર, ગુરુ ગુણ છત્રીસી ભંડાર,
મૂરતિ મોહણ વલ્લીકંદ, વંદું **હીરવિજય** સૂરિંદ ॥ ૫ ॥

પંચાશ્રવ દુરિ પરિ પરિહરિ, સુમતિ ગુપતિ સુધી ચીતિ ધરિ,
સેકરિ સુરનર જસ ઈંદ, વંદું **હીરવિજય** સૂરિંદ. ॥ ૬ ॥

સાહ **કુંરા** કુલિ ભાસણ ભાણ, **નાથી** કુખિ રતન સમાન,
હુ ધરમ દન કીયુ જિણિ મંદ, વંદું **હીરવિજય** સૂરિંદ ॥ ૭ ॥

તપ તેજિ તરણી સમ તપિ, અષ્ટ કરમ દલ હેલા ખપિ,
વંછિત દાતા પદ અરવિંદ, વંદું **હીરવિજય** સૂરિંદ ॥ ૮ ॥

તુમ નામિ સંપદ સવિ મિલિ, કીરતિ કમલા જગિ વિસ્તરિ,
ગણિ **લીંબુ** ઈમ દિ આસીસ, શ્રી ગુરુ પ્રતિપુ કોડિ વરીસ ॥ ૯ ॥

**ઈતિ શ્રીમદ્ ગુરુણાં સજ્ઝાયઃ**

卐

## ૧૭

# શ્રીહીરગુરુ બારબોલ સ્વાધ્યાય

ઢાલ ભમરાની

સરસતિ માત મયા કરો, ભવિ પ્રાણી રે, નિરમલ મતિ દ્યો સાર,
ભાવ મનિ આણી રે,
શ્રી **હીરવિજયસૂરિ** વયણડાં, ભ૦ પભણું તાસ વિચાર, ભા૦ ॥ ૧ ॥

બાર બોલ ગુરુ **હીર**ના, ભ૦ સુણજ્યો અમિય રસાલ, ભા૦
કઠિણ વચન નવિ બોલીઈ ભ૦ કહિનૈં ન દીજે ગાલ, ભા૦ ॥ ૨ ॥

બોલ બીજો ગુરુ **હીર** ભણે, ભ૦ ભાવૈં સુણો નરનાહ, ભા૦
જૈન વિના જિકે પ્રાણિયા, ભ૦ ધરમ કરૈ ઉદાર ભા૦ ॥ ૩ ॥

અલ્પ કષાઇ વિનય વહે, ભ૦ ધરમ કરૈ ઉદાર ભા૦
તે અનુમોદવું જોં કહ્યું, ભ૦ શાસ્ત્ર તણૈ અનુસાર, ભા૦ ॥ ૪ ॥

તો પર પક્ષિં જૈન ના, ભ૦ માર્ગાનુસારિ જેહ, ભા૦
અનુમોદીઈ વલી કિમ નહી, ભ૦ પુણ્ય કાજ સવિ તેહ, ભા૦ ॥ ૫ ॥

શાસ્ત્ર સંબંધિ પ્રરૂપણા, ભ૦ નવી ન કરવી કોય, ભા૦
ગચ્છપતિ નઇ પૂછયા વિના, ભ૦ બોલ ત્રીજો એ હોય, ભા૦ ॥ ૬ ॥

કેવલ શ્રાવક થાપીઉં, ભ૦ બીજું દિગંબર ચૈત્ય, ભા૦
ત્રીજું નીપનું જે હુઇ, ભ૦ દ્રવ્યલિંગી નૈં વિત્ત, ભા૦ ॥ ૭ ॥

એહ વિના બીજાં જિ કે, ભ૦ બોલવો થઇ જે ચૈત્ય, ભા૦
નમતાં નઇ વલી પૂજતાં, ભ૦ સંકા ન કરવી ચિત્ત, ભા૦ ॥ ૮ ॥

અવંદનીક વલી ત્રિણ કહી, ભ૦ પૂર્વિં પ્રતિમા જેહ, ભા૦
સાધુ તણિં વાસૈ કરી, ભ૦ પાંચમૈં વાંદવી તેહ, ભા૦ ॥ ૯ ॥

બોલ છ થઇ કહૈ સાધુ નઇં, ભ૦ પ્રતિષ્ટા શાસ્ત્ર મઝારિ, ભા૦
સ્વજનાદિક કોઇ કારણિ, ભ૦ સાતમો બોલ ઉદાર, ભા૦ ॥ ૧૦ ॥

પર પખિ સાહમીવછલિં, ભ૦ તેડૈ જિમવા કાજ, ભા૦
પુણ્ય ફોક ન હુઇ તે ભણી, ભ૦ ઇમ કહૈ ગુરુરાજ, ભા૦ ॥ ૧૧ ॥

આઠમિ આઠ નિહ્નવ કહ્યા, ભ૦ અવર ન કહીઇ કોઇ, ભા૦
તુમઇ ચવી ઉદેરણા, ભ૦ મ કરો પર પખસ્યું સોય ભા૦ ॥ ૧૨ ॥

**શ્રી વિજયદાનસૂરી** સરિ, ભ૦ **વીસલનગર** મઝાર, ભા૦
કુમતિ કુદાલ ગ્રંથ બોલીઉ, ભ૦ પેખંતાં બહુ નરનારિ, ભા૦ ॥ ૧૩ ॥

વચન અરથ તે ગ્રંથના, ભ૦ જિંણિં ગ્રંથઇં આણ્યા હોઇ, ભા૦
દશમૈ બોલઇં ઇમ કહ્યું, ભ૦ અપ્રમાણ તિહાં સોય, ભા૦ ॥ ૧૪ ॥

પર પખી સાથૈં વલી, ભ૦ જે કોઇ યાત્રાઇં જાય, ભા૦
ઇગ્યાર મઇ બોલિં કહૈ ગુરુ, ભા૦ જાત્રા ફોક ન થાઇ, ભા૦ ॥ ૧૫ ॥

પરપક્ષી જિકો જોડીઆ, ભ૦ સ્તુતિ સ્તવનાદિક જેહ, ભા૦
પૂર્વાચાર્યઇં આદર્યા, ભ૦ માંડલિક હિ વા તેહ, ભા૦ ॥ ૧૬ ॥

પાલઇ પલાવૈ એ બાર બોલ, ભ૦ **શ્રી વિજયદેવ સૂરિંદ**, ભા૦
તસ પદ પંકજ સેવતાં, ભ૦ સકલ સંઘ આણંદ. ભા૦ ॥ ૧૭ ॥

**ઇતિ શ્રી હીરગુરુ બાર બોલ સ્વાધ્યાય સંપૂર્ણઃ**

**દર્શનવિજય રચિત પ્રેમલાલચ્છી રાસ**

જુઓજુઓ સીઅલ મહિમા નહિ મંડલિ, જાગતો આજ પણિ એમ દીસઇં,
શ્રી ગુરૂ **હીરવિજયસૂરી** જયકરૂ, નામ સુણતાં ઘણું હઇય હું હીસઇં. ૫૧
જેણઇં યવનપતિ **અકબર** ભૂપતિ તેહ પ્રતિ બુઝવિ સુયશ લીધો,
પડહ અમારિનો માસ છ બરસ પ્રતિ, જગજનનઇં ઉપગારી કીધો. ૫૨

૧૮

## શ્રીહીરવિજયસૂરિસજ્ઝાય

પ્રણમિય પાસ જિણંદદેવ, મનવંછિતકારી,
સમરી સરસતિદેવિ માય મઝ મતિ દિઉં સારી,
**હીરવિજય** સૂરિંદરાય, તપ સંજિમ ધારી,
ધુણસ્યું તપગછ તણુરાયં લઘુવય બ્રહ્મચારી ॥ ૧ ॥

સયલ સાધુ સિર સેખ રૂપ, સમતારસ ભંડાર,
વિનય કરી જે તુમ નમઈં, તે પામઈં ભવપાર ॥ ૨ ॥

આમ નયરપુર દેસિ, દેસિ ભવિયણ પડિબોહઇ,
નિરુપમ સમકિત સાર, બીજ જાણી આરોહઇ,
અમિય સમાણ વિસાલ વાણિ, કવિ જન મન મોહઇ,
નિરમલ બુદ્ધિ તણુ નિવાસ, સુર ગુરુ જિમ સોહઇ ॥ ૩ ॥

સોમ ગુણે કરિ દીપતુ એ, જાણે પુનિમચંદ,
તપ તિજિં દીપઇ સદા, ભાસુર જેમ દિણંદ ॥ ૪ ॥

નવનિધાન સમ નવય વાડિ રૂડી પરિપાલઇ,
ચઉદહ વિદ્યા રયણ રાસિ સુપરિં સંભાલઇ,
વિવિધ દેસિ ઉપના ભવ્ય સમઝાવી વાલઇ,
અહંકારી જે કુમતિ પડ્યા તેહના મદ ગાલઇ ॥ ૫ ॥

સમકાલિં અવતરિઉ એ, ધરમ ચક્રવતિ એહ,
સુંદર ગણધર પદ ધરુ, મઝ મનિ નહિ સંદેહ ॥ ૬ ॥

ગોયમ સોહમ જંબુ પમુહ પુરવ રિષિ તોલઇ,
તુમ કીરતિ ઊજલી દેખિ કુમતી સવ ડોલઇ,

સયલ રાય તુમ નમઇં પાય સુરપતિ ગુણ બોલઇ,
સાયર સમ ગંભીર ચિત્ત પરદોષ ન ખોલઇ ॥ ૭ ॥

રૂપ અનોપમ તુમ તણું એ જોતાં હરખ અપાર,
જુગ પ્રધાન સોહા ધરૂ, જય જય જગદાધાર ॥ ૮ ॥

જો તુમ આણા ધરઇ સો વિ સંસારિ ન ઝૂરઇ,
ક્રોધાદિક જે અંતરંગ વઇરી સવ મૂરઇ,
રોગ સોગ સંતાપ પાપ ભવિયણના ચૂરઇ,
તે તુમ સેવા કરઇં તાસ મનવંછિત પૂરઇ ॥ ૯ ॥

સિવસુખ સંપદ દાયક એ, દરિસન તોરું સામિ,
અલિય વિઘન દૂરિં ટલઇં, મુનિવર તાહારઇં નામિ ॥ ૧૦ ॥

ઓસ વંસ સિંગાર હાર, **કુંરા** સુત સુણીઇં,
માતા **નાથી** કુયરિ હંસ સુર તરુ સમ ગણીઇં,
થાવર તીરથ સિદ્ધ ખેત્ર જંગમ પભણીઇં,
પૂજિ તુમારા ગુણ અનેક મઇં કીણિ પરિ થુણીઇં ॥ ૧૧ ॥

**કુસલવર્ધ્ધન** પંડિત ગુરૂ એ, પભણઇ તિહનુ સીસ,
**હીરવિજય** સૂરીસરૂ, પ્રતિપુ કોડિ વરીસ ॥ ૧૨ ॥

**ઇતિ શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાયઃ ॥ છ॥**

**શ્રવણ રચિત લૌકિક ગ્રંથોક્ત ધર્માધર્મ વિચાર સૂચિકા**

**અકબર** સાહા પ્રતિબોધ્યો જેણ, **સેત્રુંજ** મુક્તો કરાવ્યો તેણિ,
વરસિ ષટમાસી અમારિ, જીજિયા દાણ મુંકાવ્યા સાર. ૬૩
શ્રી **હીરવિજયસૂરિ** ત્રિજગ પ્રસિદ્ધ, નામિ લહીઇ વંછિત સિદ્ધિ,

**૧૯**

શ્રી જયવિજયજી રચિત

# શ્રી હીરવિજયસૂરિ-પુણ્યખાનિ સજ્ઝાય

રાગ-રામગિરિ

પ્રણમિઅ પાસજિણંદ દેવ, સંપય સુહ કારણ,
**સંખેસર** પુર મંડણઉ, દુહ દુરીય નિવારણ.

ઉલાલઉ

પુણ્ય ખાણિ ગુરૂ **હીરની** એ, પભણું મનિં આણંદ;
ભવિઅણ જણ સહુ સાંભલઉ, જિમ લહુ પરમાણંદ. ૧
સાયર સલિલ સમાન ચિત્ત, તપજપ અલંકરીઊ;
પંચ મહવ્વય ધરણધીર, ઉપશમ રસ ભરીઊ;
ન્યાન ગુણે સુરગરૂ સમઉએ, સાયર પરિ ગંભીર,
રોહણ જિમ રયણિં ભર્યઉ, તિમ ગુણે કરી ગુરૂ **હીર**. ૨

બારઈ ભેદઈ તપ કરઈ, પરદોષ ન બોલઈ;
કઠિણ કરમ સવે નિરજરઈ, પૂરવ રિષિ તોલઈ.
જાવ જીવ એકાસણું એ, વિગઈ પંચ પરિહાર;
દોષ બઈતાલીસ પરિહરઈ, લીઈ દ્રવ્ય નિત બાર. ૩

**સિરિવિજયદાનસૂરિંદ** સાખિ, આલોઅણ લીધ;
મનસુધઈ કરિ દોઈ બાર, નિરમલ તપ કીધ,
ઉપવાસ સઈ ત્રણ તેહ તણાએ, છઠ દોએસઈ પંચવીસ;
એકાવાન અઠમ કીયા, વલી ઉપરિ એકવીસ. ૪

કીધાં આંબિલ સહસદોએ, નીવી તિમ ભણીઈ;
એકલ સીધું એક દત્તિ, બહુ વિધ તપ સુણીઈ.

સહસ ત્રણ ઉપવાસ કીયાએ, છઠ્ઠસંઇ ઊપરિઅ ઉદાર;
એક કીઓ આંબિલ ઓલીઇં, વીસ થાનક તપસાર. ૫

તેર માસ તપ કીઓ એક, શ્રીપૂજ્યહ કેરૂં;
ચઉથ આંબિલ એકાસણિં, ટાલિંઇ ભવફેરૂ.
સૂરિમંત્ર આરાધીઓ એ, કરી કાઉસ્સગ ઉપવાસ;
નીવી આંબિલ એકાસણિં, ધ્યાન મઉન ત્રણ માસ. ૬

આરાધન સવે ન્યાનનું, જાુઓ બાવીસ માસ;
આંબિલ નીવી તપઇં જેણિ, કીઓ જ્યોગ અભ્યાસ.
ગ્રંથ અનેકવર સોધીયા એ, તજી પ્રમાદ મુનિરાય;
ચ્યાર કોડિ સંખ્યા કહી, સુહગુરૂ કીઓ સજ્ઝાય. ૭

શિષ્ય અનોપમ દીખીયા, એકસઉ વર આઠ;
પંડિતપદ ગુરૂ આપીયા, એક્સુ વલી સાઠ.
સાત વાચકપદ થાપીયાં એ, સૂરીશ્વર પદ એક,
સિરિ વિજયસેન સૂરીપ્રતિં, આણી રિદય વિવેક. ૮

દેહરાસર પ્રાસાદ તુંગ, સય પંચ પ્રમાણ.
ગુરૂ ઉપદેસઇં નીપના, ભૂમંડલિ જાણ.
બિંબ પ્રતિષ્ટા જિનતણી એ, ગુરૂકૃત હુઇ પંચાસ,
**પાટણ** પ્રમુખ નયરિં ભલી, જાૂઉ નિજ મનિ ઉલ્લાસિ. ૯

યાત્રા **સોરીપુર** તણી, **મથુરા** **ગુહાલેર;**
**ચંદુવાર** અનિં **ચિત્રકૂટ,** **અરબુદગિરિ** સિહરંઇ.
દોએ **શત્રુંજય ગિરિ** તણીએ, યાત્રા દોએ **ગિરીનાર;**
લાખ બિંબ ગુરૂ વંદિયાં, અવર તીરથ નહી પાર. ૧૦

માન તજી રિખિ **મેઘજી,** લૂંકામત સામી;
જિનપ્રતિમા અંગી કરી, **હીરજી** ગુરૂ પામી.
**અકબર** સાહિ પ્રતિ બૂઝવીયએ, કીધઓ પરમ દયાલ;
**કુમરનરિંદ** સમોવડઇં, જીવ દયા પ્રતિપાલ. ૧૧

વચન. સુણી ગુરૂ **હીરનાં**, તૂઠઉ નર નાહ;
બિરૂદ જગત્ગૂરૂ થાપીઉં, મનિં ધરી ઉચ્છાહ.
જીવ અમારિ ખટમાસની એ, **ડબ્બર** સર ગુરૂ દીધ;
ગાય બલદ વધ ટાલીયા, મહીષી મહિષ પ્રસિધ. ૧૨

મૂંકાવ્યા કર જીજીયા, બહુ બંધ છોડાવ્યા;
**શત્રુંજય** મુગતઉ કરી, ફુરમાન અણાવ્યાં;
**હીર** સમાન સૂરીસરુએ, હુઓ નિં હોસઇ કોઇ;
ન્યાનાદિક અતિશય કરી, **ભરત** ખેત્રમાં જોઇ. ૧૩

ત્રણસઇં ત્રણ સંઘપતિ હૂઆ, મોટાઇ મંડાણિ;
**શત્રુંજય અરબુદ** તણા, **સમેતાચલ** ઠાણ.
**સિરિવિજયસેનસૂરી** મુખ્ય જયુએ, સહસ દોએ પરિવાર;
**સિરિહીરવિજય** સુહગુરૂ તણઉ, ગુણમણી તણુ ભંડાર. ૧૪

સંઘ સમહીઆં કરઇ અંપાર, વિચરઇ જેણિ ગામઈં;
અંગઇ ઊલટ અધિક થાય, **હીરજી** ગુરૂ નામઇં.
કનકકોડિ અંગ પૂજણાએ, પાય ઠવઇ પટકૂલ;
રુપકનાણિં લૂંછણાં, નયરિ નયરિ રંગરોલ. ૧૫

**ગૂજ્જર સોરઠ મરૂઅ** દેસ, **વાગડ** વિખ્યાત;
**દખ્યણ કૂંકણ મેદપાટ, માલવ મેવાત.**
**કાન્હમ** પ્રમુખ બહુ દેસમાંએ ગામ નયર સંનિવેસ;
ભવિક જીવનઈં તારિવા, શ્રી પૂજઇ દીયા ઉપદેશ. ૧૬

દાનશીલ તપ ભાવના, જિનપૂજા ભગતિ;
માલારોપણ વ્રતોચ્ચાર, સંઘવચ્છલ જુગતી;
લાભ અનંત ગુરૂ **હીરના** એ, કહિતાં નાવઇં છેહ;
બોધિબીજ બહુ વાવિઉં, **ભરત** ખેત્રમાં જેહ. ૧૭

**સિરિવિજસેનસૂરિસધીર**, નિજ પટ્ટિ દિણંદ;
સીખ દેઇ સવે ગચ્છતણી, ગુરૂ **હીર** મુણિંદ

**ઉના** નયરી અનસન લીઉએ, પાલઇ નિરતિચાર,
ભવસરુપ મનિં ચીંતવઇ, જપતાં શ્રીનવકાર. ૧૮

સંવત સોલહ બાવના, ભાદ્રવ સુદિ જાણ;
એકાદસિ તિથિ ઊજલી, **હીરગુરૂ** નિરવાણ.
ચૂઆ ચંદન ઘનસારસિઉંએ, શ્રીગુરૂ ચય ચરચંતિ;
માંડવી મહોચ્છવ અતિ ઘણા, સુરનર મિલી રચંતિ. ૧૯

સોવર્ણ રથ રયણિં જડ્યઉ, ગયણંગણિ આવઇ;
દીપકમાલા ઝગમગંતિ, રંગિં સુર ગાવઇ.
અમરપુરી પુરૂ સાંચર્યાએ, વાગા ઘંટ વિશાલ;
જગિ અચરજ વલી દાખીઉં, ફલીયા અંબ અકાલિ. ૨૦

સુખ અસંખ સુરલોકના, અનુંભવઇ મુનિરાજ;
કાલ ન. જાણંઇ જાયતુ, સવે સુર સિરતાજ.
જિનસાસનિં સાનિધિ કરંઇએ, પૂરઇ સંઘ મનિં આસ;
રોગ સોગ સંકટ હરઇ, છએ રિતુ બારેં માસ. ૨૧

**સિરિવિજયસેનસૂરિંદરાય**, સંપ્રતિ જયવંતઉ;
ભવિક જીવપ્રતિ બૂઝવઇ, વિહરઇ મલપંતુ.
સુવિહિત જનનિં હિત કરુએં, કરૂણારસ ભંડાર;
વિનય કરી જેઓ વસઇ, લહસઇ (તે) ભવપાર. ૨૨

સકલ કલ્યાણ નિવાસ ગેહ, અનિ સુંદર સોહઇ;
સિરિ **કલ્યાણ વિજય** વાચક પતિ, દીઠઇ મન મોહઇ.
તાસ સીસ **જયવિજય** ભણઇએ, પુરૂ મનહ જગીસ;
સિરિ **વિજયસેનસૂરીસરુ**, પ્રતિપઉ કોડિ વરીસ. ૨૩

**ઇતિશ્રી હીરવિજયસૂરિ પુણ્યખાણિ સજ્ઝાયઃ**

卐

## ૨૦

શ્રી વિવેકહર્ષ રચિત

# શ્રી હીરવિજયસૂરિ-નિર્વાણ સજ્ઝાય

રાજવલ્લભ-રાગ

સરસ વચન ધઉ સરસતી, પ્રણમી શ્રી ગુરૂપાય;
થુણસ્યું જિનશાસનધણી, **શ્રીહીરવિજયસૂરીરાય** રે;
જગગુરૂ ગાઈઈ, માન્યઉ **અકબરશાહિ** રે;
જસપટિ દીપતઉ, **શ્રીવિજયસેન** ગચ્છનાહ રે. જગ૦ ૧

સાહા **કુંઅરા** કુલિ ચંદ્રમા, **નાથી** માત મલ્હાર;
**શ્રીવિજયદાંનસૂરિ** પટધણી, **હીરજી** જગત્રશૃંગાર રે. જગ૦ ૨

જિણિ નિજ પર સિદ્ધાંતનઉ, પામ્યઉ પરગટ પાર;
શીલઈ થુલભદ્ર જોડલી, વઈરાગઈ વયરકુમાર રે. જગ૦ ૩

મહિમા દેખી માનિઉ, **અકબરશાહ** સુલતાનિ;
પેસકસી પુસ્તકતણી, ઢોકઈ પ્રથમ બહુમાનિ રે. જગ૦ ૪

જિણિ જિનધર્મ જગાવિઉ, ગોવધ નિત્યંઈ વારિ;
વરસપ્રતિં ષટ માસની, વરતાવી જીવ અમારિ રે. જગ૦ ૫

જિણિ છોડાવ્યઓ જીજિઉ, મુકાવ્યું જગિ દાંણ;
બંધી લાખ મેહલાવીઆં, ઈમ કીધાં જગત્ર આશાન રે. જગ૦ ૬

રાગ-મારૂણી.

મુગતઓ અવિચલ **વિમલાચલ ગિરનારનઉ** રે, વિણ કરિ જગ કરઈ યાત્ર;
તે યશ **હીરજી** તુઝ વિણ કહઉ કુણ અંવરનઈ રે, છાજઈ ગુણમણિ પાત્ર.
**હીરજી** ન વીસરઈ રે. ૭

તીરથયાત્રા કરી ગુરૂ **હીરજી** સમોસર્યા રે, **ઉના** નયર મઝારિ;
બિંબ પ્રતિષ્ઠા પ્રમુખ મહોચ્છવ **દીવ**ના રે, શ્રાવક કરઇ ઉદાર. હીર૦ ૮
સંવત સોલ બાવન્નઇ ભાદ્રવ માસડઇં રે, કરીઅ સંલેખન સાર;
સુદિ દશમી મધ્યરાત્રિં જગવી સાધુનઇ રે, સમઝાવઇ સાધુસિંગાર.
હીર૦ ૯

નિજનિર્વાણ સમય કહી અણસણ આદરઇં રે, પચખઇ ચ્યારે આહાર;
અગ્યારસિં સુપ્રભાતિં નવઅંગિં પૂજિઆ રે, અઢી પહુર લગઇં સાર.
હીર૦ ૧૦

સ્વયઇં કરાવઇ સંધ્યા પડિકમણુ પ્રભો રે, જિમ દેસન ઘઇ જિન વીર;
ગણઇ નઉકાર તે બઇસિ પદમાસનિ રે, અઇ ગુરૂ સાહસ ધીર.
હીર૦ ૧૧

હીવઇ જંપઇ ગુરૂ**હીર** રે ગચ્છ ધોરી જિનશાસન દીપાવયો રે,
સાધયો ઈહ પરલોક; ઈમ કહી નઉકારવાલી પાંચમી માંડતઇ રે,
**હીર** પહુતા સુરલોકિ. હીર૦ ૧૨

### રામગિરી-રાગ

જગનઇ વાહલઓ રે **હીરજી**,
**હીર** નિર્વાણ જાણિ કરિ આવ્યાં દેવ વિમાન રે;
કરવા મહોચ્છવ ગાન રે, કલિમાં અછેરા સમાન રે. જગ૦ ૧૩

તે તઉ નજરિં રે દીઠું, **સીંગલેસર** વાસી ભટ્ટ રે;
તસ સુત પણિ દેખઇ પરગટ્ટ રે, વાણી હવીઅ ઉદભટ્ટ રે. જગ૦ ૧૪
રાત્રિં અંગ જે પૂજિઉં, લ્યાહરી સાત હજાર રે;
માંડવી હોઇ ઉદાર રે, કરાવી કથીપાની સાર રે.
તિહાં બેઇઠી લ્યાહરી હજાર રે. જગ૦ ૧૫

માંડવી નીપજી જવ રહી, તવરહી રાતિ ઘડિ ચ્યાર રે;
તવ ઘંટાનાદ વાજીઉ, જેહવઉ ઈંદ્રનો સાર રે,
સુણ્યઉ તે વર્ણ અઢાર રે, પછઇ વાગા સાત ઉદાર રે. જગ૦ ૧૬

જવ ચય માંહિ પઉઢાડિઆ, જિહાં લગઈં દીઠું કાંઈં અંગ રે;
તિહાં લગઈં પૂજ્યૂં અતિ ચંગ રે, રુપા નાણઈં મન રંગ રે. જગ૦ ૧૭
પન્નર મણ સૂકડિ ભલી, અગર તે ત્રણિ મણ જાણિ રે,
કર્પૂર તે ત્રણિ સેર તિહાં મિલ્યું, ચૂઉ સેર પાંચ પ્રમાણ રે;
કસ્તુરિ બિ સેર આણિ રે, કેસર સેર ત્રણિ વખાણિ રે. જગ૦ ૧૮
ઈમ હીર અંગ સંસ્કર્યું, લ્યાહરી સાત હજાર રે,
તિણિ વાડી જે ઝરલઈઆ, તેહજ મોર્યા સહકાર રે;
ફલિઆ તેહ સહકાર રે, એકણિ રાત્રિ મઝારિં રે,
અદભૂત એહ અપાર રે, જગ૦ ૧૯
**પારિખ મેઘઈં** કરાવિઉં, થૂભ તિહાં અતિ અભિરામ રે,
તિહાં રાત્રિં આવઈ દેવતા, કરઈ **હીરના** ગુણગ્રામ રે;
નાટિક હોઈ છંઇ તામ રે, વાજિત્ર વાજઈ તિણિ ઠામિ રે;
પ્રસિદ્ધ હવું આખઈ ગામિ રે. જગ૦ ૨૦
તિહાં ખેત્રઈં જે વાસઉ વસઈ, વાણિઉ **નાગર જાતિ** રે,
તિણિ તિહાં જાઈનઈં જોઈઉં, ઉદ્યોત વર્ધમાન માત રે;
કાનિ સુણઈં ગીત ગાન રે, વાજિત્ર દેવતા વાત રે,
નજરિ ન દેખઈં સાખ્યાંત રે, સમ કરિ કહઈ પરભાતિ રે. જગ૦ ૨૧

**(કળસ)**

ઈઅ શ્રી વીરશાસન જગત્રિભાસન **શ્રીહીરવિજય** સૂરીસરો,
જસ શાહિ **અકબર** દત્ત છાજઈ બિરૂદ સુંદર **જગગુરો;**
જસ પટ્ટ પ્રગટ પ્રતાપી ઉગ્યઉ **શ્રીવિજયસેન** દિવાકરો,
કવિરાજ **હરષાણંદ** પંડિત **વિવેકહર્ષ** સુહંકરો. ૨૨

**ઈતિ સ્વાધ્યાય સમાપ્તમિતિ ॥ શ્રી ॥**

卐

(संवत् **१६५४** वर्षे **आषाढ**सितात् चतुर्मासदिने पंडित**श्री-पुण्यहर्षगणिनां** शिशो **मुनिजयहर्षेण देवासनगरे** लिपीकृतं ॥ ठः ॥)

૨૧

શ્રી કાનજીમુનિ રચિત

# શ્રી હીરવિજયસૂરિ-નિર્વાણ સજ્ઝાય

પ્રણમીઅ પાસ આસ જગપૂરણ, મગસી મંડણ સામી રે,
શ્રી તપગછપતિ હીરવિજયસૂરિ, ગુણ ગાઉં સિર નામી રે ॥ ૧॥

સુગુરુ ચરણ સેવઓ તુમ્હિ ભવિકા, કુગુરુ સંગ મતવારી રે,
કુગુરુ કુગુરુ કુતિમાહિં લેઇ મુકિ, સુગુરુ મુગત્તિ દઇ સારી રે ॥ ૨॥ આંચલી

હું મુરખ મંડણ છઉં ભોલઉ, કોઇ મ હસંજો ધામી રે,
માય બાપ આગલિ જિમ બાલક, બોલઇ સંકા લામી રે ॥ ૧૩॥ સુગુ૦

જીમ કેસી ગણધર પરદેસી, નીવ કીય સમકિત ધારી રે,
વ્રત બારહ તે સુધાં... હૂઉ એકા અવતારી રે ॥ ૪॥ સુગુ૦

ગુરુ પંચ મહાવ્રત સુધાં પાલઇ, ઓસવંસ અજુઆલ રે,
પંચ સુમતિસું સમતા અનુદિન, ષટ કાયા રખવાલ રે ॥ ૫॥ સુગુ૦

ગામ નયર **પાટણ**પુર વિચરઇ, કુમત પડંતાં વાલઇ રે,
અંગે ઉવંગ ચંગ સંભલાવિ, ગુરજી દૂસમકાલિં રે ॥ ૬॥ સુગુ૦

તું ગોયમ સોહમ તું જ છૂ, **થુલિભદ્ર** તું હો રે,
નામંતર કરિસૂં કાં વાહ, ચરણ ન છોડું દોઇ રે ॥ ૭॥ સુગુ૦

ધન તે ગામ નયર **પાલણપૂર,** જિહાં ગુરુજી અવતરિયા રે,
ધન તે શ્રી તપગચ્છ ગુણસાગર, જિહાં હીરવિજય સૂરિ ગિરુઆ રે ॥ ૮॥ સુગુ૦

ભાવ સહિત જે ગુરુ ગુણ ગાવ, બહુ સંપતિ તે પાવઇ રે,
તાસ સીસ પભણઇ મુનિ **કાન્હજી,** સુગુરુ અધિક મન લાવઇ રે ॥ ૯॥ સુગુ૦

**ઇતિ શ્રી હીરવિજયસૂરીશ્વર સ્વાધ્યાય ॥ સંપૂર્ણ॥**
**સમાપ્તં ॥ છ॥ શુભં ભવતુ ॥ છ॥**

૨૨

શ્રી વિદ્યાચંદ્રમુનિ રચિત

# શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય

સામિણિ સમરી સરસતિ માયા તિમ નિજ ગુરુનઉ લહીઅ પસાય ।
**હીરવિજય** જિનશાસ ધણી, થુણસ્યું જેહની કીરતિ ઘણી ॥ ૧ ॥

તે શ્રી હીરવિજયસૂરીસ ત્રણિ કાલ તસ નામું સીસ ।
જેણઇં સૂધઉ સંવર આદર્યું, જગ તાર્યું નઇ આપઇં તર્યું ॥ ૨ ॥

રાગદ્વેષ વયરી પરિહરઇ, તપ જપ સમતા સંયમ ધરઇ ।
પાલઇ પ્રવચન માતા ખરી, આઠ ઈમ મદ મેહલ્યા પરિહરી ॥ ૩ ॥

નિજ પરશાસન વિદ્યા ભણી, સકલ સૂરિ સિરિ ચૂડામણિ ।
ગિરુઉ ગછપતિ ગુણભંડાર, જેણઇં મોહિઉ સારુ સંસાર ॥ ૪ ॥

પંચ મહાવ્રત પંચાચાર, પંચ નિગ્રંથી ધરઇ વિચાર ।
બૂઝવીઉ **અકબર** પારખી, તઉ સવિ પૃથિવી કીધી સુખી ॥ ૫ ॥

ષટમસ વાડાજીવ અમારિ, મુગતુ **શત્રુંજય ગિરિનારિ** ।
મુંક્યા થુંબાનઇ જીજીઆ, જગગુરુ બિરુદ હીરનઇં હુઆ ॥ ૬ ॥

સુદ્ધ પરૂપક સુદ્ધાચાર, નિત નવ કલપી કરઇ વિહાર ।
દોષ રહિત ગુરુ લીઇ આહાર, **પાલ્હણિ પુરિ** હુઉ અવતાર ॥ ૭ ॥

**વિજયદાન** દાન પટ ધારી, હીરુ **હીરવિજય** ગણધાર ।
નાથી **કુંરા** કુલિ સિણગાર, **વિદ્યાચંદ** ભણઇ ભવ તારિ ॥ ૮ ॥

ઇતિ શ્રી હિરવિજયસૂરિ સજ્ઝાય ।

卐

૨૫

શ્રી ક્ષેમકુશલ રચિત

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

॥ ૐ હ્રીં ॥

મનિ સમરી રે સરસતિ સામિણિ મતિ કરી ।
એ તો સોહઈ રે જિન મુખ પંકજ મધુકરી ।
ભવિજન મોહઈ રે કવિજન મુખ મંડણ કરી ।
સસિ ગણનાયક રે થુણસ્યું **હીરવિજયસૂરી** ॥ ૧ ॥

પટ્ટગ ગતિ રે સોહઈ ભાસન દિનકરુ વંછિત દાયકા રે।
જાણે અભિનવ સુરતરુ વરજ્ઞાનિ રે ।
બુદ્ધિઈં જીપઈ સુરગુરુ સૂરીસર રે ।
વંદુ **હીરવિજય** ગુરુ,॥ ૨ ॥

ગુણમણિ આગર રે સાગર સયલ કલા તણા ।
જગમાંહિં દીપઈ રે જસ કીરતિ મહિમા ઘણો ।
સૌમ્ય વદનિં રે સોહઈ સોમ સોહામણા ।
ગુરુ ગુણ ગાતાં રે નિતુ નિતુ હુઈ વધામણા ॥ ૩ ॥

મુખ પદ્મિં રે વસઈ નિરંતર સરસતી ।
મધુરી વાણીઈં રે અમૃત ધારઈ વરસતી ।
કરકમલિં રે વસઈ શ્રીધર કામિની ।
જસ પય સેવઈ રે શ્રી જિન શાસન સામિની ॥ ૪ ॥

કલિકાલિ રે સોહમ જંબૂ જોડલી ।
જસ દીઠઈં રે સંભરઈ વયર કુમર વલી ।
જિમ રવિ તાપઈં રે હિમ પડલ જાઈ ગલી ।
તિમ મુનિ તેજઈં રે કુમત મિથ્યા તજાઈ ટલી ॥ ૫ ॥

કુમતિ થૂકનઈ રે જાણ રવિ કર મંડલી ।
શ્રી ગુરુ દરસણિં રે પુહુચઈ આસ્યા મન રુલી ।
જેણઈ ટાંલી રે તૃણા કંટાલી બોરડી ।
ગુરુ ગુણ ગાવઈ રે કોકિલકંઠી ગોરડી ॥ ૬ ॥

મદ માતંગ રે ટાલવા દુધ રે કેસરિ ।
નિજ તનુ કાંતિ રે સોહઈ ભાસુર સુરગિરિ ।
બાલપ્પણિ રે સુંદર સંયમશ્રી વરી ।
શ્રી ગુરુવચનિં રે શ્રી જિન આજ્ઞા સિરિ ધરી ॥ ૭ ॥

તપ તેજઈ રે જાણે દિનકર અતિ ભલો ।
શ્રી ગુરુ નામિં રે જસ વાધઈ જગિનિ મીલો ।
શ્રી ઓસ વંસઈ રે કુમુદ વિકાસન ચંદલો ।
શ્રી તપગછઈ રે સૂરિશ્નિ રોસણિ ગુણ નિલો ॥ ૮ ॥

જય જગત્ર ભૂષણ દલિય દૂષણ સયલ લક્ખણ પારગો ।
શ્રી પંડિત મેહ મુણિંદ સુખકર ભવ મહોદધિ તારગો ।
તસ સીસ બાલિં **ક્ષેમકુશલિં** થુએયા **હીરવિજય** ગુરો ।
શ્રી **વિજયદાનસૂરિંદ** પટ્ટિ સર્વસંઘ સુહંકરો ॥ ૯ ॥

**॥ ઇતિ શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાય સંપૂર્ણ ॥**

**વિનયવિજય ઉપા. રચિત શ્રીપાલ રાસ**

તપગચ્છનંદન સુરતરૂ પ્રગટ્યા, **હીરવિજય** ગુરૂરાયાજી
**અકબરસાહ** જસ ઉપદેસેં, પડહ અમારિ વજાયાજી. ૧

**હેમસૂરિ** જિનશાસન મુદ્રાઈ, હેમ સમાન કહાયાજી,
જાસો હીરો જે પ્રભુ હોતાં, શાસનસોહ ચઢાયાજી. ૨

૨૪

શ્રી જયવિજય રચિત

# શ્રીહીરવિજયસૂરિ સ્વાધ્યાય

રાગ-અસાઉરી

વિમલાચલ પ્રભુ ચરણ નમીનઈ, થુણસિઉં **હીર** મુણિંદો રે ।
**અકબર** શાહિ તણુ પ્રતિબોધક સુવિહિત સિઉં ચિર નંદઉ રે ॥ ૧ ॥

સયલ તીરથ સોહઈ ગુરુ અંગિ, રંગિ અભણૂં ક્રમિ તાસ રે ।
જે નિજ શ્રવણે સુણી ગુરુ સેવઈ તે લહિ શિવસુખ વાસરે । સયલ.॥ ૨ ॥
**આંચલી.**

મૌલિ અનોપમ શંકર સેવઉ ભાલ, રેલે ગંગ વિશાલ રે ।
ભમુહ તણઈ બલિ જમુનાં સહીએ, મુખિ સરસતી રસાલ રે । સયલ.॥ ૩ ॥

સ્વરગદ્વારિ શ્રવણે જાણઉ નયણે પ્રભાસ તે દીપઈ રે
નાશા નાસક દુરિત તણુ ભર અધર ત્રંબક નઈ જીપઈ રે । સયલ.॥ ૪ ॥

જગન્નાથ જિહ્વાંઈ વસીઉ સ્વામિ ઓષ્ટ અઘ ભૂરઈ રે ।
સેતુ બંધ દસનાવલિ શોભતિ કપોલ કામિત સુખ પૂરઈ રે । સયલ.॥ ૫ ॥

ચિબુક ચારુ લોટી ગુરુ પાસઈ સુરકીદાર મોહી લવણે રે ।
હનૂ પ્રયાગ જિણિં નયણે નિરખિઉ, તે ગાયા સુરભવણે રે । સયલ.॥ ૬ ॥

ગયા કુષ્ટ ભજઉઓ ગુરુ ગ્રીવા કંઠિ રેખા ત્રયવેણી રે ।
અચલ ઈશ્વર પૂજઉ ભુજ ગુરુ નાયણ હણિઉ જગિ જીણઈરે । સયલ.॥ ૭ ॥

ગોદાવરી તાપી નઈ સિપ્રા કરતલિ રેખા રૂપિ રે ।
કુસાવર્ત નીલ પર્વત રેખા બીલ કનક ખલ ઉપઈ રે । સયલ.॥ ૮ ॥

કાબેરી ઈન્દ્રનયાસિ રહું ચર્મણવતી જગિ ભાવીરે ।
વેગવતી વેદિકા સિંધુ ગલ્લકી ગુરુ કરઈ આવી રે । સયલ.॥ ૯ ॥

હૃદય તે પુષ્કર માંહિ અહિનિશિ ધ્યાને ધરઇ વિશ્વનાથ ।
ગુરુ સમુદ્ર સમ નહી કો મહીઅલિ, તિમ ગોમતી વિખ્યાત રે । સયલ.॥ ૧૦ ॥

સહસ અઠ્યાસી સિસિનું આશ્રમ જગગુરુ નાભિ વિરાજઇ રે ।
અતિ ગભીર **મહીસાગર**ની પરિ વાણી ગુહિરી ગાજઇ રે । સયલ.॥ ૧૧ ॥

તુભ કુરુક્ષેત્ર જૂઉ ગુરુ ઘટમાં વાવિઉ અનંતગુણૂ થાઇ રે ।
મન-માનસ અતિ નિરમલ જેહનૂં દરશનિ દુરિત પલાઇ રે । સયલ.॥ ૧૨ ॥

નયરી અયોધ્યા મથુરા માયા કાસી કાંતી અવંતી રે ।
નયરી દ્વારિકાસમ ગુરુ કાયા મુગતિ દીઇં મનિ ચિંતિ રે । સયલ.॥ ૧૩ ॥

કામગવી ગુરુ ચરણે સુહકર, ત્તેત્રીસ કોડિ સુર સેવઇ રે ।
માતા પિતા તીરથ સમ એ ગુરુ આરાધ્યા સુખ દેવઇ રે । સયલ.॥ ૧૪ ॥

સકલ તીરથ કાદી(ઇ)શ્વર **હીરજી** યોગીશ્વર કુલદીવું રે ।
સકલ બ્રહ્મચારીનું ઇશ્વર વિજયનાથ ચિરજીવું રે । સયલ.॥ ૧૫ ॥

ઇમ ગુરુ ગુણની તીરથ માલા ગૂંથી મિં અતિહિં રસાલ રે ।
જે નર નારિ ઠવઇ નિજકંઠિ તે લહઇ સુખ સુવિશાલ રે । સયલ.॥ ૧૬ ॥

શ્રી **કલ્યાણ**વિજય ગુરુ વાચક વાચક સુરગુરુ તોલઇ રે ।
તસ પદ પંકજ સેવક મધુકર **જયવિજય** ઇમ બોલઇ રે । સયલ.॥ ૧૭ ॥

જે મિથ્યામતિ દૂરિ છંડઇ સુમતિ સિઉં વાસ રે ।
પ્રય(હ) ઊઠી ગુરુ **હીરજી** પ્રણમઇ અઠસઠી તીરથ તાસ રે । સયલ. ॥ ૧૮ ॥

**શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાય**

卐

૨૫

શ્રી દયામુનિ રચિત

# શ્રીહીરવિજયસૂરિ સ્વાધ્યાય

રાગ ગૌડી

હિતકર **હીરજી** રે, ઘડીય ન વીસરે, ગિરુઓ ગચ્છપતિ એહ ।
જગદાનંદ તુઝ ગુણ અતિ ઘણા, કહો કિમ ભૂલે રે તેહ । હિ. ॥૧॥

મયગલની પરિ ગુરુનું ચાલતો, ટાલતો વિષય વિકાર ।
વહાલા **હીરજી** રે સકલ સંસારનો મોહન જગત્રય આધાર । હિ. ॥૨॥

તાહરે તેજે રે સહુ સુખિયા થયા ઘણા મુંકાવ્યા દંડ દોર ।
જીજીઓ છૂટે રે તુજ વચને થકી જેણે પડંતો રે સોર । હિ. ॥૩॥

શેત્રુંજ મુગતો રે તુઝ વચને થકી ઉર ખટ્માસ અમારિ ।
ગો પંખીના રે બંધ છોડાવવા, તુઝ સમો કુણ સંસારિ । હિ. ॥૪॥

સંવત સોલ બાવન ભાદ્રવો, સુદિ ઇગ્યારસ જેહ ।
**ઉના** નગરે રે અણસણ ઉચ્ચર્યું સાધુ-પુરંદર તેહ । હિ. ॥૫॥

શ્રીસંઘ માંડવી મોછવ બહુ કરે ચૂઆ-ચંદન ઘનસાર ।
રૂપા નાણે રે ગુરુ અંગ પૂજતાં દિધો ઇમ સંસકાર । હિ. ॥૬॥

નિર્વાણોચ્છવ જે કરે દેવતા, તેહના બહુ વિસ્તાર ।
ઝાલાલા ગીરે આસન વૃક્ષનો ફલ્યાં તે સહકાર । હિ. ॥૭॥

હાં ! હાં ! **હીરજી** રે નિજ સેવક તણાં કિમ વિસાર્યા રે મોહ ।
એ વેદન સમ કોઇ ન દોહિલી વાહલા તણા રે વિછોહ । હિ. ॥૮॥

સાંભલઇ ખિણ ખિણ તુંહઇ **હીરજી** ભવિક કમલ[લો]ચનસૂર ।
રાતિ દિવસ મનિ અલજો અતિ ઘણો, દેખાડો મુખ નૂર । હિ. ॥૯॥

કિમ ભૂલે ગુરુ તાહરિ દેશના કિમ ભૂલે તુઝ રૂપ ।
કહો કિમ ભૂલે ગુરુ કર શિરંધરે તે રંજ્યા બહુ ભૂપ । હિ. ॥૧૦॥
ધરમધુરંધર તે પટ થાપિઓ, દિન દિન ચઢતે રંગ ।
**અકબર** આગલ જિનશાસન તણી રાખી મામ જે સંગ । હિ. ॥૧૧॥

તુઝ પટોધર દિનકર દીપતો **શ્રીવિજયસેનસૂરિંદ** ।
**કલા[લ્યા]ણકુશલ** ગુરુ શિષ્ય **દયા** કહે, સુપ્રસન્ન એહ મુણિંદ । હિ. ॥૧૨॥

ઇતિ શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાય

**સંઘવિજય રચિત અમરસેન વયરસેન રાજર્ષિ આખ્યાનક**

પટ્ટપરંપર વીરનો ક્રમઇં હવો યુગહપ્રધાન,
શ્રી **હીરવિજય** સૂરીશ્વર **અકબર** નૃપ દીઇં માન. ૪૯૦

બિરૂદ જગગુરૂ તેણઇં દીઉં, તીરથ **શેત્રુંજ ગિરિનારિ,**
મુગતાઘાટ કારાવીઆ, જાત્ર કરઇં નરનારિ. ૪૯૧

છોડાવ્યો જેણઇં જીજીઓ, મુકાવ્યું જગિ દાંણ,
બંધ લાખ મેલ્હાવીઆ, **હીરગુરૂ** વચન પ્રમાંણ. ૪૯૨

ઉદય અધિક શ્રી ગુરૂ તણો, **રાજનગર** મઝારિ,
**સોલ અઠાવીસઇં** આવીઆ, **મેઘજી** ઋષિ ઉદાર. ૪૯૩

લુંકામત મૂકી કરિ, કુમતિ કીઉ પરિત્યાગ,
મન વચન કાયા કરી, ધર્મ્મ તણો મનિ રાગ. ૪૯૪

જિનપ્રતિમા જિનસારિષી, કહી પ્રવચનિ અધિકાર,
સદહણા સાચી ષરી, આવી તસ હૃદય મઝારિ. ૪૯૫

આચારિજપદનો ધણી, નહિ અભિમાન લગાર,
હીરગુરૂચરણે જઇ નમું, મન સ્યું કર્યો વિચાર. ૪૯૬

## ૨૬

श्री ક્ષેમકુશલમુનિ રચિત

# શ્રીહીરગુરુ સજ્ઝાય

ગોયમ ગણધર પાએ નમું, સકલ ગુણ લબ્ધિ ભંડાર રે ।
નામિ રે પરમાનંદ પામીઈ, નિર્મલ સુમતિ દાતાર રે ॥ ૧ ॥

વંદઉ વંદઉ **હીરજી** ગુણ નિલો, મુઝ મનમોહન **હીર** રે ।
જિમ લીનો ગોયમ વીરે રે, જિમ મીનો રાતે રહઈ નીર રે ।
રખિણિ રખિણિ **હીરજી** વાંદવા, મુઝ મન મોહું પ્રભુતીર રે ॥ ૨ ॥ આંચલી.

કામ કલસ ચિંતામણિ જાણીઈ, મુઝ ફલો સુરતરુ આજ રે,
કામધેનુ આવી મુઝ આંગણઈ, જઓ ભેટા શ્રી મુનિરાજ રે ॥ ૩ ॥ વંદએ.

મુઝ રે ફલી રે ચિત્રાવેલડી, મઈ પામી હેમ નરસિદ્ધિ રે ।
અષ્ટ મહાસિદ્ધિ નામિ પામીઈ નામિ લહીઈ વંછિત રિદ્ધિ રે ॥ ૪ ॥ વંદ.

ગોયમ સોહમ **જંબૂ** સાંભઈરો, **યશોભદ્ર મેહકુમાર** રે।
શીલિ કરી સ્થૂલભદ્ર જાણીઈ, રુપિ જીતો કામકુમાર રે ॥ ૫ ॥ વંદ.

સકલ મુનિ શ્રેણિ શિરોમણી, તપગણ ગગન દિણિંદ રે ।
શ્રી **હીરવિજયસૂ**રી રાજીઓ નામિ લહીઈ પરમ આણંદ રે ॥ ૬ ॥ વંદ.

સકલ જગતારણ જગગુરુ, એ પ્રભુ ત્રિજગ આધાર રે ।
યુગહ પ્રધાન ગુરુ પામીઓ, દીઈ મુઝ સુખ જય જય કાર રે ॥ ૭ ॥ વંદ.

ગામાગર પટ્ટણ બંદિરાં, ધિન ધિન વિહરઈ મુનિરાય રે ।
બહુતર નારિ પ્રતિબોધતા, બહુ પુંએપ લાભ ઉપાય રે ॥ ૮ ॥ વંદ.

તે ધિન નરનારી લેખવો, અહનિશિ વંદઈ ગુરુ પાય રે ।
દિન દિન શ્રી પૂજ્ય વાંદણાં, દેઈ કરઈ નિર્મલ કાય રે ॥ ૯ ॥ વંદ.

કૃપા કરી પ્રભુ મુઝ આપીઈ, સિવપદ કમલનિવાસ રે ।
**ખેમકુશલ** સુખદાયકુ, જિમ પુહુચઈ મુઝ મન આસ રે ॥ ૧૦ ॥ વંદ.

॥ શ્રી ગુરુ સજ્ઝાય ગીતં॥ છ॥

## ૨૭

# શ્રીપટ્ટચતુષ્ક સૂરિનામગર્ભિતહીરવિજયસૂરિ સ્વાધ્યાય

ઢાલ ચઉપઈ...

શ્રીપતિ પ્રણમઈ જસપદ પદ્મ શ્રીજિનપ્રણમું મુકી છદ્મ શ્રીગુરુ પ્રણમી ગુરુ ગુણ ભણું શ્રીદાયક મુનિનાયક થુણુ ૧
આજ અનોપમ આણંદ ભયો વિમલવદન પિખી ગહગયો હીનાચાર નવિ દીસઈ રત્તી વિધાઈ જીત્યો બૃહસ્પતી ૨
ણંદન કુંરાકુલ શૃંગાર જયજય ગુરુ જગદાધાર રત્નત્રય કેરો આધાર જગિ જસ વાધઈ જસ વિચાર ૩
દમશમ સંયમ લીલાવંતા યશ વાદઈ દીપઈ ભગવંત વિનયાદિક ગુણરત્ન ભંડાર યસ નામઈ લહીઈ ભવપાર ૪
વિસ્તરીઓ ગુરુ ગુણ સાગરુ દાન ગુણઈ જીપઈ સુરતરુ જગિ જયવંતો જય સુખકરુ સેવક મન પંકજ દિનકરુ ૫
મન વચન કાયા કરી શુદ્ધિ નમતાં લહીઈ વંછિત રિદ્ધિ યદુપતિ પરિ બ્રહ્મ વ્રત ધરઈ. નારય પડતાં જગ ઉદ્ધરઈ ૬
લબ્ધિગુણિ ગોયમ અવતરો સૂરિગુણ છત્રીસી અલંકારો ગુરુગુણમહિમાજગિ વિસ્તરો । ગુરુક્ષેમ કરમઈ ચિતિ ધરો ૭
આણંદ વિમલકારી ગુરુમિ લો વિજયદાનદાતાગુણનિ લો હીર વિજયસૂરિ તપગછયતિ । લો વિજયસેન છઈ જસ નિર્મલો ૮

ગુરુ નામ ખર શ્રેણિકરુ ચ્યારિ, પદ આદ્ય ખર નામ ચિતિ ધારિ ।
ચ્યારઈ શ્રેણિ ચ્યાર ગુરુ નામ, સમરઇ સીજઈ વંછિત કામ ॥ ૯ ॥

પ્રહિજઠી સમરો એ નામ એ ચ્યારઈ મંગલ અભિરામ ।
ચઉ ગઈ દુખ છેદેવા ભણી સરણં કરો એ તપગછ ધણી ॥ ૧૦ ॥

જય તપગછરાયાં નમઈ પાયાં રાય રાયાં સુર ધણી ।
ભવ ભય ચૂરણ વંછિત પૂરણ સયલ સુખકર સુરમણી ।
ત્રિજગ મધ્યઈ યે અભવિકા કમલ વિકસન દિનમણી ।
શ્રી **હીરવિજય** સૂરિંદ થુણીઓ **ક્ષેમકુશલ** પ્રભુ ગછધણી ॥ ૧૧॥

**॥ ઇતિ શ્રી પટ્ટ ચતુષ્ક સૂરિનામ ગર્ભિત શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાયઃ ॥**
**॥ છ॥ શ્રીરસ્તુ॥ કલ્યાણમસ્તુ॥**

**સંઘવિજય રચિત અમરસેન વયરસેન રાજર્ષિ આખ્યાનક**

ભાખ્યા ગણ્યા સિદ્ધાંત સવિ, પંડિત બહુશ્રુત જોડિ,
અઠાવીસ ઋષિ સ્યું પરવર્યા, આવી વંદઇ મનકોડિ. ૪૯૭

પુનરપિ ચારિત્ર આદરઈ, વિશુદ્ધ હીરગુરૂહાથિ,
પંચ મહાવ્રત ઉચ્ચરઇ, અઠાવીસ ઋષિનઇ સાથિ. ૪૯૮

ઋષિ **મેઘજી ઉદ્યોતવિજય**, નામ અનોપમ દીધ,
ઋષિ **ગણો** તે **ગુણવિજય** દીધૂં નામ પરસિદ્ધ. ૪૯૯

નામ થાપના અનુક્રમઈ કીધી શ્રી ગુરૂરાજિ
પાંમ્યો લાભ ગુરૂઈ અતિઘણો, સાર્યાં તસ બહુ કાજ. ૫૦૦

શ્રી દેવચંદ્ર રચિત

# હીરવિજયસૂરિ સજ્ઝાય

સમરીય પાસ જિણેસર ત્રિભુવન મંડણઉ રે;
**ચિત્રકોટ**નયર સિંગાર થુણસ્યું રે થુણસ્યું રે **હીરવિજયસૂરિ**ગણધરુ રે. ૧

તપગછિ ઉગઉ નિરમલ સારદચંદલું, દીઇ પરમાણંદ
પામઇ રે પામઇ રે ભવિયણ વૃંદ ચકોરડા રે. ॥ ૨॥

ચપલ તુરંગમ ઇંદ્રી પાંચઇ જીવનઇ રે; પાડઇ ઓવ વાટ,
વાટઈરે વાટઈરે રાખઇ ગુરૂજી તેહનઈરે. ॥ ૩॥

સોહણ મોહણ મૂરતિ ઉપસમ સાગરૂ રે, ચઉવિહ સંઘ મઝારિ;
સોહઈરે સોહઈરે જિમ સુરમાંહે સુરપતિ રે. ॥ ૪॥

તુહ્મ ગુહરી વાણી નિરમલ મોહણવેલડી રે, ભવિયણ પરષદ માહિ;
ગાજઈરે ગાજઈરે જલનિધિ જિમ જલ પૂરિઉરે. ॥ ૫॥

સોહમ જંબૂ સિજંભવ ગુરૂરાજીએ રે, સમર્યા ગુણ ભંડારઃ
દીઠડઈરે દીઠડઈરે હીરવિજયસૂરિ રાજિએ રે ॥ ૬॥

[કળશ]

તપગછ મંડણ વિબુધ રંજણ **હીરવિજયસૂરીસરુ**,
શ્રી **વિજયદાન** મુણીંદ પાવન પટ્ટગયણ દિણેસરૂ,
ઇમ થુણઉ ભગતિં સાર યુગતિં નાણ વર ચારિત ધરૂ,
તુમે જયો સુહગુરૂ સીસ સુરતરૂ, **દેવચંદ** કૃપાકરૂ ॥ ૭॥

॥ શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય ॥

卐

૨૯

શ્રી ક્ષેમકુશલ રચિત

## શ્રીહીરવિજયગુરુ સ્વાધ્યાય

શ્રીગુરુચરણકમલનમી સખી હું થુણસું મુનિરાય રે,
પુણ્યપ્રસાદિ પામીયા સખી **હીરવિજયસૂરિ** પાય રે. ॥ ૧॥

આજ સખી મુજ અંગણ જે અભિનવ સુરતરુ ફલીઓ રે,
કલિકાલે ગૌતમ પ્રતિરૂપી જો મુઝ સુહગુરુ મલીઓ રે,
**શ્રીહીરવિજયસૂરિ** મલીઓ રે આજ૦ ॥ ૨॥

વંછિતદાયક સુરમણિ સખી કામધેનુ કામકુંભ રે,
સુખ પદ મુઝ કરવા કારણી સોહે અનુપમ બંભ રે. આજ૦ ॥ ૩॥

ક્રોધ દાવાનલ ટાલવા સખિ અભિનવ ઉભઓ મેઘ રે,
જસ દીઠે મુનિ સંભરઇ સખિ વયરકુમર જંબૂ મેઘ રે. આજ૦ ॥ ૪॥

માન મતંગજ જીવવા સખિ દુર્ધર ઉપન્યો સિંહ રે,
સિંહ તણી પરે આદરું સખિ સંયમ અકલ બીહ રે. આજ૦ ॥ ૫॥

મુનિ માનસરોવરિ હંસલો સખિ જગગતિઇ ગેલે રે,
શમ સુધાકર કુંડાં સખિ રાજહંસ પરિ ખેલે રે. આજ૦ ॥ ૬॥

**શ્રીહીરવિજયસૂરિ** રાજીઆ સખિ યશપડહો જગિ છાજેરે,
મોહ મહા ભડ જીપીઓ જગિ જય જય ઘંટા વાજે રે. આજ૦ ॥ ૭॥

નયણ જિરયાં કજપાંખડી સખિ મુખ સોહઇ પુનિમચંદો રે,
સકલ કલાસંપૂરણ સખિ શ્રી ગુરુ નિતુ નિતુ વંદો રે. આજ૦ ॥ ૮॥

સંયલ કમલા કોડીકારણીએ ગુરુ ગોવિંદો રે,
મુનિગણમાંહિ મુનિપતિ સોહે સુરગણમાહિ સુરિંદો રે. આજ૦ ॥ ૯॥

દંત જિસ્યા દાડિમ તુલા સખિ ભાલિ અષ્ટમી ચંદો રે,
**ક્ષેમકુશલ**મુનિ ઈમ ભણઈ સખિ એ ગુરુ ચિરકાલ નંદો રે. આજ૦ ॥ ૧૦॥

સુરશિવ સુખ હોઇ આશુ સખિ **શ્રીહીરવિજયસૂરિ** નામ રે,
મંગલ કુશલ ક્ષેમંકર કમલા વિલ સઈ ઠામિ રે. આજ૦ ॥ ૧૧॥

॥ ઈતિ ગુરુ સ્વાધ્યાયગીત ॥

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

સમતા **હીર**તણી હવિ જુઓ, કુરડુગથી અધિકો હુઓ;
ખારી ખીચડી ખાધી ખરી, **હીર** ન બોલ્યો મુખથી ફરી. ૩૫

શ્રાવક ઘરિ રાંધી ખીચડી, મીઠું ઘાલિ વહુઅર વડી;
વહુઅર સોય આઘેરી ગઈ, સાસુ મીઠું ઘાલે સહીય. ૩૬

જિમવા બેઠો નિંજ ભરતાર, ખારી ખીચડી અત્યંત અપાર ? ૩૭

કરી ખરખરો આવ્યો તહિં, ઉપાશરે બેઠો છે મુનિવર જ્યાંહિ;
ભાષે શ્રાવક અમ ઘરિ આહાર, અહ્મે પરઠવ્યો ખાર અસાર. ૩૮

સાધ કહે ખારી ખીચડી, **હીર**તણે પાતરે તે પડી;
શ્રીગુરૂ સોય ન બોલે ફરી, ઉઠ્યા આહાર તે ખારો કરી. ૩૯

વારે વારે પીયે નીર, એમ જલ કહીયેં ન પીએ **હીર**;
વાત પ્રકાસે નહિ ગંભીર, અહો સમતારસ હોય સધીર. ૪૦

સાધ કહે ગુરુ એહ સ્યું કીધ, ખારી ખીચડી તુમ્હે સ્યું લીધી,
હીર કહે કૂરગડુને જુઓ, થુંકનારો તે નવલજ હુઓ. ૪૧

30

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય

॥ एर्द० ॥ श्रीहीरविजयसूरिगुरुभ्यो नमः ॥

સારદમાત તણઇ સુપસાઇં **હીરવિજયસૂરિ** ગાસ્યું જી
સાધુ શિરોમણિ બહુ ગુણવંતઉ દરિસણિ આણંદ પાસ્યું જી ॥ ૧ ॥

મહિઅલ મહિમા જેહનઉ મોટઉ મેર સમોવડિ કહીયે જી
શીલગુણે કરી રતિપતિ જીત્યુઉ નામિઇં નવનિધિ લહીઇ જી ॥ ૨ ॥

સુંદર મૂરતિ મોહનવેલી સમતારસનઉ દરીઓ જી
આઠઇ પ્રવચનમાતા પાલઇ સંયમરમણી વરીઓ જી ॥ ૩ ॥

પંચાચારવિચાર વચક્ષણ ગિરુઓ એ અણગારુ જી
તપતેજઇં દિનકરથી અધિકઓ ભવજલનિધિનઉ તારુ જી ॥ ૪ ॥

સકલ સૂરિશિરિ સેષર સોહઇં જિનશાસનિ વર દીવુ જી
દયાવતં મુનિવર વયરાગી કોડી વરસ પ્રભુ જીવઉ જી
સાહા **કૂઅરાકુલિ** તું અવતરીયો ધન્ન **નાથીસુત** જાયુ જી
**ઉસવંશ** દીપાવ્યુ જેમઇ ધન્ન એ ગુરુ મઇ પાયુ જી ॥ ૫ ॥

**હીરવિજયસૂરિ** ઉત્તમ જાણી સાહા **અકબર** તેડાવઇ જી
સોમવદન દેષીનિ હરષ્યઉ નિજમુખિ ગુણવરી ગાવઇ જી ॥ ૬ ॥

ધન્ન કણ કંચણ રંગિ આપઇ સહિગુરુ કાંઇ ન લેવઇ જી
દિલ્લીપતિ ગછપતિનઇ પરગટ જગગુરુ નામસુ દેવઇ જી ॥ ૭ ॥

શાહા **અક્કબર** જેણઇ પ્રતિબોધ્યઉ દયાધર્મ થિર થાપ્યઉ જી
**હીરવિજયસૂરીસર** કેરઉ ત્રિભોવન જસ જસ્યુ વ્યાપ્યઉ જી ॥ ૮ ॥

હરષ ધરીનઇ તુમ ગુણ ગાઉં તું ચિંતામણિ તોલઇ જી
પંડિત **શ્રીજયવંત** ગુણઆગર તસ સેવક ઇમ બોલઇ જી ॥ ૯ ॥

**ઇતિ શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય ॥**

**31**

શ્રી કુશલવર્ધન રચિત

## શ્રીહીરસૂરીશ્વર સ્વાધ્યાય

પણમિય સંતિ દેવા, સારદાની સેવા રે,
સુભ મતિ લેવા રે, શ્રી ગુરુ ગુણ ગાએવા રે ॥ ૧ ॥

**હીરવિજયસૂરી** રાયા, સુભ મતિ દાયા રે,
હેમ સમ કાયા રે, મોહિત માનવરાયા રે ॥ ૨ ॥

ધન ધન **નાથી** માયા, ઈસા પૂત જાયા રે,
જિણિ દૂધ પાયા રે, ગોદ ધરી હરખિ લડાયા રે ॥ ૩ ॥

ધન સાહ **કુંરાજી** તાતા, નિજ તનુ જાત રે,
જેહથી વિખ્યાતા રે, લડાવી કરાવ ભવાત રે ॥ ૪ ॥

બહિની રાણી **વિમલાઈ**, **શ્રીપાલ**નુ ભાઈ રે,
વર ચતુરાઈ રે, સબ હિતકું સુખ દાયી રે ॥ ૫ ॥

વાધતુ **હીરા**ભિધાન, સદા સાવધાન રે,
કલાકુ નિધાન રે, દિનિ દિનિ અધિકુ વાન રે ॥ ૬ ॥

**પાલ્હણપુર** સોહાયા, શ્રી **પાટણિ** આયા રે,
તપગછ રાયા રે, શ્રી **વિજયદાનસૂરિ** પાયા રે ॥ ૭ ॥

તસ ઉપદેસ સુણી, સંસારવ ગણી રે,
ઉપસગ ગુણી રે, તવ **હીરજી** થાઈ મુણી રે ॥ ૮ ॥

સકલ કલાનુ જાણ, મહિમાકુ નિહાણ રે,
સુંદર વખાણ રે, નિજ ગુરુ દિઈ બહુમાણ રે ॥ ૯ ॥

જોગિ જાણી પાટિ થાપઈ, નિજ પદ આપઈ રે,
બોધિબીજ વાપઈ રે, ભવભયનાં દુખ કાપઈ રે ॥ ૧૦ ॥

ધન તે નયર ગામ, **પાટણ** સુઠામ રે,
વિચરઈ સુધામ રે, શ્રી **હીરવિજયસૂરિ** અભિરામ રે ॥ ૧૧ ॥

વાધતિ કીરતિ ઘણી, શ્રી **હીરવિજય** તણી રે,
બહુ જને ભણી રે, સાહિ **અકબ્બરિ** સુણી રે ॥ ૧૨ ॥

દીદાર દેખન કાજે, બહુત દવાજે રે,
શ્રી ગુરુ રાજે રે, તેડાવઈ **અકબર** રાજે રે ॥ ૧૩ ॥

મારગિ ચાલતાં ગુરુ, ભવિ દુખ હરૂ રે,
જાણે સુરતરૂ રે, સાહી પેખી બહુ સુખ ધરૂ રે ॥ ૧૪ ॥

જગગુરુ નામ થાપઈ, બંદી બંધ કાપઈ રે,
મને મુહુત આપઈ રે, અમારિસિ બદની છાપ રે ॥ ૧૫ ॥

**મારૂયાડિ** નઈ **મેવાત, ગૂજર** વિખ્યાત રે,
ગમાગમ થાત રે, પવિત્ર કરઈ જગતાત રે ॥ ૧૬ ॥

સકલ કુમતિ મત, ગતમાન મુહુત રે,
જાએ ભયભીત રે, તપગછકુ ભલુ જીત રે ॥ ૧૭ ॥

**પાટણ** નગરિ આયા, નમઈ બહુ રાયા રે,
સંઘ સુખ પાયા રે, ચિરં જવ તપગછ રાયા રે ॥ ૧૮ ॥

જસ ઘરિ ઠવઈ પાયા, દુરિત પુલાય રે,
સુરગવી આયાં રે, વંછિત સુખ તિણિ પાયા રે ॥ ૧૯ ॥

કવિજન મનોહારી, સુધ્ધ સીલાચારી રે,
પર ઉપગારી રે, નિરમલ મહાવ્રતધારી રે ॥ ૨૦ ॥

તપગછનાયક સુમતિદાયક, શ્રી **દાનવિજય** સૂરીસરો,
તસ પાટભૂષણ, વિગતદૂષણ, શ્રી **હીરવિજય** સૂરીસરો,
ઈમ થુણ્યું મઈ બહુ ભાવ આણી, લાભ જાણી અતિ ઘણું,
કવિ **કુસલવર્ધ્ધન** ગામ મુનિવર સયલ વંછિય કારણુ ॥ ૨૧ ॥

ઇતિ શ્રી **હીરવિજય** સૂરીશ્વર સ્વાધ્યાય સંપૂર્ણઃ । શુભં ભવતુ ।

૩૨

શ્રી શુભમુનિ રચિત

## શ્રીહીરાષ્ટક સ્વાધ્યાય

સરસતી ભગવતી મનમઇ ધરી, શ્રી પાસજિનં પ્રણમી કરી;
હું ગાસું ગુણ રખી આમણા, **શ્રીહીરવિજયસૂરિ**તણા. ॥ ૧ ॥

મહાવીર કે હીર જે જન જપઈ, સુરજપરિ જગમાં તે તપઈ;
જિન શાસન પ્રભુ જિન વીરજી, તિમ બીજો જાણો **હીરજી**. ॥ ૨ ॥ મહા૦

મહાવીર હુઓ જગિ કેવલી, તિમ **હીર** બીજો શ્રુતકેવલી;
મરાવીર વચન સહુ સિર ધરઈ, તિમ **હીર**વચન અંગીકરઈ. ॥ ૩ ॥ મહા૦

વીર વીર જપઅઈ ગૌતમ બહુ, તિમ તિમ **હીર** સમરઈ **સહુ**;
વીર**હીર** નામ એકઠાં ધરઈ, તતષિણ તે મુગતિ કન્યા વરઈ.
॥ ૪ ॥ મહા૦

અષ્ટસિધ્ધિ આપઈ ગૌતંમ ને વીર, ઈષ્ટ સિધ્ધિ ગીઈ તિમ **શુભ** ને **હીર**;
જિમ દેવ સહુમાં દેવ વીર, તિમ ગુરુ માં જગગુરુ તુંહિ **હીર**.
॥ ૫ ॥ મહા૦

**હીર હીર** ચિંતઈ સૂતાં સદા, દુરધ્યાનઈ ન તે પડઈ કદા;
**હીર હીર** દયાઈ ઉઠિ પ્રભાતિ, પામઈ તે નર સુખવિવિધ ભાતિ.
॥ ૬ ॥ મહા૦

**હીર હીર** નામિં ઘરિ સંપદા, તેહ નામિં નાવઈ આપદા;
**હીર હીર** નામ સમરઈ યદા, મનવંછિત પામઈ તે તદા. ॥ ૭ ॥ મહા૦

**શ્રીહીરવિજયસૂરીશ**નામિ, સુખસંપદ પામિ ઠામિ ઠામિ;
એહ નામમંત્ર જપઈ કામિ કામિ, તસ મહિમા વાધઈ ગામિ ગામિ.
॥ ૮ ॥ મહા૦

જિમ વીર ધયું જઈ મુગતિ સિધ્ધ, ષટ્દરસણ હુઓ પ્રસિધ્ધ;
હીર નામિ ઘરિ મંગલિક કોડિ, શુભ પ્રણમઈ બેકર કમલ જોડિ.
॥ ૯ ॥ મહા૦

ઈતિ શ્રી હીરાષ્ટકં નામ સ્વાધ્યાયઃ ॥

## ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.

હીરતણો જે સુણસ્યે રાસ, તેહના મનની પહોચે આસ;
તસ ઘરિ હોયે કમળા વાસ, તેહને ઉચ્છવ બારે માસ! ૩

હીરનામ સુણતાં સુખ થાય, મહીઅલિ માને મોટા રાય;
મંદિર માળિ સુંદર મહિલાય, હય ગય વૃષભો મહિષી ગાય! ૪

પુત્ર વિનીત ઘરિ દીસે બહુ, શીલવતી ઘરિ દીસે વહૂ;
કસટ ઘણાં ઘરિ વહેલ્યો બહુ, કીર્તિ કરે જગે તેહની સહુ! ૫

રોગ રહિત શુભથાનક વાસ, ઘણા લોક કરે તસ આશ;
બહુ જીવે ને બહુ લજ્જાય, સોવનતણી પામે શયાય. ૬

જપ હીરતણું જે નામ, કરે દેવતા તેહનું કામ;
જેણે નામ વિષધર વિષ જાય, જેણે નામે ગજસિંહ પળાય. ૭

જેણે નામે વયરી વશ થાય, જેણે નામે દુષ્ટ દૂરે જાય;
પ્રવહણમાંહિ બૂડંતો તરે, હીરનામ હિયે જો ધરે. ૮

ભૂત પ્રેત ન માંડે પ્રાણ, હીરના નામ જપો જગે જાણ;
હીરતણા ગુણ હીઅડે ધરે, જાં જીવિતાં લગિ લીલાં કરે. ૯

## ૩૩

શ્રી મેઘમુનિ રચિત

# શ્રીહીરવિજયસૂરિ સ્વાધ્યાય

ઢાલ-પાહુણડાની

શ્રી જિનશાસન ભાસન ભાણું, વંદિય ગોયમ યુગહ પહાણું
સમ સુધાકર સાગર ચંદ, વંદે **હીરવિજય** સૂરિંદ ॥ ૧ ॥

ઓસ વંસ સિરવર અવતંસ, ગતિ કરી જીપઈ ગજ હંસ ।
સાહ **કુંરા** કુલ કમલ દિણિંદ ॥ ૨ ॥ વંદે.

મહી મંડલિ ભવીયણ મન મોહઈ તિહુયણિ મુનિવર અનોપમ સોહઈ ।
ભવિજન કુમુદ વિકાસન ચંદ ॥ ૩ ॥ વંદે.

વર બુદ્ધિઈ સુરગુરુનઈ જીપઈ, જસ કીરતિ તિહુયણિ અતિ દીપઈ ।
સંયમ કમલા કેલિ મુકુંદ ॥ ૪ ॥ વંદે.

પંચ મહવ્વયધારણ ધીર, કુમતી ભૂમિ વિદારણ સીર ।
જસ પય સેવઈ સુરનરવૃંદ ॥ ૫ ॥ વંદે.

પંચ સમિતિ ત્રણિ ગુપતિ ઉદાર, સંયમ પાલઇ નિરતીચાર ।
ગુરુ નામ જપતાં પરમાણંદ. ॥ ૬ ॥ વંદે.

સિરિ **વિજયદાન**સૂરીસર સીસ, વિબુધ ગણ સેવઇ નિસિદીસ ।
સિરિ પંડિત **મેહ** દીઈ આસીસ શ્રી ગુરુપ્રતાપે કોડિ વરીસ. ॥ ૭ ॥

ઇતિ શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાય ॥ શ્રી૦ ॥ છ ॥

卐

34

## શ્રીહીરસૂરિ સજ્ઝાય

સરસતી ભગવતી વર લહી ગાઇમ ગુરુ ગુણ પૂર રે
શ્રીતપગછ કેરો રાજીઓ **હીરવિજય** ગુરુ સૂર રે ॥ ૧ ॥

ત્રિભુવન જસ ભરઇ રે તઇં મન મોહ્યું રે **હીરજી**
બોલઇ બોલઇ **અકબર** ભૂપ રે મોહન જગગુરુ રૂપ રે
વલિ વલિ નિરખું સરુપ રે તઇં મનમો૦ આંચલી

મૂરત મોહનવેલડી સેલડીરસ સમ વાણિ રે
જે નિસુણી ઘણું રીઝીઓ **અકબરસાહ** સુજાણ રે
**હીરજી** વચન પરિમાણ રે તઇં મન૦ ॥ ૨ ॥

પુસ્તક પેસકસી કરઇ દેષી સબલ નિરીહ રે
જે ફુરમાવો તે હું કરું ઇમ બોલઇ નરસીહ રે
તું ગુરુ ગ્યાનીમાં લીહ રે **હીર** વઇરાગમાંહિં લીહ રે । તઇં૦ ॥ ૩॥

**હીરજી** વચન લહી કરી કીધી જીવ અમારિ રે
વરસદિવસમાં છ માસની કીધી જીવ અમારિ રે
સહૂ નિજ દેસ મઝાર રે **હીર** ભવપાર ઉતાર રે । તઇં૦ ॥ ૪॥

હરખ્યો નરપતિ વીનવઇ વલી ફુરમાવો મુઝ કાંમ રે
બંધ ખુલાસ હવઇ કીજીઇ ઇમ બોલઇ અભિરામ રે
તવ દીધું જગગુરુ નામ રે । તઇં૦ ॥ ૫ ॥

પંજરથી છૂટા રે પંષીયા બંધપણિ મૂક્યા મહીસ રે
હિંસક જીવ પણિ છોડીઆ સહૂ દીઇ **હીર**નઇ આસીસ રે
**હીર** જીવો કોડિ વરિસ રે । તઇં૦ ॥ ૬॥

શત્રુંજય ગિરનારિના મુગતા અવિચલ કીધ રે
ફિરિ જાણું ગૌતમ અવતર્યો સ્વામિવયર પ્રસિદ્ધ રે
જંબૂ સુધરમા ગણવૃદ્ધ રે । તઈ૦ ॥ ૭ ॥

ઈમ ગાયુ ગુરુ **હીરજી** ત્રિભવુન મોહનવેલિ રે
સંઘ સકલનઈ મંગલકરુ **વિવેકહરષ** રંગરેલિ રે
મુગતિ છબિલી મુહૂનઈ મેલિ રે । તઈ૦ ॥ ૮ ॥

**ઈતિ શ્રી હીરવિજયસૂરીશ્વર સજ્ઝાય ॥**

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

હેઠ બૂજવે ભવિજન પ્રાણીરે, નંદીખેણના સરિખી વાણીરે;
બળભદ્ર તણી અહિનાણીરે, વાણી ગંગા કેરૂં પાણી રે. ૧

દીએ દેશના ગુરૂજી સારોરે, પર પ્રાણ મ દુહવો લગારો રે;
મૃષા બોલ્યે નહિં જયકારોરે, ચોરી પાપતણો નહિ પારોરે. ૨

દ્રઢ રાખો શીલ કછોટીરે, અંગે ઓઢો સમકિત દોટી રે;
દયા કારણ દીજે રોટી રે, પરભવે લહિયે ઋદ્ધિ મોટી રે. ૩

મ કરો માયા મત કૂડી રે, નહીં પહિરો હાથે ચૂડી રે;
ક્રોધ કરતાં સમતા બૂડીરે, નહીં પરણશો મુગતિ રૂડી રે. ૪

પર નિંદા છે જગમાં માઠીરે, મુક્તિ રૂપિણી નારી જાય નાઠી રે;
ઇહાં ન જમે ચોખા સાઠીરે, મારે મહિલા વાંસેં લાઠી રે. ૫

ભવિ કરજો પર ઉપકારરે, સીદાતાં તણો ઉદ્ધાર રે;
જિમ હોય ઉત્તમ અવતાર રે, ઘર લચ્છી તણો નહીં પાર રે. ૬.

३५

श्री विवेकहर्ष रचित

# श्रीहीरसूरि सज्झाय

મોહનગારો રે જગગુરુ **હીરજી** રે જેણઈ મોહ્યો મોહ્યો **અકબર**શાહિ રે
મોહનગારો રે જગગુરુ **હીરજી** રે ॥ ૧ ॥

નયર**ગંધાર**થી તેડીઆ રે મિલ્યા હો **ફત્તેપુર** દ્રંગ રે
**અકબર**શાહનઈ **હીર**ગુરુ દેષતાં રે ઉપનો છઈ અતિઘણો રંગ રે।
મોહન૦ ॥ ૨॥

મારગ પૂછે રે મુનિવર તણો રે મુગતિ તમઓ જે દાર રે
અમૃતવાણી કહિ ગુરુ **હીરજી** રે પંચમહાવ્રત સાર રે ।
મોહન૦ ॥ ૩॥

સુણિ **અકબર** કહિ હરષીઓ રે એહવઓ કુંણ જગ માહિ પંથ રે
તુમ્હનઈ રે કહો કુણિં દાષીઓ રે તુમ્હ જેહવા કુણ નિરગ્રંથ રે ।
મોહન૦ ॥ ૪॥

પરમેશ્વરથી તે લહ્યો રે મારગ કહિ ગુરુ **હીર** રે
શાહિ ભણઈ તે નિરંજનો રે કેમ લહ્યો અલષ વડવીર રે ।
મોહન૦ ॥ ૫॥

સુગુરુ ભણઈ પરમેસરુ રે સાદિ અનાદિ દોએ ભેદ રે
અનાદિ તે અલષ ન દેષીઈ રે દેષીઈ તે સાદિ અનંત રે ।
મોહન૦ ॥ ૬॥

ધ્યાન કરી તે અનાદિનું રે જેણઈ પામ્યું પામ્યું જ્ઞાન અનંત રે
ચરમસરી તીરથંકરૂરે તે તો સાદિ કહિજઈ ભગવંત રે ।
મોહન૦ ॥ ૭॥

સકલ સુરાસુર સેવીી રે રૂપ અનંત ગુણ ખાણિ રે
વયર તજી જીવ જનમનાં રે સહુ સમઝઇં એકણિ વાણિ રે ।
મોહન૦ ॥ ૮॥

ધરમ દેષાડઇ પ્રભુ વીતચરતો રે તનું છુટઇ હોઇ સિદ્ધ રે
દીપકસ્યું દીપક જઈ મીલઇ રે એકરૂપ જિમ જલ દુધ રે ।
મોહન૦ ॥ ૯॥

સાદિ અનાદિનઇં જઈ મિલઇ રે લહઇં પરમેસર વ્યવહાર રે
રાંક રલી કોઇ રાજા થયો રે તેનઇં સહુ કહિ ભૂપતિ સાર રે ।
મોહન૦ ॥ ૧૦॥

કરમ સહિત જીવ ભાષીઇ રે કરમ રહિત શિવ દાષિ રે
જીવ ટલી નઇ શિવ સંપજઇં રે તે તો રુદ્રજમલ દીઇં સાષિ રે ।
મોહન૦ ॥ ૧૧॥

**શ્લોક:**

*जीव: शिव: शिवो जीवो नान्तरं शिवजीवयो:*
*कर्मबद्धो भवेज्जीव: कर्ममुक्तो भवेच्छिव: ॥ १२ ॥*

ધ્યેયનું ધ્યાન વૃથા હુઇ રે જો ધ્યાતાનઇ ન કરઇં સમાનિ રે
સાહિબ તે સેવા સફલ કરઇં રે,
ઈમ સમઝયો સમઝયો સાહ સુલતાન રે । મોહન૦ ॥ ૧૩॥

સિદ્ધારથનૃપનંદનો રે તેતઉસાદિ હુઉ જગવીર રે
જેણઇ ધરમ પ્રકાસીઓ રે ઇમ બોલઇ ગુરુ **હીર** રે ।
મોહન૦ ॥ ૧૪॥

ઇમ સુણે **હીર**ગુરુ વયણડા રે સાહ સમકિત લહઇ સાર રે
જગ માહિ કરઇ અમારિ રે **વિવેકહર્ષ** વાચક ભણઇ રે
ધન્ય ધન્ય હીરજી ગણધાર રે જિનશાસન જયકાર રે
મોહનગારોરે જગગુરુ **હીરજી** રે ॥ ૧૫॥

ઇતિ શ્રીહીરવિજયસૂરિ સઝાય સમાપ્ત ॥

# વિભાગ

# ૮

ગીત,

છંદ,

દુહા,

ગહુંલી,

સ્તવન,

સવૈયા,

અષ્ટક,

ચુંદડી

१

શ્રી નગર્ષિ રચિત

# શ્રીહીરગુરુગીત

। રાગ ધન્યાસી ।

તપગછ વાંદતાં સુખ થાય સુખ થાય,
**વિજયદાનસૂરિ** પાટ ધુરંધર **હીરવિજયસૂરિ** રાયા,
તપગછ વાંદતાં સુખ થાય ॥ આંચલી॥

સકલ સાધુ સિર દીપત ભૂષણ દૂષણ દૂરિ પલાય,
ગુરુકે દૂષણ દૂરિ પલાય ।
અમૃત સમાન વાણિ જસ સુણતાં,
અલિય વિઘન સવ જાઈ ॥ ૧॥ તપગછ૦ ॥

જસ મૂખ દેખી દેખી ભવિ મોહઈ,
સોહઈ તપગછરાય, મેરુ ગુરુ સોહઈ તપગછરાય,
સીસ નગા કહઈ **હીરવિજયસૂરિ** ચિર પ્રતિપુ સવદાય
તપગછ વાંદતાં સુખથાય. ॥ ૨॥

। ઇતિ શ્રી ગુરુ ગીત ।

**શ્રી બુદ્ધિસાગરસૂરિકૃત વાસ્તુકપૂજા**

તપગચ્છમંડન **હીરવિજયસૂરિ**,
જસ ગુણ સુરનર ગાયા.

## ૨

શ્રી પુણ્યહર્ષ રચિત

# શ્રીહીરગીત

રાગ :- સારંગ ચર્ચરી

હીર હીર હીર રંગીલા, હીર હીર હીર છબીલો
હીર હીર હીર ઈતિ મંત્ર જપો લોક રે ....
ધરીયું ધ્યાન એકમના, લે જપ માલિકે મનાં
પાઓ જ્યું મન કામ, મંત તંત તાઈત ફોકરે ..૧

દેવ દાનવ કિન્નરા, ભૂત પ્રેત વ્યંતરા
હોત તાકે કિંકરા, અઉર સકલ લોકરે...........૨

કહત **પુણ્યહર્ષ** એહિ, પરમ વશીકરણ એહિ,
પરમ મોહન એહિ એહિ, દૂજો નહિ તિલોક રે......૩

ઈતિ હીરગીતં

**સકલચંદ્ર ઉપાધ્યાય રચિત ગૌતમપૃચ્છા**

શ્રી તપગચ્છ નાયક **હીરવિજય** સૂરીશ્વર દીઇ મનોહર વાણી,
**સકલચંદ** પ્રભુ ગૌતમ પૂછઇં, ઉલટ મનમાં આણી - ગણધર. ૧૧

3

श्री प्रेममुनि रचित

# श्री हीरविजयसूरी युग्म छंद

**महावीर**के पाट जु **हीरविजयसूरी** अभीनवो प्रगटयो **गौतमस्वामि**,
साही **कुरा** सुत **नाथीन** नवनीत उठी लीजे तस नाम,
दर्सण नव निध प्रामि भवीजन उर सीझई मनवंछित काम,
श्री **विमल हर्ष** सीष्य **प्रेमविजय**नई आपो **हीरजी** शिवपुरी ठाम ॥ १॥

श्री **हीरविजयसूरि** चहीरो परख्यो, स्याही **अकबर** भूप
पंच महाव्रत पालई नके जगनाहि जस अकल सरुप,
श्री **विजयदानसूरी** पाट सवाई मनमोहन मनोहर जस रुप,
प्रेमप्रभु गुरु **हीर** चरणकु आवी नमई नर मोटा भुप ॥ २॥

**हीरविजयसूरि-सवैया**

सबे सबे मृगनेणी चली गुरुवंदनको गजराज घटा,
करि कंकण चुड अलख तिने वरदार बिन्यो सिर धुटलटा;
गावति मंगल गावति सुहान पूरण मोतीको चोत छटा,
कवि सौ कहै गुरु **हीर** भट्टारक अैर करै सबी पेटनका. ८३

सोवनके अलग ए फरमाण के गुजरदेश पढाइ ज्युं,
साह **अकबर** आप कहे गुरु **हीरविजयसूरि** गाईयै ज्युं;
पाप के ताप संताप टरै, पुनः बिगसद फल पाइज्युं,
कवि **दुलिचंद** कहै गुरु **हीरविजयसूर** ध्यायी ज्युं. ८४

૪

## શ્રીહીરવિજયસૂરિ દુહા

જય જગદાનંદ કરિ, વીર પટોધર ધીર,
જિનશાસન જયવંત તું, હરખ વદન ગુરુ **હીર** ॥ ૧ ॥

**પાલણપુર** અવતાર, **કુંરાકુલ** શિણગાર ।
ઓસવંસ દીપાવિઓ **નાથી** માત મલ્હાર ॥ ૨ ॥

જગમાં જોતાં જુગત ઈસ્યું ગુણ ગિરવો ગુણવંત ।
**હીર** સમો નહી કો મહી પરમ પુરુષ માહંત ॥ ૩ ॥

જસ અંગે સમતા રસ અહનિશ ઉત્તમ ધ્યાંન ।
મહી મંડલ મોટો ખતી કુંણ **હીર** સમાંન ॥ ૪ ॥

છત્રપતિ પ્રતિબોધિઓ સાહ **અકબ્બર હીર** ।
જગ જન જીવન જીવાડવા એક હુઓ ગુરુ **હીર** ॥ ૫ ॥

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

**હીર**વિજયસૂરિનો કહું રાસ, ગણતાં ભણતાં પો'ચે આશ;
સુણતાં હોએ જયજયકાર, **હીર**મુનિ મો'ટો ગણધાર. ૧

જિણે પ્રતિબોધ્યો અકબર મીર, ગળી પિયે તે મોગલ નીર;
અમારી પડહ વજડાવ્યો જિણેં, દંડ દાણ મૂકાવ્યાં તિણે. ૨

જજીઓ ધૂમો પુંછી દેજે, ઉંબર વરાડ મુકાવ્યો તેહ;
શત્રુંજગિર સો મુગતો કરે, શત્રુંજ ગિરનારેં સંચરે. ૩.

૫

## શ્રી હીરવિજયસૂરિની ગંહુલી.

બહેની મારી, **હીરવિજયસૂરી** રાયારે, બહેની મારી, આજ નગરમાં આવ્યારે,
બહેની મારી, પાવન થયું પુર આજેરે; બહેની મારી, કૃપા કરી ગુરૂ રાજેરે. ૧

બહેની મારી, એ ગુરુ સમતા ધારીરે, બહેની મારી, વચન સુધારસ ક્યારીરે,
બહેની મારી, વરસે મેહ સમાણીરે, બહેની મારી, દેશના અમૃત પાણીરે. ૨

બહેની મારી, પંચાચારને પાળેરે, બહેની મારી, કુમતિ કદાગ્રહ ટાળેરે;
બહેની મારી, એવા પરમ પવિત્રરે, બહેની મારી, ભવોદધિ તારક મીત્રરે. ૩

બહેની મારી, **અકબરશાહ** સુલતાનરે, બહેની મારી, મ્લેચ્છ ભુપતિ અજ્ઞાનરે;
બહેની મારી, બોધ દઈને સુધાર્યોરે, બહેની મારી, હીંસા કરતો વાર્યોરે. ૪

બહેની મારી, દેવ ગુરૂ ઓલખાવીરે, બહેની મારી, ધર્મ શુદ્ધ બતલાવીરે,
બહેની મારી, શાસન શોભા વધારીરે, બહેની મારી, તે ગુરૂ મહા ઉપગારીરે. ૫

બહેની મારી, સર્વ સાહેલી સાથરે, બહેની મારી, હેમ થાળ લઈ હાથરે,
બહેની મારી, મુક્તાફળ ભરી લાવોરે, બહેની મારી, હરખે ગુરૂને વધાવોરે. ૬

બહેની મારી, કરજોડી રહો સામીરે, બહેની મારી, ગુરૂ ચરણે શિર નામીરે;
બહેની મારી, તો વરશું શિવરાણીરે, બહેની મારી, એહુવી '**રસીક**' જીન વાણીરે. ૭

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

ગઢ આબુ નવિ ફરસિયો, ન સુણ્યો **હીર**નો રાસ;
રાણકપુર નર નવિ ગયો, ત્રણ્યે ગર્ભાવાસ.

૬

## શ્રીહીરગુરુ સ્તવન

પ્રભુ પડિમા પૂજીને પોસહ કરીયે રે - એ દેશી.

**હીરસૂરિ** ગુરૂ હેતે હળિમળિ વંદો રે, વંદનથી જ વિપદા દૂરે જાય છે;
ફેડે ફાવ્યા ભવસાયરના ફંદો રે, નામ થકી તે નિર્મળ નિત્ય થવાય છે.
સંસારી જનને સહી સુખદાય છે, ચારિત્ર તસ ચોખ્ખું ચિત્ત ચહાય છે.
સદ્વર્તનથી સમ શાંતિ પમાય છે, ઉત્તમ એહ શિવસુખનો ઉપાય છે. ૧

ઉપકારી ગુરૂવરનો એ ઉપકાર રે, પ્રતિબોધીને પરમ પંથે આણતા;
નિરમોહી નિસ્પ્રહી સંત નિરધાર રે, ઊચિત સુઅવસરનું તેઓ જાણતા.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... .... ૨

શાસન સેવા બજાવી સહી સારી રે, ધર્મકૃત્યો તે ધીર ધરી સુધારીયા;
નિષ્પક્ષપાતી ન્યાય નર એ ભારીરે, આ કાળે સુપ્રભાવશાળી એ થયા.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... ... ૩

પ્રખર પ્રતાપી **અકબર**ને પ્રતિબોધી રે, અમારીપટ છમાશી આખા દેશનો;
કર તીર્થોના બંધ કીધ સંબોધી રે, જુલ્મી જીજીયા વેરો બંધ હંમેશનો.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... ... ૪

સ્હાય શાહની છતાં ન પોતે છલીયારે, પરધર્મી પ્રત્યે પણ પ્રેમ પૂરો સદા;
વળી ન કોથી વૈર વિરોધે વળીયારે, સર્વની સાથે સાનુકૂળ એ સર્વદા.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... ... ૫

ચારિત્ર ચોખ્ખું ને સદ્વર્તન અતિ સારૂરે, ધર્મ ધ્યાનમાં ધીરવીર ગંભીર એ
તપ જપ મહી તલ્લીન પણું ભવ તારૂરે, ત્યાગી વૈરાગી સોભાગી વડવીર એ
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... ... ૬

ગુણ ઘણા ગાયે પાર નહિ પમાયે રે, એવા નર તો આ દુનિયે થોડા થશે;
થંભ ધર્મનો થયો ન એવો થાય રે, એવાના નામે આપદ દૂર જશે.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... ... ૭

ક્રોધાદિ કષાયો કોરે કરીયા રે, સહનશીલતા સાચી ને સારી હતી;
મીલનસારપણું મમતાથી ડરીયારે, સંભાવ શાંતિ સૂરિપણું શોભાવતી.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... .... ૮

જગમાં જૈનધર્મનો જય ગવરાણો રે, શાસનની શોભા સુપુરૂષે કરી;
એનાથી જગમાં નહિં કોઇ અજાણો રે, સિધાવ્યો સ્વર્ગે નહિ મળશે ફરી.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... .... ૯

પન્નરસો ત્યાંશી જન્મ તે પાલણપુરે રે મૃગસરમાસ નવમી તે ઉજ્વલ ભરી;
ઓશવાળ કુળ **કુરાશા નાથી** ઊરે રે, આયા પૂન્ય પસાયા સુઆશા ફળી.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... ... ૧૦

પન્નરસો છન્નુ **પાટણ** દીક્ષા પામ્યારે, સદ્ગુરૂ શ્રી **વિજયદાન સૂરિ** થયા;
સોળસો દશ **શિરોહી** સૂરિપદ આયારે, સોળ બાવન **ઊના**માં સ્વર્ગે ગયા.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... ... ૧૧

સંતસંવેગી સૂરીશ્વરના ગુણ ગાવોરે, લ્હાવો શુભ **લલિત** લેવો હાથમાં;
ગુણ ગાઈને દુષ્ટ દૂરિત ગમાવો રે, સન્મારગ મળશે સદ્ગુરૂ સાથમાં.
સંસારી૦ ચારિત્ર૦ સદ્વર્તનથી૦ ઉત્તમ૦ .... .... ... ૧૨

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

**હીર**મુની! તુમ ધીરરે, આઠ જાતરા કરી; **આબુ અચલેશ્વર** તણી એ. ૨૩
**રાણિપુર મેવાડરે ફલવર્ધી વરકાણાં; કુંભલમેરનિ** યાતરા રેં. ૨૪
**પાટણ અમદાવાદ** રે **ખંભાત**નગર ભલું; યાત્રા કરી **ગંધાર**ની એ. ૨૫

## શ્રી હીરવિજયસૂરિ મહારાજનું સ્તવન

**વીરજિનેશ્વર વદન વિધુ ભવિ કુમુદ નિહાળી ॥ એ દેશી ॥**

તપ ગણ મંડણ ભવદુખ ખંડણ, **હીર** સૂરીંદો ।
ભાવ ધરી વંદો, ભવિયણ જિમ પાપ નિકંદો ।
**અકબર**સાહી એકદારે લોલ, **હીર સૂરિ** ગુણ સંપદા રે લોલ ।
સાંભળી કાગળ મોકલે રે લોલ, ગંધારથી સૂરિ નીકળે રે લોલ।
શોળસેં ઓગણચાળીસ જેષ્ઠકે વદ તેરશે મળ્યા રે લોલ ।
સાહિ વંદે શ્રીગુરુ શ્રેષ્ટ કે મનવાંચ્છિત ફળ્યા રે લોલ ॥ ૧ ॥

સુંદર સામૈયું સજી, નગર પ્રવેશ કરાય ।
**હીરગુરુ** મુખ ચંદ્રમા, જોતાં મન હરખાય ॥ ૨ ॥

ધર્મની દેશાના સાંભળેરે લોલ, જ્ઞાન તરંગ રંગ ઉચ્છળે રે લોલ।
[1]ભૂપ ભાન્યો કરુણા જળેરે લોલ, પાપમતિ દૂરે ટળે રે લોલ ॥ ૩ ॥

**॥ શાખી ॥**

ડાબર સરોવર છોડીયાં, પંખી મૃગલાં [2]ભૂર ।
છોડ્યા વંદીવાનને, શ્રી ગુરુરાજ હજૂર ॥ ૪ ॥

અમર પડો નિજ દેશ મોઝાર કે શાભ વજડાવીયો રે લોલ ।
શ્રીગુરુ **હીરવિજય** નિત નમીયે, અનુભવ ગુણ **માણક** રસ રમીયે
તપ ગણ મંડણ ભવદુખ ખંડણ **હીરસૂરીંદો** ॥ ૫ ॥

卐

૧. રાજા. ૨. બહુ.

८

## શ્રીહીરવિજયસૂરિ સવઇયા

કુમતિ ગયદ બિહાર પાકે હારિ જાયો માતા **નાથી** હીર,
**હીરવિજયસૂરિ** તપગચ્છનાયક **કુંઆરા** નંદન સાહસ ધીર,
ધીર સિરોમણી ગુણ ગુણણિ આગર, રત્નાકર પરિ ગહિર ગંભીર,
**ગજવિજય** કહઇ એહિ ગુરુ મેધો, જીઉ પામો ભવ સાયર તીર. ॥ ૧

### ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.

આવ્યો સંઘ પછિ ગંધાર, રામજી સમો નહિ કો દાતાર;
તેણેં **હીરને** વાંદ્યા ધસી, **હીરે** વચન કહ્યું તસ હસી. ૪

વચન સાંભરે છે કે કહું, હુએ સંતાન તો શીલવ્રત ગ્રહું;
હવું જણાય છે તો તુહ્મ તેણે, સ્યું કરૂં જુ ગુરૂ **હીરો** ભણે. ૫

રામજી નામ હુઓ હુસીઆર, કિહાં પામવો સેત્રુંજો સાર;
**હીર** સરીખો ગુરૂ કિહાં મલે, મારૂદેશમ્હાં સૂરતરૂ ફલે. ૬

કર જોડી શિર નીચું કરે, ચોથું વરત તિહાં ઉચ્ચરે;
બાવીસ વર્ષની નારી સાથિ, લેતી વ્રત નરનિ સંઘાતિ. ૭

તે દેખીં પૂજ્યાં નરનારી, ઘણે વ્રત લીધાં તિણે ઠારિ;
ઓછવ મોછવ થયા ત્યાંહિ, વીરની જિમ રાજ ગૃહીમાંહિ. ૮

**હીરના** પુણ્ય તણો નહિ પાર, ઘણા જીવનો તારણહાર;
નંદિષેણની વાણી જાણ, અનેક નર બૂજ્યા ગુણ ખાણ. ૯

૯

# જગદ્ગુરુ અષ્ટક

રાગ- હરિગીત

શ્રી તપગચ્છ પવિત્ર ગગને, સૂર્ય સમ સૂરીશ્વરા,
શ્રી **વિજયદાનસૂરીશ્વર** પટ્ટે, આવિયા જે ગુણ ધરા,
જે જૈન શાસન સ્તમ્ભ રૂપે, રાજતા આ ભૂતલે,
તે **હીરસૂરીશ્વર** જગત્ ગુરુને, નમન હો અવનીતલે. ૧

જે ધર્મધોરી મુનિ ગણના, પણ હતા મહોટા મણી,
જે પંચ મહાવ્રત પાલતા, જગ જીવને નિજ સમ ગણિ,
ઉપદેશ અમૃત પૂર જેમોં, જગત માંહી જળહળે,
તે **હીરસૂરીશ્વર** જગત્ ગુરુને, નમન હો અવનીતલે. ૨

જે દેવ ગુરુવર ધર્મના, શુદ્ધ પંથ ને દેખાડતા,
આ વિશ્વમાં ઉપકાર કરતા, કર્મ મલને ગાલતા,
ગુણઅલ ગુરુજી વિચર્યા, ઉપકાર કરવા ભૂતલે,
તે **હીરસૂરીશ્વર** જગત્ ગુરુને, નમન હો અવનીતલે. ૩

દિલ્લી પતિ **અકબર** નરેશ ને, બોધ આપી રીઝવ્યો,
તત્ત્વોં જણાવીને અહિંસા, સ્તંભ રોપી જે ગયો,
આ આંખમાં આંસુ ભરાતાં, જે જડે નહીં ભૂતલે,
તે **હીરસૂરીશ્વર** જગત્ ગુરુને, નમન હો અવનીતલે. ૪

શ્રીવીર પ્રભુ વાવી ગયા, જે દયારૂપી વેલડી,
જલ સીંચી સીંચી **હેમસૂરિએ,** વેગથી કીધી વડી,
તે મ્લેચ્છનાં સામ્રાજ્યમાં, ખીલાવી ખંતે વીરલે,
તે **હીરસૂરીશ્વર** જગત્ ગુરુને, નમન હો અવનીતલે. ૫

નિજ પાટને દીપાવવા, સુયોગ્ય જાણ્યા જ્ઞાનથી,
**શ્રીવિજયસેનસૂરીશ**ને, નિજ પાટ સોંપ્યો માનથી,
આયુ વિતાવી જે ગયા છે, સ્વર્ગ સુન્દર ભૂતલે,
તે **હીરસૂરીશ્વર** જગત્ ગુરુને, નમન હો અવનીતલે. ૬

શ્રી જૈન શાસન તત્વ ભાસન, **સિદ્ધસેનદીવાકરા,**
શ્રી **વજ્ર** કે **દેવેન્દ્ર સૂરિ હેમ** જેવા સાક્ષરા,
શ્રી હીરલા સમ **હીર** પણ, ચાલ્યા જતાં આંસુ ઢલે,
તે **હીરસૂરીશ્વર** જગત્ ગુરુને, નમન હો અવનીતલે. ૭

ભાદ્ર શુદિ એકાદશી દિન, નગર **ઉન્નત** ભૂમિ ને,
ત્યાગી ગયા સ્વર્ગે રહ્યા, ત્યાં નમન કરીયે આપને,
**ચારિત્ર, દર્શન, જ્ઞાન, ન્યાય,** વધાર્યા નિશદિન ભૂતલે,
તે **હીરસૂરિ** સમ્રાટ બોધક, વિજયતામ્ અવનિતલે. ૮

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

કરે પ્રતિષ્ઠા પદ બહુ થાપે, **હીર**નામેં ધન કોટી આપે;
વિકટ વિહારી જિણે પણ કીધો, અસુર તણે ઉપદેશજ દીધો. ૧

ઓશ વંશે હુઓજ પ્રસિદ્ધ, શાસનોન્નતિ જેણેં કીધ;
કુમતિ કદાગ્રહ જેણે ટાળ્યા, ષટ્દર્શનવાદી મદ ગાળ્યા. ૨

ગયા તીર્થ વાળ્યા છે જિણેં, વ્રત ઉચરાવ્યાં બહુને તિણે;
ક્રોધ સમાવિ દીધ બહુ દીધ, ફળ્યા અકાળે અંબપ્રસિદ્ધ. ૩

એહવો **હીર**મુનીસ્વર રાય, સાધુ સકળ જસ પ્રણમે પાય;
કવણ દ્વીપ ક્ષેત્ર કુણ દેશ, ગામ નામ તસ વાસ કહેશ. ૪

૧૦

## સવૈયા

સબ મૃગનયણી, ચલી ગુરુવંદન, છૂટી મનો ગજરાજ ઘટા ।
કરી કંકણ ચૂડિ ખલકતિ નૂપર, હારિ બણ્યો સિર છૂટલટા ।
મંગલ ગાવતી ગીત સુહાસણિ, પૂરતી મોતી કોચઉક છટા ।
**કવિ સોમ** કહઈ, ગુરુ **હીર** ભયારિક, ઉર કરઈ સબ પેટ નટા ॥ ૧ ॥

વિચરઈ ગુર **હીર**, મહામુનધીર, સુપંથ પવિત્ર સુપાઉ ધરઈ ।
નરનારી વૃંદ, જપઈ જોગંદ, સુના જીહાજ જગત્ર તરંઈ ।
ઢીલી મંડલ દેસ, કરઈ પરવેસ, સુપુન ભંડાર ભવિક તરંઈ ।
શ્રી **હીરવિજયસૂરીસર** ગછપતિ, સાહ **અકબરઈ** યાદ કરઈ ॥ ૨ ॥

ગછપતિ રાજ પધારીઇ આજ, સુમારુ **ફતેપુર** લોક ખેલઈ ।
સુસંગણ સોરભ એક ચકોર, સુઘોર સહાજલ, મેઘ સિલઈ ।
દુરબાર દિવાણ, ગુડે નિસાણ, સુસાંધ સકલ કઉ સંઘ ચલઈ ।
**અક્કબર** સાહઇ ધિક્ક ઉછાહ, શ્રી **હીરવિજયસૂરીસ** મિલઈ ॥ ૩ ॥

સંવત સોલઈ સઈ ઈકતાલા, ચઈત્ર ભઉ સુભ કારણકું ।
બંદીવાણ જીવ સબ છુટે, જીવદયા પ્રતપાલણકું ।
જગત્ર ગુરુ સાહણુ કહે થાપઉ, ભવ સમુદ્ર જગતારણકું ॥ ૪ ॥

卐

११

# શ્રી હીરવિજયસૂરિ ગહુંલી

શ્રી **હીરસૂરિ**ગુરૂ હીરલા - જેણે કીધા બહુ ઉપકાર રે,
હાં જી **અકબર** શાહ પ્રતિબોધીને કર્યો દયાધર્મ વિસ્તારરે શ્રી... ૧

હાંજી સવંત પંદર ત્યાશીશાલમાં-માગસર સુદનોમસાર રે,
હાં. જનમ્યા**પાલણપુર**સ્હેરમાં-થયા જુગપ્રધાન અવતારરે શ્રી.... ૨

હાં. **કુંરાશાહ**કુલે ઉપના માતા **નાથી** ઊરહંસ જેમરે,
હાં. **વિજયદાન** સૂરિપાટમાં દીપે ભરતમાં ભાસ્કર જેમરે.... ૩

હાં. એકાશણા જીવજીવનાં કીધો પાંચે વિગયનો ત્યાગરે,
હાં. બારદ્રવ્ય પ્રભુવાપરે, અહો અદ્‌ભૂત એહ વૈરાગ્યરે. શ્રી... ૪

હાં. અપવાસ એકાશણઆંબિલે-એવી પંક્તિ ચાલી તેરમાસરે,
હાં. **વિજયદાન**ગુરૂઆરાધવા-ગુરૂવૃત કર્યું એ ખાશરે. શ્રી... ૫

હાં. ગુરૂસન્મુખ આલોચના-દોયવાર લીધી હિતકારી રે,
હાં. ગુરૂપરંપરા સાચવી, ભવભીરૂ તણી બલિહારી રે. શ્રી... ૬

હાં. સંવત્ સોલઓગણ ચાલીશમાં-કીધા **દિલ્લી** નગર પ્રવેશ રે,
હાં. દયાધર્મ વિસ્તારવા-દીધા **અકબર**ને ઉપદેશ રે. શ્રી... ૭

હાં. ત્રણસે અપવાશ પહેલાં કર્યા. હાં. સવાબસે છઠ કીધારે.
હાંજી અઠમ બહુતેર ઉપરે, સાધ્યા યોગ અષ્ટાંગ પ્રસિદ્ધારે. શ્રી... ૮

હાં. યોગવહન તપસા કરી હાં. માસબાવીશ પર્યંતરે.
હાં. ત્રણમાસ ઉગ્ર તપ કરી, સાધી સિદ્ધ કર્યું સૂરિમંત્ર રે શ્રી... ૯

હાં. દોય હજાર આંબિલ કર્યા. કીધી નીવી દોય હજાર રે.
ત્રણ હજાર છશો ઉપરે, અપવાસ કર્યા સુખકાર રે. શ્રી... ૧૦

હાં. કીધું વીશસ્થાનક તપ આંબિલે-પરચુરણનું નહિ પાર રે.
સઝાય ધ્યાન ચાર ક્રોડ છે, અહોઊતમ પુરૂષ આચાર રે. શ્રી... ૧૧

હાં. ખાદિમસાદિમદોય પરિહર્યા, હાં. ઓશીકાનું કર્યું ત્યાગ રે.
હા. જિનકલ્પીની તુલના કરી. અહોમ્હોટા નો મ્હોટો વૈરાગ્ય રે. શ્રી... ૧૨

હાં. શિષ્ય મંડલબે હજાર છે. તેમાં દોઢ સેં પંન્યાસ થાય રે.
હાં. તીનસે સાધવીસંપદા. હાં સાત મોટા ઊપાધ્યાયરે. શ્રી...૧૩

હાં. પંદરસે સંઘવી કર્યા તેમ પચાંશપ્રતિષ્ટા કીધીરે.
હાં. જગતગુરુપદવીભલી. હાં. બાદશાહેતિહાં દીધીરે. શ્રી...૧૪

હાં **આઈન અકબરીગ્રંથમાં**. હાં· **અબુલફજલ** ગુણ ગાવે રે.
હાં તીર્થ રક્ષણ હક્ક મેલવ્યા-ફરમાનાસરસલ ખાવે રે. શ્રી...૧૫

હાં. શોલસે બાવન શાલમાં ગામ**ઊનામાં** ચરમ ચોમાસરે.
હા. ભાદ્રવાકદ એકાદશી સૂરિ સ્વર્ગમાં કીધો નિવાશરે. શ્રી...૧૬

શ્રી**કુમારપાલ** પ્રતિબોધના માનુ **હેમગુરુ** ફરી આવ્યારે.
શ્રીવીર અઠાવન પાટમાં પ્રભુધર્મરત્ન દીપાવ્યો રે. શ્રી...૧૭

॥ ઈતિ ॥

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

મલે સંઘ દીવ ઉનાતણો, વિનો **હીર**નો કીધો ઘણો;
ઓષધ કીજે મુનીવર રાય, જેણે વ્યાધિ રોગ તુહ્મારો જાય. ૧૩

**હીર** કહે સુણીયે નર પરમ!, ભોગવ્યા વિના ન છૂટે કરમ!;
સનતકુમાર નહિ ઓષધ યોગ, કરમ ખપ્યા તવ નાઠો રોગ. ૧૪

# વિભાગ

# ૯

# પરિશિષ્ટ સંગ્રહ

# પરિશિષ્ટ - ૧

જગદ્ગુરુ શ્રીહીરવિજયસૂરિ ગુરુ

## શ્રી વિજયદાનસૂરિ સ્વાધ્યાય

સકલ સુરાસુર વંદિત પાય ગુણમણિ ભૂષણ મંડિત કાય
વિમલ કલા ગોપી ગોવિંદ જય **શ્રીવિજયદાનસૂરિંદ** ॥ ૧ ॥

આનંદ જિમ શોભિત રુપ શ્રીતપગણનાયક નતભૂપ
વિદ્યાભર જિતસુરસુરિંદ જય **શ્રીવિજયદાનસૂરિંદ** ॥ ૨ ॥

હીનાચાર નિવારણ વીર જગતીતલ મુનિજન કોટીર
રત્નત્રય ધારક સુખકંદ જય **શ્રીવિજયદાનસૂરિંદ** ॥ ૩ ॥

યશભરભાવિત લોક અશેષ વિનયાદિક ગુણ કરી વિશેષ
દાનવ માનવ નયનાનંદ જય **શ્રીવિજયદાનસૂરિંદ** ॥ ૪ ॥

જનમનવંછિત દાયક ધીર નવચામીકર દેહ ગભીર
યતનિઇં પાલઇ મુનિવરવિંદ જય **શ્રીવિજયદાનસૂરિંદ** ॥ ૫ ॥

સૂધા પંચ મહાવ્રત ધરઇ સૂત્રવિચાર નિરંતર કરઇ
રિપુજન દૂરિત પરમાનંદ જય **શ્રીવિજયદાનસૂરિંદ** ॥ ૬ ॥

રિદ્ધિ સમિદ્ધિ લહઇ જસ નામિ ભવિજન પામઇ અવિચલ ઠામ
મદવિસહર યશકરણ નરિંદ જય **શ્રીવિજયદાનસૂરિંદ** ॥ ૭ ॥

તું સુરતરુ ચિંતામણિ સમઉ નિત ઊઠી ભવિયાં તુમ નમઉ
નરનારીનુ તપય અરવિંદ જય **શ્રીવિજયદાનસૂરિંદ** ॥ ૮ ॥

ઇમ થુણ્યુ શ્રીતપગચ્છનાયક સુકખ દાયક સુંદરો
શ્રીવર્ધમાન જિનેશશાસન મહા ભાર ધુરંધરો
પ્રતિપઉ દિવાયર જાવ ગયણંગણિ સકલ ગુણ પૂરિઉ
**શ્રીવિજયદાનસૂરિંદ** ગિરૂઉ સેવક જન સુહંકરો ॥ ૯॥

ઇતિ શ્રીવિજયદાનસૂરિ સ્વાધ્યાય

# પરિશિષ્ટ - ૨

## શ્રી હીરવિજયસૂરિ રચના સંગ્રહ

૧

## હીરવિજયસૂરીશ્વરજી મહારાજ

## નિર્મિત સાધુમર્યાદા પટ્ટક

॥ શ્રી ॥

॥ ऐर्द०॥ श्रीहीरविजयसूरिभिः सामान्ययतीनामभिग्रहटिप्पा लिख्यतेः॥

(૧) છતિ યોગિ દેવ જુહારવા દિનપ્રતિ.

(૨) દિનપ્રતિં નુકરવાલી ૧ ગુણવી.

(૩) દિનપ્રતિં વડાની વીસામણ કરવી.

(૪) છતિ શક્તિં દિનપ્રતિં ગાથા ૧ અથવા પદ પિણ ભણવું.

(૫) પડિકમણું ઠાયા પછીં , ઇચ્છામો અણુસઠ્ઠિ આ લગિ , તથા આહાર કરતાં , ઉપધિ સીકી પડિલેહતાં , માર્ગ્ગ હીડતા બોલવું નહી.

(૬) દિનપ્રતિં સજ્ઝાય સહસ ૧ ગુણવું.

(૭) પાત્રાં ૭ ઉપરાંત રાખવા નહી.

(૮) જઘન્યપદિં માશપ્રતિં ઉપવાસ ૬ કરવા.

(૯) પ્રથમ દિને પારણાતી યતિનિં વિગિ ૨, બીજાનિં વિગિ ૧, બીજે દિને વિગિં ૨ ઉપરાંત ન કલ્પેં.

(૧૦) માંદ્ય-માર્ગ્ગાદિ કારણ વિના જઘન્ય પદિ ત્રિવિહાર બીઆસણું કરવું.

(૧૧) મોટકા કારણ વિના દિવશિં (તથા) પોરસીમાંહિં ન સૂવું.

(૧૨) દિનપ્રતિ દ્રૂચાં ૩ ઉપરાંત ન કલ્પઇ, વાધતૂં ખરડિઉં ગુરુ આપિ તેહની જયણા.

(૧૩) અટવ્યાદિ કારણ વિના માર્ગ્ગાતીત ક્ષેત્રાતીત કાલાતીન (ત) વાર (રિ) વિના ન કલ્પઇં.

(૧૪) નવા જુંના કલપડા સાત, કાંબલી ૧, ચલોટા ૭, સંથારિઉં ૧, ઉત્તરણું ૧ ઉપરાંત ન રાખવા.

(૧૫) ગીતાર્થ માંડલિં બિઠા વિના તક્ર ૧, ઓદન ૨, ખારું ડુંચું ૩ વારિ ૪ એ ચ્યાર દ્રવ્ય ઉપરાંત ન લેવું. મોટિકેં કારણે ગીતાર્થનિં પુછી લેવું.

(૧૬) ગુંછા પારિઠાવણિઆ વિના સીકી ઓઘાઇ તેહને ગીતાર્થ (ર્થિ) આંબિલ કરાવવું.

(૧૭) છ ઘડીમાંહિં સ્થંડિલાદિ કારણેં બાહિર ન જાવું. કદાચિત્ જાઇં તું ગીતાર્થિં તેહનિં આંબિલ કરાવવું. અથવા આગલેં રાખી સજ્ઝાય સહસ ૧ ગુણાવવું.

(૧૮) અકાલ સંજ્ઞાઇં આંબિલ કરવું.

(૧૯) ચઉમાશાનુ છટ્ઠ, સંવચ્છરીનુ અઠમ મોટકા કારણ વિના ન મુકવું.

(૨૦) પાડિહારી કાંબલુ વસ્ત્ર સર્વથા ન લેવું.

(૨૧) નીખારીઓ વસ્ત્ર વર્ણ પરાવર્ત્ત કરી વાવરવું.

(૨૨) ક્રિયાનિષ્ઠાંનુષ્ઠાંનવિધિ કરવાનું ખપ વિશેષથી કરવું.

(૨૩) આણપડિલેહિઉં વસ્ત્ર ન વાપરવું.

(૨૪) ગીતાર્થે પણિ પૂર્વોક્ત મર્યાદા પાળવી, અનઇં સંઘાડીયાઇં પલાવવી. ન પાલે તુ ગુરુનેં જણાવવું.

(૨૫) તથા ત્રિવિહાર એકાસણું કરવું.

(૨૬) પેત્રીશ બોલ પાલવા. પાંત્રી બોલનુ પુઠુ ૧, બાર બોલનું પુઠુ ૧, જ્ઞાનનું પુઠુ ૧ ત્રિહું ચઉમાશ સંભલાવવું.

(૨૭) નગર ત્રણ્ય તથા નગરનિ પુરઇં સર્વ થઇનિં માશ ૩ રહવું.

(૨૮) અનેં યે ગીતાર્થ પાટીઇં બિંસેં તેણિ માશકલ્પાદિ મર્યાદા પલાવવી. અનેં કોઇ ન પાલઇં તુ ગુરુનિ જણાવવું. તથા પાટીઇં બીજુ ગીતાર્થ આવિં

તિવારઇ પોતાના માશકલ્પમાંહિ જેહને જેતલા દિન થયા હૂઇ તે શર્વ નવા ગીતાર્થનઇ લિખિ આપીને કહિં એહવી મર્યાદા તુમ્હૌ પલાવચૌ. એહવી મર્યાદા પાલી પલાવી સકિ તેણિં પાટીઇં બિશવું. કોઇ યતી માશકલ્પાદિ મર્યાદા લોપશિં તુ પાટીઆના બિસનારનિં ઠબકું આવશિ।।

(૨૯) મિલિત યોગિં કદાચિત્ અંધ કેરું વસ્ત્ર પાત્ર રાખતું (વું). સાધારણ રાખવું. પણ કુણની નિશ્રાઇં નહીં.

(૩૦) પંચાશ વરશમાંહિંનિ ગીતાર્થઇં શ્રાવિકાની (નઇં) આલોયણ ન દેવી.

એ સઘલી મર્યાદા આશ્રી સારણા વારણાદિક **શ્રી વિજયસેનસૂરી,** ઉ૦ **શ્રી વિમલહર્ષ** ગ૦ ઉ૦ **શ્રી શાંતિચંદ્ર** ગ૦ ઉ૦ **કલ્યાણવિજય** ગ૦ ઉ૦ **શ્રી શોમવિજય** ગ૦ વિશેષથી કરવી સકલ ગણ મધ્યે પણ જાંણિનેં ઉપેક્ષા ન કરવી. ઇતિ ભદ્રમ્ ।। શ્રીરસ્તું ।।

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

એ ચેલા ગુરૂ **હીર**ના હોય, **હીર** સમો નવિ હુઓ કોઇ;
તપેં કરી ધન્નો-અણગાર, શીલે થુલિભદ્ર-અવતાર. ૧

વેરાગેં જિમ વઇરકુમાર, નેમિ પરિ બાલહ બ્રહ્મકુમાર;
ગૌતમપરેં ગુરૂ મહિમાવંત, રૂપેં જાણું મયણ અત્યંત. ૨

બુદ્ધિં જાણે અભયકુમાર, સોભાગેં કયવન્નો સાર;
વાદેં વૃદ્ધદેવસૂરિ જસ્યો, જ્ઞાને સ્વામિ સુધર્મા અસ્યે. ૩

રાજ્યમાને જિમ હેમચન્દ્રસૂરીન્દ, પરિવારેં જિમ ગ્રહગણચંદ;
ધ્યાનેં જાણું મુની દમદંત, ક્ષમાયેં કૂરગડુનો જંત. ૪

દાનગુણે જાણું સુરતરૂ, વિદ્યાયેં જાણું સુરગુરૂ;
સાયર પરેં દીસે ગંભીર, મેરૂતણી પરેં મુનિવર ધીર. ૫

# ૨

શ્રીહીરવિજયસૂરિ રચિત

## બાર બોલનો પટ્ટક

સંવત્ ૧૬૪૬ વર્ષે, પોષશિત ૧૩ શુક્રે, **શ્રીપત્તનગરે.** શ્રી હીરવિજય-સૂરિભિર્લિખ્યેત । સમસ્ત સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાં યોગ્યં-**શ્રી વિજય-દાંનસૂરિ**પ્રસાદીકૃત સાત બોલનું અર્થ આશ્રી વિષવાદ ટાલવાનિ કાજિ તેહજ સાત બોલનું અર્થ વિવરીનેં લિખીઇં છઇં. તથા બીજા પણ કેતલાએક બોલ લિખીઇં છઇં. તથા-

(૧) પરપક્ષીનઇં કુણેં કિશિઉ કિઠીન વચન ન કહિવું.

(૨) તથા પરપક્ષીકૃત ધર્મકાર્ય સર્વથા અનુમોદવા યોગ્ય નહીં ઇમ કૂણેં ન કહિવું. યે માટિ દાંનરૂચિંપણું, સ્વભાવિં વિનીતપણું, અલ્પ કષાઇપણું, દયાલપણું, પરોપકારીપણું, ભવ્યપણું, દાષિ(ક્ષિ)ણાલુપણું, પ્રિયભાષીપણું ઇત્યાદિક યે યે માર્ગ્ગાનુસારી ધર્મકર્તવ્યાં તેં જિનશાસનથકી અનેરાં સમસ્ત જીવ સંબંધિઆં શાસ્ત્રનિં અનુસારિં અનુમોદિવા યોગ્ય જણાઇ છઇં. તુ જૈનુનું પરપક્ષી સબંધી માર્ગાનુસારી ધર્મકર્તવ્ય અનુમોદવા હુઆ એ વાત સિઓ કહિવુ.

(૩) તથા ગચ્છનાયકનિં પૂછિઆ વિના શાસ્ત્ર સંબંધિની કિસી નવી પ્રરૂપણા ન કરવી.

(૪) તથા દિગંબર સંબંધિ ચૈત્ય ૧, કેવલ શ્રાદ્ધપ્રતિષ્ઠિત ચૈત્ય ૨, દ્રવ્યલિંગીનિં દ્રવ્યઇં નિષ્પન્ન ચૈત્ય ૩, એ ત્રણ્ય-ચૈત્ય વિના બીજાં સઘલાઇં ચૈત્ય વાંદવા પૂજવા જોગ્ય જાણવાં. એ વાતની શંકા ન કરવી.

(૫) તથા સ્વપક્ષીના ઘરનિં વિષઇં પૂર્વોક્ત ત્રિણની અવંદનિક પ્રતિમા હુઇં તે સાધુનેં વાસક્ષેપેં વાંદવા પૂજવા જોગ્ય થાઇ.

(૬) તથા સાધુની પ્રતિષ્ઠા શાસ્ત્રિં છઇં.

(૭) તથા સાધર્મિકવાત્સલ્ય કરતાં સ્વજનાદિક સંબંધ ભણી કદાચિત્ પરપક્ષીનિં જિમવા તેડિ તુ તેમાહિં સાહમીવાત્સલ્ય ફોક ન થાઇ.

(૮) તથા શાસ્ત્રોક્ત દેશવિસંવાદી નિહ્નવ સાત, સર્વવિસંસાદી નિહ્નવ એક, એ ટાલી બીજા કુણનિં નિહ્નવ ન કહિવા.

(૯) તથા પરપક્ષી સંઘાતિ ચર્ચાની ઉદીરણા ન કરવી, પરપક્ષી કોઇ ઉદીરણા કરિ તુ શાસ્ત્રનિં અનુસારિં ઉત્તર દેવું, પણિ કલેશ વાધિ તિમ ન કરવું.

(૧૦) તથા **શ્રીવિજયદાંનસૂરિ** બહુજનસમક્ષ જલશરણ કીધું યે **'ઉત્સૂત્રકંદકુદાલ'** ગ્રંથ તે તથા તેમાંહિલૂં અસંમત અર્થ બીજા કોઇ શાસ્ત્રમાંહિ આંણીઉ હુઇં તુ તિહાં તે અર્થ અપ્રમાણ જાંણવું.

(૧૧) તથા સ્વપક્ષીય સાર્થનિં અયોગિ પરપક્ષી સાથિં યાત્રા કર્યા માટિ યાત્રા ફોક ન થાઇ.

(૧૨) તથા પૂર્વાચાર્યનિં વારિં યે પરપક્ષીકૃત સ્તુતિસ્તોત્રાદિક કહવાંતો, તે કહેતાં કુણનિ ના ન કહઇવી ॥ છ॥

**એ બોલી કોઇ અન્યથા પ્રરૂપિ તેહનેં ગુરુનો તથા સંઘનૂં ઠબકુ સહી ॥ ૩॥**

**ઈતિ ભદ્રમ્ ॥ શ્રા શ્રીસ્તુ॥ કલ્યાંણમસ્તુ ॥ ॥ શ્રી॥**

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

દસવૈકાલિક અવશ્યેં ગણો, આતાપનાનો પરીસહ ઘણો;
તુમ્હારાં કરણી કહ્યાં ન જાય, બોલંતાં થાકે બ્રહ્માય. ૪૫

અનેક ગ્રંથ સોધ્યા રૂખિરાય, ચ્યાર કોડિ કીધી સજ્ઝાય;
શિષ્ય દીખીઆ એકસો આઠ, સીધી **હીર** મુગતિની વાટ. ૪૬

એકસો સાઠિ પંડિતપદ દીધ, સાઠ ઉવઝાય ગુરૂ હીરિં કીધ;
વિમલહર્ષ ઉવઝાય ખાસ, શ્રીમાલી દેવાસે વાસ. ૪૭

3

## શ્રી હીરવિજયસૂરિ રચિત શીયલ ચુંદડી

હો જિ સીયલ સુરંગી ચુંદડી હોજી જે ઓઢે નરનાર,
હો જી આ ભવ પરભવ સુખ લહેં ધન ધન તેહનો અવતાર ॥ ૧ ॥
હો જી સીયલ૦

સમકીત રૂય કપાસીયા હો જી પેંજણ પાપ અઢાર,
હો જી સૂત્ર કાંતયો સિદ્ધંતનો હો જી ઉણ્યાં આઠ કર્મ । હો૦ ॥ ૨ ॥

હો જી ત્રણ ગુપ્ત તાંણો તણ્યો હો જી નલીય ભરી નરવાડ,
હો જી વાંણો વણ્યો રે વિવેકનો, હો જી ખેમા ખુટિ ઘાલ । હો૦ ॥ ૩ ॥

હો જી પાસ લાગ્યો પંચ સુમતિનો હો જી રંગ લાગો વેરાગ,
હો જી પંચ મહાવ્રત બાંધણી કારીગર કરણી સાર । હો૦ ॥ ૪ ॥

હો જી મૂલ-ઉત્તર ગુણ ઘુઘરી મસ્તક મોર લખ્યો જનનીઆણ,
હો જી ગુણ સતાવીસ વીસ પાંનડી નવતત્વ નવસરો હાર । હો૦ ॥ ૫ ॥

હો જી અજબ બની રંગ ચુંદડી કહોને કાંઈ મોલ,
હો જી લાખે તો લાભેં નહી કાંઈ નાવેં એહનેં તોલ । હો૦ ॥ ૬ ॥

હો જી કુણ મોલવેં ચુંદડી કુણ સતી ઓઢણહાર,
હો જી નેમજી મોલવેં ચુંદડી સતી રાજુલ ઓઢણ હાર । હો૦ ॥ ૭ ॥

હો જી પહેલાં ઓઢીજી નેમજી હો જી પછેં જંબૂકુમાર,
હો જી સેઠ ઓઢી સુદર્શનેં ચોથી અભયકુમાર । હો૦ ॥ ૮ ॥

હો જી પંચમી સુધર્માસ્વામી ઓઢી હો જી છઠી ધનો અણગાર,
હો જી સાતમી મેઘમુનિ ઓઢી હો જી આઠમી ગજસુકુમાલ । હો૦ ॥ ૯ ॥

હો જી નવમી ઓઢી ગૌતમસામી હો જી દસમી એવંતકુમાર,
હો જી ઇગ્યારમી વેરકુમાર ઓઢી હો જી બારમી થાવંચો અણગાર
। હો૦ ॥ ૧૦ ॥

ઓઢી સીતા ને કુંતા ને દ્રુપદી મરગાવતી ચંદનબાલ,
હો જી અંજણ ને પદમાવતી સતવંતી નાર સાર । હો૦ ॥ ૧૧ ॥

ઓઢી સાધુને વલી સાધવી સીલવંતી નારી સીસ,
હો જી નીચેંવાદી એઢી સદા તેનાં ભવભવનાં દુકખ જાય । હો૦ ॥ ૧૨ ॥

સીલેં સરપ ન આભડેં હો જી સીલે સીતલ આગ,
હો જી સીલેં અરિ-કરિ-કેસરી હો જી ભય જાઇં સવી ભાજ । હો૦ ॥ ૧૩ ॥

હો જી મારા જન્મ-મરણનાં ભય થકી મનેં મોક્ષ મારગ દેખાડ,
હો જી **હીરવિજયસૂરિ** ઇમ ભણેં સ્વામી આવાગમન નીવાર । હો૦ ॥ ૧૪ ॥

**ઇતિ ચુંદડી । લ૦ પં૦ ધર્મચંદ્ર ગ૦॥ શ્રાવિકા સુરજબાઈ વાંચનાર્થં ॥**

**ચોપાઇ**

**સોરીપુર મથુરાં** ગવાલેરે, **ચીત્રકોટ**નો જોયો સેર;
**તારંગો સેત્રુંજ** દોએ વાર, દોય યાત્રાં **ગિરનારિ** સાર. ૧
લાખ બિંબ ગુરૂ વંદન કરી, અનેક તીરથ કરતા ફરે;
બુજવ્યો **મેઘજી**ઋષિ ગુણખાણિ, ત્રીસ રૂષિસ્વર સાથિં જાણિ. ૨
તમે બૂજવ્યો અકબરમીર, મૃગ ઉપરિ નવિ નાંખે તીર;
કીધો જીવદયાપ્રતિપાલ, જાણું **કુમર** નરિંદ ભૂપાલ: ૩
જીભ સવાસેર ચકલાં તણી, ખાતો જેહ પસુનિં હણી;
ગુરૂવચને તે બુજ્યો સહી, ગુરૂ ! તુમ વાત ન જાયે કહી. ૪
નામ 'જગતગુરૂ' દીધું ધારિ, કીધી ષટ મહીનાજ અમારી;
ડામર તલાવ છોડયું તેણીવાર, પુણ્ય કરતાં ગયો અવતાર. ૫

# પરિશિષ્ટ-૩

# શ્રી હીરવિજયસૂરિ સંદર્ભકૃતિ સંગ્રહ

૧

## શ્રીદીપ વિજયકૃત સોહમ કુલપટ્ટાવલી રાસ

અથ ગઝલ

પાલનપુરનગરવર્ણન-

સરસતિ માત ચિત્ત લ્યાંઉંકું, સદ્ગુરુચરન મન ધ્યાઉંકુ;
બરનું **પલ્લવીયા પાસ**, **પાલણપુરાં**કો જસ વાસ. ૧

બરનું આદસેં ઉતપત્ત; સુણિઈ ગુનિજનાં એકચિત્ત;
ગિરિવર **અર્બૂદાચલ** નામ, બારૌ પાજકો વિશ્રાંમ. ૨

કે મુનિ ધરત નિર્મલ ધ્યાંન, કે મુનિ કરત કિન્નરગાન;
કેં તપ તાપતેં તપયાકું, કે જપ જાપતેં જપયાકું. ૩

કે મુનિ ધરત ઓરધ બાંહે, બેઠે તરવરાંકી છાંહે;
રસકી કૂપિકાકે થાંન, બેઠે આસનાં ધર ધ્યાંન. ૪

ભેંરૂં જાપ કે લેતેકું, સોના સિદ્ધકે દેતેકું;
જીહાં બહો[ત] દેવતાંકો વાસ, ઈસો **અરબુદાચલ** ખાસ. ૫

સંવત આઠસેં ચોત્તિસ (૮૩૪), હુઓ નરપતાંકો ઈસ;
**આસપાલ** નામ રાજા સાર, જ્યાકી સાખથી પરમાર. ૬

વાતેં કોટગઢ કીનોકું, સાત પટરાજ હી કીનોકુ.;
વરસાં દોયસેં (૨૦૦) લગ સીમ, રહીઓ રાજ તાકો ખીમ. ૭

ફિરકે ચહુઆણકો રાજ, પાલણ ભૂપકો સામ્રાજ;
**પાલણ ભૂપતિ ચૌહાણ,** કીનો રાજ દુકૃત જાંણ. ૮

સંવતસહસએકેવરસ(૧૦૦૧),બેઠોતખતઅરબુદ સરસ;
**સિવજી** નાંમ હેં અચલેશ, તાકો પોઠીયા ઉદેશ. ૯

પીતલ ધાતકી જિનમૂરત, ગાલી કીધ નંદી તુરત;
સિવકે ધામ વેગેં લ્યાય, નંદી થાપીઓ મન ભાય. ૧૦

પ્રતિમાભંગ કે બહો[ત] પાપ, પ્રગટ્યો કોઢકો સંતાપ;
પ્રાક્રમ રહિત હુઓ જામ, ગોત્રિ રાજ લીનો તાંમ. ૧૧

પાપી ભૂપકો નહિ. ઠાંમ, નિરમુખ ફિરત ગામોગામ;
દેખ્યા **સીલધવ** સૂરીશ, સૂરિ મુનિવરાંકા ઈસ. ૧૨

આપેં જગત તારનતરન, વંદે જાય તાકે ચરન;
દીધો ધર્મકો ઉપદેશ, સુણીઓ ભૂપનેં સુભ લેસ. ૧૩

બોલે ભૂપતિધર ધીર, સુનિઈં જગતકે વડવીર;
મિથ્યામતિકે પરસંગ, કીની જૈન પ્રતિમા ભંગ. ૧૪

કીનો પાપકો સંભાર, કીનો દુષ્ટકો આચાર;
કીનો નરકકો આચરન, કીનો પાપ અઘટિત કરન. ૧૫

મુંધો સરગ સિવકો દ્વાર, છૂડો મનુજકો ઓતાર;
કીનો બહુત ભવકો ભ્રમણ, કીનો બહોત જામણ મરણ. ૧૬

કરતેં એહ કારજ દુષ્ટ, હુઓ રાજસેં બી ભ્રષ્ટ;
રહિઓ નાંહી એકે ઠામ, જડમતિ એહ કીનો કાંમ. ૧૭

ફલિયો તુરત ઉગર પાપ, પાયો કુષ્ટકો સંતાપ;
પાયો તુરત એ ફલ પત્ત, દીનો જેહ પુરવ દત્ત. ૧૮

કેતી કહું દુઃખકી વાત, સુનિઈ જગકે પિત(તા)માત;
કરકે મેંહેર અબ મહારાજ, મોહું તારીઈ ગચ્છરાજ. ૧૯

તુમ હો જગતકે તારુકું, કહિઈ રોગકો દારુકું;
કીજેં રોગકો નિસ્તાર, મોકું તારીઈ ગચ્છરાજ. ૨૦

ઈસે નૃપતકે સુનીન બેન, બોલે સૂરિ જગકે સેન;
પ્રતિમા જૈન કીનો ભંગ, યાકો પાપ હેં વડ જંગ. ૨૧

તાકું નરકકી ગતિ હોય, ફિરકેં બોધિ દુલ્લભ હોય;
પિણ તેં કિયો પશ્ચાતાપ, તાથેં જાયગો તવ પાપ. ૨૨

પ્રતિમા નઈ કરકે પૂજ, જાવેં પાપ આપેં ધૂજ;
સુનકે નૃપત ગરુકે બેંન, કીની પાસ પ્રતિમા ઈન. ૨૩

પૂજેં દેવ નીત નૌ વાર, મિટિઓ કોઢકો સંભાર;
ફિરકેં આબુગઢકો રાજ, પાયો બહોત હી સાંમ્રાજ. ૨૪

પલ્લવ વૃક્ષ જેંસો જોય, તેંસો દેહ પલ્લવ હોય;
તાથે પલ્લવીયા પાસ, કીનોં નાંમ ઠવણા તાસ. ૨૫

સંવત સહસ્સ ને ઈગ્યાર(૧૦૧૧),ફિરકેં સેંહેર વાસ્યો વાર;
**પાલણપુર** હેં ઓહિ જ નામ, પલ્લવ પાસજીકો ધાંમ. ૨૬

દેહરો ગેંનેમેં ગાજેં કુ, કુમતિ માંન મદ ભાજેં કુ;
પ્રતિમા કનકકી રાજેં કુ, પલ્લવ પાસજી ગાજેં કુ. ૨૭

યાવિધસરસબહો[ત]લગસીમ,રહિઓનગરઅવિચલખીમ;
પિછયૌ હૂઔ જૂનો ખેડ, ફિરકેં વસ્યો **પાલણ નયર**. ૨૮

ઈસો નયર **પાલણ** સેંહેંર, જાપર દેવંતાકી મેંહેંર;
કીનો આદિ બરનન એહ, ગુરુમુખ વરન સુનિઓ જેહ. ૨૯

### કલશ-છપ્પય

શ્રી પલ્લવ પ્રભુ પાસ **પાલણપુરેં** બિરાજેં,
શ્રી પલ્લવ પ્રભુ પાસ સુંદર તખત દિવાજેં;
શ્રી પલ્લવ પ્રભુ પાસ જનમમરણ ભય વારન,
શ્રી પલ્લવ પ્રભુ પાસ સંકટ સવે નિવારન;
ધરણરાજ પદ્માવતી અહનિસ પ્રભુ હાજર રહે;
**દીપવિજય** કવિરાજ બહાદર સકલ સંઘ મંગલ કરે. ૧

**॥ ઈતિ પાલણપુર ઉત્પતિ ॥**

### દુહા

શ્રી **પાલણપુર** નયરમેં, ઓસવાલ વડ જ્ઞાત;
**કુંરોસા નાથી** ભલી, **હીરસૂરિ**ની માત. ૧

સંવત પન્નર ત્રાસિંઈ (૧૫૮૩), જનમ વરસ ગચ્છરાજ;
સંવત પન્નર બાણુંઈ (૧૫૯૨) વ્રતધારક વડ લાજ. ૨

**પાટણ** નગરેં પરણવા, આયા બહો[ત] ઈતમાંમ;
તે વરઘોડે પરણિયા, **સંજમ** રમણી તાંમ. ૩

સંવત સોલસેંહે સાતમેં (૧૬૦૭), વાચક પદ અભિરામ;
સંવત સોલસેંહે આઠમેં (૧૬૦૮), આચારજ ગુણધામ. ૪

વિચરંતા શ્રી નગરમેં, પૂજ્ય રહ્યા ચોમાસ;
**લુંકાગણ** ઋષિ **મેઘજી**, પચવિસ મુનિ ગણરાય. ૫

પ્રતિમા ઉથાપક તણો, જાંણી દોષ જ સૂર;
લે આલોયણ સુધ મનેં, **સૂરિ હીર** હજૂર. ૬

તિહાંથી શ્રીગુરુ વિહરતા, શ્રી **ગંધારે** આય;
ચોમાસે ગુરુ ઠાઈઆ, મંગલ મોહોચ્છવ થાય. ૭

### અકબર બાદશાહનું વર્ણન-

હવે **દિલ્લીપતિ** જાંણીઈ, **અકબરસાહ** સુલતાન;
પૂરણ ભાગ્ય ભૂજાબલી, નૃપસેખર નૃપભાંન. ૮

એક દિન બ્રહ્મચારી કોઉ, દેખી અકબર સાહ;
ઈહાપોહ કરતાં પ્રગટ, જાતિ સમરન થાય. ૯

દેખ્યો પૂરવભવ પ્રગટ, સુનિઈ ચતુર સુજાંણ;
સંસ્કૃત શ્લોક થકી કહ્યું, **છપ્પય** કવિત્ત પ્રમાંન. ૧૦

### અથ છપ્પય

તપસી બ્રહ્મચારી નામ હેં **મુકુંદ** જયાકો,
તીરથ પ્રયાગ ઠાંમ ધામ મન લ્યાયકે;
**પન્નરસેંહેં એકાસી**(૧૫૮૧)સંવતકો માન જાનો,
માઘ વદિ દ્વાદસી પ્રથમ જાંમ જાયકે;
અંગનકેં કુંડમેં મુકુંદ દેહ હોમ કીનો,
તપ જપ સાધનં પ્રથલ બલ પાયકે;
કહત કવિરાજ **દીપ અકબર** પાતસાહ,
ભયોં હેં ભાન જેંસો **દિલ્લિ** પર આયકે. ૧

### દુહા

ખબર કરાઈ પ્રાગવડ, મિલિયોં સબ સંકેત;
પ્રગટ વાત અકબર કરે, બહુ પંડિતજન સેત. ૧૧

અગ્નિ હોમ કરવતમરણ કરેં માફ સુલતાંન,
આજ લગેં તેહ માફ છેં, અકબર હુકમ પ્રમાંણ. ૧૨

### ઢાલ-૪૫

(કરમ ન છૂટે રે પ્રાણીઆ-એ દેશી)
તથા (થેં મન મોહ્યો ગુરુ હીરજી-એ દેશી)

વાસી **દીલ્લી** રે નયરના, **થાનસિંઘ માનસિંઘ** રિદ્ધ;
માતા **ચાંપાદે** તેહની, તપસ્યા **દો માસી** કીધ:

થે મન મોહ્યો ગુરુ **હીરજી** (એ આંકણી) ૧

એક દિન ફુલેકેં નિસર્યાં, બાઇ **ચાંપાદે** માત;
સાહમી અસવારી આવીઓ, **અકબરસાહ** સુગાત. થે૦ ૨

પૂછે એ કોણ લોક છે, સ્યો છૈં મહોચ્છવ એહ;
બોલે **કાંમેતી** સેઠિયા, હજરત! સુણીઇં સનેહ. થે૦ ૩

રોજા ધરિયા દો માસના, બાઇ **ચાંપાદે** નામ;
તેહનો ફુલેકો એહ છે, એ સહુ રોજા ઈતમામ. થે૦ ૪

**અકબરસાહ** સુંણી બોલિઓ, એહમેં અધિકાઈ કાંય;
બાલક નાહનાં રોજા ધરેં, મહીના રમજાન માંય. થે૦ ૫

બોલેં **કામેતિ** સેઠિયા, ઉન્હાં પાંણી ઉપવાસ;
એહવા રોજા છે એહનાં, અન્ન ન લેવું દો માસ. થે૦ ૬

ચમક્યો **અકબર** સાંભળી, આયો **ચાંપાદે** પાસ;
દેખ્યો દુરબલ દેહને, પૂછે અકબર તાસ. થે૦ ૭

બોલેં **ચાંપાદે** માવડી, દેવ ગુરુ ધર્મ પસાય;
રોજા ધરિયા રે સાહિબા, સહુ તેહને સુપસાય. થે૦ ૮

તે ગુરુ સૈહેર **ગંધાર** છે, સપરિવાર ચૌમાસ;
નિસુણી **અકબર** રિઝીઓ, હુઓ મલવા ઉલ્લાસ. થે૦ ૯

**અકબર** ફરમાન મોકલે, **હીરજી!** વાંચીને જોય;
વહેંલા આજ્યો ગચ્છરાજજી, વિલંબ ન કિજે રે કોય. થે૦ ૧૦

કાતી। ચોમાસે ઊતરે, **સૂરિ હીર** નિગ્રંથ;
બહુ પરિવારથી પાંગર્યા, ચલિયા **દિલ્લિ**ને પંથ. થે૦ ૧૧

દૂર દેસાંતર જાણીને, **રાજનગર** સુભ ઠાંમ;
પટધર થાપ્યો રે પ્રેમસું, **સેનસૂરિ** વડ નામ. થે૦ ૧૨

**પાલણપુરથી** રે આગલે, **રોહસરોતરા** ગાંમ;
ઠાકોર આહેડેં માચીઓ, તેહને બોધ્યો ગુણધાંમ. થે૦ ૧૩

ઈણી પરે પંથે રે ચાલતા, કરતા ભવિ ઉપગાર;
**આગરા** નયર પધારીયા, વંદે બહુ નરનાર. થે૦ ૧૪

માલમ હુઈ **પાતસાહનેં**, હરખ્યો ઉલ્લસિત અંગ;
સંવત સોલ ગુણચ્યાલમેં(૧૬૩૯),જેઠ વદિ તેરસે રંગ.
થે૦ ૧૫

પરીક્ષા જોવાને કારણે, ભુમ ખણી તેહમાંહે;
**બકરી** ઘાલી રે જીવતી, ઉપર આસન થાય. થે૦ ૧૬.

ગુરુને મલવા બોલવીયા, દીધો ગુરુ **ઉપયોગ;**
આસન નહિ અમ કાંમનો, માંહે સચિત્ત સંજોગ. થે૦ ૧૭

એ આસન તલે મોટકાં, તીન **પંચેંદ્રિય** હોય;
**અકબર** મનમાંહે ચિંતવે, પૂરા સમજુ નહિ સોય. થે૦ ૧૮

ચિંતવી ભૂંયરું ઉઘાડીયું, બકરી જોવાને કાજ;
બાલક દોય ને માવડી, દીઠો ત્રણેનો સાજ. થે૦ ૧૯

**અકબરસાહ** મન ચિંતવે, પરતખ પરવરદિગાર;
પ્રણમેં પદ ગચ્છરાજના, ધરમ શ્રવણ મન ધાર. થે૦ ૨૦

એક પ્રહર લગેં સાહનેં, ઉપદેસે ગુરુરાય;
હિંસાપાતક સાંભલી, પરણતી કુંણેરી થાય. થે૦ ૨૧

અરજ કરેં સુલતાંનજી, નિસ્પૃહ થેં સુરિરાજ;
ધન મણિ કંચન લ્યો નહિ, મુઝ પ્રાર્થન કોણ કાજ. થે૦ ૨૨

પુસ્તક તુમચા રે ધર્મનાં, વોહોરો શ્રી ગચ્છરાજ;
સાહ વચનથી રે વહોરિયાં, પુસ્તક શ્રી શ્રુતરાજ. થે૦ ૨૩

**આગરાનયર** ભંડારમેં, પુસ્તક ઠવિયાં છે જેહ;
પ્રથમ ચોમાસું જી તિહાં રહ્યા, જાંણી ધરમ સ્નેહ. થે૦ ૨૪

આગરા નગરના સંઘને, ઉપદેસ્યો ગચ્છરાજ;
**દીપવિજય** કવિરાજજી, **હીરસૂરિ** મહારાજ. થે૦ ૨૫

## દુહા

વાચક શાંતિચંદ્રગણિવર્ણન-
**સાંતિચંદ્ર** વાચકજીકેં, જાવેં નિત દરબાર;
સાહ નિત ધરમ શ્રવણ કરેં, ભાખે સમય વિચાર. ૧

ઈક દિન અકબરસા કહેં, વાચકજી મહારાજ;
ચમત્કાર કાંઈ દાખવો, તુમ વિદ્યા સામ્રાજ. ૨

કહેં વાચક સાહી સૂણો, સાહી બાગ મઝાર;
આગત વાસર આવજ્યો, મ્હેં પણ આસ્યાં લાર. ૩

ઈણ સંકેતે આવીયા, વાચક **અકબર** ભાન;
ધરમ ગોષ્ટિ ચર્ચા કરેં, રાગ રંગ અરુ ગાંન. ૪

લોકપાલ પછિમ દિસા, દેવં **વરુણ** છે નાંમ;
વાચંકજીનેં સહાય છૈ, સમરન કીધો તાંમ. ૫

સાહી નોબત ગડગડી, ચમક્યો શ્રી સુલતાંન;
હુકંમ વિના નોબત બજી, કરે રીસ મહેંરાંન. ૬

કહેં વાચક સુનિઈં નૃપત, શ્રી **હુમાયુ** તુમ તાત;
તુમ મિલનેકું આન હે, નોબત સોઈ સુનાત. ૭

## ઢાલ-૪૬

**(ચાલ-સુરતી મહિનાની. ચૈત્રે ચતુર્ભુજ નાવિયા, રાધાજી કરે રે વિચાર-એ દેશી)**
**તથા (કોઈ લાવે પિઉની વધામણી, આપું એકાવલ હાર-એ દેશી)**

ચિત્ત ચમક્યો ચંદની ચઢી, દેખેં શ્રી સુલતાન;
કૃષ્ણવરણ બહુ ગજઘટા, લાખોં ફોજ પ્રમાણ. ૧

તે વિચ ગજ અંબાડિઈ, ચમર ઝપાટા હોય;
ઠ્ઠ **હુમાઉ** સાહનેં, દેખે **અકબર** સોય. ૨

ઈંમ ચાલંતે આવિયો, સાહી બાગની પોલ;
પિતા પુત્ર દોઉ મિલ્યા, હરખતણેં કલ્લોલ. ૩

બેઠા આસન એહવેં, હુઇ રસોઇ તયાર;
પુત્ર પિતા ભોજન કરી, આયા સભારે મઝાર. ૪

દોય પ્રહર લગ દો જણેં, કીધી ગોષ્ટિ પ્રપંચ;
પાછી બાજી સમેટવા, વાચકજી મન સંચ. ૫

**અક્કબર** તો બોલાવીઆ, મધ્ય સભામાંહે જાય;
વાત કરી કોઈ અભિનવી, ફેર કચેરીમેં આય. ૬

દેખે નહિ નિજ તાતને, પૂછેં ગુરુનેં રાય;
ગુરુ કહે આયા તિહાં ગયા, **અકબર** મન પસ્તાય. ૭

ઇંણી પરે સાત દિવસ લગ, પેઢી સાત દેખાય;
શ્રી **અકબર** મન રંજીઓ, ધન્ય **હીરસૂરિ** ગુરુરાય. ૮

હવે ચોમાસો ઉતરે, સૂરિ કરેં રે વિહાર;
ગામ નગર પુર પટ્ટણે, પ્રતિબોધ્યાં નરનાર. ૯

**ફત્તેપુર દિલ્લિ** આવીયા, વિહરંતા ચાઉમાસ;
તેહ નયરના સંઘની, ગુરુ સહુ પૂરેં આસ. ૧૦

ફરી ગરુનેં **અકબર** મળ્યા ધર્મ સુણાવેં સૂર;
ધરમ વાસના મન વસી, દિન દિન ચઢતેં નૂર. ૧૧

**અકબરસાહ** અરજી કરે, સુણીઇં શ્રી શ્રીમંત;
દરસન કાજે તેડાવીઆ, દૂર દેસથી રે સંત. ૧૨

કાંઇક માંગો કને, મો મન હરખિત થાય;
અવસર દેખી શ્રી પૂજયજી, માંગે અમાર(રિ) પસાય. ૧૩

અઠ્ઠાઈ મોહોછવનેં સમેં, અમર પલે તુમ દેસ;
વલી **શેત્રુંજા** જીજીઓ, ચકલા જીભ વિશેષ. ૧૪

**ડામર** નામ સરવર માંહે, જાલ નાંખે સોય;
એથી અધિક તુમ તરફથી દીજીઇં **અકબર** મોય. ૧૫

નિસુણી રીઝયો સાહજી, અહો નિસ્પૃહ સુરિરાજ;
નૃપ કહેં સૂરીસર સુણ, પર ઉપગાર જહાજ. ૧૬

આઠ દિવસ અઠ્ઠાઈના, મુઝ તરફથી રે ચ્યાર;
બાર દિવસ કોઈ જીવનો, હોવેં નહિ સંહાર. ૧૭

ત્રીસ દિવસ નવરોજના, બાર દિવસ સંકરાત;
**અકબર** જનમ માસ તણા, ત્રિ દિવસ એહ સંત. ૧૮

રવિવાર સહુ વરસના, જે હોવેં તસ માંન;
સર્વે ઈદના વાસરા, સર્વે મિહર દિન જાંણ. ૧૯

એ સહુ દિવસ ગણંતાં, માસ સવે ષટ્ર હોય;
તેહના ફુરમાના દિયા, સાહ **અકબ્બર** સોય. ૨૦

**ગુર્જર માલવદેસના, દિલ્લિ-ફત્તેપુર** જાંણ;
**અજમેરાં** ચોથો સહી, **લાહોર** શ્રી **મુલતાંન.** ૨૧

ઈમ સહુ દેસ હુકમ લગેં, મોહોર છાપ ફરમાન;
છઠ્ઠો ગુરુ પાસેં રહે, પાંચેની યાદ પ્રમાણ. ૨૨

ષટ્ર ફુરમાંના અકબરેં, ગુરુપૂજન તિહાં કીધ;
બિરદ જગતગુરુ થાપિઓ, **દીપવિજય** જય સિદ્ધ. ૨૩

**દુહા**

ઘર આયો સુલતાંનજી, ધરતો સૂરિ ઉપગાર;
**અકબર** ભાગ ભુજાબલી, મંડલિક અવતાર. ૧

તિણી દિસે ગુરુજી કિયા, ચતુર ચોમાસાં ચ્યાર;
ÿèßÕë 1í Üv¤ßë **સિરોહી** સુખકાર. ૨

રિષભદેવ ચોમુખ પ્રમુખ, અજિતદેવ ભગવાન;
કિધ પ્રતિષ્ઠા જગગુરુ, ચોમાસો તિણ થાન. ૩

તિહાંથી વિહરંતા ગુરુ, **હીર સેન** ગણધાર;
**પાટણ** નગર પધારીયા, કરતા ભવિ ઉપગાર. ૪

તિહાં ચોમાસો ઉતર્યૈ, **અકબર** સાહ સુલતાંન;
**સેનસૂરિ** ગુરુ તેડવા, ફિર આયો ફરમાન. ૫

**ઢાળ-૪૭**

**(અમલી લાલ રંગાવો, વરનાં મોલિયા-એ દેશી)**

હવે હીરગુરુ પિણ વિહરંતા, જાવે પછમ દેસ સુવાસ રે;
જીરે પાઉ ધાર્ય નયર **ઉનાઉંઈ**, જીરે રહિયા છે ચતુર ચોમાસ રે.
વંદો **હીરસૂરિ** ગચ્છરાજને. (એ આંકણી) ૧

જીરે આખર સમય વિચારીનેં, મિલવાને શ્રી ગણધાર રે;
**સૂરિ સેન**ને તેડવા મોકલે, આપે લખિયો છે લેખ વિચાર રે. વંદો૦ ૨

વાંચી **સેનસૂરિજી લાહોર**થી, સીઘ્ર પંથ પ્રયાંણને કરતા રે;
નહી ભાવિનેં જોગ મિલાવડો, મન ધ્યાંન સૂરિજીનાં ધરતા રે. વંદો૦ ૩

જીરે સંવત સોલસેંહે બાવને(૧૬૫૨), પૂજ્ય **હીરગુરુ** ગચ્છરાય રે;
પાલી આયુ સહુ વરસ સાઠનો (૬૦), લહ્યા દેવગતિ સુસામ્રાજ રે.
વંદો૦ ૪

જીરે અધવીચ મારગ ચાલતાં, સુણ્યો **હીરગુરુ** નિરવાંણ રે;
બહુ ગુરુ ઉપગાર સંભારતાં, ગુંણી **સેનસૂરિ** ગુંણખાંણ રે. વંદો૦ ૫

ગુરુ આયા શ્રીનયર **ઉનાઉંઇ**, મલિયો સહુ ગુરુપરિવાર રે;
વંદો અઠ્ઠાવનમા પાટવી, **વિજયહીરસૂરિ** ગણધાર રે. વંદો૦ ૬

२

## શ્રીદીપવિજયકૃત સોહમ કુલપટ્ટાવલી રાસ

ત્રુટક

લહું તરીઈ સંસાર મહાજલ, રમતાં ગુરુ પદપદ્મ,
તસ પાટિ **શ્રીહીરવિજયગુરુ**, ઉદયા ગુણમણિસદ્મ;
જેણઈ **અકબર** પ્રતિબોધ્યો, વર્તાઅવી અમ્મારિ,
અકર અનીતિ અનેક ટલાવ્યા, સયલનું હિતકાર.
શ્રી **હેમસૂરિંદઈ**......... હી દુક્કર નરેસ,
પ્રતિબોધ્યો એહમાં અવર જ નહીં લવલેસ;
આ મોટું અચરજ મુગલ કિઓ મહરવાન,
ધનિ ધનિ રે જગગુરુ જગિ વાધ્યો તુઝ વાન.
જગિ વાધ્યો તર્વ વાન ઘણેરો, **સત્રુંજનઈ ગિરીનારિં**,
કર મુંકાવ્યો યાત્રા કેરો, ઓશુકલ સિંણગાર;
લુંકાનો ગચ્છપતિ રિષિ, **મેઘજી** ગુરુ પાસીં લઈ દિયા,
શ્રી **ઉદ્યોતવિજય** સારાધું, મેઘતણી પરિ સિખ્યા. ૬૦

તે સાથી મુનિવર આવઈ અઠાવીસ,
તે સહુની આશા પુરઈ **હીર** સૂરીસ;
જગિ માંહિં હૂઈ એ પણી અચિરજ વાત,
પુણ્યઈ કેરા વલી નિસુણો અવદાત.
વલી જુઓ ગુરુની પુણ્યઈ, ગોપાલ નઈ કલ્યાણ,
માલિક **સહસકરણ**ના કુંઅર, ધર્મ્મ-મર્મના જાંણ;
બાર વરસિ કુંવર ગોપાલઈ, અધિકી કીધી વાત,
જંબૂ પરિ લીધું ચોથું વ્રત, દુઃખ આણંઈ મનિ તાત. ૬૧

અનુમતિ નવિ પામઈ માય બાપની તેહ,
લૂખઈ મની વસીઆ સિવકુમાર પરિ ગેહ;
પણિ કેતે વરસે માય બાપ અભાવઈં,
[illegible] [illegible] **રાજનગર**માંહિ આવઈ.
**રાજનગરી** આવ્યા ભગની પતિ, **સહા હનુઆ** આવાસિં;
વસતા પુરુષ ઘણાનિ કીધો, સંયમનો ઉલ્હાસ;
છ મહીના ફૂલેકે ફૂરીઆ, ધન છત્રીસ હજાર,
રૂપઈઆ ત્યારઈ ખરચાણા, દીખ્યામહોત્સવ સાર. ૬૨

જગગુરુનઈં હાથઈં સાથઈં જણ અઢાર,
દોઈ બંધવ ભગનિ ત્રિણિ ત્રિભુવનસાર;
સાધવી **વિમલશ્રી** **સોમવિજય** ઉવજ્ઝાય,
શ્રી **કીર્તિવિજય** ગુરુ, હુયા વાચકરાય.
હુઆ વાચકે શિષ્ય જેહના, વળી અનેક ઘનેરા,
શ્રી **કલ્યાણવિજય** વાચકબુધ, **રામભાંણ** ગુરુ કેરા;
ઈણિ પરિ શિષ્ય અનેક નીપાયા, તપ વલિ બહોળા કીધા,
ભાદ્રવા સુદિ ઈગ્યારસ દિવસઈં, **ઉના**માંહિ સીધા. ૬૩

વલી મોટું અચિરજ જિહાં ગુરુનો સંસ્કાર,
તિહાં ફલીઆ ડાલઈ વિણ કાલઈ સહકાર;

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

સંવત સોલ બાવીસો જસેં. **વિજયદાન** સર્ગે ગયા તસેં;
તસ પાટે હુઓ ગુરૂ **હીર** (૫૮), જેણે બૂજવ્યો કબિલી મીર. ૬૪

યુગપ્રધાન સરીખો હુઓ વળી, **હીર** તણી તે મતિ નિર્મળી;
સત્યશીલ મોટો ગંભીર તીર્થંકર સમ ભાખ્યો **હીર**. ૬૫

૩

શ્રી દર્શનવિજય રચિત

# વિજયતિલકસૂરિનો રાસ

હવઇ **શ્રી હીરવિજય** સૂરીશ તે પાસઇં લુંકાનો ઇશ;
સોલ અઠાવીસઇ નિજમત તજી **હીરવિજયસૂરી** આણા ભજી. ૨૨૫

**શ્રીગુરૂહીર**તણા. ગુણ સુણી તેડાવઇ **દિલ્લી**નો ધણી;
**અકબર** રાજા આપિં કરી ગુરૂદર્શન જોવા મન ધરી. ૨૨૬

ઓગણચ્યાલઇ નૃપનઇં મિલ્યા ભૂપિં ગુરૂગુણ સઘલા કલ્યા;
રલીઆયતિ થયો **અકબરરાય** લાગઇ **હીરગુરૂ** તણઇ પાય. ૨૨૭

કહઇ **અકબર** ભૂપતિ ગુરૂરાય **જોઈય** તે માગો મનિ ભાય;
દેસ ગામ ધન હય ગય સાર માગો તે આપું નિરધાર. ૨૨૮

**હીર** કહઇ એ નહી અમ્હ કાજ અમ્હે મુનિવર છઉં સુણો મહારાજ;
તો નૃપ કહઇ કછુએક તુમે લીઓ એતના મુહુત તુમે હમકું દીઓ. ૨૨૯

કહઈ ગુરૂ તો તુમે તૂઠા રાય જો કીધો એ અમ્હ પસાય;
તો તુમં આણ વહઇ જિહાં લોક જીવન ન મારઇ કોઇ રોક. ૨૩૦

ગાય ભઇંસિ લેવી ન જગાતિ તીરથ મુગતા કરો બહુ ભાતિ;
નિસુણી નૃપ તે દીઇ અપાર મુંક્યો જીજીઓ નિરધાર. ૨૩૧

એમ અનેક વયણ ગુરૂ તણાં નૃપ પ્રમાણ કરઇ અતિઘણાં;
શ્રીજિનશાસનિ ઉન્નતિ ઘણી થઇ જગમાંહિં શ્રીજિનતણી. ૨૩૨

જીવ દયા ષટમાસ પ્રમાણ વર્ત્તાવી સવિ દેસિ સુજાણ;
જિમ **શ્રીહેમસૂરિ** ઉપદેસિ **કુમરપાલ** ભૂપાલ વિસેસ. ૨૩૩

એવઇ ગુજ્જર દેસ મઝારિ સાગરિ ધંધ કરિઓ અવિચારિ;
ઠામિ ઠામિ અતિ હોઇ કલેસ પરપષ્યીઇ સઉ ન મિલઇ લેસ. ૨૩૪

ષરતરસિઉ અતિ હૂઓ વિવાદ પાટણમાં વાધ્યો ઉનમાદ;
શ્રાવકનઇં બઇઠા ઘણા દામ સાગર દુસમન થયા બહુ ઠામિ. ૨૩૫

એહ વાત જગમાં વિસ્તરી **હીરવિજયસૂરિં** સુણી મનિ ધરી;
વેગિં નૃપનો લહી આદેસ શ્રીગુરૂ આવ્યા ગુજ્જર દેસિ. ૨૩૬

આવ્યા **પાટણિ** શ્રીગુરૂ**હીર** ગુણગિરૂઆનઇં સાહસ ધીર;
ભૂપતિ માન લહિઉં અતિઘણું અધિક પુણ્ય ભૂપતિ તે તણું ૨૩૭

કરી વિચાર નિજ મનમાં એવ કલેસ ટાલવા કારણ હેવ;
બાર બોલ લષઇ સુખ કાજિ શાસ્ત્રસાષિ ધીર નિજ રાંજિ. ૨૩૮

સાગર ગ્રંથમાંહિ એમ અછઇ સકતિ હોઇ તો કરીઇ પછઇ;
પરપષી પરજાલું સવે જિમ વિમલ મંગલ મુનિ ભવે. ૨૩૯

તે માંટિ પહલો બોલ કહિઓ કઠિણ વયણ નવિ કહવો લહિઓ;
પરપષ્યીનઇં કોઇઇં કદા એહવું પાલેવું હવઇ સદા. ૨૪૦

બીજો બોલ તે માટિ કહિઓ સાગરની મતિં જન કો રહિઓ;
કહઇ સાગર પરપષ્યી જેહ નોકારગણિં પાપ વાધઇ તેહ. ૨૪૧

તે ઊપરિ કહઇ ગુરૂ **હીરજી** પરપખી કરઇ ધરમ ધીરજી;
સહૂ સાધારણ જે જે બોલ મારગાનુસારી હોઇ નિટોલ. ૨૪૨

તે અનુમોદવા હોઇ યોગ્ય મિથ્યાતીનું તે પણિ ભોગિ;
તો જે જૈનતણા પરપષ્ય અનુમોદો પુણ્ય કામ પ્રતષ્ય. ૨૪૩

ત્રીજઇ બોલિં શ્રીગુરૂ કહઇ વિપરીત પરૂપણા રષે કો લહઇ;
પરંપરા અનઇં શાસ્ત્ર વિરૂદ્ધ પરૂપણા જે કરઇ અશુદ્ધ. ૨૪૪

ગચ્છનાયક પૂછ્યા વિણ કસ્યું ગચ્છ ઠબકો તે પામઇ મનિ વસ્યુ;

ચોથઇ બોલિં હવઇ સાંભલો મુંકી મન્નતણો આમલો. ૨૪૫

સાગર કહઇ પરપષ્પીતણાં દેહરાં બિંબ શ્રીજીનવર ઘણાં;
હોલીના રાજા સમ જોઇ એમ ગ્રંથમાંહિં આણિઉં સોઇ. ૨૪૬

તે ઊપરિ હવઇ ગુરૂની ભાષ સઘલઇ શાસ્ત્રતણી કરી સાષિ;
દિગંબરની પ્રતિમા જેહ કેવલ શ્રાદ્ધ પ્રતિષ્ટિત તેહ. ૨૪૭

દ્રવ્ય લિંગનીઇં દ્રવ્યઇં થઇ અવંદનીક તે પ્રતિમા ભઇ;
એ ત્રિણિ વિણ સઘલાં જિનબિંબ વંદનિ પૂજનિ મકરિ વિલંબ. ૨૪૮

તે પૂજંતાં મ કરો શંક પૂજી પાતક ટાલો પંક;
બોલ પાંચમો હવઇ સાંભલો મુંકો કુમતિ સુમતિમાં ભલો. ૨૪૯

અવંદનીક પહલાં જે કહી પ્રતિમા ત્રિણિની તે પણિ સહી;
જિન પષ્પીનઇં ઘરિ હોઇ કદા તે પણિ વંદનીક હોઇ સદા. ૨૫૦

વાસષેપ ચારિત્રિયાતણઇ વિવહારથી શ્રીગુરૂ એમ ભણઇ;
બીજું પ્રતિમાનો આકાર તે પણિ વંદો સુખદાતાર. ૨૫૧

નિસુણો છઠ્ઠો બોલ વિશાલ જેહનો ભાવ અતિહિં રસાલ;
પ્રતિષ્ટા શાસ્ત્રિં કહી સાધુની કુમતિ ત્યજો એ સવિ આધુની. ૨૫૨

તો બોલ્યો નિસુણી એ વાત સાગર કહઇ નિસુણો અવદાત;
માનો પ્રતિષ્ટા જો મુનિ તણી તો પરપષ્પી પ્રતિમા ભણી. ૨૫૩

કિમ વાંદી કલપઇ આપનઇં કાં મતિતાણો તુમે પાપનઇં;
જે એક અષ્પર વાંકો કહઇ સમયથી તે ઉત્સૂત્ર લહઇ. ૨૫૪

ઉત્સૂત્ર ભાષી કિમ હોઇ સાધુ એહ અરથ તુમે કિહાંથી લાધ;
જે તેહનઇં સાધુ કુહો જો તુમે તો તુમનઇં પૂછઉં છઉં અમ્હે. ૨૫૫

કેહવા સાધુ કહો એહનઇં સુધુંસિઉં જાણિઉં તેહનઇં;
અરિહંત ભિન્ન એહનઇં આપણઇં કિહાંથી જૈન પણું એમ ભણઇ. ૨૫૬

જો તુહ્મે સાધુ પણઉં સદહો તો તે કાં વાંદો નહી કહો;
નિસુણી વાત સુમતિનો ધણી યુગતિ કહઇ સિદ્ધાંતહ તણી. ૨૫૭

જો તે જૈન નહી તો કસ્યું કુંણ દર્શન તે તુમ મનિ વસ્યું;
તે દેષી કહીઇ કુંણ વસે એ ઉતર આપો સુવિસેસ. ૨૫૮

નહી બાંભણ યોગી કાપડી નહી પરિવ્રાજક નાસ્તિક નડી;
તે માટિ એ જૈનજ હોઈ એહની શંકા મકરો કોઇ. ૨૫૯

જિન તેહના કહીઇ જો ભિન્ન તો તસ માત પિતા કુણ કીન્ન;
તે જિનદર્શનનું સ્યું નામ શાસ્ત્રમાંહિ દેષાડો ઠામ. ૨૬૦

દર્શન તો છ જિનપતિ કહ્યાં તેહનાં નામ સિદ્ધાંતિં લહ્યાં;
છ દર્શન વિણ કહું કુંણ ધર્મ્મ શાસ્ત્ર શાષિં જાણો જો મર્મ્મ. ૨૬૧

તે માંટિ જિનમાં નહી ભેદ મૃતિ ભેદિં નહી ધરમ ઉછેદ;
જો તેહનું કાંઇ લેષઇ નહી તે માંહિં ચોભંગી કહી. ૨૬૨

તિહાં આરાધક કહ્યા દેસથી તે કિમ વૃથા થોપો રીસથી;
તેહનઇં સાધુપણું જો નહી ચોભંગી ઠાણાંગિં કહી. ૨૬૩

દ્રવ્ય ભાવ નઇં નામ થાપના ચ્યાર ભેદ મુનિવર વ્યાપના;
બિ નિષેવા નહી જેહનઇં નામ દ્રવ્ય કિમ નુહઇ તેહનઇં. ૨૬૪

એતો ચ્યારઇ હોઇ આરાધિ તેણઇ સાધુપણું કાં બાધિ;
નહી વ્યવહાર વંદેવાતણું તે દ્દષ્ટાંત એક તુમે સુણો. ૨૬૫

કુલંબી ભાટ અનઇં રજપૂત તેહની છાસિ જિમ અદભૂત;
તો પાણી કાં ન પીજઇ રાધિઉં ધાન કાં નવિ લીજઇ. ૨૬૬

તે વિવહાર ન પુહુચઇ જેમ તસ વંદેવા જાણો તેમ;
સાધુપણું કેમ અંસિં હોઇ તે માટિ બિંબ વાંદો સોઇ. ૨૬૭

તેહ ભણી બોલ છઠ્ઠો એહ આસિ દીધો ધરયો મનિ તેહં;

હવઇ કહીઇ જે બોલ સાતમો તે નિસુણો ઉત્તમ આતમો. ૨૬૮

સામીવચ્છલ કરતાં સદા સગપણ કારણિ આવઇ તદા;
પરપખ્ખી જો તે હોઇ ફોક એમ બોલઇ તે મૂરષ લોક. ૨૬૯

વલી વયણ એહવાં ઊચ્ચરઇ ષીર ભાજનિ વિષબિંદુ ઝરઇ;
તિમ તે વિણસઇ નહી કિમ સાર તિમ એ અહી જાણો નિરધાર. ૨૭૦

સુણી સુમતિધર તે બોલીઓ એ દષ્ટાંત કસ્યો તુમ દીઓ;
વચનબાધ હોઇ પોતાતણો તે મન દેઇનઇં તુમે હવઇ સુણો. ૨૭૧

સામી પોષ્યા ચ્યાર હજાર તેમાં એક પરપખ્ખી ચાર;
તેણઇ એ કઇઓ ફોક કિમ થાઇ ચ્યાર હજારનું પુણ્ય કિહાં જાઇ. ૨૭૨

એકઇ સામી એહવો ન હોઇ જેણઇ પુણ્યિં ઠેલાઇ સોઇ;
જિમ ભાજન વિષ સાથિં ષીર તેમાં અમૃતનો એક હીર. ૨૭૩

પડતષેવ તે નિરવિષ થાઇ તિમ સામી પુણ્યિં ઓ જાય;
તે માટિં એણઇ અધિકારિ સુગુરિં બોલ કહિઓ સુવિચાર. ૨૭૪

સામીવચ્છલ ફોક ન થાઇ બોલ આઠમો હવઇ કહવાય;
નિહ્નવ સર્વ થકી હોઇ એક દેસથી સાત કહ્યા સુવિવેક. ૨૭૫

જે સઘલાંનઇ નિહ્નવ કહઇ તેમાંહિ સમકિત નવિ રહઇ;
નુંમો બોલ ભણું હવઇ સાર તીરથ યાત્રા તણો વિચાર. ૨૭૬

નિજ પખ્ખી અણહુંતઇ યોગિ પરપખ્ખીનઇં સાથિં લોગ;
તીરથ યાતરા જે કોઇ કરઇ તે સંસાર સોહેલો તરઇ. ૨૭૭

જે કહઇ ફોક તે ષોટું રોક તેહનઇં હોસ્યેં તેસ્યું શોક;
આપ ગરથિ કાયા શુભભાવિ સાથિ હોઇ કો સહજિ સભાવિ. ૨૭૮

શાસ્ત્રસાષિં કહઇ શ્રીગુરૂહીર ફોક ન થાઇ લહઇ ભવ તીર;
તીર્થંકરની કરતાં યાત્રા નિર્મલ થાઇ પોતાનાં ગાત્ર. ૨૭૯

દસમો બોલ હવઇ ભાષીઇ શાસ્ત્ર સવાદ સવે ચાષીઇ;
પરપષી સાથિં કસી વાત ચર્ચા નવી મનિ ધરી કોધાત. ૨૮૦

ઉદેરીનઇં ન કરઇ દાતા તો પૂછઇ ઉત્તર દિઇ તદા;
તે પણિ શાસ્ત્રતણઇ અણુંસારિ ન કરઇ કલિ વાધઇ તેવારિ. ૨૮૧

હવઇ નિસુણો બોલ ઇગ્યારમો **હીર**ગુરૂ આણ નિત હઇડઇ રમો;
જે ગ્રંથ ઉત્સૂત્ર કંદકુદાલ તે સાંભલતાં ઉઠઇ ઝાલ. ૨૮૨

વિજય**દાનસૂરિં** તે ભણી સાગરનઇં કીધા રેવણી;
પાણીમાહિં તે ગ્રંથ બોલીઓ સંઘ ચતુરવિધ સાથિંકીઓ. ૨૮૩

તેહનું વયણ એક જિહાં હોઇ અપ્રમાણ વલી ગ્રંથજ સોઇ;
એમ જાણી મ કરો તે સંગ **હીર** કહઇ ગુરૂ વચને રંગ. ૨૮૪

બોલ બારમો કહસિઉં હવઇ શ્રીજિનવરનઇં જે કોઇ કવઇ;
નિરવિરોધ તવનાદિક હોઇ તે ભણતાં નવિ વારઇ કોઇ. ૨૮૫

કહઇ જિનવરની સ્તુતિ કરઇ પરપખ્ખી જો તો અણુંસરઇ;
તો તે તુરક માતંગહતણી રસવતી ભોજન કરઇ ભણી. ૨૮૬

એ અજ્ઞાન વયણ સાંભલી રષે કો શંકા આણો વલી;
તજી કુમતિ જે જિનસ્તુતિ કરઇ તે સુકૃત પિંડ પોતઇ ભરઇ. ૨૮૭

એહવું જાણી સદા જે હોઇ તે કહતાં નવિ વારઇ કોઇ;
જે વારઇ તેહમાં નહી સુદ્ધિ સઘલી જાણો ગઇ તસ બુદ્ધિ. ૨૮૮

એમ **શ્રીહીરવિજયસૂરિ** કહઇ ભવિયણ તે સહૂ સદહઇ;
જે જિમ ભાવ કહ્યા સિદ્ધાંતિ તે તિમ સદઇહવા એકાંતિ. ૨૮૯

બાર બોલનો લિષ્યો એ પટો ધરમવંત એથી મતો લટો;
સવિ ગીતારથિ કીધાં મતાં કો નવિ વારઇ તે વાંચતાં. ૨૯૦

卐

૪

શ્રી દર્શનવિજય રચિત

# વિજયતિલકસૂરિનો રાસ

॥ ઢાલ ॥

ચોપઈ

હવઈ **શ્રીહીરવિજયસૂરિંદ** જસમુખ દીઠઈ પરમાણંદ;
**રાધિનપુરથી પાટણ** ભણી પાંગરીઆ **શ્રીતપગચ્છધણી.** ૩૩૫

તિહાંથી ચોમાસા પારણઈ **વિમલાચલ** યાત્રા કારણિં;
જાણી નિજ આયુ અવસાન કરઈ સાધન બહુ થઈ સાવધાન. ૩૩૬

**હીર** કહઈ સંઘ-નિસુણઈ સહૂ યાત્રાતણું અમ્હ મન છઈ બહૂ;
નિસુણી સંઘ રલીઆયત્તિ થયો તીરથ કરવા સહૂ સામયો. ૩૩૭

દેસિ દેસિ પાઠવીઆ લેખ તે ઉચ્છાહ ધરઈ સવિસેષ;
એક **શ્રીશેત્રુંજઈ** તીરથ સાર બીજું **હીરજી** ગુણ ગણધાર. ૩૩૮

એક દૂધ નઈં સાકર મિલી બહુ સંપદનઈં પુણ્યિં ભલી;
થાવર જંગમ તીરથ લહી સંઘ ઘણા તિહાં આવઈ સહી. ૩૩૯

**રાજનગર**નો સંઘ અતિઘણો સહસ રથ પાલો બહુ ભણો;
**ખંભાયતિ**નઈં સંઘિં સુણો નવસઈં સેજવાલાં તે ગણો. ૩૪૦

દેખી ડેરા પ્રમુખ અનેક વિવિધ સજાઈ અનઈં સુવિવેક;
અતિ રંજયો કહઈ **નવરંગખાન સાહશ્રીમલનઈં** દેઇ બહુ માન. ૩૪૧

કુંણ મુલક પોતઈ તાહરઈ જે માટિ આ દોલતિ ધરઈ;
સાહ ભણઈ માહરઈ વ્યાપાર ઉપરાજી ખરચી કરૂં સાર. ૩૪૨

કહઈ તુમનંઈ સાબાસી ખાન કુહુ કામ મુઝનઈં દ્યો માન;
એમ પ્રસંસ્યા કીધી ઘણી સહૂઈ સંઘિં તે સવિ સુણી. ૩૪૩

સંઘ **પાટણ**નો બહુલો મિલ્યો **કુંણગેર** પ્રમુખ ઘણો તે ભલ્યો;
**આગરાઇ** આડંબર કરી વલી આવઇ સંઘ તિહાં **લાહુરી**. ૩૪૪

**મેડતા સીરોહી જાલોર માલવ મેવાડો** બહુ જોર;
**રામપુરા વાગડ**નો સંઘ **દખ્યણ** દેસતણો માનિ રંગ. ૩૪૫

**સૂરતિ દીવિબંદિર**નો વલી **વટપદ્ર ભરૂઅચિ** તેમાંહિ ભલી;
**દમણિ વસઈ ઘણદીવી**તણો **ચેઉલિ ડભોલી** આવ્યો ઘણો. ૩૪૬

**કચ્છ** દેસ **ક્રોલીહારો** વલી **નવાનગર**નો આવ્યો મિલી;
એમ અનેક સંઘ આવ્યા ઘણાં યાત્ર કરેવા સોહામણાં. ૩૪૭

**શ્રીશત્રુંજય** તીરથતણી વલી **શ્રીહીર** વંદેવા ભણી;
માણસની સંખ્યા બિ લાખ સુણી તેહવી મિં કહી એ ભાષ. ૩૪૮

**હીરવિજયસૂરિ** કરી જાત્ર ઓગણપંચાસઇ ગુણપાત્ર;
હવઇ સંઘ વીનતીઇં ગુણગેહ **હીરવિજયસૂરિ** તેહ. ૩૪૯

**ઉંના** નયરિ પધારઇ પ્રભુ દીવિતણો સંઘ આવઇ વિભુ;
ચોમાસું **ઊંનામાં** કરિઉં ભવિયણિ બહુપરિ ધન વાવારિઉં. ૩૫૦

અવસર જગગૂરૂનો પામેવિ શ્રાવક ભાવ ધરઇ મનિ એવ;
બિંબપ્રતિષ્ટા કીજઇ કાજ એમ જાણઇ મનિ **સાહુ લખરાજ**. ૩૫૧

લેઇ મુહૂરત શુભ દિવસિં સાર કરી આડંબર અતિ સુખકાર;
તેડ્યા **મુનિવિજય** કવિરાય જેહના ગુણ બહુલા સંભલાય. ૩૫૨

સુણી પ્રસંસ્યા વાચકપદ દીઇ સંઘ ઓછવ કરી લાહુ લીઇ;
કરી પ્રતિષ્ટા કરઇ વિહાર સંઘ કરઇ તિંહા વીનતી સાર. ૩૫૩

**દેલવાડઇ** પૂજ્ય રહો ચોમાસિ માનિઉં સંઘ મનિ ધરઇ ઓહોલાસિ;
ચોમાસું તિહાં રહઇ **ગુરૂહીર** દીઇ દેસના જિમ જગિ વીર. ૩૫૪

દેહ ચિન્હ જાણી નિજ આય પભણઇ **હીરવિજયસૂરિરાય;**
તેડાવો વેગિં અનુચાન લિખ્યો લેષ **જેસિંગ** બહુમાન. ૩૫૫

લિખ્યો લેખ- **વિજયસેનસૂરિંદ હીર**શરીર અછઇ બહુમંદ;
તેણઇ કારણિ ગુરુવંદન કાજિ પંથિ થઇ જલ પીવું રાજિ. ૩૫૬

વાંચી લેખ સંઘનઇ **જેસિંગ** કહઇ ગુરૂલેખતણો સુપ્રસંગ;
સંઘ કહઇ ચોમાસું કરો ગુરૂ કહઇ એહ અટક મત ધરો. ૩૫૭

**મહિમનગર**થી કારણ ભણી પાંગરીઆ તપગચ્છના ધણી;
**પાટણ**નયરિ પધાર્યા પ્રભુ પરવપજૂસણ તિહાં કરઇ વિભુ. ૩૫૮

કરી પજૂસણ કરઇ પ્રસ્થાન એતલે આવ્યો લેખ નિદાન;
વાંચઇ લેખ- કરિ ધરી **જેસિંગ** ભાદ્રવસુદિ એકાદસી સંગ. ૩૫૯

અનસન કરી સમરઇ નવકાર પુહુતા સરગિં **હીર** ગણધાર;
રાતિ ઘડી છ જાતઇ સુણો સુરવિમાન મહિમા કરઇ ઘણો. ૩૬૦

ચિતાધૂમિ ફલિઆ સવિ અંબ દેવમહોચ્છવ કરઇ અવિલંબ;
થૂભમહોચ્છવ કરઇ નરદેવ બહુ ભાવિં તે શિવસુખહેવ. ૩૬૧

લહી ઉદંત ગુરૂનો એહવો વયરાગિં તપ કરઇ નવ નવો;
**પાટણિ** ચોમાસું ગુરૂ કરી ચાલઇ થૂભવંદન મનિ ધરી. ૩૬૨

**શેત્રુંજ** તીરથ યાત્રા કરઇ તિહાંથી **ઊંના**ભણી પાંગરઇ;
જઇ વંદઇ ગુરૂની પાદુકા સાથિં બહુ શ્રાવકશ્રાવિકા. ૩૬૩

વંદી થૂભ મનિ ચિંતઇ અસ્યું હીરધ્યાન મુંઝ હઇડઇ વસ્યું;
જે જે સુખકારણ આહાલાદ તે **શ્રીહીર**તણો સુપ્રસાદ. ૩૬૪

ગીતારથ હુતા જે ગુરૂપાસિ તેહનઇં તેડ્યા મનિ ઓહુલાસિ;
કહઇ **શ્રીવિજયસેનસૂરિંદ**, છઇ સુખ સંયમ મનિ આણંદ. ૩૬૫

દીઇ દિલાસા સહૂ સાધુનઇં **હીર**હિતસીષ પૂછઇ સાધુનઇં;
જે હિતસીષ કહી ગુરિં **હીરિ** તે તિમ આરાધઇ મનિ ધીર. ૩૬૬

卐

૫

શ્રી જયવિજયજી રચિત

## શ્રી કલ્યાણવિજયગણિનો રાસ

**દુહા.**

રાગ સારંગ મલાર.

ભરતક્ષેત્ર ભવિઅણ સુણો, તીરથ દોઇ મેહતીર;
જય જંપે એક **શત્રુંજાં**, બીજું જગદ્ ગુરૂ **હીર**. ૧

**હીરજી** નામ જપંતડાં, ઘરિ હુઈ ઘણ કણ કોડિ;
જય કહિ જંબુદ્વિપમાં, નહી કો **હીર** સંઘોડિ. ૨

જંબૂદ્વીપ તાં જોઇઓં, ભરતક્ષેત્ર ભૂપીઠ;
જય જંપે ગુરૂ **હીરજી**, સમવડિ કેઈ ન દીઠ. ૩

**ઢાલ ૫ મી.**

ગુરૂવર્ણન.

**વીર** તણી પાટે જયુ, જાણે **સુધરમા** સ્વામિ, લલણાં;
**હીરવિજય** સૂરિસરૂ, જસ મહિમા અભિરામ, લલણાં-
**હીરજી** મોહન વેલડી. ૯૩

જય સુમન મથરૂપ લલનાં, જસ કીરતી જગમાં ઘણી;
સેવ કરે સવે લલનાં, **હીરજી** મોહન વેલડી. આંચલી. ૯૪

પંચ મહાવ્રત નિરમલાં, પાલઇ પંચાચાર લલણાં;
ઇંદ્રી પંચ દઢ વશ કરી, ટાલે મોહ વિકાર. લ. હીર. ૯૫

સુમતિ ગુપતિ સુધી ધરે, ષટ જીવન પ્રતિપાલ; લ.
પંચ પ્રમાદ નિવારીયા, ટાલે દોષ બયાલ. લ. હીર. ૯૬

ચાર કષાય તે જય કરે, મમિ વૈરાગ ઉપાઈ; લ.
પાપ તણા બંધ ગાલીયા, ચારિત સિઉં ચિત લાઈ. લ. હીર. ૯૭

લબ્ધિવંત ગુરૂ ગુણનિલું, સુત સાયર ગંભીર; લ.
ગુણ છવીસ અલંકર્યું, શીલાંગ રથધર ધીર. લ. હીર. ૯૮

ભવજલ પડતાં જીવને, આપે ગુરૂ નિજ બાંહિ; લ.
જે જન દુઃખ સંતાપીયા, તાસ તે સુરતરૂ છાંહી. લ. હીર. ૯૯

આગમ અરથ હિયડે ભર્યા, જાણિં પૂરવગત મર્મ; લ.
મહીઅલે ગુરૂ વિસરે સદા, ભાષે જિનવર ધર્મ. લ. હીર. ૧૦૦

બહુ ભવના સંશય હરે, કહિએ સવે સૂત્ર વિચાર; લ.
ભવિક જીવ પ્રતિબૂઝવે, તારે બહુ નર નાર. લ. હીર. ૧૦૧

બહુ મુનિ જન પરિવાર સિંઓં, વિહાર કરંતા સોય; લ.
**લાલપુર** નયરે સમોસરે, ઘરિ ઘરિ ઓછવ હોય. લ. હીર. ૧૦૨

નયર લોક સહુ સાંચર્યું, વાંદવા **હીર** મુણિંદ; લ.
જલધિ પૂર જિમ ચાલીઆ, નરનારીના વૃંદ. લ. હીર. ૧૦૩

**ઠાકરશી** શ્રવણે સુણી, આગમ શ્રી ગુરૂ **હીર**;
વેગે વંદણે આવીઓ, જિમ તે **મેઘ મ**હાવીર. લ. હીર. ૧૦૪

ગુરૂ દરશને મને હરખીઓ, જિમ ઘન દીઠે મોર; લ.
**હીરજી** સિઓ સિત લાઈઓ, જઈસિંઓ (જૈસો)
ચંદચકોર. લ. હીર. ૧૦૫

ત્રણ પ્રદક્ષિણા દેઈ કરી, કરી ઉત્તરાસંગ તામ; લ.
કરજોડી વિધિ સ્તુતિ ભણી, કરે પંચાંગ પ્રણામ. લ. હીર. ૧૦૬

કુંઅર વિવેક નિરખીઓ, મનિ ચીંતવે ગણધાર; લ.
જાુએ ચારિત્ર લક્ષ્મિ વરે, તું હોઈ ગચ્છ શણગાર. લ. હીર. ૧૦૭

વિનય કરી ગુરૂ વંદિઆ, બેસે ઉચિત પ્રદેશ; લ.
જય જંપે ભવિઅણ સુણો, સાચું ગુરૂ ઉપદેશ. લ. હીર. ૧૦૮

## દુહા.

### રાગ કેદારૂ.

જંગમ તીરથ જાગતું, જંબૂદ્વીપમાં **હીર**;
જય જંપે જસ નામથી, પામે જે ભવ તીર. ૧

**હીરજી** વાણિ સુણંતડાં, દુરિત પણાસે દૂરિ;
જય જંપે સુખ સંપજે, હોઇ લછિ ભરપૂર. ૨

**શ્રી હીરવિજય સૂરિસરૂ**, ચારિત્ર ગુણ મણિ ખાણિ;
ભવિક જીવ પ્રતિબૂઝવે, દેશના મીઠી વાણિ. ૩

## ઢાળ ૬ ઠી.

### ગુરૂ ઉપદેશ.

ગુરૂ દેશના મીઠી વાણી, ભવસાયર તરીઆ સમાણી;
ઉપશમ રસ કેરી ખામી, એક ચિત્તે સુણો ભવિ પ્રાણી. ૯

ભવજલહી ભીમ અપારો, જીવ ભમીઓ અનંતીવારો;
જીવા યોની લાખ ચોરાસી, પરતે કંઈ જોઇ અભ્યાસી. ૧૦

એણિ જીવે જે ભવ કીધા, અવતાર ફિરિ ફિરિ લીધા;
જ્ઞાનવંતે કહ્યા નવિ જાઈ, જીવ સુખે ન બેઠું કિહાંઇ. ૧૧

જીવ પાપ કરે પરકાજે, સર્વ કુટુંબ મિલી ધન ખાજે;
જીવ પરભવિ સહે બહૂ પીડા, કોઈ વિહિંચમિ નાવે નીડા. ૧૨

પિંડ પાપી કીધું મેલું, જીવ ભમે અનાથ એકીલું;
કોી કહિંનું શરણ ન હોઇ, જનમ મરણ કરે સવિ કોઇ. ૧૩

જિમ તરૂઅર કેરી ડાલા, આવી બેસે પંખી વીઆલા;
ઊગમતે ઊઠી પલાઇ, કોણ જાણે કવણ દિશિ જાઈ. ૧૪

તિમ સ્વજન કુટંબ ઘરિ મિલીયા, પંચ દિવસ એકઠા ભિલિયા.
જાૂજાૂઆ સહૂ ઉડી જાશે, મારૂં મારૂં મૂઢ પ્રકાશે. ૧૫

વિહડે પુત્ર કલત્ર ધન ભાઇ, વિહડે નહિ ધરમ સગાઈ;
મોહ માયા મમતા છાંડું, પ્રીતિ અવિહડ ધરમસિઉં માંડું. ૧૬

વિષયો ઇંદ્રજાળ સમાણા, ઇમ બોલે સિદ્ધાંત પુરાણા;
ક્ષિણિ આવે ને ક્ષિણિ જાય, કઉ તાસ કવણ પતિ જાઇ. ૧૭

સસ્વારથ સિદ્ધિ નિવાસી, અહતેંઇ આઉ ખય જાસી;
જુઓ સાગર તેત્રીસ ઝીઝે, બીજા નર કુણ વાત કહીજે. ૧૮

માનવ ભવ પામી સારો, દેશ આર્ય કુલે અવતારો;
છાંડો મિથ્યા મતિ કૂડી, કરો તત્વ તમી મતિ રૂડી. ૧૯

ત્રણ તત્વ જિણેસર ભાખે, દેવ ગુરૂ ધરમ સુધ દાખે;
એક એક તણા ભેદ જાણું, દોઇ તીન ચારિ મનિ આણો. ૨૦

અરિહંત સિદ્ધ ગુણ ગાઓ, દેવતત્વ દોઈ ભેદ ધ્યાઓ;
સૂરિ ઉવઝાય સુસાહૂ, ગુરૂતત્વ ભેદ ત્રણ આહુ. ૨૧

દંસણ નાણ ચરિત તપ કહીએ, ચાર ભેદે ધરમ તત્વ લહીએ;
એ નવપદ શાસને સાર, સર્વ ધર્મ રહસ્ય અવતાર. ૨૨

જિનવર દોઈ પંથ પ્રકાશે, ભવિઅણ ચિત્ત અંતર ચાશે;
પહિલું શુદ્ધ શ્રમણ પંથ ભણીએ, બીજું શ્રાવક માર્ગ સુણીએ. ૨૩

મોહ પંકમાંહિ જે ખૂતા, સહી તે નર ઘણું વિગૂતા;
સુધ જ્ઞાન દૃષ્ટિ ઉઘાડો, કરો ધરમ સખાઇ ધાટો. ૨૪

મણિ રયણ સોવન પાવડીઆં, સ્તંભ સહ સોવનમેં ઘડિયાં;
જો કરે જિનધર બહુરિકો, તેહથી તપ સંયમ અધિકો. ૨૫

સાવદ્ય જોગ પરિહરી, શુદ્ધ સાધુ ધરમ રંગે વરીએ;
એક દિન જો ચારિત્ર પાલે, સોઈ શિવસુખ ચરિત નિહાલે. ૨૬

દીઓ દાન શીયલ નિત પાલો, નિજ માનવભવ અજુવાલો;
તપ તપીએ બાર પ્રકારી, ભાવના ભવ દુઃખ નિવારી. ૨૭

ઈતિ સુણી ઉપદેશ સોભાગી, **ઠાકરશી** હોઈ વૈરાગી;
સંવેગ રંગ બહુ આયા, જય જંપે નમૂં તસ પાયા. ૨૮

**દુહા**

રાગ વૈરાડી.

દુખ દાવાનલ ભયકરૂ, ભવકાનને અપાર;
ભમે જીવ તિહાં એકલું, કર્મવશે પડયું ગમાર. ૧

નિશ્ચયે સહીએ જીવને, પુણ્યને પાપ સખાઈ;
પરભવ હીંડે એકલું, બંધવ કેડિ ન જાઈ. ૨

જે દુખ ભવેસે બંધિયાં, સુખ જે મુગતિ નિવાસ;
જીવ એકલો ભોગવે, સ્વજન તણી કુણ આશ. ૩

**ઋષભદાસજી કૃત શ્રી હીરવિજયસૂરિ રાસ.**

સકલ સાધનો તું આધાર, જગજંતુ જીવાડણહાર;
ચિહું દિસિ સમરે તાહરૂં નામ, જિમ સીતા રઘુવંશી રામ. ૧૩

જિમ કોકિલ સમરે સહકાર, જિમ ચાતક સમરે ધનસાર;
ચંદાતણે સમરણ ચકોર, સમરે જલધર નિત્યે મોર. ૧૪.

મધુકર જિમ સમરે જિમ ગાય, બાલક જિમ સમરે નિજ માય. ૧૫

સકલ સાધ અમો સમરૂં **હીર**, ગૌતમ જિમ સમરે માહાવીર;
તેણી પરિં સમરૂં ગુરુ ગણદાર, તુહ્મ જાતા અહ્મ કુણ આધાર ? ૧૬

૯

શ્રી ઋષભદાસજીકૃત

# કુમારપાળ રાસ

દુહા

શ્રી ગુરૂ ચરણ પસાઉલિ, મેં ગાયા ગુણ આજ;
**હીર** મુનિના નામથી, મુઝ સરીઆં સહુ કાજ. ૧.

ઢાલ

રાગ- મારૂણી-ગિરિમાં ગોરો-એ દેશી

કાજ સકલ મુઝ સિદ્ધા **હીર**નામથી રે, હીર સમો નહીં કોય જગમાંરે,
જ૦ જસ પડહો જગિ વાજીઓ રે. ૭૨

સાહિ **અકકબર** જેણિ પ્રતિબોધિઓરે, સમઝાવ્યો જીનધર્મ, તેહને રે;
તે. જૈન શિરોમણી સહી કર્યો રે. ૭૩

સાહિ **અકકબર** આપમુખિં એમ ઉચ્ચરિરે, કુછ માંગો ગુરૂ **હીર**, મોપેરે;
મો૦ તુહ્મ લીજઇ હય હાથીઓરે. ૭૪

**હીર** પટ્ટોધર વીરનો તિહાં બોલિઓરે, સુંણિ હો **અકકબર**સાહિ, ગાજીઓરે;
ગા૦ કોડી એક ન લીજઇ રે. ૭૫

ઋદ્ધિરમણી નેં મદિર હયવર હાથીઓરે, તે નાવિં મુઝકાંમિ, સાહજીરે;
સા૦ હમ ફકીર ખુદાયકે રે. ૭૬

એણઇ વચનેં સાહ**અકકબર** રંજ્યો અતિઘણુંરે, નાંમ જગતગુરૂ જેહ, જગમાંરે;
જ૦ હીરયતિ સો સાહી બડા રે. ૭૭

તવ દલ્લીપતિ **અકકબર** ગાજી ફરી કહઇરે, **હીર** કુછ મુઝ લેહ, મેરારે;
મે૦ જે માંગિ સો દીજઇ રે. ૭૮

**હીર** કહઇ સુણિ **અક્કબર** ગાજીયા તસ્યારે, હુ માંગુ તુમ્હ એહ, દીજઇં રે;
દી૦ વાસર આઠ અમારીના રે. ૭૯

તવ સાહ **અક્કબર** બોલ્યો આપ સુમોહથીરે, લીજઇ દિન તુંમ બારિ, ભીકછુરે;
ભી૦ ઓર વસ્તુ ગુરૂ માંગીઇં રે. ૮૦

**હીર** કહઇ સુંણિ **હમાઉ** નંદન કહું રે, વચન અમારૂં એહ, કીજઇ રે
કી૦ જગ સારેકું બહુ સુખી રે. ૮૧

તવ સાહ **અક્કબર** મહિર કરીને મુકતોરે, પંખી મૃગલા ચોર, કેતારે;
કે૦ પશુ પ્રમુખ તે છોડીઆં રે. ૮૨

ડામર તલાવમાં જાલ ન ઘાલઇ કો વલીરે, ન કરઇ જીવસંહાર, નર કોરે;
ન૦ નીચકર્મ નવિ આદરઇ રે. ૮૩

ગાય ભીંસ નઇં વૃષભ ટોલાં મહિષનારે, તાસ ન લહઇં કોઇ નાંમ, જગમાંરે;
જ૦ જીવિતદાંન તસ આપીઉં રે. ૮૪

દંડ દાણ નેં પુંછી ઘૂબો જીજીઓરે, તે મુંક્યો સુલતાન વલી, તીરથેરે;
તી૦ તીરથ મુંક્યું મૂંડિકું રે. ૮૫

ગિરિ **સેત્રુંજો** સાહીબ **અક્કબરઇં** આપીઓરે, **હીર**ગુરૂનિ હાથિં, જેણેરે;
જે૦ કીધુંરે કીધું પુસ્તક ભેટાણું રે. ૮૬

દોય કર જોડી **અક્કબર** ગાજીઇમ કહઇં રે, ઓર કુછ કાંમ, મોપઇરે;
મો૦ આજ નિવાજો જગ ગુરૂએ રે. ૮૭

કુંમર નરિંદહ **હેમચાર્ય** જેહવોરે, તે તેહથી અધિકીપ્રીતિ, બેહુમાંરે;
બે૦ **હીર**ગુરૂને અક્કબરાં રે. ૮૮

વીરંપટ્ટોધર **હીરવિજય** ગુરૂ રાજીઓરે, તેહનું જગમાં નાં, લીજઇંરે;
લી૦ કાજ સૂરિં જીમ આપણાં રે. ૮૯.

卐

૭

શ્રી જયવિજયજી રચિત

# શ્રી કલ્યાણવિજયગણિનો રાસ

## ઢાળ ૧૧મી.

હીરવિજયસૂરિ અકબર પ્રતિબોધ.

ભેટયારે શ્રી ગુરૂને ઉવઝાય, તતક્ષણ હિઅડલે હરખ ન માય;
નેહ જિસ્યો દીઈ સાયરચંદ, તિમ ગુરૂ **હીરજી** **કલ્યાણ** મુણીંદ. ૩

સાર શીખામણ દેઈ વિશેષ, થાપ્યારે ઉવઝાય ગુર્જર દેશ;
શ્રી **વિજયયસેન** સૂરીંદ સુજાણ, ધરજોરે તાસ તણી શિર આણ. ૪

મિલીઅ ભલીપરે કરજોરે કાજ જિમ વાધે ગચ્છ કેરી લાજ;
દેઈ શીખ તવ કીધ પ્રયાણ ચાલેરે ગચ્છપતિ મોટે મંડાણ. ૫

પુંહતારે **શીકરી** શહેર મઝાર, મિલિઆરે **અકબર**ને ગણધાર;
બેસીને ગોષ્ઠી કરે એક ઠામ, કહી કુણ ધરમ જાુહે અભિરામ ૬

બોલેરે શ્રીગુરૂ મધુરીય વાણી, છૂજો કરી સબ એકીજ પ્રાણી
ખયર મહિર ઓપર તન કોઈ, દિલપાકીથી ધરમ જો હોઈ ૭

રંજયુંરે નરપતિ દીએ બહુમાન, શ્રીગુરૂ પ્રણમી કરે ગુણગાન;
ષટ્ માસી તવ કીધ અમારિ, નામ જગદ્ગુરૂ અતિ ઉદાર. ૮

ગાય બલદ ભેંસ કોઈ ન મારે, એનુ બાતે સોગંધ હમારે;
**શેત્રુંજા** તિરથ સોઉ તુમ્હ દીના, પેસ કસી પુસ્તકભી કીના. ૯

કરી ફુરમાન દીએ તતકાલ, શ્રીગુરૂ આણ વહે નિજ ભાલ;
વિનય કરી બુલાવે સૂરીશ, દિન દિન બોધે અધિક જગીશ. ૧૦

卐

८

# વીરવંશાવલી

**તત્પટ્ટે શ્રી હીરવિજયસૂરી**

તેહનો ગુજ્જરાતિ **પાલણપુર** નગરેં ઓ૦ ખીમસરા ગોત્રિ સા૦ **કુયરા**, સ્ત્રી **નાંથી** કુક્ષૈ વિ. સં. ૧૫૮૩ વર્ષે જન્મ । પૂત્ર **હીરાચંદ** નામ । એકદા પાટણિ બહિનનેં મિલવા આવ્યો, તિહાં **ખડાકોટડીઈ શ્રીવિજયદાનસૂરી** ગુરુનો ઉપદેશ સાંભળી વિ.સં. ૧૫૧૬ વર્ષે દીક્ષા લીધી. **હીરહર્ષ** નામ દીધું. સં. ૧૬૧૭ વષે **નાડુલાઇ** નગરેં શ્રીરુષભપ્રાસાદિ પં૦ પદ હુઓ. ૧૬૧૮ વર્ષે **નાડુલાઇ** નગરેં શ્રીનેમીનાથ પ્રાસાદે પાઠકપદ હુઓ. સં. ૧૬૨૦ વર્ષે **સીરોહી** નગરઇં શ્રીરુષભપ્રાસાદિ ગચ્છનાયક પદ હુઓ. તિણહી જ વર્ષે શ્રીઅજીતનાથબિંબ થાપ્યો. તિહાં થકી **શ્રીસુરીનંદીય, લોટાંણક, બ્રાહ્મણ-વાટક, અજારી, આબુ, ઈડરંગઢ, પોસીનાપાસ, વીજાપુર**, પ્રમુષઇં વિહાર કરતા **અહિમ્મદાબાદિ શિકંદરપુરઇં** ચોમાસી તપ કરી રહ્યા.

એહવે **આગરા** નગરઇં શ્રીપર્વ આવે થકી ઓ૦ તૃ૦ દો૦ **કૃષ્ણચંદ્ર** સ્ત્રી **ખીમાઈ** દોઢ માસિ તપ કીધો છઇં. મહા આડંબરી દેવદર્શન જાઇં છઇં. તે દેખી શ્રી **અકબર ખીમાંન**ઇ તેડી કહઇં 'કેતે દીનકે રોજે ધર હઇં.' તિવારે **ખીમા** કહઇં- 'દોઢ માસકે રોજે લીયે હઇ.' શાહ કહૈ- 'તેરે કુંણ પીર ?' **ખીમા** કહઇં- 'મેરી પીર સો **હીર** ગુજરાતિ રહઇં.' એહવિ કીર્તિ સાંભલી પાતસાહઇં ફૂરમાંન લિષી પં૦ **ભાનુચંદ્રન**ઇં **અહમદાબાદિ** તેડવાનેં શ્રીસૂરી પાસે મોકલ્યા. એટલે શ્રીસૂરિ **શિકંદરપુરથકી** ચોમાસઇં વીતઇં શ્રીશંખેશ્વર પાસ નમી વાંદી, **રાયધન્યપુરઇં** આવ્યા. તિવારી પં૦ **ભાનુચંદ્રે** પિણ તિહાં અવી શ્રીસૂરીનેં સકલ વાત આગરાની કહી, શ્રીસૂરી પ્રસન્ન હુયા. પં૦ ભાનુચંદ્રને પાઠકપદ દેઈ **લાહોર**ની આજ્ઞા દીધી. એતલિ શ્રીપાઠકનઇં તપગછ ઉદ્દ્યોતકારક જાંણિ વાચક પ્રમુષ એહ આશિર્વાદ વચન કહ છઇં. દુહા-

*સૂર ઉદય દિનકર સમઇં ચન્દ્ર ઉદય નિશિ હોત ।*
*દોનુ યાકે નામ પર સો ગુરુ સદા ઉદ્યૌત ॥*

અબવઈં શ્રીવડગછિ ચતુર્દશિકપક્ષે પિપ્પલિશાષાઈં શ્રી**માલદેવ**ઈં **શ્રીહારીજ** નગરે વિ. સં. ૧૬૩૫ વર્ષે **શ્રીહીરવિજયસૂરિ**નેં વંદ્યા. શ્રીસૂરીઈં પિણ પોતાના ગોત્રી જાણિ આદર દેઇ પાસઈં રાષ્યા. અનુક્રમઈં શ્રીસૂરીઈં માલદેવ સહિત **દીલ્લી** નગરઈં પોહતા. શ્રીસૂરીઈં પાતિશાહ કહે- 'બેઠો.' તબ હીર કહે- 'જીવત દીયા બીછાદ ઉઢાઇ દેવઈતો પા૦ મેવા ધર્યા હે તિર્ણેસું કીડી આઇ (?).' પ્રથમ દિન એતા જીવ હુંઓ.

બિજે દીન પાતસાહીનો બહુમાન દેપી બિછાત નીચે પાડ કર બકરી એક સગર્ભા માંહિ ઘાલી દરીમાના કીયો. પાતસાહ કહઈં- '**વિજેહીર** ! બેઠો.' તદા **હીર** કહે- 'ઈમ જમીમેં જીવ હેં.' સા૦ કહઈં- 'કેતા જીવ ?' તદિ ગુરુ કહેં- 'તીન જીવ હેં.' પાતસાહ ખોલકર દેષી તો ? પાતસાહનો સન્માન દેખી મ્લેછ મુંલ્લાંળીયા દ્વેષ ધરી કહઈં- 'અયસે સચ્ચે ફકીર હઈ તો અલ્લાકી વંદગીસેં હજુર કછું કરામત દેખાઓ.' તિવારિ પિપીલિકા ૧, અજાભૂમીગૃહે ૨, વિછાત ઠિકાણેં કછૈ વલી રજહરણ ૧, ટોપી ૨, વલી અનેક વીદ્યા કરામત દેખી પા૦ તૂઠો થકો કહિ- 'તુમ્હ બડે દર્શની હો.'

ઈમ કહી સકલાત્મીય દેશિં પર્વ આવીઇં આઠ દિન જલચર, તીર્યંચ જીવ પ્રમૂષની આમારી પલાવી, પ્રવર્ત્તાવી. પૂનઃ શ્રીસિદ્ધાચલે પાતસાહ મનુષ્ય મૂંડકાદિ દ્રવ્ય લેતા તેહની માપી કીધી. **અકબરાગ્રહિ** સં. ૧૬૩૬ વર્ષે શ્રીચિંતામણી પાસ પ્રતિષ્ઠ્યા. પુનઃ શ્રીરાવણપાસ જુહારી **દિલ્લી** નગર ચૌમાસું રહી સં. ૧૬૩૭ વર્ષે **અકબર** મૂગલ્લ બંદાવી **આગરેં** મેરુતે આવી **જલંધરાદિક** નગરઈં ચૌમાસો કીધો. શ્રીસૂરીની કીર્તિ સાંભલી યાચક પ્રમૂષ શ્રીસૂરીને ઓપમ રૂપ (?) બીરુદાવઈ. દૂહો-

***હીર વઈરાગર નીપજઈ ખીમસરારી ખાંણ ।***
***પાતસાહ પ્રતિબોધિઓ અકબર માની આંણ ॥***

શ્રીસૂરી **અરબરદત્ત** જગદ્‌ગુરુ બિરુદ ધારતા, **ભિનમાલ** હુંઇ **રાયધનપુર** નગરઈં આવ્યા. તિહાં સ્વપાટિ **શ્રીવિજયસેનસૂરી** નામ પ્રતિષ્ટ્યૌ. આ૦ પદ લહી **શ્રીવિજયસેનસૂરી પાટણિ, સીરોહીઈં** વિહાર કીધો. અને શ્રીગુરુ **અહિમદાવાદિ, વિજાપૂર** નગરઈં આવ્યા. તિહાં લુકાગછિ રુ૦ મેબજી સતાવીશ શિષ્યઈં શ્રીસૂરી પ્રતિવંધ્યા. સૂરીઈં પિળ તેહની સ્વશિષ્ય થાપિ કુશલ, વર્દ્ધન,

આનંદ, સૌભાગ્ય-એ ચ્યાર સાખાઈં નામ દીધા. શ્રીગુરુ અઢાર શાખાઈં વિસ્તારે કહી વિચરતા જંગમ કલ્પવૃક્ષ સમાન સોભઈં.

અથ અષ્ટાદશ શાખા નામ-શ્રીમદ વિજય ૧, વિમલ ૨, સાગર ૩, ચંદ્ર ૪, હર્ષ ૫, સૌભાગ્ય ૬, સુંદર ૭, રત્ન ૮, સુધર્મ ૯, હંસ ૧૦, આનંદ ૧૧, વર્દ્ધન ૧૨, સોમ ૧૩, રુચિ ૧૪, સાર ૧૫, રાજ ૧૬, કુશલ ૧૭, ઉદય ૧૮-નિરમલ નામ.

શ્રીસુરી **ખંબાયતિ** હુઈં **ગંધાર** બિંદરઈં આવ્યા. તિહાં ગુરુ ઉપદેશથકી સા૦ રામજીઈં વિ.સં. ૧૬૪૯ વર્ષે શ્રીવીર ચઉમુખ પ્રાસાદ નિપજાવ્યો. **સૌમાસિ** ઉતર્યે **પત્તનઈં** આવ્યા. એતલઈં શ્રીસૂરીઈં તિહા બાર બોલ પ્રગટ કીધા. તિહાં થકી શ્રીસૂરી **શ્રીસિદ્ધાચલિ** આવ્યા. એતલઈં તિહાં **મેવાડ, વાગડ, મરુધર, ઢુંઢાડ, દક્ષિણ, ગુજરાત, માલવસ સોરઠ, દેવકાપત્તન,** પ્રમુખ સકલ દ્વિલક્ષ મનુષ્યવૃંદ સહિત વિ. સં. ૧૬૫૦ વર્ષે મહામહોત્સવિ શ્રીસૂરીઈં પ્રથમ તીર્થંકરનો દર્શન કીધો. તિગાં ઘણા યાચકને દાન હુયા, સ્નાત્ર, અષ્ટભેદી, સત્તભેદી, અષ્ટોત્તરી, સાધર્મિક વાત્સલ બહુલા જાણીવાં. કિંબહુના? શ્રીસૂરી ઉ૦ **સોમવિજય,** ઉ૦ **વિમલહર્ષ,** ઉ૦ **કલ્યાણવિજય** પાંચસૈ વિબુધયુક્ત પુનઃ શ્રીસકલ સંઘયુક્ત **શ્રીરૈવતાચલિ** શ્રીનેમી દર્શન કીધો. તન્નિવાસિ સંઘાગ્રહી **જીર્ણગઢિ** ચઉમાસિ રહ્યા.

અનુક્રમિ શ્રીસૂરી **ઉન્નાનગરિ** આવ્યા. તિહાં **દ્વિપવાત્સવ્ય** ઓ૦ વૃ૦ પાસા-હસ્સેં (?) સ્ફાટિત બિંબ શ્રીશાંતિનાથનો પ્રતિષ્ઠ્યો. તિહાં સંઘાગ્રહી ચઉમાસી રહ્યા. એહવઈં શ્રીગુરુ તેજસ્વી યશસ્વી હુતઈં ઉ૦ **શ્રીસોમવિજય** ગ૦, ઉ. **શ્રીવિમલ-હર્ષ** ગ૦ ગછ ભલામણ કીધી. **શ્રીવિજયસેનસૂરીનેં** સંઘ ભલામણિ કહીરાવી. પં૦ **શ્રીગુણહર્ષ,** પં૦ **શ્રીકુશલરાજ** ગ૦ પ્રમુષ ગીતાર્થ શ્રીસૂરીનેં '**ઉત્તરાધ્યયન, નંદીસૂત્ર, ચઉસરણ**' સંભલાવઈં. અખંડ નિશ્ચલ શુભ ધ્યાનઈં નમસ્કાર સમરતા, શ્રીમતત્પાગચ્છાધીશ્વર, શાહશ્રી**અકબર**ત્યતિલાભગ્રાહક, નિરતિચારઅણશણ-આરાધક સર્વ આયુ વર્ષ ૬૯ અનિ માસ ત્રિક સંપૂર્ણિ ભટ્ટારક શ્રીમછ્રી**હીરવિજય-સૂરી** વિં.સં. ૧૬૫૨ વર્ષિ ભા૦ સીતેકાદશી દિનેં સૂર પ્રતિબોધી સ્વર્ગ પહુત્તા. તે માટે શ્રી સૂરીનઈં નામ સ્મરણી કુશલ શ્રેણી હૂઈં. યદુક્તં-

*શ્રીઅકબરભૂપાલં કૃપાલું ભૂશિરોમણિમ્ ।*
*વિદધે યશ્ચ તસ્મૈ સ્તાત્ શ્રીહીરગુરવે નમઃ॥*

卐









શ્રી હીરવિજયસૂરિ સમાધિમંદિર ઉદ્યાન - શાહબાગ-ઊના

KIRIT GRAPHICS. AHMEDABAD. PH. 5352602